This is a digital copy of a book that was preserved for generations on library shelves before it was carefully scanned by Google as part of a project to make the world's books discoverable online.

It has survived long enough for the copyright to expire and the book to enter the public domain. A public domain book is one that was never subject to copyright or whose legal copyright term has expired. Whether a book is in the public domain may vary country to country. Public domain books are our gateways to the past, representing a wealth of history, culture and knowledge that's often difficult to discover.

Marks, notations and other marginalia present in the original volume will appear in this file - a reminder of this book's long journey from the publisher to a library and finally to you.

**Usage guidelines**

Google is proud to partner with libraries to digitize public domain materials and make them widely accessible. Public domain books belong to the public and we are merely their custodians. Nevertheless, this work is expensive, so in order to keep providing this resource, we have taken steps to prevent abuse by commercial parties, including placing technical restrictions on automated querying.

We also ask that you:

+ *Make non-commercial use of the files* We designed Google Book Search for use by individuals, and we request that you use these files for personal, non-commercial purposes.
+ *Refrain from automated querying* Do not send automated queries of any sort to Google's system: If you are conducting research on machine translation, optical character recognition or other areas where access to a large amount of text is helpful, please contact us. We encourage the use of public domain materials for these purposes and may be able to help.
+ *Maintain attribution* The Google "watermark" you see on each file is essential for informing people about this project and helping them find additional materials through Google Book Search. Please do not remove it.
+ *Keep it legal* Whatever your use, remember that you are responsible for ensuring that what you are doing is legal. Do not assume that just because we believe a book is in the public domain for users in the United States, that the work is also in the public domain for users in other countries. Whether a book is still in copyright varies from country to country, and we can't offer guidance on whether any specific use of any specific book is allowed. Please do not assume that a book's appearance in Google Book Search means it can be used in any manner anywhere in the world. Copyright infringement liability can be quite severe.

**About Google Book Search**

Google's mission is to organize the world's information and to make it universally accessible and useful. Google Book Search helps readers discover the world's books while helping authors and publishers reach new audiences. You can search through the full text of this book on the web at http://books.google.com/

LANE MEDICAL LIBRARY STANFORD
2 45 0381 2213

LANE
MEDICAL LIBRARY
SEAL OF THE LELAND STANFORD JUNIOR UNIVERSITY
SEMPER VIRENS
1885
HISTORY OF MEDICINE
AND NATURAL SCIENCES
AMERICAN BANK NOTE CO LITHO

# A COLLECTION

OF

# ENGLISH PHRASES

WITH THEIR

# IDIOMATIC GUJRÁTI EQUIVALENTS.

BY

H. GREEN,

LATE ACTING PRINCIPAL, ELPHINSTONE INSTITUTION;
AND LATE SUPERINTENDENT OF GOVERNMENT SCHOOLS IN GUJRAT.

SECOND EDITION.

BOMBAY:

PRINTED BY THOMAS GRAHAM.

1856.

LANE LIBRARY

A2174
9997
0 1856

# PREFACE TO FIRST EDITION.

The phrases contained in this compilation were dictated at various times in one of our Government English Schools,—partly to supply a want which was felt in the mere book-teaching of English to native students, and partly to assist the compiler himself in acquiring a stock of the commonest and most idiomatic Gujráti expressions.

He had been much amused in reading some of the familiar correspondence of his native friends, to see, that the most trivial chit between school-fellows, cousins or brothers, was rarely or never pitched in a key lower than that of the Rambler or Edinburgh Review, and that in the majority of cases it was even Johnson and Macaulay, heightened by touches imitated from the magniloquent Persian of the Mussalmán Darbárs of India. These sentences then are intended to be entirely colloquial; our students get enough of book-language in their classes, and if the compiler is ever set, formal, and bookish, he is so by inadvertency, and in contradiction to his plan and intentions.

The Gujráti renderings are the freest possible, as in every case it was a *sine qua non* in the translation that the Gujráti should be the perfectly idiomatic and familiar language of the bazár and the household.—The compiler is quite aware that the merit of such a work is nothing, but he has a considerable opinion of its utility, and as many MS. copies have at various times been solicited and obtained from him, he has at length been induced to have the collection printed.—He will just add that one of his friends put it lately to a use which the compiler had not anticipated;—that is, he made his Munshi, who could read Gujráti, give him, in the course of his lessons, the equivalent Urdu phrases; and found (or fancied) that he obtained in this manner much more idiomatic Urdu expressions, suggested by the cognate Gujráti, than he was likely to have had given him from the mere English alone.

84395

# IDIOMATIC SENTENCES

## IN ENGLISH AND GUJRÁTI.

| | |
|---|---|
| It is very warm to-day. | આજ તાપ ઘણો છે. |
| How long have you been here? | તમે ઈહાં ક્યારના છો? |
| About an hour. | ક્લાકેક થયો. |
| I have just come. | હું હમણાંજ આવ્યો. |
| I have been here all day. | હું આખો દાહાડો થયો ઈહાંજ છું. |
| I have been here these three hours. | હું ઈહાં ત્રણ ક્લાક થયા છું. |
| How long have you been in Surat? | તમે શુરતમાં કેટલા દાહાડા થયા છો? |
| What is your father? | તમારો બાપ શો ધંધો કરેછે? |
| How old are you? | તમારી ઉમર કેટલા વરસની છે? |
| Have you any brothers and sisters? | તમારે કંઈ ભાઈ બેહેન છે? |
| Are you the oldest? | સઉથી મ્હોટા તમે છો? |
| I am older than Muhiputram. | હું મહીપતરામ કરતાં મ્હોટો છું. |
| Those Mangoes are larger than these. | આ કેરીઓ કરતાં પેલી કેરિઓ મ્હોટી છે. |
| This Mango is larger than that. | આ કેરી પેલી કેરી કરતાં મ્હોટી છે. |
| Which of these two do you like? | આ બેમાંથી તમને કઈ ગમેછે? |
| Well, how many sentences have you got? | કેમ, કેટલાં વાક્ય થયાં? |
| They are very easy. | એતો ઘણાં સેહેલાં છે. |
| We will make them up to twenty. | વીશનો મેળ આપણે લાવી મુકીશું. |
| Do you make up your turban yourself? | તમે પોતાને હાથે પાગડી બાંધો છો? |
| I have it made up for me. | હું તો બંધાવું છું. |
| Sweep this place. | આ જગો વાળો. |
| Get this place swept. | આ જગો વળાવો. |

| | |
|---|---|
| Write this for me. | આ મારે વાસ્તે લખો. |
| Get this written for me. | આ મારે વાસ્તે લખાવો. |
| Copy this for me. | મારે સારૂ આની નકલ કરો. |
| Get this copied for me. / Have this copied for me. | મારે સારૂ આની નકલ કરાવો. |
| I will copy it for you. | હું તમારે સારૂ તેની નકલ કરીશ. |
| I will have it copied for you. / I will get it copied for you. | હું તમારે સારૂ તેની નકલ કરાવીશ. |
| Where are you going? | તમે કાંહાં જાઓછો? |
| Where is he going? | તે કાંહાં જાયછે? |
| Where is that boy going? | પેલો છોકરો કાંહાં જાયછે? |
| Where have you come from? | તમે કાંહાંથી આવ્યા? |
| Where has he come from? | તે કાંહાંથી આવ્યો? |
| Where do you come from? | તમે કાંહાંથી આવ્યા છો? |
| From Poonah. | પુનેથી. |
| What has brought you here? | તમારૂં ઇહાં કેમ આવવું થયું? |
| Do you learn English? | તમે અંગરેજી શિખોછો? |
| I attend the English school. | હું અંગરેજી નિશાળે જાઉં છું. |
| Is there leave to-day? | આજે રજા છે કે? |
| There will be leave tomorrow. | કાલે રજા થશે. |
| Why? What is tomorrow? | કેમ? કાલે શું છે? |
| Have you nothing to do? | તમને કંઈ કામ ધંધો નથી? |
| Now then, get to work there. | ચાલો હવે કામે વળગો. |
| Don't make so much noise. | એટલો બધો શોર નહીં કરો. |
| Don't make such a noise. | એવો શોર કરતા નહીં. |
| What a noise you are making there. | તમે કેટલી બુમ પાડોછો? |
| What are you all about here? | તમે બધા ઇહાં શું કરયા કરોછો? |
| This is the last then. | તારે આ છેલ્લું છે. |
| What's o'clock? / What o'clock is it? / What's the time? / What time is it? | કેટલા વાગ્યા? |

| | |
|---|---|
| Do you know what o'clock it is? Do you know what the time is? | તમે જાણોછો, કેટલા વાગ્યા છે તે ? |
| Go and ask what o'clock it is? | પુછી આવો કેટલા વાગ્યા છે ? |
| Go down a little. | જરા નીચે ઉતરો. |
| Move down a little lower. | જરા નીચે ખસતા જાઓ. |
| Make me a little room here. | મારે વાસ્તે જરા જગો કરો. |
| We are very much crowded here. | અમે ઇહાં ઘણા ભચરડાઇએછિયે. |
| Don't crowd so. | એટલા ખીચોખીચ બેસતા ના. |
| There is no room here. | અહિં જગો નથી. |
| You will find room on that form. | તમને પેલી પાટલી ઉપર જગો જડશે. |
| Will there be room enough? | જગો બસ થશે ? |
| There is plenty of room. | બહુ જગો છે. |
| We have no room here. | અહિંઆં આપણે સારૂ જગો કાંહાં છે. |
| Call Moteeram. | મોતીરામને બોલાવો. |
| Call the sepoy. | સિપાઇને બોલાવો. |
| Call Hurry? | હરીને બોલાવો. |
| Call the Monitor. | સિક્ષકને બોલાવો. |
| Call upon me this evening. | આજ સાંજરે મને મળજો. |
| Call at my house this evening. | આજ સાંજે મારે ઘેર આવજો. |
| Nundshunker called upon me this evening. | નંદશંકર આજ સાંજે મારે ત્યાંહાં આવ્યો હતો. |
| I called upon Nundshunker this morning. | આજ સવારે હું નંદશંકરને ત્યાંહાં ગયો. |
| I will give him a call this evening. | આજ સાંજે હું તેને ત્યાંહાં જઇશ. |
| How many sentences can you learn? | તમે કેટલાં વાક્ય શિખી શકશો ? |
| We want four then. | તારે ચાર જોઇએ. |
| I saw him the day before yesterday. | પરમદાહાડે હું તેને મળ્યો હતો. |
| I will go the day after tomorrow. | હું પરમદાહાડે જઇશ. |
| The day before yesterday, yesterday, to-day, tomorrow, the day after tomorrow. | પરમદાહાડે, ગઇકાલ, આજ, આવતી કાલ, આવતો પરમદાહાડો. |

| | |
|---|---|
| **Does it rain?** | શું વરસાદ આવેછે ? |
| **Is it raining?** | શું વરસાદ વરસેછે ? |
| **It rains fast.** | જબરો વરસાદ આવેછે. |
| **It is a very heavy rain.** | વરસાદ ઘણો જબરો છે. |
| **Will it rain?** | શું વરસાદ આવશે ? |
| **It is very windy to-day.** | આજે પવન બહુ છે. |
| **There is a great deal of wind to-day.** | આજે પવનનું જોર બહુ છે. |
| **A great deal of rain fell in the night.** | રાત્રે વરસાદ બહુજ આવ્યો. |
| **There is a great deal of confusion in that class.** | પેલા વર્ગમાં ઘણી ગડબડ થાયછે. |
| **Don't be long!** | વાર ન લાગે, હો ! |
| **Stop a minute, I won't be long.** | જરા સબુર ખમો, મને વાર નહીં લાગે. |
| **Don't hurry.** | ઉતાવલ કરતા ના. |
| **Don't be in such a hurry.** | એટલી જલદી કરતા ના. |
| **You are in a great hurry.** | તમે ઘણી ઉતાવળ કરોછો. |
| **What a hurry you are in!** | તમે કેટલી જલદી કરોછો ! |
| **You are very rude.** | તમે ઘણા બેઅદબ છો. |
| **He is a very well-behaved boy.** | તે છોકરાની ચાલચલગત સારી છે. |
| **Twenty will be enough I think.** | મારી નજરમાં વીશ બસ આવેછે. |
| **In Gujaráti you pronounce the last word in a sentence very emphatically.** | ગુજરાતીમાં તમે વાક્યનો છેલ્લો શબ્દ ઘણા જોરથી બોલો છો. |
| **In English the voice must generally fall at the end of a sentence.** | અંગરેજીમાં વાક્યને અંતે ઘણું કરીને સ્વર નરમ પાડવો. |
| **He is a great dunce.** | તે ઘણો મૂર્ખ છે. |
| **You are very late this morning.** | આજ તમને બહુ મોડું થયું છે. |
| **How is it you are so late?** | તમને એટલી વાર કેમ લાગી? |
| **What has made you so late?** | તમને એટલું મોડું કેમ થયું? |
| **Has it gone ten?** | દશ થઈ ગયા કે ? |
| **Has it struck ten yet?** | દશ વાગી ગયા કે? |

| | |
|---|---|
| The Názir's clock has struck, but not the one in the fort. | નાજરના ઘડિઆળમાં તો વાગ્યા, પણ કિલાના ઘડિઆળમાં નથી વાગ્યા. |
| Nine, a quarter past nine, half past nine, a quarter to ten, ten. | નવ, સવાનવ, સાઢાનવ, પોણાદશ, દશ. |
| Twenty minutes past ten, five and twenty minutes past ten, half past ten. | દશ ને વીશ મિનિટ, દશ ને પચીશ મિનિટ, શાઢા દશ. |
| Five and twenty minutes to eleven. | અગ્યારમાં પચીશ મિનિટ કમ. |
| It is about ten minutes to eleven. | આગ્યારમાં આસરે દશ મિનિટ બાકી છે. |
| It has not gone eleven. | અગ્યાર નથી વાગી ગયા. |
| It wants about five minutes to it. | આસરે પાંચ મિનિટ ઓછા છે. |
| How do you do? | તમારી શી ખબર છે? |
| Are you quite well this morning? | આજ તબીયત તો સારી પેઠે ખુશ છે? |
| I am not very well. | મારી તબિઅત સારી નથી. |
| You are not looking very well. | તમારો ચેરોજ કહી આપેછે ને. |
| He says he has been very ill. | તે કેહેછે કે હું માંદો હુતો. |
| He don't look very ill. | તે કંઈ માંદો જણાતો નથી. |
| He is looking very well. | તેનો ચેરો તો સારો દેખાયછે. |
| What has been the matter with you? | તમને શું થયું હતું? |
| What is the matter with him? | તેને શું થયું છે? |
| Where have you been? | તમે કાંહાં ગયા હુતા? |
| What have you been doing? | તમે શું કરયા કરતા હુતા? |
| Where has he been? | તે કાંહાં ગયો હુતો? |
| What has he been doing? | તે શું કરયા કરતો હુતો? |
| We have been learning our lessons. | અમે અમારો પાઠ શિખતા હુતા. |
| He has been writing his copy. | તે પોતાનો ખરડો ચિતરતો હુતો. |
| I have written my letter. | મેં મારો કાગળ લખ્યો છે. |
| They have written their copies. | તેઓએ પોતાના ખરડા ચિતરયા છે. |
| We have done our sums. | અમે અમારા હિસાબ ગણ્યા છે. |
| You talk a great deal. | તમે બહુ બોલાછો. |

| | |
|---|---|
| **Don't talk so much.** | એટલી બધી વાતો ના કરતા. |
| **Less talk and more work.** | વાત તો હવે બહુ થઈ, કામે વળગો. |
| **When Moteeram comes, send him to me.** | મોતીરામ આવે તારે મારી પાસે મોકલજો. |
| **When you have got it ready, tell me.** | જારે તૈઆર થાય તારે મને કેહેજો. |
| **When you have done it, bring it to me.** | જારે કરી રોહો તારે મારી પાસે લાવજો. |
| **When you have finished it, bring it to me.** | જારે પૂરૂં થાય તારે મારી પાસે લાવજો. |
| **Finish it before you leave it.** | પૂરૂં કરયા વગર મુકતા ના. |
| **Don't leave it half-done.** | અધું કરીને રેહેવા દેતા ના. |
| **Don't leave it unfinished.** | અધુરૂં મુકતા ના. |
| **When shall you finish it?** | તમે તે ક્યારે પૂરૂં કરશો? |
| **When will you finish it?** | તમે તે ક્યારે કે પૂરૂં કરવાના? |
| **Where did you buy it?** | તમેં તે કાંહાંથી ખરીદ કીધું? |
| **What did you give for it?** | તમે એનું શું આપ્યું? |
| **How much did it cost?** | તેનું શું બેઠું? |
| **It is very dear I think.** | મારી નજરમાં બહુ મોઘું આવેછે. |
| **Is it dear or cheap?** | તે મોંઘું છે કે સોંઘું? |
| **What does he ask for it?** | તે એનું શું કેહેછે? |
| **He asks a great deal for it.** | એ તો એનું બહુ માગેછે. |
| **He will take less than that.** | એમાંથી તે કંઈ ઓછું કરશે. |
| **What is the lowest he will take?** | ઓછામાં ઓછું તે શું લેશે? |
| **That is the lowest price.** | ઓછામો ઓછી કીમત એજ. |
| **What will you give for it?** | તમે એનું શું આપશો? |
| **What do you think it's worth?** | તમે એમાં કેટલાનો માલ ધારોછો? |
| **You have given too much for it.** | તમે એનું બહુજ આપ્યું. |
| **It is not worth what you have given for it.** | તમે આપ્યું તેટલાનો એમાં માલ નથી. |
| **You have been cheated.** | તમે છેતરાઈ આવ્યા. |
| **You have been taken in.** | તમે ઠગાઈ આવ્યા. |

| | |
|---|---|
| It is a complete take-in. | એતો પુરી ઠગાઈ છે. |
| I think you have bought it very cheap. | મને લાગેછે કે તમે ઘણું સોંઘામાં લાવ્યા છો. |
| It is quite a bargain. | એતો મફત છે. |
| It is a great bargain I think. | મારી નજરમાં ઘણુંજ સસ્તું આવેછે. |
| Will you lend me your pencil? | જરા તમારી કલમ મને આપશો? |
| May I use your slate? | હું તમારી સ્લેટ વાપરૂં (અથવા લઉં)? |
| Send for some chalk. | થોડો સફતો મંગાવો. |
| Get me a piece of chalk. | એક સફતાનો કડકો મને આણી આપો. |
| Send Hurry to buy some. | હરી પાસે થોડો મંગાવો ની. |
| I have sent for some. | મેં થોડો મંગાવ્યો છે. |
| He is a long while gone. | તે તો ક્યારનો ગયો છે. |
| How many days does it want to the Diwalee? | દીવાળીને કેટલા દાહોડા જોઇએ? |
| It don't want many days to the Diwalee. | હવે દીવાળીને ઘણા દાહાડા બાકી નથી. |
| We shall soon have the Diwalee here. | હવે દીવાળી જલદી આવશે. |
| How many days' leave will there be? | કેટલા દાહાડાની રજા પડશે? |
| How many days were given last year? | પાર કેટલા દાહાડાની રજા આપી હતી? |
| I am going to Cuttargám this evening. | આજ સાંજરે હું કતારગામ જવાનો છોં. |
| My brother is going to Bombay next week. | આવતા અઠવાડિઆમાં મારો ભાઈ મુંબઈ જવાનો છે. |
| When will he return? | તે ક્યારે પાછો આવશે? |
| When is he to return? | તે ક્યારે પાછો આવવાનો છે? |
| Will he go by water or by land? | તે વાહાણે જવાનો છે કે પગ રસ્તે? |
| He is to go by the steam-boat. | તે આગબોટમાં જવાનો છે. |
| How long is the steam-boat going? | આગબોટને જતાં કેટલી વાર લાગેછે? |
| When is it to go? | તે કેવારે ઉપડશે? |

| | |
|---|---|
| There are six boys absent this morning. | આજ છ છોકરા ગેર હાજર છે. |
| Who are they? | કોણ કોણ છે? |
| Have you counted the monitors? | તમે સિક્ષકોને ગણ્યા છે? |
| Hurichund has gone to live at Bombay. | હરીચંદ તો મુંબઈ રેહેવા ગયો. |
| In what part of the town do you live? | તમે શેહેરમાં કિયે ઠેકાણે રેહોછો? |
| Does he live near the school? | શું તે નિશાળની પાસે રેહેછે? |
| Chatoorbhujdás lives a long way off. | ચતુર્ભુજદાસ ઘણો દૂર રેહેછે. |
| These two boys live near each other. | આ બે છોકરા પાસેપાસે રેહેછે. |
| They live in the same street. | એઓ એકજ મોહોલ્લામાં રેહેછે. |
| His parents don't allow him to play in the street. | તેનાં માબાપ તેને મોહોલ્લામાં રમવા દેતાં નથી. |
| Sit in your right place. | પોતાની જગો ઉપર બેસો. |
| What is your number? | તમે કેટલામાં છો? |
| Count the boys. | છોકરા ગણી વાળો. |
| Don't forget to reckon the monitors. | શિક્ષકોને ગણવાને ભુલતા ના. |
| At night the streets are full of people. | રાત્રે રસ્તા લોકોથી ભિરાયલા હોયછે. |
| Have you been to hear the *Gurba*? | તમે ગરબા સાંભળવા ગયા હુતા? |
| Which is the best night to go? | સઉથી સારા ગરબા કઈ રાત્રે ગવાયછે? |
| Some say tomorrow-night and some the next night. | કેટલાએક કાલેરાત્રે કેહેછે અને કેટલાએક પરમ દાહાડે કેહેછે. |
| How long does it last? | ગરબા કાંહાંસુધી ગવાયછે? |
| At what time at night ought we to go? | રાત્રે કેવારે આપણે જવું જોઇએ? |
| How many sentences have you got? | તમારીપાસે કેટલાં વાક્યો છે? |
| It is not enough I think. | એટલાં તો બસ નથી. |
| I must give you a few more. | મારે તમને થોડાં વધારે આપવાં જોઇએ. |
| Some of the boys wish to write letters in English. | કેટલાએક છોકરાઓની અંગરેજીમાં કાગળ લખવાની મરજી છે. |

| | |
|---|---|
| That would be too difficult a lesson. | એ પાઠ ઘણોજ મુશકેલ પડશે. |
| Only two or three boys would be able to do it. | બે ત્રણ છોકરાઓજ માત્ર કરી શકશે. |
| Some of the boys make a great many mistakes. | કેટલાએક છોકરાઓને ઘણી ચુકો પડેછે. |
| Show me your sentences. | તમારાં વાક્ય મને બતલાવો. |
| You have made a great many blunders. | તમે ઘણે ઠેકાણે ભૂલ કીધી છે. |
| You had better write them all over again. | બધાં ફરીથી લખો તો ઠીક. |
| You had better ask him. | તમે એને પુછી જુઓ તો ઠીક. |
| You had better not go without asking your father's leave. | તમારા બાપને પુછીને જાઓ તો ઠીક. |
| You had better do it at once. | હમણાંનું હમણા કરી નાખો તો ઠીક. |
| We had better make them up to fifteen. | પંદર લગણ કરી નાખીએ તો ઠીક. |
| We had better go this way. | આપણે આ રસ્તે જઈએ તો ઠીક. |
| I have lost my pencil. | મેં મારી કલમ ખોઈ છે. |
| Where did you lose it? | કાહાં ખોઈ? |
| I lost it as I was coming to school. | નિશાળે આવતાં ખોઈ. |
| I have lost it somewhere in the school. | નિશાળમાંજ કહીં પાડી તો. |
| When did you lose it? | ક્યારે ખોઈ? |
| Look for it. | શોધો તો ખરા. |
| You will find it I dare say, if you look for it. | શોધશો તો જડશે ખરી. |
| Have you found it? | તમને જડી કે? |
| Can't you find it? | જડતી નથી કે? |
| Where have you been looking for it? | તમે કાહાં ખોળતા હુતા? |
| How long has it been lost? | ક્યારની ખોવાઈ ગઈ છે? |
| I have looked every where for it. | હું બધે શોધી વળ્યો. |

| | |
|---|---|
| I have looked all over the school for it | હું તો બધી નિશાળ ખોળી વળ્યો. |
| I can't find it any where. | મને તો કહીં જડતી નથી. |
| He has just found it. | તેને હમણાજ જડી. |
| Where did he find it? | તેને કાંહાંથી જડી? |
| Is it found? | જડી કે? |
| Where was it found? | કાંહાંથી જડી? |
| Has any body taken my pencil? | કોઇએ મારી કલમ લીધી છે? |
| Have any of you got my pencil? | તમારામાં કોઇની પાસે મારી કલમ છે? |
| I was up very late last night. | કાલ રાત્રે હું બહુ મોડો સુતો. |
| How late were you up? | કાંહાંસુધી તમે જાગતા હતા? |
| Was he up all night? | તેણે આખી રાત ઉજાગરો કીધો કે? |
| I sat up till three o'clock. | ત્રણ વાગતાસુધી હું જાગ્યો. |
| I went to bed very early. | હું બહુ વેહેલો સુતો. |
| When did you go to bed? | તમે ક્યારે સુતા? |
| You must go to bed early to-night. | આજ રાત્રે તમારે વેહેલા સુઇ જવું. |
| It is a bad thing to sit up late at night. | રાત્રે ઘણીવાર લગણ જાગવું તે સારૂં નહીં. |
| At what time do you go to bed at night? | રાત્રે તમે ક્યારે સુઓ છો? |
| At what time do you get up in the morning? | સવારે તમે ક્યારે ઉઠો છો? |
| Do you rise early? | તમે વેહેલા ઉઠોછો કે? |
| Are you an early riser? | તમને વેહેલા ઉઠવાની ટેવ છે કે? |
| Do you get up early? | તમે વેહેલા ઉઠોછ કે? |
| I was up before day-light. | હું અજવાળું થતાં પેહેલાં ઉઠ્યો. |
| I am up every morning before six o'clock. | હું રોજ સવારે છ વાગ્યા પેહેલાં ઉઠુંછું. |
| Is the sun up yet? | સુરજ ઉગ્યો કે? |
| The sun does not rise now till after six | હમણા સુરજ છ વાગ્યા પછી ઉગેછે. |
| The twilight in England is sometimes two hours long. | ઇંગ્લાંડમાં ઝલઝલું કોઇ વખતે બે કલાકસુધી રેહેછે. |

| | |
|---|---|
| Indeed in the middle of summer there is a little twilight all night long. | ભર ઉનાળે તો થોડું થોડું ઝલઝલું આખી રાત હોયછે. |
| In London the days are longer in summer, and shorter in winter than they are here. | અહિંઆંનાં કરતાં લંડનમાં ઉનાળાના દાહોડા લાંબા હોયછે, અને શિઆળાના ટુંકા હોયછે. |
| Would you like a drive? | ગાડીમાં બેશીને ફરવા ચાલશો? |
| Where shall we drive to? | કેણી તરફ જઇશું? |
| Get the gárry ready. | ગાડી તૈઆર કરો. |
| Put the bullocks to. | બળદ જોડો. |
| Is it a good road? | તે સારો રસ્તો છે? |
| What sort of a road is it? | તે કેવો રસ્તો છે? |
| It is very muddy in some places. | કોઈ કોઈ જગાએ બહુ કાદવ છે. |
| The roads are very bad. | રસ્તા ઘણા ખરાબ છે. |
| They are repairing the roads. | તેઓ રસ્તા સમારેછે. |
| In the rainy season the roads are impassable. | ચોમાસામાં રસ્તામાં ચલાતુ નથી. |
| The roads are still very heavy. | હજીસુધી રસ્તા ઘણા ખરાબ છે. |
| The road is very good as far as Biriaw. | વરિઆવ સુધી તો ઘણો સારો રસ્તો છે. |
| His bullocks ran away with him. | તેના બળદ તેને લઇને નાઠા. |
| They upset the gárry and broke it all to pieces. | તેઓએ ગાડી ઉંધી વાળી અને તેના કકડે કકડા કરી નાખ્યા. |
| Was any body hurt? | કોઇને વાગ્યુ? |
| Did they do any mischief? | તેઓએ કંઈ નુકસાન કીધું કે? |
| How came they to take fright? | તેઓ શાથી ભડક્યા? |
| Don't drive so fast. | એટલા દોડાવતા ના. |
| The roads are very dusty. | રસ્તે ઘણી ધુળ છે. |
| We shall be smothered with dust. | આપણે ધુળે ધોયા જેવા થઈ જઇશું. |
| Can you speak English? | તમને અંગરેજી બોલતાં આવડેછે? |
| I can read it better, than I can speak it. | બોલવા કરતાં મને વાંચતાં ઠીક આવડેછે. |

| | |
|---|---|
| I can read it a little, but can't speak it. | માહારાથી જરા વંચાયછે તો ખરૂં, પણ બોલાતું નથી. |
| It is a very difficult language to learn. | અંગ્રેજી બોલી શિખવી ઘણી કઠણ છે. |
| It takes a long time to learn. | તે શિખતાં ઘણા દાહાડા લાગેછે. |
| How long have you been learning? | તમને શિખતાં કેટલા દાહાડા થયા? |
| You speak it very well I think. | મને તો લાગેછે કે તમે સારૂ બોલોછો. |
| Where did you learn? | તમે કાંહાં શિખ્યા? |
| What books do you read? | તમે કઈ કઈ ચોપડીઓ વાંચો? |
| Do you attend the school? | તમે નિશાળે જાઓછો? |
| The classes have lately been re-arranged. | વર્ગોની હમણા ફરીથી ગોઠવણી થઈ છે. |
| The first and second classes have been combined into one. | પેહેલા અને બિજા વર્ગને એકઠા મેળવી દીધા છે. |
| And the third and fourth also into one. | તેમજ ત્રીજાને અને ચોથાને પણ મેળવી દીધા. |
| There are now thirty-three boys in the first class and thirty-four in the second. | હમણા પેહેલા વર્ગમાં તેત્રીશ છોકરા છે અને બીજામાં ચોત્રીશ છે. |
| What are your school hours? | તમારે નિશાળમાં શિખવાનો કેટલો વખત છે? |
| From ten till four with half an hour's vacation at one o'clock. | દશથી તે ચાર સુધી અને એક વાગતે અર્ધા કલાકની રજા મળેછે. |
| What are you quarrelling about? | તમે શા વાસ્તે કજીઆ કરોછો? |
| What is the matter with that boy? | તે છોકરાને શું થયું છે? |
| Let him alone pray. | બસ યાર હવે એનો ખ્યાલ મુકો. |
| Some of the boys are very quarrelsome. | કેટલાએક છોકરા ઘણા કજીઆખોર છે. |
| How is the new catalogue to be reckoned. | નવું હાજરી પત્રક કેમ ગણિયે? |
| Are we to reckon from the day on which the classes were combined? | જે દાહાડાથી વર્ગ એકઠા મળ્યા તે દાહાડાથી ગણિયે? |

| | |
|---|---|
| Are we to leave the previous days out of the calculation? | તારે અમે અગાડીના દાહાડા નહીં ગણિયે કે? |
| You must calculate the old catalogues separately. | તમારે જુનાં હાજરી પત્રક જુદાં જુદાં ગણવાં. |
| Calculate as if the catalogues were for two months instead of one. | એમજ ગણો, જાણે હાજરી પત્રક એક મહિનાને બદલે બે મહિનાનાં છે. |
| That is the only fair way. | વાજબી રસ્તો તો એજ છે. |
| That will be quite fair I think. | મને તો લાગેછે કે એજ વાજબી છે. |
| That will be fair for every body I think. | મને લાગેછે કે એથી બધાને ઠીક પડશે. |
| Ochavrám and Náráyandáss are making out the new catalogue. | ઓછવરામ અને નારાયણદાસ નવું હાજરી પત્રક બનાવેછે. |
| Who made out the last catalogue? | ગયા મહિનાનું હાજરી પત્રક કોણે કીધું? |
| Do the same boys always make out the catalogue? | એકના એક છોકરાં હમેશાં હાજરી પત્રક બનાવેછે? |
| What is the pronunciation of this word? | આ શબ્દનો ઉચ્ચાર શો છે? |
| How is this word pronounced? | આ શબ્દનો ઉચ્ચાર કેમ થાયછે? |
| I can't pronounce this word. | આ શબ્દનો ઉચ્ચાર મારીથી થતો નથી. |
| You pronounce this word very badly. | તમે તે શબ્દનો ઉચ્ચાર ઘણોજ ખરાબ કરોછો. |
| It is a very difficult word to pronounce. | તે શબ્દનો ઉચ્ચાર કરવો ઘણો કઠણ છે. |
| Go and ask what the pronunciation of this word is. | આ શબ્દનો ઉચ્ચાર પુછી આવો. |
| A great many boys pronounce V badly. | ઘણાએક છોકરા 'વી' નો ઉચ્ચાર ખરાબ કરેછે. |
| Do you find English a difficult language to pronounce? | અંગરેજી ભાષાના ઉચ્ચાર તમને મુશકેલ લાગેછે? |

| | |
|---|---|
| Do you find the pronunciation of English and Gujráti very different? | અંગરેજીના અને ગુજરાતીના ઉચ્ચારમાં તમને ઘણો તફાવત લાગેછે? |
| This morning's lesson was the most difficult one we ever had. | આજ સવારના જેવો અઘરો પાઠ કોઈ દાહાડો નોહોતો આવ્યો. |
| This is the most difficult lesson yet. | હજુસુધી આવો મુશકેલ પાઠ આવ્યો નથી. |
| Many boys lost their places. | ઘણા છોકરાઓએ જગો ખોઈ. |
| A'darjee lost three places. | આદરજીએ ત્રણ જગાઓ ખોઈ. |
| Balvachrám gained seven places. | બલવછરામને સાત જગો મળી. |
| Cávashá neither lost nor gained. | કાવશાએ લીધીએ નહીં અને ખોઈ પણ નહીં. |
| The lesson was too difficult for the boys at the lower end of the class. | વર્ગના નીચલા છોકરાઓને વાસ્તે પાઠ ઘણો અઘરો હતો. |
| The boys at the upper end of the class are much forwarder than those at the lower end. | નીચેના છોકરાઓ કરતાં ઉપરના છોકરા ઘણા આગળ ચાલ્યા છે. |
| Look at your slates while I read the sentences. | હું વાક્ય વાંચું એટલી વાર તમે તમારી સ્લેટમાં જુઓ. |
| Have you written them correctly? | તમે તે શુધ લખ્યાં છે? |
| Your writing is very bad. | તમારૂં લખવું ઘણું ખરાબ છે. |
| Your hand-writing is not good. | તમારા અક્ષર સારા નથી. |
| What sort of a hand do you write? | તમે કેવા અક્ષર લખોછો? |
| Does he write a good hand? | શું તે સારા અક્ષર લખેછે? |
| Ochavrám writes a very fine hand. | ઓછવરામ ઘણા સારા અક્ષર લખેછે. |
| Which is the best writer in the class? | આ વર્ગમાં સારામાં સારો લખનાર કોણ છે? |
| Dhákjee for large hand and Edaljee for small. | મ્હોટા અક્ષર તો ધાકજી સારા લખેછે, નાહાના અક્ષર એદલજી સારા લખેછે. |
| Which can you write best, large or small hand? | તમારાં કયા અક્ષર વળેલા છે, મ્હોટા કે નાહાના? |

| | |
|---|---|
| Which of these two boys writes the best hand? | આ બેમાંથી કયા છોકરાના અક્ષર વળેલા છે? |
| I don't much like either of their writing. | તેઓ બંનેનું લખવું મને ઘણું પસંદ નથી. |
| What is the day of the month? | આજ કેટલામી તારિખ થઈ? |
| What day of the month is it? | આજ તારિખ કેટલામી થઈ? |
| What is the day of the week? | આજ શો વાર થયો? |
| What year is this? | આ કયું વરસ? |
| What month is it? | તે કયો મહિનો? |
| You have forgotten to date your letter. | તમે પોતાના કાગલ ઉપર તારિખ ભરવી ભુલી ગયા છો. |
| I should go to him if I were you. | મારા સરખો હોત તો તેની પાસે જાત. |
| You should have gone to him. | તમારે તેની પાસે જવું જોઈતું હતું. |
| You ought to have gone to him. | તમારે તેની પાસે જવું ઘટારત હતું. |
| You should go to him. | તમારે તેની પાસે જવું. |
| I should move that pawn. | હું હોઉં તો પ્યાદું ચાલું. |
| I should have moved that pawn. | હું હોત તો પ્યાદું ચાલત. |
| That is the best move. | સારી ચાલ તો એજ છે. |
| That would have been the best move. | તે ચાલ્યા હોત તો ઘણું સારૂં થાત. |
| He should move that pawn. | એને તે પ્યાદું ચાલવું એઇયે. |
| He ought to move that pawn. | એને એ પ્યાદું ચાલવું જોઇયે. |
| He should have moved that pawn. | એને એ પ્યાદું ચાલવું જોઈતું હતું. |
| He ought to have moved that pawn. | એને એ પ્યાદું ચાલવું ઘટતું હતું. |
| That would have been a very strong move. | તે તો ઘણીજ ચાલ સારી હતી. |
| That would be a very strong move. | તે ઘણી સારી ચાલ થશે. |
| What had I better do? | શું કરીએ હવે? |
| You had better move that pawn. | તમે તે પ્યાદું ચાલો તો ઠીક. |
| You had better not do that. | તમે તેમ ન કરો તો ઠીક. |
| This is the best thing to do. | એ ઘણું સારૂં પડશે. |
| This is the best move. | સારામાં સારી ચાલ આ છે. |

| | |
|---|---|
| This is a better move than that. | તેના કરતાં આ ચાલ સારી છે. |
| What should you move? | તમે શી ચાલ ચાલત? |
| That is a very bad move. | તે ઘણી ખરાબ ચાલ છે. |
| He should not have moved that pawn. | તેને એ પ્યાદું નોહોતું ચાલવું. |
| He ought not to have moved that pawn. | તેને એ પ્યાદું નોહોતું ચાલવું જોઈતું. |
| You should learn your lesson before you come to school. | નિશાળે આવતાં પેહેલાં તમને તમારો પાઠ શિખવો જોઇયે. |
| You should not leave it till you come to school. | નિશાળે આવતાંસુધી રેહેવા દેવો નહીં. |
| You should have learned your lesson last night. | તમને તમારો પાઠ રાત્રે શિખવો જોઈતો હતો. |
| I should learn it in the morning if I were you. | મારા સરખો હોત તો શવારમાંજ શિખત. |
| What ought I to do in it? | મારે એમાં શું કરવું જોઇયે? |
| I don't know what to do in it. | મને એમાં કંઈ કરવાનું સુઝતું નથી. |
| What should you do in it? | તમે એમાં શું કરત? |
| He ought to have done it long ago. | તેને તે ક્યારનું કરવું જોઈતું હતું. |
| I should have done that long ago. | મેં તે કંઈવારનું કીધું હોત. |
| That will do very well. | તે ઠીક પડશે. |
| That would do very well. | હા એ સારીપેઠે ચાલશે. |
| That would have done very well. | તે ઠીક પડ્યું હોત. |
| That will never do. | એ તો કદી નહીં ચાલે. |
| That would never do. | એ તો કદી ઠીક નહીં પડે. |
| That would never have done. | એતો કદી ચાલત નહીં. |
| There will be no objection to that I think. | મારા ધાર્યામાં એમાં કંઈ હરકત નહીં પડે. |
| There would be no objection to that I should think. | મારા ધાર્યામાં તો એમાં કંઈ હરકત પડે એવું નથી. |
| The holidays will commence on Friday. | શુક્રવારથી તેહેવાર શરૂ થસે. |

| | |
|---|---|
| And the school will re-open on Wednesday morning. | અને નિશાળ પાછી બુધવારે ઉઘડશે. |
| Which is the chief day of the Diwálee? | દીવાળીનો મુખ્ય દાહાડો કિયો ? |
| What shall you do with yourselves all the Diwálee? | દીવાળીના દાહાડામાં શી ગમત કરશો ? |
| How do you mean to pass the Diwálee? | દીવાળી શી રીતે ગુજારવાની મરજી છે ? |
| How shall you spend your Diwálee? | દીવાળી કેમ ગુજારવાના ? |
| Do you light up your houses every night or only on one night? | બધા દાહાડા તમે તમારાં ઘરમાં રોશની કરોછો કે ફકત એકજ રાત્ર ? |
| Every night. | બધી રાત્રે. |
| From Thursday-night till Tuesday night. | બૃહસ્પતવારની રાતથી તે મંગળવારની રાત સુધી. |
| And again on the Ageeáras. | અને વળી અગિઆરસને દાહાડે. |
| That is called the Dev-Diwálee. | તે દેવ દીવાળી કેહેવાયછે. |
| Is that kept as a holiday? | શું તેને તેહેવારની પેઠે માનેછે ? |
| The Hindoos let off fire works during the Diwálee. | હિંદુ લોકો દીવાળીમાં આતશબાજી ફોડેછે. |
| Surat is not so well lighted up during the Diwálee as Bombay is. | મુંબઈમાં જેવી દીવાળીની રોશની થાયછે તેવી સુરતમાં થતી નથી. |
| On the Amás all the bankers and traders worship their books. | અમાશને દાહાડે બધા નાણાવટી અને વેપારીઓ પોતાના ચોપડાની પુજા કરેછે. |
| On the Teras, they worship their money. | તેરસને દાહાડે ધનની પુજા કરેછે. |
| The Diwálee last year happened in October. | પોર દીવાળી આકટોબર મહિનામાં થઈ. |
| The Diwálee happens much later this year than it did last year. | પોરના કરતાં ઓણુ દીવાળી ઘણી મોડી આવી. |
| The two chief holidays in the year are the Diwálee and the Holee. | હોળી દીવાળી એ વરસમાં બે મુખ્ય તેહેવાર છે. |

| | |
|---|---|
| The Holee happens at the beginning of the Spring and the Diwálee at the latter end of the Autumn. | હોળી વસંત રૂતુના આરંભમાં થાયછે અને દીવાળી ચોમાસાની સમાપ્તિયે થાયછે. |
| Do you take snuff? | તમે તપખીર સુંગોછો? |
| Several of our boys I see carry snuff boxes. | આપણે અહિંઆં કેટલાક છોકરા તપખીરની દાબડી રાખેછે. |
| Snuff taking is a very nasty habit. | તપખીર શુંગવી એ ઘણી ખરાબ ટેવ છે. |
| How long has your brother been at Barodá? | તમારો ભાઈ વડોદરે કેટલુંએક થયું ગયો છે? |
| He has gone back again. | તે પાછો ગયો છે. |
| When is he to come back? | તે ક્યારે પાછો આવવાનો છે? |
| When does he mean to return? | તેનો ક્યારે પાછા આવવાનો ઈરાદો છે? |
| Is the business he went about settled? | જે કામને વાસ્તે તે ગયો તે પાર પડ્યું કે? |
| We expect him back in about a month. | એવું ધારિયેછે કે મહિના એક સુધીમાં તે પાછો આવે. |
| He writes that he expects to return in December. | તેણે લખ્યું છે કે હું ડિસેંબરમાં આવવા ધારૂંછું. |
| When did you hear from your brother? | તમારા ભાઈનો કાગળ તમારા ઉપર ક્યારે આવ્યો? |
| Have you heard from your brother lately? | હાલમાં તમારા ભાઈનો કાગળ પત્ર તમારા ઉપર આવ્યો હતો? |
| How is he? | તેની શી ખબર છે? |
| How is he getting on? | તેનું કામ કેવું ચાલેછે? |
| Is he likely to be successful? | તેનું કામ પાર પડે એવું દેખાયછે? |
| Is he likely to stay much longer? | તેને વધારે દાહાડા થશે એવું છે કે? |
| Is his business likely to be soon settled? | શું તેનું કામ જલદી પાર પડે એવું છે? |
| We heard from Ishwardáss yesterday. | કાલે ઈશ્વરદાસનો અમારા ઉપર કાગળ આવ્યો. |

| | |
|---|---|
| He is likely to be back in a few days. | જાણ્યામાં તે થોડા દાહાડામાં પાછો આવનાર છે. |
| He desires to be kindly remembered to all his class-fellows. | તેણે પોતાના વર્ગના બધા છોકરાને હેતથી બોલાવ્યા છે. |
| Have you heard from Ishwardáss since he went to Barodá? | ઇશ્વિરદાસ વડોદરે ગયા પછી તેનો કાગળ તમારા ઉપર આવ્યો હતો? |
| How long is it since you heard from Ishwardáss? | ઇશ્વિરદાસનો કાગળ તમારા ઉપર આવ્યાને કેટલા દાહાડા થયા? |
| Your letter of the 9th inst. did not reach me till this morning. | તમારો કાગળ ચાલતા મહિનાની નવમી તારિખનો આજ સવારે મને પોંહોંતો. |
| My last letter to you must have miscarried. | મેં તમને છેલ્લો કાગળ લખ્યો તે ગેરવલ્લે પડ્યો હશે. |
| An answer at your earliest convenience will greatly oblige us, Your's very truly, Ardesar Beherámjee. | તમને વેહેલી ફુરસદ મળેથી જવાબ લખશો તો આમારા ઉપર મોહોટી મેહેરબાની થશે. લા૦ આરદેશર બેહેરામજીની સલામ. |
| I have received no answer to my letter. | મારા કાગળનો મને કંઈ જવાબ મળ્યો નથી. |
| I have written several letters but have received no answer to any of them. | મેં કેટલા બધા કાગળો લખ્યા પણ તેમાંથી એકુનો જવાબ મને આવ્યો નથી. |
| I must answer Ishwardás's letter. | મારે ઇશ્વિરદાસના કાગળનો જવાબ લખવો જોઇએ. |
| He never answered my letter. | તેણે મારા કાગળનો કદી જવાબ લખ્યો નથી. |
| What answer did he send to your letter? | તમારા કાગળનો તેણે શો જવાબ લખ્યો? |
| I have neglected to write to him for a long while. | ઘણા દાહાડા થયા મારાથી તેને કાગળ લખાયો નથી. |
| The sentences to-day are much longer than usual. | આજનાં વાક્યો રોજના કરતાં ઘણાં લાંબાં છે. |

| | |
|---|---|
| At this time of the year the mornings and evenings are cool. | આ દાહાડામાં સાંજે સવારે ઠંડક હોયછે. |
| In England, the mornings in the middle of summer, are cooler than they are here now. | ભર ઉનાળામાં અહિંઆંના કરતાં ઇંગ્લાંડમાં સવારે વધારે ઠંડી હોયછે. |
| The summer in England is about as warm as your winter. | ઇંગ્લાંડમાં ઉનાળો આસરે તમારા શિયાળાના જેવોજ ગરમ હોયછે. |
| The hottest weather in England happens at the time of your rainy season. | તમારા ચોમાશાની વખતે ઇંગ્લાંડમાં ઉનાળો થાયછે. |
| The winter happens at the same time with your's. | શિયાળો તો તમારા શિયાળાની સાથેજ થાયછે. |
| Rivers are sometimes frozen, so that people can walk about them. | નદિયો તો કોઈ વખતે એવી બંધાઈ જાયછે કે લોકો તે ઉપર ચાલી શકેછે. |
| The country is sometimes all covered with white snow. | કોઈ વખતે આખો દેશ સફેત બરફથી ઢંકાઈ જાયછે. |
| All the houses, trees, fields and every thing out of doors become quite white. | બધાં ઘર, ઝાડ, ખેતર અને હરેક ચીજ જે ઘરની બાહાર હોયછે તે બિલકુલ સફેત થઈ જાયછે. |
| None of the fruits which grow here, grow in England. | અહિંઆં જે મેવો પાકેછે તેમાંનો કંઈ ઇંગ્લાંડમાં પાકતો નથી. |
| And none of the fruits which grow in England, grow here. | અને ઇંગ્લાંડમાં જે મેવો નિપજેછે તેમાંનો કંઈ અહિંઆં થતો નથી. |
| There are many more cloudy days in England, than they are here. | અહિંઆનાં કરતાં ઇંગ્લાંડમાં વાદળાં ઘણાં થાયછે. |
| Here the seasons are quite regular. | આ દેશમાં રૂતૂઓ ઘણીજ નિયમ પ્રમાણે થાયછે. |
| In England, there is no certainty about them. | ઇંગ્લાંડમાં તેનો કંઈ નિશ્ચય નથી. |
| In England, rain happens every month in the year. | ઇંગ્લાંડમાં તો બારેમાસ વરસાદ થાય. |

| | |
|---|---|
| It is very seldom, that a month passes in England without rain. | ઇંગ્લાંડમાં કોઇએક મહિનામાં વરસાદ થતો નહીં હોય. |
| We must have these over again, to-morrow. | કાલે પણ આપણે એનાં એજ લઇશું. |
| I will give you five more with them. | એની સાથે હું તમને પાંચ વત્તાં આપીશ. |
| And you will get the whole twenty up for tomorrow morning. | અને કાલે સવારને વાસ્તે તમે બધાં વીશે તૈઆર કરજો. |
| This morning's lesson was not well prepared. | આજ સવારનો પાઠ સારી પેઠે તૈઆર થયો નોહોતો. |
| You must get these twenty up very perfectly. | આ વીશ તમારે સારી પેઠે તૈઆર કરવાં જોઇયે. |
| He promised to come. | તેણે આવવાને કબૂલ કર્યું. |
| He promised to be here by twelve o'clock. | તેણે અહિંઆં બાર વાગતે આવવાનું કહ્યું. |
| He told me that he should not be able to come. | તેણે મને કહ્યું કે મારાથી અવાશે નહીં. |
| He said that he would be sure to come. | તેણે કહ્યું કે હું નક્કી આવીશ. |
| I'll be there by twélve o'clock. | હું બાર વાગતે તાંહાં આવીશ. |
| I will be sure to come. | હું ખામોખા આવીશ. |
| I shall not be able to come. | મારાથી અવાશે નહીં. |
| When I see him, I will tell him. | જારે હું મળીશ ત્યારે તેને કહીશ. |
| He promised, that he would tell him when he saw him. | તેણે વચન આપ્યું છે કે જારે હું તેને મળીશ ત્યારે કહીશ. |
| Where are you going? | તમે કાંહાં જાઓછો? |
| He asked me where I was going. | તેણે મને પુછ્યું કે તમે કાંહાં જાઓછો. |
| He asked me what he had better do in it. | તેણે મને પુછ્યું કે મારે એમાં શું કરવું જોઇયે. |
| Try and improve your hand-writing. | મેહેનત લઇને તમારા અક્ષર વાળો. |
| Try to improve your hand-writing. | તમારા અક્ષર વાળવાની મેહેનત કરો. |

| | |
|---|---|
| I told him to try and improve his hand-writing. | મેં તેને કહ્યું તું મેહેતન લઇને તારા અક્ષર સુધાર. |
| Why do you write so carelessly? | તમે એવી બેફીકરાઇથી કેમ લખો છો? |
| I asked him why he wrote so carelessly. | મેં તેને પુછ્યું કે તું એવી બેફીકરાઇથી કેમ લખેછે. |
| Which is the way to the Delhi-darwájá? | દિલ્હી દરવાજાનો રસ્તો કિયો? |
| He asked me the road to the Delhi-darwájá. | તેણે મને દિલ્હી દરવાજાનો રસ્તો પુછ્યો. |
| What is your name? | તમારૂં નામ શું? |
| Ask him what his name is? | તેને પુછો કે તારૂં નામ શું? |
| What is his name? | તેનું નામ શું? |
| He asked me my name. | તેણે મને મારૂં નામ પુછ્યું. |
| Has he dined? | તે જમ્યો કે? |
| Ask him whether he has dined? | તેને પુછો કે તમે જમ્યા? |
| Did you go to see the fire? | તે આગ જોવા ગયો હતો કે? |
| Ask him if he went to see the fire. | તેને પુછો કે તું આગ જોવા ગયો હતો? |
| Did you see the fire? | તમે આગ જોઈ કે? |
| He asked me if I saw the fire. | તેણે મને પુછ્યું કે તમે આગ જોઈ. |
| A fire broke out at five o'clock this morning. | આજ સવારે પાંચ વાગતે આગ લાગી હતી. |
| Have you heard of the fire which broke out this morning? | આજ સવારે આગ લાગી તે તમને ખબર છે? |
| They soon extinguished it. | તરત હોલવી નાખી. |
| They soon got it under. | તેમણે તરત હોલવી નાખી. |
| Twenty houses were burnt before they got it under. | હોલવતાં હોલવતાંમાં વીશ ઘર બળી ગયાં. |
| Was the fire-engine there? | પાણીનો બંબો આવ્યો હતો કે? |
| Was there a good supply of water? | પાણી સારીપેઠે પોહોંચી વળ્યું? |

| | |
|---|---|
| Who works the engine? | બંબો કોણ ચાંપેછે? |
| How did it happen? | એમ કેમ બન્યું? |
| Inquire how it happened? | તજવીજ કરોની એ કેમ થયું? |
| Ask him how long he has been in Surat. | તેને પુછો કે તને સુરતમાં આવે કેટલું થયું? |
| Ask him how he came to leave his native town. | તેને પુછો કે તમારે પોતાનું વતન શા સારૂ મુકવું પડ્યું? |
| Ask him, what has brought him here? | તેને પુછો કે તમારૂં અહિંઆં કેમ આવવું થયું? |
| Tell him not to be in such a hurry. | તેને કહો કે એટલી ઉતાવળ ના કરો. |
| Tell that monitor to keep his class quieter. | પેલા શિક્ષકને કહો કે તમારા વર્ગમાં ગડબડ થવા ન દો. |
| Tell those boys not to make so much noise. | પેલા છોકરાઓને કહો કે એટલો બધો શોર ન કરે. |
| Tell him to come at three o'clock. | તેને કહો કે ત્રણ વાગતે આવે. |
| This is a large house, but it is too small for our school. | આ ઘર તો મોટું છે, પણ આપણી નિશાળને વાસ્તે ન્હાનું પડશે. |
| It is very small certainly, but still it is too large for the purpose for which I require it. | એ ઘણું ન્હાનું તો ખરૂં તોયપણ મારા કામને સારૂ મોટું છે. |
| Twenty sentences will be too many. | વીશ વાક્ય બહુ પડશે. |
| A lesson which could be very well learned at the upper end of the class might be too difficult for the boys at the lower end. | જે પાઠ વર્ગના ઉપલા છોકરા સારી પેઠે શિખી શકેછે તે પાઠ વર્ગના નીચલા છોકરાને ઘણો મુશકેલ લાગત. |
| I am afraid that last sentence is rather too long. | મને ફીકર લાગેછે કે છેલ્લું વાક્ય જરા લાંબું છે. |
| There will be leave on Monday for the eclipse. | સોમવારને દાહાડે ગ્રહણની રજા પડશે. |
| What ceremonies have you to perform on account of the eclipse? | ગ્રહણ ઉપર તમારે શી ક્રિયા કરવી પડેછે? |

| | |
|---|---|
| We are not allowed to look at the eclipse. | ગ્રહણ જોવાની અમને રજા નથી. |
| And if the moon sets eclipsed, we are not allowed to eat till we see it rise again. | અને જો ચંદ્રમા ઘેરાયલો આથમે તો ફરીથી તેનું દર્શન થાય તાંહાં સુધી આમારાથી ખવાતું નથી. |
| All the water, and whatever cooked food may be in the house becomes unclean. | પાણી અને જે કંઈ ઘરમાં રાંધેલું અન્ન હોય તે સઘળું અપવિત્ર થાયછે. |
| All the Hindoos and some of the Pársees give grain away during the eclipse. | બધા હિંદુ અને કેટલાએક પારસી ગ્રહણની વખતે અંનદાન કરેછે. |
| Some too give clothes and some money. | કેટલાએક પૈસા આપેછે અને કેટલાએક લુગડાં આપેછે. |
| We are not allowed to eat for twelve hours before the eclipse begins. | ગ્રહણ થતાં પેહેલાં બાર કલાક સુધી અમારાથી ખવાતું નથી. |
| And must continue to fast till we see the moon free from the eclipse. | અને ચંદ્રનું મોક્ષ દર્શન થાય તાંહાંસુધી ભુખ્યા રેહેવું પડેછે. |
| We shall have to fast then from three o'clcok tomorrow till after the moon rises on Monday night. | માટે કાલે ત્રણ વાગતેથી તે સોમવારને દાહાડે ચંદ્રમા ઉગે તાંહાં સુધી અમારે ભુખ્યાં રેહેવું પડશે. |
| Did any of you see the eclipse? | તમે કોઈએ ગ્રહણ જોયું? |
| Did you notice that the edge of the earth's shadow was curved? | તમે જોયું કે પૃથ્વિની છાયાની કોર વાંકી વળેલી હુતી? |
| It appears that many of the Hindoos do look at the eclipse. | ઘણા હિંદુ તો ગ્રહણ જોતા દેખું. |
| Have you seen the papers which the Mehetájee has posted on the town-gates. | મેહેતાજીએ ભાગળ ઉપર જે કાગળો માર્યા છે તે તમે જોયા છે? |
| Did they excite much attention? | તેથી ઘણી હો હા થઈ? |
| Is it true? | ખરૂં કે—અથવા—શું કોહોછ? |
| Where did you hear it? | તમે કાંહાં સાંભળ્યું? |

| | |
|---|---|
| You can remember that I think. | એતો તમને યાદ રેહશે. |
| You need not write it I think. | તમે નહીં લખો તોએ ચાલશે. |
| How long was he away? | તે કાંહાંસુધી બાહાર રહ્યો? |
| He is staying at present at Bombay. | તે હાલ મુંબઈમાં રેહેછે. |
| Mitharám will get his Dewángeeree again. | મિઠારામને પોતાની દીવાનગીરી પાછી મળશે. |
| How long was he coming from Bombay? | મુંબઈથી આવતાં તેને કેટલા દાહાડા લાગ્યા? |
| Our examination will not take place till after Sir Robert's return. | સર રોબર્ટ પાછા આવશે તાંહાંસુધી આપણી પરીક્ષા થશે નહીં. |
| The trade in cotton has been a losing one lately. | રૂના ધંધામાં હાલતો ખોટજ આવેછે. |
| The Indus is a large river certainly but contains very little water. | સિંધુ નદી મોટી તો છે ખરી પણ તેમાં પાણી ઘણું થોડું છે. |
| The river is fordable at Biriaw. | વરિઆવ આગલ પાર છે. |
| Dinshá says that vessels are built for the Indus with a helm at each end. | દીનશા કેહેછે કે સિંધુ નદીને વાસ્તે જે વાહણો બંધાયછે તેમને બેઉ છેડે એકેકો સુકાન હોયછે. |
| The Hindoos are not so enterprising as many other people are. | બીજા ઘણા લોકોની પેઠે હિંદુ લોકો હિંમતવાળા નથી. |
| Is it true that there is a wall in China fifteen hundred miles long? | એ ખરી વાત છે કે, ચીનમાં પંદરશેં મૈલની એક લાંબી દીવાલ છે? |
| Is there a wall in China fifteen hundred miles long? | ચીનમાં કોઈ પંદરશેં મૈલ લંબાઈની દીવાલ છે? |
| There is a wall in a China fifteen hundred miles long. | ચીનમાં એક પંદરશેં મૈલ લંબાઈની દીવાલ છે. |
| I came this morning without my breakfast. | આજ હું ભુખ્યો આવ્યો છઉં. |
| Have you breakfasted? | તમે જમ્યા છો કે? |
| Many fires happen in Surat. | સુરતમાં ઘણી આગ લાગેછે. |
| The fire frequently spreads very much before they can get a supply of water. | ઘણી વખતે પાણી આવી પોંહોંચે એટલામાં આગ બહુ ફેલાઈ જાયછે. |

| | |
|---|---|
| When a fire happens, do all the fire-engines come? | જારે આગ લાગેછે તારે બધા બંબા આવેછે કે? |
| How many are there altogether? | બધા મળીને કેટલા છે? |
| There was no inundation this year. | ઓણુ કંઈ રેલ નહીં આવી. |
| There was not so much rain this year as there was last year. | પોરના જેટલો ઓણુ વરસાદ કાંહીં આવ્યો છે. |
| A great part of Surat lies in ruins. | સુરતમાં ઘણે ઠેકાણે ઘર પડી ગયાં છે. |
| Many houses have never been rebuilt since the great fire. | મોટી આગ લાગ્યા પછી ઘણાં ખરાં ઘર તો ફરીથી બંધાયાંજ નથી. |
| A great many houses were burnt in the Spring of last year. | પોર વસંત રૂતુમાં ઘણાં ઘર બળી ગયાં. |
| A great fire happened in Surat, just before I came to it. | હું સુરતમાં આવ્યો ત્યાર પેહેલાં થોડાએક દાહાડા ઉપર મોટી આગ લાગી હુતી. |
| There is a conjuror in London who will let you shoot at him with a gun. | લંદનમાં એક જાદુગર છે જે પોતાના ઉપર તમને બંધુક મારવા દે છે. |
| He borrows a watch and shoots it from his gun without injuring it. | તે કોઈ પાસે ઘડીઆળ લે છે અને તેને બંધુકમાં ભરીને તે બંધુક છોડેછે અને ઘડીઆળને કંઈ નુકસાન થતું નથી. |
| He pours wine from a bottle, and then breaks the bottle, and a bird flies out. | તે એક શીસામાંથી દારૂ રેડેછે અને પછી શીસો ભાગેછે એટલે તેમાંથી એક પંખી નિકળેછે. |
| He borrows a handkerchief, and burns it to ashes and then makes it whole again. | તે કોઈ પાસે રૂમાલ લે છે અને તેને બાળીને રાખ કરેછે અને પાછો આખો કરેછે. |
| He makes cards come out of a box when he calls them. | તે એવું કરેછે કે જારે તે બોલાવેછે તારે પેટીમાંથી ગંજીફાનાં પાનાં પોતાની મેળે બાહાર આવેછે. |
| Of course all these are deceptions. | એ બધી ઠગબાજીજ છે. |
| The tricks are merely clever cheats. | એ જે બધા ખેલ કરેછે તે પક્કી ઠગાઈ છે. |

| | |
|---|---|
| If you look attentively you will see how some of the tricks are done. | જો તમે સારીપેઠે તપાસીને જોશો તો તે કેટલાક ખેલ કેમ થાયછે તે તમને માલમ પડશે. |
| And if you would pay the man, he would no doubt show you how they are all done. | અને જો તમે તે માણસને ખુશ કરશો તો અલબત તે બધા ખેલ કેમ બનેછે તે તમને કરી દેખાડશે. |
| He makes very excellent goods. | તે ઘણા સારા સામાનો બનાવેછે. |
| Make this water boil. | આ પાણી ઉકળાવો. |
| Make haste. | જલદી કરો. |
| Who made this pen? | આ કલમ કોણે કરી? |
| You have made me blot my book. | તમે મારી ચોપડી ઉપર ડાઘો પડાવ્યો. |
| This news will make him very sorry. | આ ખબરથી તે ઘણો દલગીર થશે. |
| Make me a cup of tea. | મારેસારૂ ચાહાનું પ્યાલું લાવ. |
| What has made you be so long about it. | આ કામ કરતાં તમને એટલી બધી વાર કેમ લાગી? |
| It is not easy to make him afraid. | તેને બીવડાવવો સેહેલ નથી. |
| What made it fall? | તે શાથી પડ્યું? |
| Make those boys be quiet. | પેલા છોકરાઓને ચુપ રાખો. |
| Can't you make the bullocks go a little faster? | તમારાથી બલદને જરા વધારે ચાંપીને હંકાતા નથી? |
| Make up a large fire. | મ્હોટો વસદેવ કરો—ઘણો દેવતા કરો. |
| Your talking will make me blunder. | તમે વાત કરાવીને મને ભૂલ પડાવશો. |
| The annual examination is to take place on Tuesday next. | આવતે મંગળવારે વરસોવરસની પરીક્ષા થશે. |
| It will be held in the Collector's office. | તે તો કલેકટરની કચેરીમાં થશે. |
| Where do they hold their meetings. | તેઓની મંડળી કાંહાં મળેછે? |
| The examinations hitherto have been held in the Collector's offiee. | આજસુધી તો પરીક્ષા કલેકટરની કચેરીમાંજ થતી હતી. |
| Were you present at the last Examination? | ગઈ પરીક્ષાએ તમે હાજર હતા? |

| | |
|---|---|
| Any of your relatives that like to attend, can do so. | તમારા કોઈ સગાની આવવાની મરજી હોય તો તે સુખે આવે. |
| Some of the boys who gained prizes last year will do so again this year. | કેટલાક છોકરાઓને પોર ઈનામ મળ્યું હતું તેમને ઓણ પણ મળશે. |
| How many boys were there at the last examination? | ગઈ પરીક્ષામાં કેટલા છોકરા હતા? |
| There will be more than twice as many boys this year, as there were last year. | પોર જેટલા છોકરા હતા તેની બમણાઈ કરતાં પણ ઓણ વધારે થશે. |
| We shall want twenty forms for the boys. | છોકરાઓને વાસ્તે આપણે વીશ બાજઠ જોઈશે. |
| On the *ootrán* all the people in the town amuse themselves by flying kites. | ઉત્તરાયનને દાહાડે શેહેરમાં બધા લોક કનકવા ચગાવેછે. |
| Some would like to have their month's holiday now, and others would like to have it in the summer. | કેટલાકને મહીનાની રજા લેવાની હમણા મરજી છે અને કેટલાએકને ઉનાળામાં લેવાની મરજી છે. |
| Many would like to have it at this time of the year. | ઘણાની આ દાહાડે લેવાની મરજી છે. |
| A great many people went yesterday to see the Review. | કાલે ઘણા લોકો રિવીયુ જોવાને ગયા હતા. |
| Dádobá intends to teach us the History of India. | અમને હિંદુસ્થાનનો ઈતિહાસ શિખવવાનો દાદુબાનો ઈરાદો છે. |
| I have something to do tomorrow and shall not be able to come. | કાલે મારે કંઈ કામ છે માટે મારાથી અવાશે નહીં. |
| Did he come on foot or on horseback. | તે ચાલતો આવ્યો કે ઘોડે બેશીને? |
| Shall you ride or walk? | તમે ઘોડે બેસશો કે ચાલશો? |
| I was kicked by a bullock yesterday. | કાલે બળદીઆએ મને લાત મારી. |
| He has grazed the skin off my ankle. | મારી ઘુંટી ઉપરની ચાંમડી છોલાઈ ગઈ. |

| | |
|---|---|
| Fore-head, eyebrows, eyelids, eyelashes, bridge of the nose, nostrils, upper lip, under lip, mustaches, whiskers, chin, beard, curl, jaw, gums, roof of the mouth, tip of the tongue, cutting teeth, grinders. | કપાલ, ભંમર, પોપચાં, પાંપણ, નાકની દાંડી, નસકોરાં, ઉપલો હોઠ, નીચલો હોઠ, મુછ, કલ્લા, હડપચી, ડાઢી, જુલફાં, જડબું, અવાળું, તાળવું, જીભનું ટેરવું, કડવાના દાંત, ડાઢો. |
| Neck, throat, back of the neck, crown of the head, scull, tip of the ear, shoulder, arm, elbow, wrist, hand, palm, thumb, fore-finger, middle finger, nails, knuckles, foot, heel, sole of the foot, toes, great toe, little toe, instep, ankle, skin, calf of the leg, knee, *kneel*, thigh, lap, arm-pit. | ગરદન, ગળું, બોચી, તાળવું, ખોપરી, કાનની લાલી, ખભો, હાથ, કોણી, પોંહોંચો, હાથ, હાથેલી, અંગુઠો, તરજની, મધ્યમાં, નખ, વેઢા, પગ, એડી, પગનું તળીયું, પગના આંગળાં, અંગુઠો, પગની છેલી આંગળી, પગની પાહાણી, ઘુંટી, ચાંમડી, ટેટું, ઘુંટણ, ઘુંટણીયું, જાંગ, ખોળો, બગલ. |
| He put his book under his arm. | તેણે પોતાની ચોપડી બગલમાં મારી. |
| Back, breast, right side, left side ribs, waist, hips. | પીઠ, છાતી, જમણી બાજુ, ડાબી બાજુ, પાંસલાં, કમર, કેડ. |
| She carries the child on her hip. | છોકરાને તે પોતાની કેડે લઇને જાયછે. |
| Loins, navel, curls. | ઠાઠાં, ડુંટી, ગુચ્છા. |
| A great part of Africa is desert. | અફ્રીકાનો ઘણો ભાગ ઉજડ છે. |
| Two Sundays have gone by, and no conjuror has come to Doorgárám's meeting to display any magic. | બે રવીવાર જતા રહ્યા તોપણ કોઈ જાદુગર દુરગારામની મંડળીમાં જાદુ બતલાવવાને આવ્યો નહીં. |
| I went to his house but did not find him at home. | હું તેને ઘેર ગયો પણ તે મળ્યો નહીં. |
| The people make a great disturbance in the meeting. | મંડળીમાં લોકો બહુ તોફાન કરેછે. |

| | |
|---|---|
| A conjuror theatens to come tomorrow and make the people vomit blood. | એક જાદુગર બીવડાવેછે કે હું કાલે આવીને લોકોને લોહી ઓકાવીશ. |
| As no conjuror comes to exhibit any magic, people begin to think that what Doorgárám says is true. | કોઈ જાદુગર જાદુ બતલાવવાને આવતો નથી તેથી લોકો ધારેછે કે, દુરગારામ કેહેછે તે ખરૂં હશે. |
| A jádoogar petitioned the judge on Saturday to be allowed to practice magic upon Doorgárám with impunity. | શનીવારને દાહાડે એક જાદુગરે જડજને અરજી આપી કે, હું દુરગારામ ઉપર જાદુ ચલાવું તેથી નુકશાન થાય તો તેની સિજા મને મળે નહીં. |
| How is it that they have never thought of asking leave till now. | એમ કેમ કે તેમને આજદિન સુધી રજા લેવાનું કોઈ દાહાડે સુઝ્યું નહીં. |
| What you say is very good, but how is it to be done ? | તમે કહોછો તે તો ખરૂં પણ એમ થાયજ કેમ ? |
| The time of the year in which we are to take our month's leave does not rest with me at all. | વરસમાં કિયે વખતે આપણે મહિનાની રજા લેવી એ કંઈ મારા હાથમાં નથી. |
| The Board has decided that the holidays should be taken in May, and we cannot alter it. | બોર્ડે નક્કી કર્યું છે કે રજા મે મહિનામાંજ લેવી અને તે આપણાથી ફેરવાય નહીં. |
| The boys expected to get leave yesterday at three o'clock, but were disappointed. | છોકરાઓને ઉમેદ હતી કે ગઈ કાલે ત્રણ વાગતે રજા મળસે પણ તેઓ નાઉમેદ થઈ ગયા. |
| The house we saw yesterday would make an exellent school-house I think. | જે ઘર આપણે કાલે જોયું તે હું ધારૂં છું નિશાળને વાસ્તે ઘણું સારૂં છે. |
| I must go home, some one has come to call me. | મારે ઘેર જવું જોઈએ, કોઈ મને બોલવવા આવ્યું છે. |
| I think that situation is quite as convenient for the boys as this. | હું ધારૂં છું કે તે જગો પણ આના જેવીજ છોકરાઓને ઠીક પડશે. |

| | |
|---|---|
| The boys wish very much, that the school may be removed to the house we saw yesterday. | છોકરાઓની ઘણી મરજી છે કે જે ઘર આપણે કાલે જોયું તેમાં નિશાળ જાય તો સારૂં. |
| There is an excellent terrace at the top of the house. | તે ઘરના માથા ઉપર એક ઘણી સારી અગાશી છે. |
| On the *ootrán* accidents frequently occur. | ઉતરાણને દાહાડે ઘણી વખતે આંફતો આવી પડેછે. |
| People fall into wells or fall from the roofs of their houses. | લોકો કુવામાં પડેછે અથવા પોતાના ઘરના છાપરાં ઉપરથી પડેછે. |
| How came you to upset the ink? | તમે શાહી કેમ ઢોલી નાખી? |
| You have made a sad mess there. | તમે તાંહાં ઘણું બગાડ્યું છે. |
| There is a large patch of ink on your *Angarkhá.* | તમારા અંગરખા ઉપર મ્હોટો શાહીનો ડાઘો છે. |
| Will it wash out? | એ ધોવાઈ જશે? |
| If it is Gujráti ink, it will wash out, but if it is Euglish ink, there will be a yellow stain left. | જો એ ગુજરાતી શાહી હશે તો ધોવાઈ જશે પણ અંગરેજી શાહી હશે તો પીલો ડાઘો રેહેશે. |
| The petition he presented, produced no effect. | તેણે અરજી આપી તેથી કંઈ વળ્યું નહીં. |
| It will be of no use to petition. | અરજી કીધાથી કંઈ વળવાનું નહીં. |
| If you are coming, come at once, if not, I shall go. | જો તમે આવતા હોઓ તો આવો નહીં તો હું તો જાઉંછું. |
| I wish to go to Bombay, but my family will not allow me. | મારીતો મુંબઈ જવાની મરજી છે પણ મારા ઘરમાંથી ના કેહેછે. |
| The Hindoos are very averse to go abroad. | પરદેશ જવું હિંદુ લોકને ગમતું નથી. |
| I waited at home for him all* the evening, but he did not come. | મેં ઘર આગળ છેક સાંજ સુધી તેની વાટ જોઈ પણ તે કંઈ આવ્યો નહીં. |
| I will come if I can, but don't wait for me. | મારાથી અવાશે તો આવીશ પણ મારી વાટ જોતા નહીં. |

* All the evening. દીવા થયા પછી સુવા જતા સુધીનો કાળ.

| | |
|---|---|
| It is of no use to wait any longer, he will not come now. | વધારે રાહા જોયા પછી શું, હવે કંઈ તે આવવાનો છે? |
| I wonder what keeps him away. | કોણજાણે તે કેમ રોકાયો. |
| He will not be long now I suppose. | હવે તે આવ્યામાં. |
| He will be here soon I should think. | મને તો લાગેછે કે તે આવી પોંહોંચશે. |
| I hope I have not kept you waiting. | માફ કરજો હો, તમારે ખોટી તો નથી થવું પડયું. |
| We waited for you till the last moment. | અમેં તમારી ઘણીવાર સુધી વાટ જોઈ. |
| I am afraid I have kept you waiting. | માફ કરજો હો, જરા તમારે ખોટી તો થવું પડયું. |
| If I am not there before twelve, you need not expect me. | જો હું બાર વાગ્યા પેહેલાં તાંહાં ન આવું તો મારી વાટ જોતા ના. |
| The Sháwacks will redeem a great many cows and goats to-day. | શાવક લોકો આજ ઘણા બકરા ગાયો છોડાવશે. |
| Pay nobody any money in my name. | મારે નામે કોઇને કંઈ પૈશા આપતા ના. |
| There is a great feast among the Mussalmáns to-day. | મુસલમાન લોકોમાં આજ મોટી જીઆફત છે. |
| The Mussalmáns all go in procession to the Masjid to-day. | આજ બધા મુસલમાન સ્વારી કાઢીને મસ્જીદમાં જાયછે. |
| The rich give to the poor, so that all may feast. | તાલેવાન લોકો ગરીબ લોકોને પૈસા આપેછે એટલા માટે કે બધા લોકો જીઆફત કરે. |
| In the Nawáb's time, some of the Government sipáhis attended. | નવાબના વખતમાં કેટલાએક સરકારના સિપાઈ પણ જતા હતા. |
| Formerly too a salute was fired. | પેહેલાં તો તોપ મારીને સલામતી પણ આપતા હતા. |
| The Government now takes no notice of any native holiday. | સરકાર હમણા કંઈ આ દેશી લોકોના તેહેવારની ખબર લેતી નથી. |
| Tribhowandás has lost three places instead of one. | ત્રિભુવનદાસે એકને બદલે ત્રણ જગો ખોઈ. |

| | |
|---|---|
| What disturbance took place at the meeting yesterday? | કાલે મંડળીમાં શું તોફાન થયું? |
| Some of the people wanted to beat Doorgárám. | કેટલાએક લોકોની દુરગારામને ઠોકવાની મરજી હતી. |
| I wonder they did not steal the twenty rupees. | અજાયબ છે કે તેમણે પેલા વીશ રૂપીઆ નહીં ચોર્યા. |
| They would have done so, but Mohanlál had taken them into his charge. | તેઓએ તેમ કર્યું હોત ખરૂં, પણ મોહનલાલે તે પોતાની પાસે રાખ્યા હતા. |
| A mob followed Doorgárám all the way to Dádobá's house. | દાદુબાના ઘર લગણ દુરગારામની પછવાડે લોકોનું ટોળું આવ્યું. |
| They remained for a long while shouting in front of the house. | ઘર આગળ ઉભા રહીને ઘણી વાર સુધી બુમો પાડ્યા કરી. |
| They were mostly Ouditch Bráhmans. | તેઓ ઘણા ખરા ઔદિચ્ય બ્રાહ્મણ હતા. |
| When are we to go to the new house? | આપણે નવા ઘરમાં ક્યારે જઈશું? |
| It is not certain yet, that we shall go at all. | હજુ નક્કી નથી કે જઈશું. |
| We must wait till we hear from Bombay. | મુંબઈથી જવાબ આવતા સુધી આપણે સબુર ખમવી જોઈએ. |
| Can none of you find a sentence to give us? | તમારા કોઈથી અમને એક વાક્ય અપાતું નથી. |
| There is a great want of roads in India. | હિંદુસ્થાનમાં રસ્તાની ઘણી તંગી છે. |
| We must write such sentences as are likly to be useful. | કામમાં આવે એવાં વાક્યો આપણે લખવાં જોઈએ. |
| One of my friends left Bombay for Surat twelve days ago, but has not yet arrived. | એક મારો દોસ્તદાર સુરત આવવાને મુંબઈથી બાર દાહાડા થયા નિકલ્યો છે પણ હજુ આવ્યો નથી. |
| A Bhoot has sent a letter to the Chábuk. | ભૂતે ચાબુકને એક કાગળ લખ્યો છે. |

| | |
|---|---|
| He dates his letter from a well in Bombay. | મુંબઈમાં એક કુઓ છે તાંહાંથી તે કાગળ લખેછે. |
| We will send to N. for the Newspaper. | આપણે ફલાણાની પાસેથી વર્ત્તમાન પત્ર મંગાવીસું. |
| Send to the hospital for some medicine. | હોસ્પિતાલમાંથી કંઈ ઔષધ મંગાવો. |
| Mithárám has retired upon a pension. | મિઠારામે 'પેન્શન' લીધું છે. |
| Is he to lose three places or six? | તેની ત્રણ જગો જશે કે છ? |
| Surat is very much decayed. | સુરત તો ઘણુંજ ટુટી ગયું. |
| The English cotton is all woven by machinery. | અંગરેજી કાપડ બધું સંચાથી વણાયછે. |
| I have heard that A'tmárám is going to Bombay, is it true? | મેં સાંભળ્યું કે આત્મારામ મુંબઈ જાયછે એ ખરી વાત છે? |
| They say that A'tmárám is going to Bombay, is it true? | એવું સંભળાયછે કે આત્મારામ મું-બઈ જાયછે એ વાત ખરી છે? |
| What is he going about? | તે શા વાસ્તે જાયછે? |
| What are those two boys doing? | પેલા બે છોકરા શું કરેછે? |
| Is he going to remain there or will he return? | શું તે તાંહાંજ રેહેવાનો છે કે પાછો આવશે? |
| He has got an appointment there. | તાંહાં એને નોકરી મળી છે. |
| He made great exertion, but did not succeed in getting an appointment. | તેણે નોકરીને સારૂ ઘણી મેહેનત કીધી પણ કંઈ વળ્યું નહીં. |
| He is very desirous to obtain an appointment. | તે નોકરી મેળવવાને ઘણો ચાહેછે. |
| As he has not got the appointment he is about to return. | તેને નોકરી નહીં મળી વાસ્તે તે પાછો આવવાનો છે. |
| Ochavrám and Párvatishankar are making out a list of those boys who have not paid up their school-fees. | જે છોકરાઓએ પગાર આપ્યો નથી તેમનાં નામની ટીપ ઓછવરામ તથા પાર્વતિશંકર કરેછે. |
| It has gone ten this long while. | દશ કેવારના વાગી ગયા. |

| | |
|---|---|
| Clouds frequently occur at this time of the year, but there is no fear of rain. | આ દાહાડે વાદલાં ઘણા થઈ આવેછે પણ વરસાતની દેહશત કંઈ નથી. |
| Since the clouds cleared off, the weather has become cold. | વાદલાં વીખેરાઈ ગયા પછી તાહાડ પડવા માંડી છે. |
| To use the words, will, shall, would, and should correctly, is very difficult. | ઉઈલ, શાલ, ઉડ, અને શુડ, એ શબ્દોને ખરોખર ઠેકાણે વાપરવા ઘણા મુસ્કેલ છે. |
| Sunday was a very cloudy day. | રવીવારને દાહાડે ઘણાં વાદલાં હતાં. |
| It is not so cold this year, as it was last year. | પોરના જેટલી ઓણ તાહાડ નથી. |
| We are shivering with the cold. | અમે તાહાડથી ધ્રુજીએછીએ. |
| The cold weather set in earlier this year. | ઓણ તાહાડ વેહેલી પડી. |
| It is very cold on the hills. | પાહાડો ઉપર ઘણી તાહાડ હોયછે. |
| Are there any hills near Surat? | સુરતની પાસે કંઈ ડુંગર છે? |
| Not nearer than five and thirty miles. | પાંત્રીશ મૈલ અંદર તો નથી. |
| Bombay is a very dear place to live in. | મુંબઈમાં રેહેતાં ખરચ ઘણો થાયછે. |
| Are you acquainted with him? | તમે તેને ઓળખોછો? |
| He is one of my acquaintances. | તે તો મારો ઓળખીતો છે. |
| I should be happy to make his acquaintance. | તેનું ઓળખાણ કરવાને મારી ઘણી ખુશી છે. |
| I know him very well. | હું તેને સારી પેઠે ઓળખુંછું. |
| I have been acquainted with him these twenty years. | વીશ વરસ થયાં મારે અને એને ઓળખાણ છે. |
| I have known him many years. | ઘણાં વરસ થયાં હું એને ઓળખુંછું. |
| We are very old acquaintances. | આપણે ઘણું જુનું ઓળખાણ છે. |
| I have known him from his infancy. | હું એને નાહાનપણથી ઓળખુંછું. |
| Where did you make his acquaintance? | તમારે એની સાથે કાંહાંથી ઓળખાણ થયું? |

| | |
|---|---|
| He is a very agreeable companion. | તે ઘણો મનમેલાપી દોસ્ત છે. |
| What kind of turban is that which Chaturbhujdás has on this morning? | આજ ચતુરભુજદાસે કઈ જાતની પાગડી ઘાલી છે. |
| Put on your turban. | પાગડી ઘાલો. |
| He took off his Angarkho. | તેણે પોતાનો અંગરખો ઉતાર્યો. |
| It is very cold, you had better put a shawl on. | તાહાડ ઘણી છે શાલ ઓઢો તો ઠીક. |
| Put a pair of gloves on. | હાથે મોજાં પેહેરો. |
| He has a large circle of acquaintance. | તેને ઘણે ઠેકાણે ઓળખાણ છે. |
| Do you use assafœtida in your cooking? | તમો તમારી રસોઈમાં હિંગ વાપરો છો ? |
| The Vániás use a great quantity of assafœtida in their cooking. | વાણિઆ લોકો રસોઈમાં ઘણીજ હિંગ વાપરેછે. |
| Do you like the food which they cook with assafœtida? | હિંગ નાખીને રાંધેલું ભોજન તમને ભાવેછે ? |
| I don't at all dislike it. | મને તેનો છેક અભાવ નથી. |
| I very much dislike it. | મને તો તેનો ઘણોજ અભાવ છે. |
| I can't endure it. | મારાથીતો તે ખમાતું નથી. |
| Don't you find the smell very disagreeable? | તમને ગંધ ઘણી નઠારી નથી લાગતી ? |
| There is no smell after it is cooked. | રંધાયા પછી તેમાં કંઈ ગંધ રેહેતી નથી તો. |
| The smell is very disagreeable certainly, but it is all destroyed in the cooking. | ગંધ ઘણી નઠારી છે તો ખરી પણ રાંધવામાં બધી જતી રેહેછે. |
| Instead of tomorrow, there is an extra-holiday in the list of Hindoo holidays. | કાલને બદલે હિંદુ લોકોના તેહેવારની ટીપમાં એક વધારે રજા છે. |
| You will not find these sentences very difficult. | તમને એ વાક્યો ઘણાં અઘરાં નહીં લાગશે. |

| | |
|---|---|
| He is a friend of mine. | તે તો મારો દોસ્તદાર છે. |
| I have a few friends here to spend the evening with me. | આજ સાંજે મારીસાથે વાતો કરવાને મારા મિત્ર આવ્યા છે. |
| There is to be a party at A'tmárám's house to-night. | આજ રાત્રે આત્મારામને તાંહાં બેઠક થવાની છે. |
| Are you invited? | તમને તેડ્યા છે કે ? |
| Has he sent you an invitation? | તમને તેણે તેડું મોકલ્યું છે કે ? |
| It is getting very late. | ઘણું મોડું થાયછે જો. |
| I shall not stay late. | હું ઘણી વાર નહીં રહું. |
| I shall be home early. | હું જલદી ઘેર આવીશ. |
| I shall be home before twelve o'clock. | હું તો બાર વાગતાં પેહેલાં ઘેર આવીશ. |
| I don't like to be out late. | મને ઘણી વાર બાહાર રેહેવું નથી ગમતું. |
| The quarterly examination will take place tomorrow morning. | કાલે સવારે ત્રણમાહિ પરીક્ષા થશે. |
| If you know any boys who wish to come, take care and inform them of it. | જો તમારા જાણ્યામાં કોઈ છોકરા આવવાના હોય તો બામુબ્બા તેમને કેહેજો. |
| How many candidates are there? | કેટલા ઉમેદવાર છે ? |
| They are not all here yet. | હજુ બધા આવ્યા નથી. |
| Open the door. | બારણું ઉઘાડો. |
| Shut the door after you. | બારણું બંધ કરતા જજો. |
| Don't leave the door open. | બારણું ઉઘાડું રેહેવા દેતા ના. |
| Have you brought me a list of your holidays? | તમારા તેહેવારની ટીપ તમે મારી પાસે લાવ્યા છો ? |
| I think you take more holidays than are necessary. | મને લાગેછે કે અગત્ય કરતાં તમે વધારે રજા લો છો ? |
| The holidays are a great hinderance. | તેહેવારથી ઘણી હરકત થાયછે. |
| Which are more numerous in your class the Pársees or the Hindoos? | તમારા વર્ગમાં વત્તા કોણ છે, પારસી કે હિંદુ ? |

| | |
|---|---|
| There are more Pársees than Hindoos in this class. | આ વર્ગમાં હિંદુ કરતાં પારશી વત્તા છે. |
| But taking the whole school, the Hindoos are most numerous. | પણ જો આખી નિશાળમાં ગણિયે તો હિંદુની સંખ્યા વધારે થશે ખરી. |
| We must see how many of each race there are. | આપણે જોવું જોઇએ કે એકેક જાતના કેટલા કેટલા છે. |
| A few drops of rain fell yesterday. | કાલે થોડા છાંટા થયા. |
| Do you ever have a rainy day at this time of the year ? | આ દહાડે કોઈ વાર વરસાત આવેછે ? |
| Hot weather, cold weather, dry weather, wet weather, fine weather, dull weather, windy weather, stormy weather, rainy weather, cloudy weather, healthy weather, unhealthy weather, pleasant weather, disagreeable weather, muddy weather, foggy weather, sultry weather, frosty weather. | ગરમ રૂતુ, ઠંડી રૂતુ, સુકી રૂતુ, શરદ રૂતુ, સાફ રૂતુ, મંદ રૂતુ, પવનની રૂતુ, તોફાની રૂતુ, વરસા રૂતુ, વાદલી રૂતુ, શુખકારક રૂતુ, દુઃખકારક રૂતુ, શુંદર રૂતુ, ખરાબ રૂતુ, કાદવીઆ રૂતુ, ધુમસીઆ રૂતુ, બફારાની રૂતુ, ઝાકળી રૂતુ. |
| Had you favourable weather during your journey ? | તમારી મુસાફરીમાં હવા ઠીક હતી કે ? |
| We shall set out as soon as the weather clears up. | ઉઘાડ થશે તેવા આપણે નિકળી પડીશું. |
| The weather looked very threatening all the morning, but cleared up in the afternoon. | સવારે ઘણું વાદલ ચઢી આવ્યું પણ સાંજે ઉઘડી ગયું. |
| My brother is coming from Bombay, and I am going to fetch him from the steam-boat. | મારો ભાઈ મુંબઈથી આવેછે અને હું તેને આગબોટમાંથી તેડવા જાઉંછું. |
| How far up the river does the steam-boat come ? | આગબોટ તાપીમાં કાંહાંસુધી આવેછે ? |
| He always promises, but never comes. | તે હમેશાં કેહેછે પણ કદી આવતો નથી. |

| | |
|---|---|
| There is a feast among the Pársees to-day and they wish to have an early leave granted them. | આજ પારશી લોકોનો ઘંબાર છે અને તેમને વેહેલી રજા જોઇએ છે. |
| The steam-boat comes up as far as Magdallá. | મગદલ્લા શુધી આગબોટ આવેછે? |
| How long are they coming from Bombay? | તેઓને મુંબઈથી આવતાં કેટલા દાહાડા લાગેછે? |
| Since the steam-boat began to ply, the road to Bombay is deserted. | આગબોટ ફરવાલાગી તે દાહાડાથી મુંબઈનો રસ્તો ઉજડ પડ્યો. |
| What is the fare? | નોર શું છે? |
| There are four rates of fares, five, fifteen, twenty-five and fifty rupees. | ચાર જાતનાં નોર છે, પાંચ રૂપીઆ, પંદર રૂપીઆ, પચીશ રૂપીઆ અને પચાશ રૂપીઆ. |
| The steam-boat has made the communication with Bombay very easy. | આગબોટથી મુંબઈ જવું આવવું ઘણું સેહેલું છે. |
| Does the Ootrán fall on Saturday or on Sunday? | ઉતરાણ શનિવારી છે કે રવિવારી? |
| Some will observe it on Saturday, and some on Sunday. | કેટલાએક શનિવારે માનશે અને કેટલાએક રવિવારે માનશે. |
| What ceremonies are performed? | શી શી ક્રિયા કરવી પડેછે? |
| Is flying kites one of the ceremonies? | કનકવા ચગાવવા એપણ એક ક્રિયા છે કે? |
| That is the principal one I fancy. | મને તો લાગેછે કે તેજ મુખ્ય હશે. |
| Some people spend great sums of money in kites. | કેટલાએક લોકો કનકવા પાછળ ઘણા પૈસા ખરચેછે. |
| And does all kite-flying cease from that day? | અને તે દાહાડાથી બધા કનકવા ચગતા બંદ થાયછે? |
| No not for a month after? | ના ના, મહિનાસુધી ચાલેછે. |
| The Mussalmáns are fonder of kite-flying than any other caste. | બીજી કોઈ જાત કરતાં મુસલમાન લોકોને કનકવા ચગાવવાનો વધારે શોક હોયછે. |

| | |
|---|---|
| It is a favourite amusement, though, with all classes. | તોયપણ એ ગમત બધા લોકોને પસંદ છે. |
| We must ask N. whether he gives a holiday on Saturday. | આપણે 'ન' ને પુછવું જોઇયે કે તે શનિવારે રજા આપેછે. |
| I will send a note to him presently. | હું તેને હમણા એક ચીઠી મોકલીશ. |
| We will send and ask him. | આપણે તેને પુછાવી મંગાવીશું. |
| What is A'darjee doing these two days past? | બે દાહાડા થયા આદરજી શું કરયા કરેછે. |
| Do any of you know what is keeping him away? | તમે કોઈ જાણોછો કે તે શાથી રહ્યો છે? |
| The birds in this country are very tame. | આ દેશના પક્ષી ઘણા હળેલાં છે. |
| In England they are much wilder. | ઇંગ્લાંડમાં તેઓ ઘણા બીકણ છે. |
| I will send my servant, give the book to him. | હું મારા ચાકરને મોકલું તેને ચોપડી આપજો. |
| The steam-boat left so early, that he was not able to come by it. | આગબોટ એટલી વેહેલી ઉપડી કે તેનાથી તેમાં જવાયું નહીં. |
| I was coming by the steam-boat, but it left too early for me. | હું આગબોટમાં આવવાનો હતો પણ તે તો વેહેલી ઉપડી ગઈ. |
| The day before yesterday a boat sank near Doomas, and fifteen or sixteen people were drowned. | પરમ દાહાડે ડુમસ આગળ એક હોડી તળીએ બેઠી અને પંદર સોળ આદમી ડુબી મુઆં. |
| They had been to take Kuwáni-játrá. | તેઓ કુવાની જાત્રા ગયાં હતાં. |
| What people were they? | તેઓ કિયા લોક હતા? |
| Chiefly Sailors and Kolies I believe. | હું ધારૂંછ કે ઘણું કરીને ખારવા અને કોળી હતા. |
| These last few days a comet has been visible in the evening. | થોડાએક દાહાડા થયા સાંજરે પુંછડીઓ તારો દેખાયછે. |
| The falling stars are not really stars. | તારા પડેછે તે કંઈ ખરા તારા નથી. |
| In the same part of the heavens the same stars are always to be seen. | આકાશના એકજ ભાગમાં તેના તેજ તારા હમેશા દેખાયછે. |

| | |
|---|---|
| Ignorant people think when they see a comet that some great misfortune is about to happen. | અજ્ઞાની લોકો જારે પુંછડીઓ તારો જોયછે તારે એમ ધારેછે કે કંઈ મ્હોટી આફ્ત પડવાની છે. |
| Mercury, Venus, The Earth, Mars, Jupiter, Saturn. | બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, બૃહસ્પતિ, શનિ. |
| We have written the names of the planets in the order of their distances from the sun. | જેમ જેમ સુરજથી ગ્રહો આઘા છે તે પ્રમાણે આપણે તેઓનાં નામ લખ્યાં છે. |
| Have you seen the comet yet? | તમે હજુસુધી પુંછડીઓ તારો જોયો નથી? |
| It is visible as soon as it becomes quite dark. | છેક અંધારૂં થાયછે તારે તે તારો દેખાયછે. |
| It is in the southwest quarter of the heavens. | તે નૈરૂત્ય કોણમાં છે. |
| Several holidays this year fall on Sunday. | ઘણા ખરા તેહેવાર ઓણ રવીવારે આવેછે. |
| How is it there is so little cold this year. | ઓણ એટલી થોડી ટાઢ કેમ છે? |
| Are your winters generally like this or like the winter of last year? | તમારા શિઆળા ઘણું કરીને ઓણના શિઆળા જેવા હોયછે કે પોરના જેવા? |
| They are generally colder than this. | ઓણના શિઆળા કરતાં ઘણું કરીને તેઓમાં વધારે ટાઢ હોયછે ખરી. |
| The winter is usually colder the later the rains continue. | જેમ જેમ વરસાદ ઘણા દિવસ સુધી વરસેછે તેમ તેમ શિઆળામાં ઘણું કરીને ટાહાડ વત્તી પડેછે. |
| Comets are very numerous although they very seldom come in sight. | પુંછડીઆ તારા નજરે થોડા પડેછે તોપણ તેઓની સંખ્યા ઘણી છે. |
| This morning a boy fell into a well. | આજ સવારે એક છોકરો કુવામાં પડ્યો. |
| He was on the top of a wall flying his kite. | તે એક ભીત ઉપર ઉભો ઉભો પોતાનો કનકવો ચગાવતો હતો. |

| | |
|---|---|
| He was trying to catch a kite that was falling and lost his footing. | એક કનકવો પડતો હતો તે પકડવા ગયો તેથી તેનો પગ ખશી ગયો. |
| The people hearing his cries came running and got him out alive. | તેની ચીશ સાંભળીને લોકો દોડી આવ્યા અને તેને જીવતો બાહાર કાઢ્યો. |
| Was he hurt? | તેને કંઈ વાગ્યું? |
| Where did it happen? | તે કાંહાં થયું? |
| I saw it as I was coming to school. | તે મેં નિશાળે આવતાં જોયું. |
| He was about such a boy as Edaljee. | તે છોકરો એદલજીના જેવડો હતો. |
| He was about the size of Edaljee. | તે એદલજીના કદનો હતો. |
| As soon as they got him out he began to cry. | જેવો તેને બાહાર કાઢ્યો તેવોજ તે રડવા મંડ્યો. |
| The wind yesterday was not favourable for the kite flying. | કાલનો પવન કંઈ કનકવા ચગાવવાને સારૂ ઠીક નોહોતો. |
| A large ball of string costs about six annas. | દોરીના એક મ્હોટા પીંડાના છ આના પડેછે. |
| In some parts of India the Hindus observe the Tábut. | હિંદુસ્થાનમાં કેટલેક ઠેકાણે હિંદુ લોકો પણ તાબુતને માનેછે. |
| The Mussalmán holidays happen 11 or 12 days earlier every year. | મુસલમાન લોકોના તેહેવાર હર વરસ અગ્યાર અથવા બાર દાહાડા જલદી આવેછે. |
| Formerly a great deal of mischief was done on the Tábut. | અગાઉ તાબુતના દાહાડામાં ઘણું નુકસાન થતું. |
| Fights took place between the Mussalmáns and Hindus. | હિંદુ અને મુસલમાનની વચ્ચે લડાઈ થતી. |
| And people were frequently killed. | અને લોકો પણ ઘણી વાર મરતા હતા. |
| But all that is now put a stop to. | પણ હમણા તે બધું બંધ થયું છે. |
| They have put a stop to all that now. | તેઓએ હમણા એ બધું બંધ કરયું છે. |
| When do you expect the answer from Bombay about changing the school house? | તમારા ધારવામાં મુંબઈથી નિશાળનું ઘર બદલાવા વિશેનો જવાબ કારે આવશે? |

| | |
|---|---|
| A'nandráo writes to say that he has passed in the examination but that he has not yet received the appointment to the Scholarship from the Board. | આનંદરાવ લખી જણાવેછે કે હું પરીક્ષામાં તો પંસદ પડ્યો પણ હજીસુધી બોર્ડથી સ્કાલરશિપની જગો મળી નથી. |
| He came out first in English but rather low in Mathematics. | તે અંગરેજીમાં તો આગળ પડ્યો પણ હિસાબના કામમાં જરા પાછળ પડ્યો. |
| This examination I understand was a very severe one. | મેં સાંભળ્યું કે એ પરીક્ષા ઘણી સખ્ત હતી. |
| There were very few vacancies. | ખાલી જગાઓ તો થોડીજ હતી. |
| My dear sir, | |
| I have had the pleasure to receive your note of the 11th inst. I will lose no time in attendiug to the commissions it contains. In return, may I trouble you to send me from Bombay the following articles. | ચાલતા મહિનાની અગ્યારમી તારીખની લખેલી તમારી ચીઠી મને પોંહોંચી અને તેમાં તમે જે કામ લખ્યું છે તે કરવા હું વાર નહીં લગાડું. એના અવેજમાં તમને તસ્દી આપું છું કે મારે વાસ્તે મુંબઈથી નીચે લખેલી ચીજો મોકલજો. |
| I trust that none of your family have suffered from the sickness which has prevailed in Bombay lately ? | હમણા જે રોગ મુંબઈમાં ચાલતા હતાં તે રોગ તમારા કુટુંબમાંથી કોઈને થયો તો નથી ? |
| Your's very truly, A. B. | |
| Whenever you like to write a Gujráti letter, we will turn it into English. | જારે તમારે ગુજરાતીમાં કાગળ લખવો હોય તારે આપણે તેનો અંગરેજીમાં તરજુમો કરીશું. |
| A Gujaráti letter and an English one are very different. | ગુજરાતી અને અંગરેજી કાગળ લખવાની રીત ઘણી જુદી છે. |

| | |
|---|---|
| My dear M. | |
| I have not received a letter from you this long time past and hope that when you have leisure, you will favour me with a few lines. | ઘણા દાહાડા થયા તમારૂં પત્ર આવ્યું નથી વાસ્તે જારે તમને ફુરસત મળે તારે મેહેરબાની કરીને કડકો કાગળ લખી જણાવજો. |
| May I trouble you also to send me by the Bangy Post a copy of Walker's Dictionary, the price of which I will remit to you in any way you may direct. If, in return, there is any thing which I can do for you in Surat I shall be very happy to do it. | જરા તસ્દી લઇને મારે સારૂ બંગી ડાકમાં એક વાકરની ડિક્શનેરી મોકલી દેજો. અને તેની કિંમત તમે કેહેશો તે રીતે હું તમને મોકલાવીશ. એના અવેજમાં જો અમારા સરખું સુરતમાં કંઈ કામકાજ હોયતો સુખે લખજો. |
| Your's very truly, | |
| A. B. | |
| This letter is rather longer than the one yesterday was. | કાલના કાગળ કરતાં આજનો કાગળ જરા વત્તો લાંબો છે. |
| There are many things which you say in a Gujráti letter which we never say in an English one. | ગુજરાતી કાગળમાં એવી ઘણી વાતો તમે લખોછો તે અમે અંગરેજી કાગળમાં કદી લખતા નથી. |
| Have any of you brought a letter? | તમારામાંથી કોઈ કાગળ લાવ્યો છે? |
| The Tábuts pass by here. | તાબુત અહિંઆં થઇને જાયછે. |
| These Mussalmáns make a sad noise all day long. | આ મુસલમાનો આખો દાહાડો કેવા શોર કર્યા કરેછે. |
| There are only two days more of it to come. | હવે તો એના બેજ દાહાડા બાકી છે. |
| Very few respectable men seem to have any thing to do with it. | તાબુતમાં ભલા આદમી તો થોડાજ સામેલ થાયછે. |
| Dinshá says that this custom commenced with Timurlang. | દીનશા કેહેછે કે એ ચાલ તેમુરલંગે કાહાડી. |
| They wish to take but few sentences to-day on account of the Tábut tomorrow. | કાલે તાબુત છે, તેથી કરીને છોકરાઓ થોડા વાક્યો લેવાને ચાહેછે. |

| | |
|---|---|
| Don't forget to bring a letter on Monday. | સોમવારને દાહાડે કાગળ લાવવાને ભૂલતા ના. |
| As we brought no letter to-day, we have had to write sentences. | આજે આપણે કાગળ ન લાવ્યા માટે આપણે વાક્યો લખ્ખવા પડ્યાં. |
| Ten is the smallest number we must ever write. | ઓછામાં ઓછા આપણે રોજ દશ લખ્ખવાં. |
| The Tábut is in memory of the murder of Husan and Hosine. Mahomed's grandsons. | મહમદની છોકરીના છોકરા હુસન તથા હોસૈન મરાયા તેની યાદદાસ્તમાં તાબુત થાયછે. |

To ——

The humble petition of

A. B. inhabitant of Surat.

| | |
|---|---|
| Your petitioner begs respectfully to state that he has been serving as a candidate in your office these last fifteen months, but has not yet been so fortunate as to obtain employment. | અરજ એ છે જે હું સાહેબની કચેરીમાં પંદર મહિના થયા ઉમેદવારની પેઠ નોકરી કર્યા કરૂં છૌ. પણ હજુ સુધી મારા કમનશીબના સબબથી મને નોકરી મળી નથી. |
| Hearing therefore that in consequence of the retirement of Narsingráo there is now a vacancy, he ventures to solicit the appointment to it. | વળી મારા સાંભળ્યામાં આવ્યું છે કે, નરસિંહરાવે પોતાની નોકરી છોડી છે, તેથી કરીને સાહેબની કચેરીમાં હાલ એ જગો ખાલી પડી છે તે મેહેરબાની કરીને મને આપો. |
| Writing letters and petitions is very useful practice for us. | અરજીઓ અને કાગળો લખ્ખવાનો માહાવરો રાખ્ખવો એ આપણને ઘણો કામનો છે. |
| Some of the boys find it very difficult to commit letters and petitions to memory. | કેટલાક છોકરાઓને અરજીઓ તથા કાગળો મોહોડે કરવા ઘણાં મુસ્કેલ લાગેછે. |
| He has lately been appointed an interpreter to the Supreme Court. | તેને હમણા 'સુપ્રીમ કોર્ટ'ના દુભાષિયાની જગો મળી છે. |

| | |
|---|---|
| It is a very valuable appointment. | એ મોટા પગારની જગો છે. |
| Who procured him that appointment? | એ ચાકરી તેને કોણે અપાવી? |
| We have appointed Fardunjee to keep the school-books during Dádobá's absence. | જેટલા દાહાડા દાદુબા નહીં આવે તેટલા દાહાડા સુધી નિશાળની ચોપડિઓ રાખવાને આપણે ફરદુનજીને મુકરાર કીધા છે. |
| My dear Anandrào, | |
| The letter announcing the successful issue of your examination has just reached us, and but for the bad account of your health which it contains, would have given us very great pleasure. | તમે પરીક્ષામાં સહી થયા તેની ખબરનો કાગળ અમને હમણાજ પોંહોંતો, અને તેમાં જો તમે તમારી ખરાબ તબિયતનો હવાલ નહીં લખ્યો હોત તો અમને ઘણી ખુશી થાત. |
| If you do not soon find yourself better, apply by all means for leave, and return for a time to your native town. | જો તમારી તબિયત તમને તરત સારી નહીં માલમ પડે તો ગમે તેમ કરીને રજા લેજો, અને થોડા દાહાડા સુરત આવી જજો. |
| The humble petition of A. B. | |
| Your petitioner begs to state that in the year Samvat 1877, he lent rupees 100 (one hundred) at interest to Nárandás Makandás a Sonee of this town which the said Nárandás Makandás now refuses to pay, Your petitioner therefore begs that he may be summoned to the Court, and compelled to pay the debt both principal and interest together with the costs which may have been incurred. | અરજ એ છે જે સંવત ૧૮૭૭ ના સાલમાં મેં રૂપિઆ ૧૦૦ એકસો, આ શેહેરના સોની નારાયણદાસ મકનદાસને વિઆજે આપ્યા અને હમણા એ નારાયણદાસ મકનદાસ મજકુર આપવાની ના કેહેછે વાસ્તે ઉમેદવાર છોં કે એને કોરટમાં બોલાવી મારા મુદ્દલ, વિઆજ, તથા ખરચ સુધાં રૂપિઆ અપાવો. |

| | |
|---|---|
| You shall add a few sentences to yesterday's lesson and learn it over again. | ગઈ કાલના પાઠમાં થોડાંએક વાક્યો વધારો અને ફરીથી શિખો. |
| You find it much easier to commit sentences to memory than letters and petitions. | તમને અરજીઓ તથા કાગળો કરતાં વાક્યો મોહોડે કરવાં સેહેલાં પડેછે. |
| Boys must not be allowed to keep their places when absent. | જે છોકરાઓ ગેર હાજર રેહે તેઓને પોતાની જગોએ પાછા નહીં બેસાડવા જોઈયે. |
| As you have consented to it, it must be so this time, but do not make such an agreement again. | તમે હા કહી માટે આ વખત તો એમ થશે પણ એવી કબુલાત ફરીથી કરતા ના. |
| My dear C. | |
| I have had the pleasure to receive your letter of the 12th instant and have this morning forwarded the dictionary according to your request. | ચાલતા મહિનાની બારમી તારીખનો તમારો કાગળ મને પોંહોંચ્યો. અને આજ સવારે તમારા લખ્યા પ્રમાણે "ડિક્શનરી" મોકળી છે. |
| The price, rupees five, you can pay to my cousin Náráyanjee who will find means to forward it to me. | એની કિંમતના રૂપિઆ પાંચ તમે મારા પિત્રાઈ ભાઈ નારાયણજીને આપજો, તે મને પોંહોંચાડશે. |
| Do not scruple whenever you require any thing from Bombay to avail yourself of my services. | જારે તમારે કંઈ મુંબઈથી મારી પાસે મંગાવવું હોય તો બેલાશક મંગાવજો. |
| The steam-boat is going to Ceylon and I shall avail myself of that opportunity to visit the island. | આગબોટ સિલોન જવાની છે અને હું પણ તેમાં બેશીને તે બેટ જોવાને જઈશ. |
| All his efforts were of no avail. | સઘળી તેહેની મેહેનત ફોકટ ગઈ. |
| There is now a good opportunity in Surat to learn English. | હમણા સુરતમાં અંગરેજી શિખવાની તક સારી છે. |

| | |
|---|---|
| My brother is about to visit your town and I shall avail myself of that opportunity to send you a small parcel of books. | મારો ભાઈ થોડા દાહાડામાં તમારી તરફ આવવાનો છે અને તેની સાથે હું થોડી ચોપડિઓ તમને મોકુળીશ. |
| We shall have a month's leave at Christmas, and I shall take that opportunity to make a journey into the north of Gujrát. | ખ્રિસમસ ઉપર આપણે મહિનાની રજા થશે અને તે ઉપર હું ગુજરાતની ઉત્તર તરફ મુશાફરી કરવા જઈશ. |
| You had better avail yourself of his offer. | એ કેહેછે તે તમે કરો તો ઠીક. |
| You had better avail yourself of it, you will never have such another opportunity. | તમે એ કરી લો તો ઠીક, એવો લાગ તમને ફરીથી કદી નથી મળવાનો. |
| I will send it by the first opportunity I can find. | મારાથી જેમ વેહેલા મોકલાશે તેમ મોકલીશ. |
| I shall not scruple to avail myself of your kind offer. | તમે તસ્દી લેવા કોહોછો તે આપવાને હું કંઈ અંતર ગણીશ નહીં. |
| Towards night a favourable wind springing up, we hastened to avail ourselves of it. | રાત્રે પવનનો સારો સપાટો નિકુળ્યો તેથી અમેં હંકારી ગયા. |
| A pilot offered his services but the captain refused to avail himself of them. | એક હોડીવાળાએ અમારી સાથે આવવાને કહ્યું પણ કપતાને ના કહી. |
| You have an excellent opportunity now to learn English, and will, I dare say, avail yourselves of it properly. | હમણા તમારે અંગરેજી શિખ્યવાની તક સારી છે અને તે હું જાણુંછું કે તમે સારીપેઠ શિખ્યશો. |

My dear F.

| | |
|---|---|
| The books you were kind enough to send me, came safely to hand yesterday. | મેહેરબાની કરીને જે ચોપડીઓ તમે મને મોકુળી તે ગઈકાલે સહી સલામત પોંહોંચી છે. |

I have sent the money to your cousin and I am greatly obliged to you for the trouble you have taken.

મેં તેની કિંમત તમારા પિત્રાઇને આપી છે અને તમે મેહેનત લીધી વાસ્તે તમારો હું ઘણો ઉપકારી થયો છું.

Your's very truly,

A. B.

My Dear A.

My brother's wedding is to take place the first week in next month. We hope that you and all your family will favour us with your company on the occasion.

આવતા મહીનાના પેહેલા અઠવાડિઆ-માં મારા ભાઇનાં લગન ઠર્‍યાં છે, વાસ્તે મેહેરબાની કરીને સાથ સર-વેને તેડીને તમે તે ટાણા ઉપર આવી પોંહોંચજો.

May we trouble you to bring with you **** as they are to be got much cheaper in your town than here. All my family desired to be kindly remembered to you.

તમે આવો તારે નીચે લખેલી ચીજો લેતા આવજો * * * * કેમકે એ ચીજો અહિંઆં કરતાં તમારે તાંહાં સસ્તી મળેછે. ઘરમાંથી સરવે જણાએ તમને ઘણું કરીને બોલાવ્યા છે.

Your's very truly,

A. B.

My Dear M.

We shall spend the day tomorrow at our garden at Katárgám and hope that you will oblige us with your company. We shall wait breakfast for you. Favour us with an answer by the bearer.

આવતીકાંલે અમે કતારગામમાં અ-મારી વાડીએ જવાના છિએ વાસ્તે મેહેરબાની કરીને તમે આવજો. નાસ્તાને વાસ્તે અમે તમારી રાહ જોઇશું. ચીઠી લાવનારની સાથે મેહેરબાની કરીને જવાબ મોકલજો.

Your's very truly,

A. B.

You may know a man by the company he keeps.

જેવી સંગત તેવી બુદ્ધિ, સોબત તેવી અસર.

| | |
|---|---|
| **Nárandás** is a very agreeable companion. | નારાયણદાસ ઘણો મલતાવડો દોસ્ત છે. |
| Shall we have your company tomorrow ? | કાલે તમારા દરસન થશે કે? [અથવા] કાલે તમે મળશો કે? |
| What sort of a number have you got this month ? | આ મહિને તમારો નંબર કેવો છે? |
| Is your number this month a good one ? | આ મહિને તમારો નંબર સારો છે? |
| Who is at the head of your class ? | તમારા વર્ગમાં પેહેલો કોણ છે? |
| Shall we write the mathematical catalogue on the same sheet of paper or separately ? | ગણિતનું હાજરીપત્રક આપણે એકજ કાગળ ઉપર લખીએ કે જુદા કાગળ ઉપર? |
| Fetch me a few sheets of paper. | થોડાએક કાગળ લાવો. |
| Is it foolscap-paper you want or letter paper ? | તમારે ફુલસ્કેપ કાગલ જોઇએછે કે લેટર પેપર? |
| Have you no better ink than this ? | આથી સારી શાહી તમારી પાસે નથી? |
| This ink is full of dust. | આ શાહી તો ધૂલે ભરેલી છે. |
| Mend my pen for me. | મારી કલમ જરા દુરસ્ત કરી આપો. |
| Which of you can make a good pen ? | તમારામાંથી સારી કલમ કરતાં કોને આવડેછે? |
| This ink don't flow freely. | આ શાહી સાફ ઉતરતી નથી. |
| This paper is so greasy I can't write upon it. | આ કાગળ એવો ચીકણો છે જે એ ઉપર મારાથી લખાતું નથી. |
| Which do you prefer, a quill pen or a metal one ? | તમને કઈ ગમેછે, પીછાની કલમ કે ધાતુની? |
| Metal pens are soon corroded. | ધાતુની કલમો જલદી કટાઈ જાયછે. |
| Can Dhákjee mend a pen well ? | ધાકજીને પેન સારી બનાવતાં આવડેછે? |
| Don't begin too close to the top of the page. | પાનાને મથાળે છેક ઉપરથી લખતા ના. |
| Leave a broad margin. | પોહોળો હાસિયો રેહેવા દેજો. |

| | |
|---|---|
| Can you write straight without ruling lines? | લીટીઓ દોર્યા વગર તમારાથી સીધું લખાયછે? |
| Keep the distances between the lines every where the same. | બધે ઠેકાણે લીટીઓ વચ્ચે છેટું બરોબર રાખજો. |
| Your writing is rather too small. | તમે જરા ઝીણું બહુ લખોછો. |
| Rule the lines lightly with a black lead pencil, so that you may afterwards rub them out. | શીશાની પેનથી હલકે હાથે લીટી દોરો એવી કે પછી ભુસી નંખાય. |
| Fetch me a piece of Indian rubber to rub these lines out with. | આ લીટીઓ કાઢી નાખવાને સારૂ 'રબર' નો કકડો લાવો. |
| You have ruled them so heavily I can't get them out. | તમે એટલું ભાર દઇને આંક્યું છે કે મારાથી કાઢી શકાતું નથી. |
| Fetch me a ruler and pencil to rule this book with. | આ ચોપડી આંકવાને વાસ્તે એક આંકણી અને પેનસિલ લાવો. |
| You are very slow about it, he could rule ten lines while you are ruling two. | તમે ઘણા ધીમા છો, તમે બે આંકો એટલામાં તે દશ આંકી નાખે. |
| You must learn to write without lines. | તમારે વગર લીટીએ લખતાં શિખવું જોઇએ. |
| To write easily and well, can only be accquired by long practice. | સારૂં અને સેહેલથી લખવું એ ઘણા મહાવરાથીજ આવડેછે. |
| Do you buy your ink ready made or do you make it yourselves? | તમે તૈયાર શાહી લોછો કે હાથે બનાવોછો? |
| Can you buy ready made clothes in Surat? | સુરતમાં તૈયાર સિવેલાં લુગડાં મલેછે? |
| These are home-made clothes. | આ લુગડાં ઘરના સિવેલાં છે. |
| He is a man of very homely manners.<br>He is a man of very homespun manners. | આ માણસની તરેહ ગામડીઆના જેવી છે. |
| Which do you like best home baked bread, or the bread sold at the bakers? | તમને કઈ રોટલી ગમેછે, ઘેર બનાવેલી કે ભઠીઆરાની? |

| | |
|---|---|
| I can write better with a quill pen than I can with a metal one. | મારાથી ધાતુની કલમ કરતાં પીછની કલમ વડે સારૂં લખાયછે. |
| Rule the principal lines with red ink and the others with a black lead pencil. | મુખ્ય મુખ્ય લીટિઓ રાતી શાહીથી દોરો અને બીજી બધી શીસાની પેનથી દોરો. |
| Is red ink to be got in the Bazár ? | રાતી શાહી બજારમાં મળેછે? |
| Do you know how to write and fold a letter in the English manner ? | અંગરેજી રીતે કાગળ લખતાં અને બીડતાં તમને આવડેછે? |
| Fold and seal this letter. | આ કાગલ બીડીને મોહોર મારો. |
| Fold the letter and wafer it. | આ કાગલ બીડીને વેફર ચોંહોંટાડો. |
| How have you addressed it ? | તમે શી રીતે સરનામું કર્યું છે? |
| What address am I to write upon it ? | એના ઉપર હું કિયું સરનામું કરૂં. |
| How am I to address it ? | હું શી રીતે સરનામું લખું? |
| Can you read the address upon this letter ? | આ કાગળ ઉપરનું સરનામું તમારાથી વંચાયછે? |
| Address your letter to the secretary. | સેક્રિતારીના નામનું તમારા કાગળ ઉપર સરનામું કરો. |
| He is a man of very pleasing address. | તે સારી લાયકીનો આદમી છે. |
| To which of them will you address yourself ? | તેઓમાંથી તમે કોને કેહેશો? |
| I will leave my address with you. | હું મારૂં ઠેકાણું તમને કહી જઈશ. |
| I should like to write to him, but don't know his address. | હું તેને લખવાને ચાહુંછું પણ તેનું ઠેકાણું માલમ નથી. |
| Is it to me you address yourself ? | શું તમે મને કહોછો? |
| You should study to acquire an agreeable address. | તમારે સારી લાયકી પકડવી જોઈએ. |
| The address upon this letter is not legible. | આ કાગળ ઉપરનું સરનામું વંચાતું નથી. |
| There is a box addressed to you lying at the Custom-house. | ફુરજામાં તમારા નામની એક પેટી પડેલી છે. |
| You ought to write to him. | તમારે તેને લખવું જોઈએ. |
| You ought to have written to him yesterday. | ગઈ કાલે તમારે તેને લખવું જોઈતું હતું. |

| | |
|---|---|
| If I were you I should write to him. | મારા સરખો જો હોય તો તેને લખે. |
| Had I been you I should have written to him. | મારા સરખો હોત તો તેને લખ્યું હોત. |
| If A'darjee were here he would do it directly. | જો આદરજી અહિંઆં હોત તો તે તરતજ કરત. |
| Had A'darjee been here, he would have done it directly. | જો આદરજી અહિંઆં હોત તો તેણે તરત કીધું હોત. |
| Change places with me. | મારી સાથે જગા બદલો. |
| Tribhuvandáss and Cávasjee have changed turbans. | ત્રિભોવનદાસે અને કાવસજીએ પોતાની પાગડિઓ બદલી છે. |
| Can you give me change for this rupee ? | આ રૂપિઆના પૈસા આપોછો ? |
| I don't like the cloth you have brought, take it back and get it changed. | તમે જે કપડું લાવ્યા છો તે મને ગમતું નથી પાછું લઈ જઈને બદલાવી લાવો. |
| He promised to change it, in case you did not approve of it. | તેણે શરત કીધી છે કે જો તમને પસંદ નહીં આવે તો તે બદલી આપશે. |
| Have you made any changes in the school ? | તમે કંઈ નિશાળમાં ફેરફાર કીધો છે ? |
| In England the weather is very changeable ? | ઇંગ્લાંડમાં રૂતુનું કંઈ ઠેકાણું નથી. |
| I will go with you, but you must wait, till I change my dress. | હું તમારી સાથે આવીશ પણ હું લુગડાં બદલું તાંહાંસુધી ઉભા રેહેજો. |
| Take a few changes of dress with you. | થોડાંએક લુગડાંની જોડ તમારી સાથે રાખજો. |
| There is a change in the weather. | રૂતુમાં ફેરફાર છે. |
| The ship is waiting for a change of wind. | વાહાણ પવન ફરવાની વાટ જુએછે. |
| Wait a few minutes, I shall soon be ready. | જરા વાર ઉભા રોહો હું જલદી તૈઆર થઈશ. |

| | |
|---|---|
| I shall have done this in a few minutes. | હું તો એ થોડીક વારમાં કરી રહીશ. |
| Wait a little. | જરા ઉભા રોહો, જરા થોભો. |
| I waited till I was tired, and then I went away. | હું રાહા જોઈ જોઈને થાક્યો અને પછી ચાલ્યો ગયો. |
| I am sorry to have kept you so long waiting. | મેં તમને એટલી બધી વાર ખોટી કર્યા તેથી મને માઠું લાગેછે. |
| You must be tired of waiting, I am sure. | મને લાગેછે કે તમે ઉભા રહી રહીને થાક્યા હશો. |
| Be sure you wait for me. | મારે વાસ્તે ઉભા રેહેજો હો. |
| Be sure you don't forget to bring the book. | ચોપડી લાવવાને ભુલી ન જતા હો. |
| He soon got tired of learning. | તે શિખતાં શિખતાં જલદી કાએર થઈ ગયો. |
| You will get tired of that before it is half finished. | તે અર્ધું પુરૂં નહીં થયું એટલામાંજ તમે થાકી જશો. |
| I have been walking all day and am very tired. | હું આખો દાહાડો રખડી રખડીને ઘણો થાકી ગયો છું. |
| It is well it is no worse. | ભલું માન કે એટલુંએ રહ્યું. |
| You must pay great attention to your pronunciation. | તમારા ઉચ્ચાર ઉપર તમારે ઘણું ધ્યાન રાખવું જોઇએ. |
| Make them read the lesson over two or three times and attend particularly to their pronunciation. | તેમની પાસે પાઠ બે ત્રણ વાર વંચાવો અને તેમના ઉચ્ચાર ઉપર સારી પેઠે નજર રાખો. |
| Give them first a literal translation and then a general one. | પેહેલાં છુટું છુટું સમજાવીને પછી શાંમટો તરજુમો આપો. |
| Get these chairs repaired for me. | મારે સારૂ આ ખુરશિઓ સમરાવી લાવો. |
| We must have these maps repaired. | આપણે આ નકશા સમરાવ્યા જોઇએ. |
| It will be a very troublesome job. | એ ઘણું મેહેનતનું કામ છે. |
| Shall you be able to make a good job of it ? | તમારાથી એ કામ દુરસ્ત થશે કે નહીં? |

| | |
|---|---|
| The man has brought the maps home. | માણસ નકશા લાવ્યો છે. |
| The carpenter has brought the chairs home. | સુતાર ખુરશિઓ લાવ્યો છે. |
| Has he made a good job of them? | તેણે સારૂં કામ બનાવ્યું છે? (અથવા) શું તેણે ઠીક કીધીઓ છે. |
| Nánábhái has upset the bottle and spilled all the ink. | નાનાભાઇએ શિસો ઉંધો વાલ્યો અને બધી શાહી ઢોળી નાખી. |
| That is a bad job. | ઘણું ખરાબ થયું. |
| They are so rotten, I shall never be able to make a good job of them. | તે એટલા સડી ગયા છે કે મારાથી તે કંઈ દુરસ્ત થવાના નહીં. |
| Drive the nail well home. | ખીલો સજ્જડ બેસાડો. |
| Is Mr. A. at home? | શું મિસ્તર એ ઘરમાં છે? |
| How long has he been out? | કારનો તે બાહાર ગયો છે? |
| Are you going out? | તમે બાહાર જાઓછો? |
| I shall stay at home. | હું તો ઘેર રહીશ. |
| I shall go out as soon as the rain is over. | વરસાદ રેહેશે ને હું બાહાર જઇશ. |
| I staid at home all day yesterday. | કાલે હું આખો દાહાડો ઘેર રહ્યો. |
| I was out all day yesterday. | કાલે મેં આખો દાહાડો બાહાર કાઢ્યો. |
| I shall be home early. | હું વેહેલો ઘેર આવીશ. |
| I shall be out rather late I dare say. | મને જરા બાહાર વધારે વાર લાગશે ખરી. |
| I shall not be home very early I dare say. | ઘણું કરીને મારાથી ઘેર વેહેલાં નહીં અવાય. |
| He is turned out of house and home. | તે ઘરબાર વગરનો થઈ ગયો છે. |
| He was turned out of the school. | તેને નિશાળમાંથી કાઢી મુક્યો. |
| Roopräm has turned his servant away. | રૂપરામે પોતાના ચાકરને કાઢી મુક્યો. |
| He was expelled the school. | તેને નિશાળમાંથી કાઢી મુક્યો. |
| Náráyan has discharged his servant. | નારાયણે પોતાના ચાકરને બરતરફ કરયો છે. |
| You had better put the inkstand on the floor. | ખડિઓ ભોંએ ઉપર મુકો તો ઠીક. |

| | |
|---|---|
| Where do these inkstands come from? | આ ખડિયા કાંહાંથી આવેછે? |
| See how you are inking your clothes. | જુઓ તમે પોતાના કપડાં ઉપર કેવા શાહીના ડાગ પાડોછ. |
| These inkstands come from China I think. | હું ધારૂંછ કે આ ખડિઆ ચીનથી આવેછે. |
| What do they cost. | તેઓની શી કિંમત બેસેછે? |
| They are very stong. | તે ઘણા મજબૂત છે. |
| Do these quills come from Europe? | શું આ ક્વિલ યૂરોપથી આવેછે? |
| A quill is a feather from the wing of a bird. | ક્વિલ એક પક્ષીની પાંખમાંનું પીછું છે. |
| Do you like a soft pen or a hard one? | તમને પોચી કલમ ગમેછે કે કઠણ? |
| The nib of this pen is too broad. | આ કલમની કત ઘણી પોહોલી છે. |
| You have forgotten to nib this pen. | આ કલમને કત મારવી તમે ભુલી ગયા છો. |
| Will you make a point to my pencil for me? | મારી પેનસિલની અણી કરી આપશો? |
| Make a fine point to it. | તેની અણી ઝીણી કરો. |
| Mind you do not kick the inkstand over. | સમાલો, ખડિઆને ઠોકર ન લાગે. |
| There is no ink in it. | એમાં તો શાહીજ નથી. |
| There is hardly a drop of ink in it. | એમાં શાહીનું ટીપું સરખું નથી. |
| The ink is all dried up. | શાહી સઘળી સુકાઈ ગઈ છે. |
| Is there any ink in it? | એમાં કંઈ શાહી છે? |
| I should like to buy it, but at present I have no money. | મારે લેવાની તો મરજી છે પણ હમણા મારી પાસે પૈસા નથી. |
| I would buy it if I had any money. | મારી પાસે પૈસા હોત તો હું લેત. |
| Have you no paper? | તમારી પાસે કાગળ નથી? |
| I have no pencil. | મારી પાસે કલમ નથી. |
| Have you any money? | તમારી પાસે કંઈ પૈસા છે? |
| Has Motirám got that place? | શું મોતીરામને તે જગો મળી? |

| | |
|---|---|
| Mayárám is out of employment. | મયારામને હમણા બેઠાબેઠ છે. |
| He is very anxious to get some employment. | તે નોકરી વાસ્તે ઘણો આતુર છે. |
| These men are out of work. | આ માણસો બેરોજગારી છે. |
| He has been out of work these last six months. | છ મહિના થયા તે બેરોજગારી છે. |
| Chaturbhujdás is squatting on the ground. | ચતુરભુજદાસ જમીન ઉપર પલાંઠી વાળીને બેઠો છે. |
| Pour a little ink into my inkstand. | મારા ખડિઆમાં થોડીક શાહી રેડો. |
| Mind you don't spill it. | ઢોળતા નાં હો. |
| It is running over. | છલકાઈ જાયછે. |
| This kettle runs. | આ દેગડી ગળેછે. |
| What a windy day we had yesterday. | કાલે કેટલો પવન હુતો. |
| A good deal of rain fell. | વરસાદ પણ ઠીક આવ્યો. |
| To-day the weather is fine again. | આજ હવા પાછી સારી થઈ છે. |
| I suppose the rain must have done some mischief to the farmers. | મને લાગેછે કે વરસાદથી કંઈ ખેતી-વાળાઓને નુકસાન થયું હશે. |
| How the dust flew about? | કેટલી બધી ધૂળ ઉડી? |
| It was rather cold while the rain lasted. | વરસાદ વરસ્યો તાંહાંસુધી જરા ઠીકલ હતી. |
| Such weather is not very common at the time of the year. | આ દાહાડે એવી રૂતુ નથી હોતી. |
| Who broke the inkstand? | ખડિઓ કોણે ભાંગ્યો? |
| How did he do it? | તેણે એમ કેમ કરયું? |
| How was it done? | શી તરેહ થયું? |
| How came he to do it? | તેણે એમ શાથી કીધું? |
| Whose is it? | એ કોનો છે? |
| It is Dorábjee's. | દોરાબજીનો. |
| Was it an accident or did he do it intentionally? | એ અજાણે થયું કે એણે જાણી જોઈને કીધું? |

| | |
|---|---|
| Did he do it on purpose ? | તેણે જાણી જોઇને કીધું ? |
| It was very careless of him. | તેનામાં કંઇ ઢંગજ નથી. |
| It was a very careless trick. | એતો બહુ બેફીકરાઇનું કાંમ થયું. |
| How could you be so careless ? | તમે એવા બેફિકરા કેમ થયા ? |
| What a careless fellow you are ? | તમે કેવા ઢંગ વગરના માણસ છો ? |
| It is not a very expensive affair. | એમાં કંઇ ઘણો ખરચ લાગતો નથી. |
| There was not much ink in it. | એમાં કંઇ ઘણી શાહી નોહતી. |
| You must be more careful. | તમારે વધારે ચોકસ રેહેવું જોઇએ. |
| What are you quarrelling about. | તમે સામાટે કજીઓ કરોછો ? |
| What is the matter with that boy ? | તે છોકરાને શું થયું ? |
| What is he crying about ? | તે શા સારૂ રોયછે ? |
| See what is the matter there. | જુઓ તાંહાં શું થાયછે. |
| Can't you sit together without quarrelling ? | કજીઓ કીધા વગર તમારીથી એક ઠેકાણે બેસી નથી રેહેવાતું ? |
| These boys can't agree with each other. | આ છોકરાઓને માંહોમાં બનતુંજ નથી. |
| They are always quarrelling and fighting. | તેઓ રોજ કજીઓ અને મારામારી કરેછે. |
| Have they made it up ? | તેઓએ પતાવ્યું ? |
| What was it all about ? | એ શું હતું ? |
| How did it begin ? | એ સુરૂ કેમ થયું ? |
| Who began it ? | કોણે પેહેલ કાહાડી ? |
| Who is most in fault ? | વધારે વાંક કોનો છે ? |
| There are faults on both sides. | બંનેનો વાંકનો છે. |
| One is just as bad as the other. | એક એકને વટાળે એવા છે. |
| Many weddings take place in this month. | આ મહિનાંમાં લગન ઘણાં છે. |
| In what month does the greatest number of weddings take place ? | કયા મહિનામાં સઉથી ઘણાં લગન આવેછે ? |
| He was to have gone to Broach, but he prefers to continue his attendance at school. | તે ભરૂચ જવાનો હતો પણ, તેણે નિશાળમાં હાજર રેહેવું પશંદ કીધું. |

| | |
|---|---|
| If you don't make haste you will be too late. | જો તમે ઉતાવલ નહીં કરો તો તમે રહી જશો. |
| What has taken him to Broach. | તેને ભરૂચ કેમ જવું પડ્યું? |
| He has gone to attend the marriage of one of his relations. | તે પોતાના સગાના લગન માહાલવા ગયો છે. |
| There is a marriage among his relations there. | તાંહાં એના કોઈ સગાંમાં લગન છે. |
| What will this wedding cost him? | એ લગનમાં તેને શો ખરચ થશે? |
| Not less than five thousand rupees I dare say. | મારા ધારવામાં પાંચ હજાર કરતાં કંઈ ઓછું નહીં થાએ. |
| Will one of you get me a piece of chalk? | કોઈ જરા સફેતાનો કકડો તો લાવો. |
| Which of you will draw us a plan of Surat? | સુરતનો નકસો કોણ કાહાડશે? |
| We must find a central situation for the school. | નિશાલને સારૂ આપણે મધ્યભાગે જગો સોધી કાહાડવી જોઈએ. |
| On which side of the Nánávat does the greatest number of boys live? | નાણાવટની કઈ બાજુપર ઘણા છોકરા રેહેછે? |
| The Pársis live generally on the north, and the Hindus on the south side. | પારસી ઘણું કરીને ઉત્તર તરફ રેહેછે અને હિંદુ દક્ષિણ તરફ રેહેછે. |
| This I think will be a very convenient situation. | મારા ધારવામાં તો આ જગો ઠીક પડશે. |
| This situation will suit you all I think. | મારા ધારવામાં તો આ જગો તમને સર્વને ઠીક પડશે. |
| Will that suit you? | કેમ એ ઠીક પડશે? |
| Will the evening suit you? | વારૂ આજ સાંજે તમને ઠીક પડશે? |
| If you would come in the morning it would suit me better. | જો તમે સવારમાં આવો તો મને ઠીક પડે. |
| Any time will suit me. | મારે સઘળો વખત સરખો છે. |

| | |
|---|---|
| Come whenever it suits you. | તમારે ગમે તારે આવજો. |
| This servant suits me very well. | આ ચાકરસાથે મારે ઠીક બનેછે. |
| Are you suited yet? | કઈં તમારું ઠેકાણું લાગ્યું? |
| He is very hard to suit. | તેનું ભાગ્યે ઠેકાણું લાગે. |
| I can't keep you in my service, you don't at all suit me. | હું તમને ચાકર નહીં રાખું મારે તમારે બનવાનું નથી. |
| These bullocks won't suit me, they are too small. | આ બળદ ન્હાના છે માટે મને ઠીક નહીં પડે. |
| This is a very suitable house for the school. | નિશાલને સારૂ આ ઘર ઘણું વગવાળું છે. |
| That is very unsuitable conduct. | એતો ઘણી નઠારી ચાલ છે. |
| I think a Shigrám would suit you better than a Buggy. | મને લાગેછે કે તમને બગી કરતાં સીગ્રામ ઠીક પડશે. |
| I have not yet been able to suit myself with a servant. | હજુસુધી મને મરજી લાયક ચાકર મળ્યો નથી. |
| Have you succeeded in finding a suitable house? | તમને મરજી લાયક ઘર મળ્યું? |
| This is a very unsuitable time. | એ વખત તો ઠીક નહીં પડે. |
| They don't at all suit each other. | તેઓને માંહોમાંહ મુતલક બનતું નથી. |
| Who are the monitors this morning? | આજ શિક્ષકો કોણ છે? |
| They are not here yet. | હજુ બધા આવ્યા નથી. |
| They will be here presently. | હમણા આવશે. |
| They are sure to come. | તેઓ આવ્યા વગર નહીં રેહે. |
| Sundarráo is always late. | સુંદરરાવ રોજ રોજ મોડો આવેછે. |
| Monitor or not, he must lose his place if he comes late. | સિક્ષક હોય કે ન હોય પણ મોડા આવે તો તેની જગો જવી જોઇએ. |
| How is it you are so late? | તમે એટલા મોડા કેમ આવ્યા? |
| How many places is he to lose? | તે કેટલી જગો ખોવાનો? |
| Is he to lose three places or six? | તેની ત્રણ જગો જવાની કે છ? |
| He must lose three places for each lesson he has missed. | જે જે પાઠમાં તે ન હોય તે તે પાઠને માટે તેની ત્રણ ત્રણ જગો જશે. |

| | |
|---|---|
| What is the rule in your class? | તમારા વર્ગમાં શો ધારો છે. |
| How many places am I to lose? | હું કેટલી જગો ખોવાનો છું? |
| Have you given them a good lesson? | તમે તેઓને પાઠ સારો આપ્યો છે? |
| You have been very quick about it. | તમે તો તેને સારૂ ઘણી ઉતાવળ કીધી. |
| You have been in too great a hurry I am afraid. | મને લાગેછે કે તમે બહુજ ઉતાવળ કીધી હશે. |
| You have been hurrying over it, I am afraid. | મને લાગેછ કે તમે બહુ ધાડધાડ કીધીને સું. |
| You will never write well, unless you take more pains. | વધારે મેહેનત લીધા વગર તમને કદાપી સારૂં લખતા આવડશે નહીં. |
| You must take more time over it. | તમારે જરા એના ઉપર વધારે વાર લગાડવી જોઇએ. |
| Don't hurry so. | એટલી ઉતાવળ ન કરો. |
| You are in too great a hurry to do it well. | એટલી આપ્પી ઉતાવળે તે કંઈ સારૂં થાએ? |
| What a hurry you are in? | તમે કેટલી ઉતાવળ કરોછો? |
| You must take a great deal more pains over it. | તમારે તે ઉપર બહું વધારે મેહેનત લેવી જોઇએ. |
| This is very slovenly writing. | આ લખેલું ઘણું ગુચપુચીઉં છે. |
| How often do you write in the week? | અઠવાડિઆમાં તમે કેટલી વાર લખોછો? |
| Writing is a thing you can practise alone. | લખવાનું કાંમ તો તમે તમારી મેલે એકલા કરી શકો. |
| Tell him I wish to see him. | તેને કેહેજો કે મને મલે. |
| Will it be convenient to you to call upon me this evening? | આજ સાંજરે મને મલવાની તમને નવરાશ મળશે? |
| Give me a call as you return. | પાછા જાઓ તારે મને મળતા જજો. |
| I have two or three calls to make this morning. | મારે બે ત્રણ ઠેકાણે આજ જવું છે. |

| | |
|---|---|
| It is Kaliánráy's birth day. | કલ્યાણરાયની વરસગાંઠ છે. |
| He is twenty years old to-day. | તેને આજ એકવીસમું વરશ બેઠું. |
| I can never catch him at home. | તે મારાથી ઘરમાં તો કદી પકડતોજ નથી. |
| Unless you go early, you will not find him at home. | જો તમે વેહેલા નહીં જાઓ, તો તે તમને ઘેર મળસે નહીં. |
| He is always out when I go. | હું જારે જાઉછું તારે નિત્યે તે બાહાર ગયો હોયછે. |
| How long has he been out? | તે કારનો બાહાર ગયેલો છે ? |
| When shall I find him at home? | મને તે ઘરમાં કારે મળસે ? |
| I just caught him as he was going out. | મેં તેને બાહાર જતાંજ પકડ્યો. |
| Well, what shall we write about this morning. | કેમ આજ સવારે આપણે શાવિશે લખીશું. |
| His marriage procession took place by torch-light. | તેનો વરઘોડો મશાળની રોસનીયે નિકળ્યો. |
| A Mussalmán's wedding procession passed by here two or three nights ago. | બે ત્રણ દાહાડા ઉપર રાત્રે એક મુસલમાંનનો વરઘોડો અહિંઆં થઇને ગયો. |
| And a Pársi's about a week ago. | અને દાહાડા આઠેક ઉપર એક પારશીના વરઘોડો ગયો. |
| All the Pársis' lights were inclosed in lanterns. | પારસીઓએ રોશની ફાંનસમાં કીધી હતી. |
| The Mussalmáns let off a great quantity of fire-works. | મુસલમાન લોકો આતશબાજી બહુ ફોડેછે. |
| What iron is that, which the bride-groom's mother carries in her hand? | વરની માએ પોતાના હાથમાં પેલું કંઇ લોહોડાનું લીધું છે તે શું છે ? |
| Among the Pársis and Hindus marriages take place in child-hood, but not among the Mussal-máns. | પારસી અને હિંદુમાં નાહાનપણથી પરણેછે, પણ મુસલમાનમાં નહીં. |

| | |
|---|---|
| Some of the Pársis object to hold shares in the steam-boat and others think there is no harm in it. | કેટલાએક પારસી આગબોટમાં ભાગ રાખવાને ના કેહેછે અને કેટલા-એક ધારેછે કે એમાં કંઈ દોષ નથી. |
| There are at present two steamers plying between Bombay and Surat. | હમણાં સુરત અને મુંબઈની વચ્ચે બે આગબોટ આવ જાવ કરયા કરેછે. |
| Send for a smith to pick this lock. | આ કળ ઉઘાડવાને માટે લુહારને તેડાવો. |
| This lock is out of order, you must send for a smith. | આ કળ બગડી ગઈ છે, લુહારને બોલાવો. |
| What is the matter with it? | એને શું થયું છે ? |
| How did you do it? | તમે એમ કેમ કીધું ? |
| I mistook the key, and put the wrong one into it. | મેં ભુલથી ખોટી કુંચી માંહે ઘાલી. |
| Has he picked it? | તે એણે ઉઘાડયું ? |
| It is not a very difficult lock to pick. | એ કળ ઉઘાડવી ઘણી કઠણ નથી. |
| He has brought a bunch of pick-locks with him. | તે પોતાની સાથે આંકડિઓનો ઝુમખો લાવ્યો છે. |
| It is not a bunch of pick-locks, it is a bunch of keys. | એ તો આંકડિઓનો ઝુમખો નહોય એતો કુંચીઓનો ઝુમખો છે. |
| Ask Mr. A. for his bunch of keys. | એ સાહેબપાસે એનો કુંચીનો ઝુમખો માંગી લો ની. |
| Have you a key that fits it? | આને લાગે એવી કુંચી તમારી પાસે છે ? |
| Will either of these keys fit it? | આ કુંચિઓમાંથી એકે કુંચી લાગશે કે નહીં ? |
| It wants oiling I think. | જરા તેલ ચોપડવું જોઈશું. |
| Bring a quill and a little oil. | થોડું એક તેલ અને એક ક્વીલ લાવ. |

| | |
|---|---|
| Take this lock to the smith's and get a new key fitted to it. | આ કળ લુહારને તાંહાં લઈજાઓ ને નવી કુંચી બેસડાવી લાવો. |
| Did they pick the lock or break the door open? | તેમણે તાલું ઉઘાડ્યું કે બારણું ભાંગ્યું? |
| The thieves broke into the house. | ચોરો ઘરમાં ખાતર પાડીને પેઠા. |
| They wrenched the desk open and stole its contents. | તેમણે ડેસ્ક ભાંગીને માંહે હતું તે ચોરી ગયા. |
| Does much house-breaking occur in Surat? | સુરતમાં ખાતર ઘણાં પડેછે? |
| A reward is offered for the apprehension of the house-breakers. | ખાતર પાડનારને પકડવા માટે ઈનામ આપવાનું મુકરાર કીધું છે. |
| The men who committed that burglary were apprehended this morning. | જેણે પેલું ખાતર પાડ્યું તે ચોર આજ સવારે ઝલાયા. |
| A robbery was committed at Rámpura, the day before yesterday. | પરમ દાહાડે રામપુરામાં ચોરી થઈ. |
| Highway robberies are very common in this country. | આ મુલખમાં લૂટરા ઘણા છે. |
| Are there any pick-pockets in Surat? | સુરતમાં કોઈ ગજુઆ કાતરૂ છે? |
| I had my pocket picked in the crowd. | ભીડા ભીડમાં મારૂં કોઈએ ગજવું કાતર્યું. |
| Those boys who are able to speak English with each other had better do so. | જે છોકરાઓને માંહોમાં અંગરેજી બોલતાં આવડતું હોય તો તેઓ કરારે બોલે. |
| As long as you cannot write English sentences correctly you may be sure you cannot speak them correctly. | જાંહાંસુધી તમારીથી અંગરેજી વાક્યો શુદ્ધ લખાતાં નથી તાંહાંસુધી નક્કી જાણજો કે તમારાથી તે ખરોખર બોલાવાનાં પણ નહીં. |
| And it is not desirable I think to acquire a habit of speaking bad English. | ને ખોટું અંગરેજી બોલવાની ટેવ પાડવી તે પણ કંઈ લાયક નથી. |

| | |
|---|---|
| The boys at the lower end of the class have learned the lesson very imperfectly. | વર્ગમાં નીચલા છોકરાઓ પાઠ સારીપેઠે શિખ્યા નથી. |
| Mind you do not lose it. | જો જો ખોતાનાં હો. |
| He lost them out of his pocket. | તેણે પોતાના ગજુઆમાંથી પાડ્યાં. |
| They dropped through a hole in his pocket. | તેના ગજવામાં કાણું હતું તેમાંથી પડી ગયાં. |
| Have you resolved to speak English with each other? | તમે માંહોમાં અંગરેજી બોલવાનો ઠરાવ કીધો કે? |
| How have you settled it? | પછી કેમ ઠર્યું? તમે કેમ ઠરાવ્યું? |
| What have you decided upon? | તમે શું નક્કી કીધું? |
| What agreement have you made? | તમે શો બંદોબસ્ત કીધો? |
| What decision have you come to? | તમે શો ઠરાવ કીધો? |
| When you speak English, and have any doubt about the correctness of what you are saying, write it down, and show it to me on the Friday mornings. | જારે તમે અંગરેજી બોલતા હોઓ અને તમને શક પડે કે અમે કહીએ છિયે તે ખરૂં છે કે ખોટું ત્યારે તે લખી રાખજો અને દર શુક્રવારે સવારે મને બતલાવજો. |
| That last sentence was a very dffi-cult one. | તે છેલ્લું વાક્ય ઘણું અઘરૂં હતું. |
| I wonder where Edaljee has gone. | કોણ જાણે એદલજી કાંહાં ગયો છે. |
| Where can Edaljee have gone? | એદલજી કાંહાં ઉડ્યો હશે વારૂ? |
| I wonder whose Gárry that is. | પેલી ગાડી કોણ જાણે કોની છે. |
| Whose Gárry is that I wonder. | પેલી ગાડી કોણ જાણે કોની હશે? |
| Do you know whose Gárry that is? | તમને ખબર છે? આ ગાડી કોની છે? |
| I wonder how many inhabitants there are in Surat. | સુરતમાં કોણ જાણે કેટલા લોકોની વસ્તી હશે. |
| How many should you think? | તમારા ધારચામાં કેટલી હશે? |
| Under a hundred thousand, I should think. | મારા ધાર્યામાં તો લાખનીમાંહે હશે. |
| Something under a hundred thou-sand, I should think. | મારા ધાર્યામાં તો લાખ કરતાં પણ કંઈ એક ઓછી. |

| | |
|---|---|
| We have got ten, sir. | દશ તો થયાં સાહેબ. |
| Shall I get it for you? | હું તમારે વાસ્તે લઈ આવું ? |
| Yes, if you please. | હા, તમારી મરજી હોય તો લાવો. |
| If you please. | જેમ તમારી મરજી. |
| Do you want some paper? | તમારે કંઈ કાગળ જોઈએછે ? |
| No, thank you I have plenty. | ના સાહેબ, તમારી મેહેરબાનીથી મારી પાસે બહુ છે. |
| How came he to fall? | તે કેમ પડ્યો ? |
| Was he much hurt? | તેને બહુ વાગ્યું ? |
| This is the second fall he has had. | આ સુદ્ધાં તે બિજીવાર પડી ગયો. |
| Did he fall from a great height? | શું તે બહુ ઉંચેથી પડ્યો ? |
| He fell from the third story. | તે ત્રિજે માલથી પડ્યો. |
| How many stories are there in that house? | તે ઘરને કેટલા માલ છે ? |
| Is it a three story house? | શું તે ત્રણ માલની હવેલી છે ? |
| He is upstairs. | તે ઉપર છે. |
| He has gone downstairs. | તે નીચે ગયો છે. |
| He ran up three steps at a time. | તે એકેક છલંગે ત્રણ ત્રણ પગથિઆં ચઢી ગયો. |
| Step up, I have something to say to you. | જરા આંમ આવો, મારે કંઈ તમને કેહેવાનું છે. |
| You are wanted up there. | તમને ઉપર બોલાવેછે. |
| Step over and ask him. | જરા જઈને તેને પુછી આવો ની. |
| It is only a step. | તે મોહો આગળ છે, (એક ડગલું છે). |
| Go straight home. | પાધરા ઘેર જજો. |
| Don't loiter on the road. | રશતામાં રસલતા ના. |
| Make haste home. | ઉતાવળા ઘેર જાઓ. |
| In the Holee, the Shâwacks are very disorderly. | હોળીમાં સાવક લોકો ઘણુ બેકેદ થાયછે. |
| In the Holee, Shâwacks make a great deal of disturbance. | હોળીમાં સાવક લોકો ઘણું તોફાન કરેછે. |

| | |
|---|---|
| They fight together and pelt each other with mud and dust. | તે માંહોમાં લડેછે, ને એકેકનાપર કાદવ અને ધૂળ છાંટેછે. |
| The mob pelted him with stones. | લોકોએ તેને પથ્થરે પથ્થરે માર્યો. |
| You have got this lesson up very imperfectly. | તમે આ પાઠ સારીપેઠે કીધો નથી. |
| Káhándáss has caught a fever. | કાહાનદાસને તાવ આવ્યો છે. |
| He caught the small-pox, and died of it. | તેને શીળીયડ આવ્યા તેથી મરી ગયો. |
| What did he die of? | તે શાથી મરી ગયો? |
| I am sleepy. | મને ઉંઘ આવેછે. |
| He looks very sleepy. | તે ઉંઘાકળો દેખાએછે. |
| He is fast asleep. | તે ભર ઉંઘમાં છે. |
| He is asleep. | તે ઉંઘેછે. |
| He is in a sound sleep. | તે ભર ઉંઘમાં છે. |
| Wake him up. | તેને જગાડો. |
| How fast asleep he was, I was obliged to shake him, before I could wake him. | તે કેવો ભર ઉંઘમાં હતો તેને ઢંઢોળ્યો ત્યારે જાગ્યો. |
| He is half asleep still. | હજુ તે અર્ધો ઉંઘમાં છે. |
| He is between sleeping and waking. | તે અર્ધો જાગતો અને અર્ધો ઉંઘતો છે. |
| He is nodding. | તે ઝોળાં આવેછે. |
| I read till I fell asleep. | મને ઉંઘ આવી, ત્યાંહાંસુધી મેં વાંચ્યા કીધું. |
| Don't fall asleep. | ઉંઘો છો શું. ઉંઘી ન જાઓ. ઉંઘો નાં. |
| I was in a half sleep. | જરા માહારી આંખ મળી હતી. |
| I was taking a nap. | મને ઝોળું આવતું હતું. |
| I went to bed at eleven o'clock but did not fall asleep till twelve. | હું અગિઆર વાગતે સુતો, પણ બાર વાગતા સુધી, મને ઉંઘ ન આવી. |
| Mind what you are about. | જો જો હો તપાસ જો. |

| | |
|---|---|
| How did you sleep? | તમને ઉંઘ કેવી આવી! |
| Did you sleep well? | તમને સારી પેઠે ઉંઘ આવી! તમે ખુબ ઉંગ્યા? |
| Did he pass a good night? | તેણે ઠીક રાત કાહાડી! |
| What sort of a night did he pass? | તેણે રાત કેવી કાહાડી! |
| Is he any better this morning? | આજ કંઈ તેને ફેર છે કે નહીં? |
| The Doctor have given him up. | વઈદ લોકોએ એની આશા મુકીછે. |
| I tried for a long while, but was obliged to give it up at last. | મેં ઘણીવાર સુધી મેહેનત કીધી પણ આખરે મુકી દેવું પડ્યું. |
| Edaljee asked Cávasjee to give him his place in case he came late. | એદલજીએ કાવસજીને કહ્યું કે જો હુંમોડે આવું તો મને મારી જગો આપજે. |
| Can you guess this riddle? | આ ઉખાણું તમારાથી કેહેવાશે? |
| Do you give it up? | કેમ થયું, હાર્યા! હાર્યા કે! |
| You will never guess it. | તમારાથી તો નહીંજ કેહેવાય. |
| When any one tries to tease you, if you show yourself annoyed by it, he will only tease you the more. | જો તમને કોઈ ખિજવવાનું કરે ને તમે તેથી ચીડશો તો તેઓ તમને ઉલટા વધારે ચીડવશે. |
| Inclose my letter in yours. | તમારા કાગળમાં મારો કાગળ બીડજો. |
| The more, I try the farther I am off. | { મારૂં ભાગ્ય બે ડગલાં આગલજ રેહેછે. સાત સાંધે તારે તેર તુટે. |
| His month's leave of absence has expired. | તેની મહિનાની રજા પુરી થઈ. |
| He expired at eight o'clock last night. | રાત્રે આઠ વાગતે તે મરી ગયો. |
| Before the expiration of a week I shall be in Ahmedabád. | આઠ દાહાડા પુરા નહીં થાય તાર પેહેલાં હું અમદાવાદમાં હોઈશ. |
| The lease of his house has expired. | તેના ઘરનાં ભાડાનામાની મુદત પુરી થઈ છે. |
| Have you had a pleasant journey? | તમે સારી મુસાફરી કીધી! |
| Have you enjoyed your journey? | તમે સુખે મુસાફરી કીધી! |

| | |
|---|---|
| You have had beautiful weather for it. | તમને હવાતો સારી હાથ લાગી હુતી. |
| The weather has been very favourable. | હવા ઘણી સારી થએલી હુતી. |
| It is not so hot I think, as it was at this time last year. | પોર આ દાહાડે જેટલી ગરમી હુતી તેટલી ઓણ નથી. |
| The Holee happens later this year than it did last. | પોરના કરતાં ઓણ હોળી મોડી આવી. |
| I have been in India two years. | મને હિંદુસ્થાનમાં આવે બે વરસ થયાં. |
| It is two years since I came to India. | મને હિંદુસ્થાનમાં આવ્યાને બે વરસ થયાં. |
| Can none of you translate these sentences? | આ વાક્યોનો તરજુમો તમારા કોઈથી થતો નથી? |
| It is impossible to translate these sentences into Gujráti. | આ વાક્યોનો ગુજરાતીમાં તરજુમો થતોજ નથી. |
| There is no Gujráti translation for it. | એનો ગુજરાતીમાં તરજુમોજ નથી. |
| The English and Gujráti are such different languages that it is frequently impossible to translate closely from one into the other. | અંગરેજી અને ગુજરાતી એવી જુદી જુદી ભાષાઓ છે કે એક બીજામાંથી ઘણી ખરી વખતે બરાબર તરજુમો થતોજ નથી. |
| At this time of year, there is very little water in the river. | આ દાહાડે નદીમાં પાણી ઘણું થોડું હોયછે. |
| There is not much water in the river at this time of the year. | આ દાહાડે નદીમાં ઘણું પાણી હોતું નથી. |
| The bed of the river is nearly dry at this season. | આ રૂતુમાં નદીનું તળીયું બધું સુકું પડેછે. |
| The river has overflowed its banks. | નદીમાં કરાડાની ઉપરાંત રેલ આવી છે. |
| There was no flood last year. | પોર રેલ નોહોતી આવી. |

| | |
|---|---|
| In the rainy season, the low parts of the town are always more or less flooded. | ચોમાસામાં વરસો વરસ સેહેરની નીચી જગામાં વત્તો ઓછો પણ રેલનો ખળકો આવેછે ખરો. |
| Do any respectable people join in that black-guard procession? | આ હોળીની ધીસમાં કોઈ ભલા આદમી સામીલ થાયછે? |
| Not many. | ઘણા નહીં. |
| It is quite a disgrace to them. | એ તેઓને મ્હોટી બદનામી છે. |
| Were there any Bráhmins among them? | તેમાં કોઈ બ્રાહ્મણ લોકો હતા? |
| Who provides all the flags? | સઘળા નિશાન કોણ પુરાં પાડેછે? |
| The people from each street bring their own. | એકેક મેહેલામાંથી લોકો પોતપોતાના લાવેછે. |
| This custom is a new one I think, is it not? | મને લાગેછે કે આ ચાલ નવી હશે, કેમ? |
| To-day's procession does not come through the Nánávat. | આજની ધીસ નાણાવટમાં થઈને નહીં આવે. |
| It is a much longer procession than the one of yesterday. | કાલના કરતાં આજની ધીસ બહુ લાંબી છે. |
| I will hear the boys at the lower end of the class repeat the sentences again in the afternoon, after all the other lessons are over. | બધા પાઠ થઈ રહ્યા પછી પાછલે પોહોરે વર્ગના નીચલા છોકરાઓનાં વાક્યો હું મોહોડે લઈશ. |
| The new clock is a great object of curiosity to the boys. | આ નવું ઘડીઆળ છોકરાઓને મોટી ચમત્કારી વસ્તુ જેવું લાગેછે. |
| It is not a very sightly affair. | એ દેખીતું કંઈ સારૂં નથી. |
| It seems to go very well though. | તો પણ ચાલેછે તો ઠીક. |
| It is rather too early yet to judge. | હજુ અત્યારમાં શું કેહેવાએ. |
| Was it made in Surat? | શું એ સુરતમાં બન્યું? |
| It was made by a Bohra, who gets his living by repairing clocks and watches. | એક બોહોરો જે કલાકો તથા ઘડીઆળો સમારવાનો ધંધો કરેછે તેણે એ બનાવ્યું છે. |

| | |
|---|---|
| It is very creditable to him, but he might have made it a little handsomer I think. | એ કામમાં એની હોસીઆરી તો છે પણ જરા સોભીતું કીધું હોત તો સારૂં. |
| It ought not to cost a great deal. | એની કંઈ ઘણી કિંમત નહીં બેઠી હોય. |
| A clock is a very useful thing in a school. | ઘડિઆળ નિશાળમાં ઘણી કામની વસ્તુ છે. |
| Shall you be able to hear it down here do you think ? | અહિંઆં નીચે તમારાથી શંભળાશે વારૂં ? |
| Does the clock gain or lose ? | ઘડિઆળ વધારે ચાલેછે કે ઓછું ચાલેછે ? |
| It is ten minutes too fast. | દશ મિનિટ વધારે ચાલેછે. |
| It is a quarter too slow. | પા કલાક ઓછું ચાલેછે. |
| It has gained five minutes since twelve o'clock yesterday. | કાલે બાર વાગતાથી પાંચ મિનિટ વધારે ચાલ્યું. |
| It lost three minutes during the night. | રાતનું ત્રણ મિનિટ ઓછું ચાલ્યું. |
| If it gains, you must lengthen the pendulum. | જો વધારે ચાલતું હોય, તો તમારે લોલકને લાંબું કરવું જોઇએ. |
| If it loses, of course you must shorten the pendulum. | જો ઓછું ચાલતું હોય તો લોલકને ટુંકું કરવું જોઇએ. |
| Shortening the pendulum makes the clock go quicker. | લોલક ટુંકુ કરવાથી ઘડિઆળ ઉતાવળું ચાલેછે. |
| Lengthening the pendulum makes it go slower. | લોલક લાંબું કરવાથી તે ધીમે ચાલેછે. |
| The clock has stopped. | ઘડિઆળ બંધ પડયું છે. |
| Has any body been meddling with it ? | કોઈ એને છેડયું હતું ? |
| It has run down. | લંગર નીચે ઉતરી ગયાં છે. |
| Draw up the weights and set it going again. | લંગર ખેંચીને પાછું ચાલતું કરો. |

| | |
|---|---|
| We began rather early this morning. | આજ જરા વેહેલું શિરૂ કીધું. |
| What o'clock was it? | કેટલા વાગ્યા હુતા? |
| It has been very cloudy lately. | થોડા એક દાહાડા થયા વાદલાં ઘણાં થાયછે. |
| We have had very cloudy weather the last few days. | થોડા એક દાહાડા ઉપર તો વાદલાં ઘણાં થયાં હુતાં. |
| The weather lately has been very cloudy. | થોડાક દાહાડા થયા વાદલાં ઘણાં થયાં કરેછે. |
| The last few days have been very cloudy. | થોડાક દાહાડા થયા વાદલાં ઘણાં થાયછે. |
| How cloudy it has been lately? | થોડાક દાહાડા થયા કેહેવાં વાદલાં થાયછે? |
| It would be very hot by this time, but for the clouds. | જો વાદલાં નહીં હોત તો અત્યારે કેવી ગરમી પડત. |
| We shall have it very hot, when these clouds clear off. | આ બધાં વાદલાં વખેરાશે ત્યારે ઘણો તાપ પડશે. |
| Does it ever rain at this season. | આ દાહાડે કોઈ વખત વરસાદ આવેછે? |
| Do you ever have any rain at this time of the year? | કોઈ વરસ આ દાહાડામાં વરસાદ આવેછે? |
| Very seldom, but it has happened. | કોઈ વખતેજ એમ થાયછે. |
| A few years ago a great deal of rain fell in April. | થોડાક વરસ ઉપર એપ્રિલ મહિનામાં સારીપેઠે વરસાદ વરસ્યો હુતો. |
| How long is it since there was a drought in Gujrát? | ગુજરાતમાં સુકવણું ક્યારે પડ્યું હુતું? |
| It is fifty-four years ago. | તેને ચોપન વરસ થયાં. |
| They are making a great noise upstairs. | ઉપર પેલા ઘણી ઘુંમો પાડેછે. |
| Go up and see what it is? | ઉપર જઈને જોની શું છે. |
| Will you look over these books for me, and tell me if any of them are useful? | આ જરા ચોપડિઓ જોઈને એમાં કંઈ કાંમની હોય તો મને કેહેશો? |

| | |
|---|---|
| Are they worth any thing? | તે કંઈ કામની છે? / એમાં કંઈ માલ છે. |
| One or two of them are useful, but the rest are worth nothing whatever. | એમાં બે ત્રણ તો કામની છે, બાકી બધી નકામીઓ છે. |
| Have you bought them? | તમે તે વેચાતી લીધીઓ છે? |
| What have you given for them? | તમે તેનું શું આપ્યું? |
| You have given a great deal too much for them. | ઓ: હો તમે તો બહુજ આપ્યું. |
| They are not worth half what you have given for them. | તમે જે આપ્યું તેની અર્ધી કિંમતનો પણ માલ નથી. |
| This book would be worth two rupees, if it were complete. | જો આ ચોપડી પુરી હોત તો એની બે રૂપીઆ કિંમત થાત. |
| This is an imperfect copy. | આ તો અધુરી ચોપડી છે. |
| There are three leaves wanting. | એમાં ત્રણ પાનાં જોઇએ. |
| Write a list of their names. | તેઓના નામની નોંધ કરો. |
| There are four or five Parbhus coming to this examination. | આ પરીક્ષામાં ચાર પાંચ પરભુ આવવાના છે. |
| There will be about twenty I think. | આસરે વીસેક થસે. |
| Some of them are very ill-prepared I expect. | કેટલાએક બરોબર તૈયાર થયા નથી તો. |
| I don't expect they will all pass. | હું નથી ધારતો કે તેઓ બધા સહી થાય. |
| Are there any coming from Pránshankar's school? | પ્રાણશંકરની નિશાળેથી કોઈ આવવાના છે? |
| How many are there coming from Durgárám's school? | દુર્ગારામની નિશાળેથી કેટલા આવવાના છે? |
| There will be a hundred and fifty boys in a short time I should think. | મારા ધાર્યા પ્રમાણે થોડા દાહાડામાં દોડસો છોકરા થશે. |
| The principal things required from the candidates are, that they should be able to read and write their own language. | એટલી વાત મુખ્ય જોઇએ કે ઉમેદવાર છોકરા પોતાની ભાષા વાંચી લખી જાણે. |

10

| | |
|---|---|
| And they must also know a little grammar. | અને થોડું વ્યાકરણ પણ તેમણે જાણવું જોઈએ. |
| Have they all come? | બધા આવ્યા? |
| How many are there? | કેટલા છે? |
| Have you written all their names? | તમે તે બધાના નાંમ લખ્યાં છે? |
| Whose school have you come from? | તમે કોની નિશાળેથી આવ્યા છો? |
| Do you know any thing of English? | તમને કંઈ અંગરેજી આવડેછે? |
| How long have you attended school? | તમે નિશાળે કેટલાક દાહાડા થયા જાઓછો? |
| I have some knowledge of English. | મને થોડુંએક અંગરેજી આવડેછે. |
| Where did you learn it? | તમે કાંહાં શિખ્યા? |
| He has been twice rejected. | તે બે વખત નામંજુર થયો. |
| He will pass this time I dare say. | આ વખત તો તે પાર પડશે ખરો. |
| Do you mean to attend regularly? | તમે બરોબર હાજર રેહેશો કે નહીં? |
| He is not to lose his place. | એની જગો નહીં જાય. |
| Have more Hindus or Pársis passed to-day? | આજ કોણ વધારે સહી થયા પારસી કે હિંદુ? |
| An equal number of each. | બંને બરોબર થયા. |
| Eleven of each and one Bohra. | બંનેના અગીઆર અગીઆર અને એક હોરો. |
| No, there are not a hundred and fifty, there are a hundred and forty-two. | કંઈ દોઢશો નથી થયા, એકસોને બેતાળીસ થયા છે. |
| Out of twenty-eight, twenty-three passed. | અઠ્ઠાવીસમાંથી તેવીસ સહી થયા. |
| The procession passed through our street. | આપણા મોહોલ્લામાંથી વરઘોડો ગયો. |
| Which is the best writer of these three? | આ ત્રણમાંથી સારો લખનાર કોણ છે? |
| Out of ten rupees he owed me, he has paid me three. | હું તેની પાસે દશ રૂપીઆ માંગતો હુતો, તેમાં તેણે મને ત્રણજ આપ્યા. |
| Out of these three págdis, which do you like best? | આ ત્રણ પાગડીઓમાંથી તમને કંઈ પસંદ છે? |

| | |
|---|---|
| The thief broke out of prison and escaped. | ચોર કેદમાંથી ખાતર પાડીને નાહાસી ગયો. |
| One or other of these three is always first. | આ ત્રણમાંથી હરકો હમેશાં પેહેલો રેહેછે. |
| Do you know what this is? | આ શું છે તેની તમને ખબર છે ? |
| This is a chart of the Thames. | આ "ટેમ્સ" નો નકસો છે. |
| What were the guns fired for this morning? | આજ સવારે તોપો સાની પડી? |
| I am sure I don't know. | કોણ જાણે, મને માલમ નથી. |
| Which agrees best with you, the air of Bombay or the air of Surat? | તમને કઈ હવા માફક આવેછે, મુંબઈની કે સુરતની? |
| I should think the guns were fired on account of some victory that has been gained. | મને લાગેછે કે, કંઈ ફતેહ થઈ વાસ્તે તોપો મારેલી. |
| Take whichever you like. | તમને જે ગમે તે લો. |
| Send him if you like, but he is an idle fellow. | જો તમારી મરજી હોય તો તેને મોકલો, પણ તે ઘણો આલસુ છે. |
| Make haste, it is getting late. | વાર લાગેછે જો, વેહેલા થાઓ. |
| It matters not how late it is, we must finish it, before we leave it. | ગમે તેટલું મોડું થાય તો શું પણ પુરૂં કીધા વગર કંઈ મુકાય નહીં. |
| Has the water come? | પાણી આવ્યું? |
| Where do you keep it? | તમે કાંહાં મુકોછો? |
| What did the water-pots cost? | આ માંટલાઓનું શું બેઠું? |
| How much water do the Hindus in the school use in a day? | નિશાળમાં હિંદુઓને એક દાહાડામાં કેટલું પાણી જોઈએછ. |
| What have you agreed to give him? | તમે એને શું આપવાનું પટ્યું છે? |
| Where does he bring the water from? | એ કાંહાંથી પાણી લાવેછે? |
| Does he bring it every day? | શું એ રોજ રોજ લાવેછે? |
| He is to remain here to serve the boys with water. | તે અહિંઆં રહીને છોકરાઓને પાણી પાશે. |

| | |
|---|---|
| He speaks ill of people behind their backs. | તે પીઠ પાછળ લોકોનું ભુંડું બોલેછે. |
| He is very fond of scandalizing his neighbours. | તેને તો પડોશિઓની નિંદા કરવાનીજ ટેવ છે. |
| Don't call each other nick names. | એક બિજાની ખીજ ન પાડો. |
| It leads to a great deal of quarrelling. | એથી આગળ કજીઓ વધશે. |
| Promotions took place from two of the classes yesterday. | કાલે બે વર્ગમાંથી છોકરાઓ ચહ્યા. |
| Five boys were promoted from the third class into the second, and five from the second into the first. | ત્રિજા વર્ગમાંથી પાંચ છોકરાને બિજા વર્ગમાં લીધા અને બિજા વર્ગમાં-થી પાંચ છોકરાને પેહેલા વર્ગમાં લીધા. |
| Do those boys find the lessons too difficult. | આ છોકરાઓને પાઠ બહુ અઘરો લાગેછે. |
| They appear to learn them very well | તેઓ શિખેછે તો ખરા. |
| They are not able at present to write the sentences rapidly enough. | હજુ તેઓથી વાક્ય બરોબર ઝડપથી લખાતાં નથી. |
| They soon will be able. | એ તો તેમને વેહેલું આવડશે. |
| They can learn ten, they say, | તેઓ કેહેછે કે અમારાથી દશ થશે. |
| They got this morning's lesson up very well. | આજ સવારનો પાઠ તેમણે સારીપેઠે કીધો. |
| They have made very good progress I think. | હું ધારૂંછું કે તેઓ સારા આગળ ચાલ્યા. |
| They have none of them been in the school more than a year. | તેમને કોઇને નિશાળમાં આવતાં વરસ કરતાં વધારે થયું નથી. |
| The boys in this class are ill-natured and refuse to show us the lessons. | આ વર્ગમાં છોકરા નઠારા છે, અમને પાઠ પણ દેખાડતા નથી. |
| It is very ill-natured of them. | એમાં તેઓ ઘણું અદેખા માલમ પડેછે. |
| Frámjee and Kalyándáss assist us. | ફરામજી અને કલ્યાણદાસ અમને મદદ કરેછે. |

| | |
|---|---|
| It is very kind of them. | એટલી એમની ભલમનસાઈ છે. |
| It is pleasant to see the boys good-natured towards each other. | છોકરાઓ એક બિજાસાથે હળીમળીને ચાલેતો સારૂં છે. |
| He gave me a letter of recommendation. | તેણે મને શિફારસનો કાગળ આપ્યો. |
| He procured me this appointment. | તેણે મને આ જગો અપાવી. |
| Is it a good appointment? | એ સારી જગો છે? |
| I have to go to the Adálat to-day. | આજ મારે અદાલત જવું છે. |
| When I go to Bombay, I'll procure you one. When I go to Bombay, I'll get you one. | હું મુંબઈ જઈશ તારે તમારે વાસ્તે એક આણી આપીશ. |
| When did you leave Bombay? | તમે મુંબઈથી કારે નિકળ્યા? |
| How long were you coming? | આવતાં કેટલા દાહાડા લાગ્યા? |
| I set out on the 5th and reached here on the 10th. | હું પાંચમીએ નિકળ્યો અને દશમીએ અહિં આવ્યો. |
| Did you come by land or by water? | તમે પગ રસ્તે આવ્યા કે વાહાણે? |
| We had a very rough passage. | અમારે રસ્તો ઠીક ન હતો. |
| We had very rough weather. | હવા પણ નઠારીજ હતી. |
| Did you have a favourable passage? | તમને રસ્તે ઠીક પડ્યું? |
| The air of Bombay don't agree with me. | મુંબઈની હવા મને માફક નથી. |
| You look much better than you did when I saw you last. | મેં તમને આગાઉ જોયા હુતા તે કરતાં હમણા તમે સારા દેખાઓછો. |
| You have dropped your pencil, pick it up. | તમારી કલમ પડી, ઉંચકી લો. |
| The Government sanction for changing the school house has come. | નિશાળનું ઘર બદલવાને સરકારનો હુકમ આવ્યો છે. |
| We shall move in a few days. | થોડા દાહાડામાં આપણે જઈશું. |
| We shall have plenty of room there. | તાંહાં આપણને પુષ્કલ જગો મળશે. |

| | |
|---|---|
| The house has plenty of room in it certainly but it is in an out-of-the-way place. | તે ઘરમાં જગા તો ઘણી છે પણ સરિઆમ રસ્તા ઉપર નથી. |
| I must get you to excuse me to-day as I have something to do at home. | મારે ઘેર કામ છે, વાસ્તે આજતો મને માફ કરો. |
| I am afraid we shall have some of you fall into the river. | મને બીહીક લાગેછે કે તમારામાંથી કોઈ નદીમાં પડશો. |
| There will be plenty of room to play in, during the half hour's vacation. | અર્ધા કલાકની છુટીમાં રમવાને જગો તો બહુ મળશે. |
| There is a well on the premises. | ઈમારતના મેદાનમાં એક કુવો છે. |
| The premises are very extensive. | ઈમારત ઘણી વિશાળ છે. |
| The premises comprise a dwelling house, servant's offices, stables and every convenience. | આ ઈમારતમાં રેહેવાનું ઘર, ચાકરોને કામ કરવાની જગો, તબેલો, અને બિજો બધો વગ સારો છે. |
| We shall move as soon as the house can be got ready. | જેવું ઘર તૈયાર થશે તેવા આપણે જઈશું. |
| Rámdáss has recovered fifty rupees damages from Bháidáss. | રામદાસે ભાઈદાસ પાસેથી નુકસાનના રૂપીઆ પચાસ લીધા છે. |
| Rámdáss has caused Bháidáss to be fined. | રામદાસે ભાઈદાસને દંડાવ્યો. |
| Bháidáss has been sentenced to pay a fine of fifty rupees. | ભાઈદાસને પચાસ રૂપીઆ દંડ આપવાનો હુકમ થયો. |
| You are liable to be fined for doing that. | એવું કરશો તો તમને દંડ થશે. |
| This house is liable to be flooded in the rainy season. | ચોમાસામાં આ ઘરમાં રેલ આવે એવું છે. |
| People who live in such close streets are liable to attacks of fever. | જે લોકો આવા સાંકડા મોહોલ્લામાં રેહેછે તેમને તાવ સપડાવેછે. |
| We are all liable to blunder. | કોઈથી ચૂક થયાવિના રેહેતી નથી. |

| | |
|---|---|
| His liabilities amount to eight thousand rupees. | તેને માથે જુમલે આઠ હજાર રૂપીઆનો જુમ્મો છે. |
| In damp situations, people are liable to agues and rheumatisms. | સરદીવાળી જગોમાં લોકોને ટાઢિઓ તાવ અને સંધિવા થાયછે. |
| The new house has caused you forget your lesson. | નવા ઘરમાં આવ્યાથી તમે તમારો પાઠ ભુલી ગયા. |
| How this floor shakes? | આ ભોંય કેવી હાલેછે. |
| This vibration of the floor is very unpleasant. | આ ભોંયના હાલવાથી અણખતં લાગેછે. |
| I wonder how old this house is? | આ ઘર કોણ જાણે કેટલું જુનું હશે ? |
| This lesson was not got up very well after all. | આખરે પાઠ તો સારો થયો નહીં. |
| There is more light here than I can bear. | મારાથી ખમાતું નથી એટલું ઈહાં આજવાળું છે. |
| I cannot bear so much glare. | એટલું બધું તેજ મારાથી ખમાતું નથી. |
| It makes my head ache. | એથી મારૂં માથું દુખવા આવેછે. |
| I must get you to shift my chair to the other side of the room. | ઓરડાની પેલી તરફ મારી ખુરસી ખશેડો. |
| There are many English phrases which cannot be translated exactly into Gujráti. | જેનો ગુજરાતીમાં બરોબર તરજુમો થઈ શકતો નથી એવાં અંગરેજીમાં ઘણાં વાક્યો છે. |
| In the afternoon you should close these windows, and open the opposite ones. | પાછળે પોહોરે આ બારિઓ બંધ કરીને સામાની ઉઘાડજો. |
| Are there shutters to these windows? | આ બારિઓને બારણાં છે ? |
| There are both venitian blinds and shutters. | બારણાં એ છે અને ફરેડી પણ છે. |
| The house is in a sad ruinous state. | ઘર બધું ખખળી ગયું છે. |
| The house is sadly out of repair. | ઘર સમરાવ્યા વગરનું ખરાબ થઈ ગયું છે. |
| Put it in good repair. | ઠીક કરીને સમરાવો. |

| | |
|---|---|
| What will the repairs cost? | સમરાવવામાં શું બેસસે? |
| Have the workmen come? | કારીગરો આવ્યા છે? |
| They are very dilatory. | તેઓ ઘણા રસળતા છે. |
| All the lizards are perfectly harmless. | ધીલોડીની જાતથી ઇજા થતી નથી. |
| What great hole is this? | આ મોટું બાકોરૂં શાનું છે? |
| It is a water-course, and so large that the boys can go through it. | એ ગડનાળું છે અને છોકરાઓથી આરપાર જવાય એટલું મોટું છે. |
| I suppose by this time you have explored every corner in the premises. | મને લાગેછે કે અત્યાર સુધીમાં તમે આ મકાનમાં ખુણે ખોતરે બધે ફરી વળ્યા હશો. |
| How do you like your new house? | આ નવું ઘર તમને કેવું ગમેછે? |
| Is it large enough do you think? | જોઇએ તેટલું મોટું છે કે નહીં? |
| You are not stinted for room in it. | તમને જગોને વાસ્તે અડચણ નહીં પડે. |
| At high water this bank is all covered. | ભરતીની વખતે આ બધો કીનારો રવી જાયછે. |
| Is the tide ebbing or flowing. | જુઆળ ચડેછે કે ઉતરેછે? |
| When the tide is out, these vessels are dry on the sand-bank. | જારે પાણી ઉતરી જાયછે તારે આ વાંહાણો સુકા દાંડા ઉપર રેહેછે. |
| They have run their vessel a-ground to repair and paint it. | તેમણે પોતાનું વાંહાણ સમારવાને અને રંગવાને જમીન ઉપર ચડાવ્યું છે. |
| These men are catching fish. | આ માણસો માંછલાં પકડેછે. |
| How many kinds of fish are there in the net? | જાલમાં કેટલી જાતનાં માંછલાં છે? |
| These men work all day up to their middles in the water. | આ માણસો કમરપુર પાણીમાં આખો દાહાડો મેહેનત કરેછે. |
| There is leave today in all the offices, but there is nothing said about it in our paper. | આજે સઘલાં કારખાનામાં રજા છે પણ આપણા કાગળમાં એ વિસે કંઈ લખેલું નથી. |

| | |
|---|---|
| The tide rises at Surat six or eight feet. | સુરત આગલ ભરતી છ અથવા આઠ ફીટ ચડેછે. |
| At what time to-day will it be low water? | આજ કઈ વખત પાણી ઓસરી રેહેશે. |
| The highest tides happen just after new and full moon. | પુનેમ તથા અમાશાની પછી એક બે દાહાડે મોટી ભરતી આવેછે. |
| In English they are called spring-tides. | અંગરેજીમાં તેને "સ્પ્રિંગટૈડસ" કેહેછે. |
| The low tides which happen on the 8th or 9th of the moon are called neap tides. | ન્હાની ભરતી જે આઠેમે અથવા નોમે થાયછે તેને "નિપટૈડસ" કેહેછે. |
| We shall run up with the next tide. | બિજે પાણીએ આપણે જઈશું. |
| We shall drop down with this tide as far as Dumas. | આ ભરતીથી આપણે ડુમસ સુધી ઉતરી જઈશું. |
| You must assist these new boys to write the sentences. | તમારે આ નવા છોકરાઓને વાક્યો લખાવવામાં મદદ કરવી. |
| Dádobá is going to Bombay, by this steam-boat. | દાદોબા આ આગબોટમાં મુંબઈ જાયછે. |
| The Government has had a drain cut from Barácha to Dumas. | સરકારે વરાછાથી તે ડુમસ સુધી ખાડી ખોદાવી છે. |
| How far is it from Barácha to Dumas? | વરાછાથી ડુમસ કેટલું આઘું છે? |
| Is there always water in the cut or only in the rainy season? | ખાડીમાં હમેશાં પાણી હોયછે કે ચોમાસામાંજ? |
| At Lacadcot the river is fordable. | લક્કડકોટ આગળ પાર થાયછે. |
| The water is deeper on this side of the river than it is on the other. | પેલી બાજુ કરતાં આ બાજુએ પાણી વધારે ઉંડાં છે. |
| The Thames at London is about as wide as the Taptee is here, but contains more water. | લંદન આગલ ટેમસ નદી, તાપીના જેટલીજ પોહોલી છે, પણ પાણી વધારે રેહેછે. |
| London too is sixty miles from the mouth of the Thames, while Surat is only eighteen from the mouth of the Taptee. | અને વળી લંદન બારાથી સાઠ મૈલ દૂર છે અને સુરત અઢાર મૈલ માત્ર છે. |

| | |
|---|---|
| There is not so much dust here as there was in the Mugalisharà. | મુગલીસરાહમાં જેટલી ધૂલ હતી તેટલી અહિંઆં નથી. |
| I wish you wrote better. | તમે જરા સારૂં લખો તો ઠીક. |
| There is a great deal of wind this morning. | આજ સવારનો પવન ઘણો છે. |
| And it is rather cloudy too. | અને જરા વાદળાં પણ છે. |
| The tide is coming in, I think. | હું જાણુંછું કે પાણી ચડેછે. |
| That Island is nearly all covered. | તે બેટ ઘણો ખરો ઢંકાવા લાગ્યો છે. |
| It is high water I think. | ભરતી પૂર છે. |
| I have nearly finished it. | હુ તે પૂરૂં કરી રેહેવા આવ્યો છું. |
| Have you nearly learned your lesson? | તમે તમારો પાઠ શિખી રેહેવા આવ્યા છો કે? |
| A great storm happened at sea yesterday. | ગઈ કાલે દરિઆમાં મોટું તોફાન થયું હતું. |
| Several vessels were lost. | ઘણાંક વાંહાંણો ડુબી ગયાં. |
| In entering the harbour, the vessel ran aground. | બંદરમાં પેસતાં વાહાણ જમીન ઉપર ચઢી ગયું. |
| The school will recommence on Monday, June the 2nd. | સોમવારે બિજી જુને નિશાળ પાછી શરૂ થશે. |
| What have you been doing all the holidays? | સઘળા તેહેવારના દાહાડામાં તમે શું કરતા હતા? |
| We are very tired of having nothing to do. | કામ વગર અમે ઘણા અકળાઈ ગયા છીએ. |
| I have been spending a few days at Orpàd. | થોડાએક દાહાડા હું ઓરપાડ રહી આવ્યો. |
| Have you spent your holidays pleasantly? | તમે તેહેવારના દાહાડા આનંદમાં કાઢ્યા કે? |
| He has spent all his money. | તેણે પોતાના સઘળા પૈસા ખરચી નાખ્યા. |
| Is there a pretty good attendance this morning? | આજ સવારે છોકરા સારીપેઠે હાજર થયા છે કે? |

| | |
|---|---|
| In this manner you will soon learn to speak well. | એ રીતે તમને સારૂં બોલતા જલદી આવડશે. |
| The English are very particular about their spelling. | અંગરેજ લોકો જોડણીમાં ઘણા ચોકસ છે. |
| No boy has made more than three mistakes. | કોઈ છોકરાની ત્રણ કરતાં વધારે ચૂક નથી પડી. |
| Some of the boys have made none at all. | કેટલાએક છોકરાઓએ મુતલક નથી કરી. |
| We shall soon have the rains now I suppose. | ધારચામાં વરસાદ વેહેલો આવશે. |
| It is not so hot at Bombay as it is at Surat. | સુરતના જેવી ગરમી મુંબઈમાં નથી. |
| The rains last year set in on the 4th. | પોર ચોથી તારીખે વરસાદ આવ્યો હતો. |
| Will the steamer make another trip or remain here during the rains? | આગબોટ બિજી એપ મારશે કે ચોમાસુ અહિંઆંજ કાઢશે? |
| A few days ago the Pársee started, but was compelled to return. | થોડાએક દાહાડા ઉપર પારસી આગબોટ ઉપડી પણ તેને પાછું આવવું પડ્યું. |
| First we see the flash of the gun and then hear the report. | પેહેલું આપણે તોપનું અજવાળું માલમ પડેછે અને પછી આવાજ સંભલાયછે. |
| The magazine blew up with a loud report. | દારૂખાનું મોટા આવાજથી ઉડી ગયું. |
| A bright flash of lightning was succeeded by a heavy peal of thunder. | પેહેલો વીજળીનો ચમકાટ થયો પછી ભારે ગડગડાટ થયો. |
| Will you be kind enough to correct this petition for me? | મેહેરબાની કરીને મારે વાસ્તે આ અરજી દુરસ્ત કરી આપસો ? |
| Are you at leisure ? | તમને ફુરસદ છે ? |
| When shall you be at leisure ? | તમને કેવારે ફુરસદ મલશે ? |
| Were you caught in the rain ? | તમને વરસાદ નડ્યો હતો ? |

| | |
|---|---|
| No, I waited till the rain was over. | ના, વરસાદ રહ્યો તાંહાંસુધી હું ખોટી થયો. |
| I stood up in a door-way till the rain was over. | વરસાદ બંધ થયો તાંહાં લગણ હું બારણા આગળ ઉભો રહ્યો. |
| Did you get wet? | તમે ભીંજાયા? |
| I will go as soon as the rain is over. | વરસાદ રેહેશે ને હું જઈશ. |
| It will soon be over. | હમણા તે રહી જશે. |
| It is only a shower. | એ તો ઝાપટું માત્ર છે. |
| It looks very heavy to-day. | આજ ભારે વાદલ ચઢી આવ્યું છે. |
| This is very dull weather. | આજની હવા ઘણી જડ છે. |
| If after a few days rain the hot weather sets in again, there is always a great deal of sickness. | જારે થોડા દાહાડા સુધી વરસાદ વરસીને પાછી હવા ગરમ થાયછે તારે હમેશા રોગ પેદા થાયછે. |
| Who succeeded Sir Robert? | સર રોબર્ટની જગો ઉપર કોણ થયું? |
| Who is to succeed Sir Robert? | સર રોબર્ટને ઠેકાણે કોણ થવાનું છે? |
| Mr. Gordon succeeds Sir Robert. | સર રોબર્ટની જગો ઉપર ગોર્ડન સાહેબ આવેછે. |
| Mr. Luard was succeeded by Mr. Remington. | લુઅર્ડ સાહેબની જગો ઉપર રેમિંગટન સાહેબ થયા હતા. |
| Mr. Andrews is to be Mr. Remington's successor. | રેમિંગટન સાહેબની જગો ઉપર આનડ્રુસ સાહેબ આવનાર છે. |
| Mr. Remington has been succeeded by Mr. Andrews. | રેમિંગટન સાહેબની જગો ઉપર આનડ્રુસ સાહેબ આવ્યા છે. |
| This happened in the time of my predecessor. | મારા પેહેલાં જે હતો તેના વખતમાં એ બનેલું છે. |
| Mr. Remington's predecessor was Mr. Luard. | રેમિંગટન સાહેબની જગો ઉપર અગાઉ લુઅર્ડ સાહેબ હતા. |
| Who is to succeed him? | એની જગો ઉપર કોણ આવેછે? |
| What success has he met with? | તેનું કંઈ વળ્યું કે નહીં? તેને શી પ્રાપ્તિ થઈ? |
| I have had very bad success. | મારૂં કંઈ વળ્યું નહીં. |

| | |
|---|---|
| This is a very dull street. | આ મોહોલો ઘણો ઉદાસ છે. |
| I am very dull to-day. | આજ હું ઘણો ઉદાસ છું. |
| Surat is by no means a dull town. | સુરતમાં કંઈ નહીં ગમે એવું નથી. |
| You must find it very dull living here by yourself. | અહિંઆં તમે એકલા રોહોછો તે તમને કેમ ગમતું હશે. |
| Sunday was a very dull day. | રવિવારનો દાહાડો ઉદાસ હતો. |
| The glass is very dull, wipe it with your handkerchief. | કાચ ઘણો ઝાંખો છે, તમારા રૂમાલથી લુછો. |
| These colours are very dull, have you none that are brighter? | આ રંગ ઘણા ઝાંખા છે, તમારી પાસે એથી વધારે ભભકદાર નથી? |
| He is a very dull boy. | આ છોકરો ઘણો ભોથડ છે. |
| It was a very dull speech he made. | તેણે ભાષણ કરચું તેમાં કંઈ રસ નહીં પડ્યો. |
| These spoons look very dull. | આ ચમચા ઘણાં ઝાંખા દેખાયછે. |
| I don't think you have cleaned them to-day. | મને લાગેછે કે તમે તે આજ સાફ કીધા નથી. |
| His eyes are very dull, I don't think he is well to-day. | તેની આંખ આજ ઘણી ભારે દેખાયછે મને લાગેછે કે તેની તબિયત ઠીક નથી. |
| A pearl is of a dull white colour. | મોતી સફેત ઝાંખા રંગનું હોયછે. |
| This is the very book. | એજ તે ચોપડી. |
| He took me with him, because he was too bashful to go alone. | તેને એકલા જતાં શરમ લાગી માટે તે મને સાથે તેડી ગયો. |
| Don't be so bashful. | એટલા બધા શરમાઓ નહીં. |
| You are a great deal too forward. | તમે ઘણા નિર્લજ છો. |
| One is too bashful, and the other is too forward. | એક ઘણો શરમાલ છે અને બિજો ઘણો બટકબોલો છે. |
| Don't be confused. | ધબરાતા ના. |
| He is confused. | એ ધબરાયો છે. |
| Don't confuse him. | એને ધબરાવતા ના. |
| Don't interrupt him. | તેને હેરાન ના કરો. |

| | |
|---|---|
| Don't come teazing now, I am busy. | હમણા માથું નહીં ફોડાવો મારે કામ છે. |
| He will come teazing me, though I have told him repeatedly that I can do nothing for him. | મેં તેને ઘણી વાર કહ્યું કે મારાથી તારે સારૂ કંઈ નહીં થાય તોયપણ તે આવીને મને સતાવ્યા કરેછે. |
| Tomorrow is a holiday for both Chudigars and Sersáis. | કાલે ચુડીગર અને શેહેરશઈ બંનેનો તેહેવાર છે. |
| If a boy makes a mistake, tomorrow he will lose two or three places at once. | જો કાલે કોઈ છોકરો ચૂક કરશે તો તે બે ત્રણ જગો સામટી ખોશે. |
| This year several holidays happen on Sundays. | આણુ કેટલાએક તેહેવાર રવિવારે આવેછે. |
| One happens next Sunday. | એક રજાતો આવતે રવિવારે છે. |
| How far have you gone in your Geometry? | તમે ભૂમિતિમાં કાંહાંસુધી આવ્યા છો? |
| What are you doing in Algebra? | બીજગણિતમાં તમે શું શિખોછો? |
| Do you find the Series of lessons difficult. | "સીરીઝ આવ્ લેસન" તમને અઘરી લાગેછે? |
| Not very. | ઘણી નહીં. |
| Step here for a moment. | ક્ષણેક અહિં આવો. જરા આમ આવો. |
| On the birthday of the Ganges many people will come to bathe in the Taptee. | ગંગાજીના જનમને દાહાડે ઘણા લોક તાપી નાહાવા આવશે. |
| How hot it was all night. | આખી રાત કેવો બફારો હતો. |
| It was so hot I could not sleep. | એવો બફારો હતો કે મને ઉંઘ નહીં આવી. |
| I got no sleep all night. | આખી રાત મને ઉંઘ નહીં આવી. |
| I lay awake all night. | આખી રાત હું જાગતો પડી રહ્યો. |
| I got up at gun-fire. | હું તોપ પડતે ઉઠ્યો. |
| At what time in the morning is the gun fired? | સવારે કેટલે વાગતે તોપ પડેછે? |

| | |
|---|---|
| It was very windy in the evening, but at night there was not a breath of air stirring. | પાછલે પોહોરે ઘણો પવન હતો પણ રાત્રે જરા પવનનો સસણાટ ન હતો. |
| The night was very close and sultry. | રાત્રે ઘણોજ બાફ મારતો હતો. |
| The people I suppose are beginning to wish for more rain. | મને લાગેછે કે લોકો વધારે વરસાદ માગતા હશે. |
| The sooner the rain comes now the better. | હવે વરસાદ જેમ જલદી આવે તેમ સારૂં. |
| The sooner you do it the better. | જેમ તમે જલદી કરો તેમ સારૂં. |
| It looks very like rain to-day. | આજ વરસાદનું ડોલ જણાયછે. |
| The appointment was offered to me, but I declined it. | તે જગો મને આપવાનું કહ્યું હતું પણ મેંજ ના કહી. |
| What did he want with you? | તેને તમારૂં શું કામ હતું? |
| He has something for me to do I suppose. | તેને મારી પાસે કંઈ કરાવવું હશે. |
| I have made many inquiries for that book but have not been able to get it. | મેં તે ચોપડી વાસ્તે ઘણી તજવીજ કરી પણ મને તે મળી નહીં. |
| Did you ever meet with a book called ——? | તમે **** નામે ચોપડી કોઈ વખત જોઈ છે? |
| It is a long while since we wrote a letter or petition. | આપણે અરજી અથવા કાગળ લખ્યાને ઘણા દાહાડા થયા. |
| We will write one tomorrow if you will remind me of it. | જો તમે મને યાદ દેવડાવશો તો આપણે કાલે એક કાગળ લખીશું. |
| It is very necessary to practise writing letters. | કાગળ લખવાનો અભ્યાસ કરવાની ઘણી જરૂર છે. |
| Practice makes perfect. | મહાવરાથી બધું ઠીક થાયછે. |
| If any of you have a Gujráti letter we will translate it. | જો તમારા કોઈની પાસે ગુજરાતી કાગળ હોય તો આપણે તેનો તરજુમો કરીશું. |
| A. has brought me one this morning from Cávasha's uncle. | કાવશાના કાકાનો એક કાગલ 'અ' મારી પાસે આજ લાવ્યો છે. |

| | |
|---|---|
| Will one of you step and fetch it? | કોઈ જઈને લઈ આવોની. |
| Sir, | સાહેબ, |
| We are going to Dumas to-day and Cávashá is to accompany us, will you have the goodness then to grant him leave for six days. | અમે આજ ડુમસ જઈએછીએ અને કાવશા અમારી સાથે આવવાનો છે વાસ્તે મેહેરબાની કરીને એને છ દાહાડાની રજા આપજો. |
| Your's very truly, | |
| A. B. | |
| You see there is a great deal of difference between a Gujráti letter and an English one. | જોયું, ગુજરાતી કાગળમાં અને અંગરેજી કાગળમાં ઘણો તફાવત છે. |
| The air is both hot and moist. | વાયુ ગરમ પણ છે અને શરદ પણ છે. |
| This must be very unhealthy weather. | આ હવા તબિયતને વાસ્તે ઘણી ખરાબ હશે. |
| I don't hear of much sickness though in Surat. | તોપણ સુરતમાં કંઈ ઘણો મંદવાડ સંભળાતો નથી. |
| It will all blow over. | એ બધું જતું રેહેશે. |
| Gentlemen, | શેઠજી, |
| Please to advance to N. M. the sum of Rupees 400, on my account. | મેહેરબાની કરી મારે ખાતે ન. મ. ને ચારસેં રૂપીઆ અગાઉ આપજો. |
| I have forwarded you by the Battelá Roopárail 100 bales of cotton marked (M. N.) and numbered from one to hundred. You will be good enough to dispose of them and place the proceeds to my credit. | મેં તમને બતેલો નામે રૂપારેલમાં રૂની ગાંસડી ૧૦૦) સો મોકલાવી છે તેમના ઉપર મ. ન. એવી નિશાની કરેલી છે અને એકથી તે સો સુધી આંક પાડેલા છે વાસ્તે કૃપા કરીને તેના વેચાણની ઉપજ મારે ખાતે જમે કરજો. |
| Bombay. I have the honour to be, | |
| Gentlemen, | |
| Your very obedient servant. | |

| | |
|---|---|
| My dear K. | |
| I have not had the pleasure to hear from you this long time past. I shall be greatly obliged to you if you can send me the books I wrote for in my last letter. | જત ઘણા દાહાડા થયા તમારો કાગળ મારા ઉપર આવ્યો નથી માટે લખજો. મેં જે ચોપડીને વાસ્તે મારા ગયા પત્રમાં લખ્યું હતું તે ચોપડી તમેં મોકલશો તો મારા ઉપર ઘણી મેહેરબાની થશે. |
| Your's very truly, | |
| A. B. | |
| Ask him for it. | તે તેની પાસે માંગો. |
| I must write to Bombay for it. | તેને વાસ્તે મારે મુંબઈ લખવું જોઈએ. |
| I shall try for it certainly. | હું તેને વાસ્તે મેહેનત કરીશાતો ખરો. |
| I wonder whether Mohanláll's examination is over. | કોણ જાણે મોહનલાલની પરીક્ષા થઈ ચુકી કે નહીં. |
| I should think he will be the best mathematician among the candidates. | મને તો લાગેછે કે બધા ઉમેદવારોમાં તે હિસાબના કામમાં સર્વથી સારો નિકળશે. |
| He has promised to write us a very full account of the examination. | તે આપણને કહી ગયો છે કે હું તમને પરીક્ષાનો એહવાલ લખી મોકલીસ. |
| A great deal of rain fell in the night. | રાત્રે વરસાદ ઘણો આવ્યો. |
| It has made it much cooler. | તેથી ઠંડક વધારે થઈ છે. |
| Have they finished repairing the roofs? | તેઓ. છાપરૂં સમારી રહ્યા? |
| At present they are repairing the walls. | હમણા તેઓ ભીંતો સમારેછે. |
| What will these repairs cost? | એં બધું સમરાવતાં શું ખરચ બેસશે? |
| It still continues to rain. | હજુ વરસાદ જારીજ છે. |
| The highest tide yet, took place yesterday. | મોટામાં મોટો જુવાલ કાલેજ આવ્યો. |
| As the rainy season advances, the river will get much fuller. | જેમ જેમ ચોમાસું આવતું જશે તેમ તેમ તાપી ભરપૂર થશે. |

12

| | |
|---|---|
| What! are there seven boys absent out of your class? | શું આજ તમારાં વર્ગમાં સાત છોકરા ગેરહાજર છે? |
| My dear Mohanláll, | ભાઈ મોહનલાલ, |
| Have you forgotten the promise you made to write us a full account of your examination? It is over by this time I suppose, and no doubt you have been successful. I hear that there is a great deal of cholera in Bombay. We have been remarkably free from it this year in Surat though some cases, I am sorry to say, have occurred within the last few days. | જત તમે અમને તમારી પરીક્ષાનો તપસીલવાર એહવાલ મોકલવાનું કહ્યું હતું તે શું તમે ભૂલી ગયા? પરીક્ષા તો હવે થઈ ચુકી હશે અને નિશ્ચય તમે સહી થયા હશો. અમેં સાંભળ્યું છે કે હમણા મુંબઈમાં કોગળિઆનો રોગ ચાલેછે. અમે તો સુરતમાં ઓણ એ રોગથી ખુબ બચી ગયા છિએ. તોયપણ થોડાએક દાહાડા થયા કેટલાંક આદમી એ રોગથી ગુજરી ગયાં ખરાં. |
| All your class-fellows desire to be very kindly remembered to you and long for the arrival of your letter. | બધા તમારા વર્ગના જોડીઆઓએ તમને હેતથી બોલાવ્યા છે, અને તમારો કાગળ આવવાની વાટ જોએછે. |
| Your's truly, A. B. | |
| It is always windy here. / There is always a great deal of wind here. | અહિંઆ સદૈવ પવનજ હોયછે. |
| Have the goodness to mark leave against my name to-day as there is an entertainment at our house? | અમારે ઘેર આજ જમવાનુ છે વાસ્તે બેહેરખાની કરીને મારા નામ ઉપર આજ રજા લખજો. |
| What of that? | એમાં શું? |
| That's of no consequence. | એમાં શું? એમાં કંઈ વિસાત નથી. |
| The rain beats in here. | અહિંઆં વાછંટ આવેછે. |
| We shall go back into our room as soon as the rain is over. | વરસાદ રેહેશે એટલે પાછા આપણે આપણા ઓરડામાં જઈશું. |

| | |
|---|---|
| We must get these shutters mended. | આ બારણાં આપણે સમરાવવાં જોઇએ. |
| Tell Harry to close the shutters and to wipe these forms and desks. | હરીને કોહો કે આ બારણાં બંધ કરે અને આ પાટલીઓ તથા મેજોને લુછી નાખે. |
| Here is the sun coming out. | જુઓ તડકો નિકળ્યો. |
| How shall we manage to keep the rain out of this room? | આ ઓરડામાં આપણે વાછંટ આવતી કેમ બંધ કરીશું? |
| Some of the boys in the lower classes make a practice of coming late. | નીચલા વર્ગના કેટલાએક છોકરાઓને મોડા આવવાની ટેવ પડી છે. |
| How the boats in the river rock about? | નદીમાં હોડીઓ કેવા ઝોકા ખાયછે. |
| The native vessels do not go to sea in such weather as this. | આવી મોસમમાં અહિંઆંનાં વાંહાંણો દરિઆમાં જતાં નથી. |
| My dear Dorábjee, | ભાઈ દોરાબજી, |
| The letter in which you desire me to sell your books reached me yesterday. I have sold them accordingly and wait your instructions as to the disposal of the money. Your uncle gives an entertainment next Wednesday at which he hopes to have the pleasure of seeing you and all your family. | જત તમારી ચોપડિઓ વેચવા વિશેનો તમારો કાગળ મને કાલેજ પોંહોંચ્યો. તે પ્રમાણે મેં વચી છે. તેના પૈશાનું શું કરવું તે વિશે તમે લખી જણાવજો. આવતે બુધવારે તમારા કાકાને તાંહાં જમણવાર છે. તે ઉપર તમને તથા તમારા કુટુંબને તેણે તેડેલાં છે. |
| Your's truly, | |
| A. B. | |
| When you are sent as monitors be careful about the pronunciation. | જારે તમે શિક્ષક થઇને શિખવવા જાઓ તારે ઉચ્ચાર ઉપર ઘણી ખબરદારિ રાખજો. |
| Your pronunciation is very bad. | તમારો ઉચ્ચાર ઘણો ખરાબ છે. |

| | |
|---|---|
| Do you know Nánábhái Haridáss? | તમે નાહાનાભાઈ હરિદાસને ઓળખોછો ? |
| What sort of English does he speak? | તે કેવું અંગરેજી બોલેછે ? |
| Does he speak English well? | તે અંગરેજી સારૂં બોલેછે ? |
| He speaks pretty good English. | તે અંગરેજી ઠીક બોલેછે. |
| His pronunciation is very good. | તેનો ઉચ્ચાર ઘણો સારો છે. |
| He does not speak English so well as you do. | તે તમારા જેવું સારૂં અંગરેજી બોલતો નથી. |
| He understands what you say to him, but has no practice in speaking it. | તમે કોહોછો તે ત સમજેછે ખરો પણ બોલવાનો માહાવરો નથી. |
| Did you learn the language from books or from conversation? | તમે એ ભાષા ચોપડી ઉપરથી શિખ્યા, કે વાત ચીત ઉપરથી ? |
| A language is best learned by living among the people who speak it. | જે લોકોની ભાષા હોય તે લોકોમાં રહ્યાથી તે સારી શિખાયછે. |
| My dear Harichand, | ભાઈ હરિચંદ, |
| My brother leaves Surat for your town on Saturday next. He will probably arrive about the 15th and you will greatly oblige us, if you will find a suitable lodging for him. You know, I think, the business which brings him there. It will probably detain him about six months. Hoping you will excuse the trouble we give you. | જત મારો ભાઈ આવતા શનિવારનો નિકળ્યો તમારી તરફ આવેછે. તે ઘણું કરીને પંદરમી તારીખ સુધીમાં આવી પોંહોંચશે. અને જો તેને વાસ્તે એક સારૂં મકાન તૈયાર રાખશો તો અમારા ઉપર મોટી મેહેરબાની થશે. જે કામને વાસ્તે તે તાંહાં આવેછે તે તો તમને માલમજ છે. તેથી એને સોવસા છ મહિના રેહેવું પડશે. તમને તસદી દીધી છે તે માફ કરજો. |

I remain,

Your's truly,

A. B.

| | |
|---|---|
| He told me to tell you to get this mended. | તેણે મને કહ્યું કે તમે એ સમરાવવાને એને કેહેજો. |
| He told me to tell you. | તેણે મને કહ્યું કે તમે એને કેહેજો. |
| He told me not to mention it to you. | તેણે મને તમને કેહેવાની ના કહી છે. |
| He told me to be sure to mention it to you when I saw you. | તેણે મને કહ્યું કે જારે તમે એને મળો તારે કહ્યા વગર રેહેતા ના. |
| I asked him what he meant to give for it. | મેં તેને પુછ્યું કે તું એનું શું આપીશ. |
| I told him to be sure to mention it to you when he saw you. | મેં તેને કહ્યું કે જારે તું એને મળે તારે નક્કી કેહેજે. |
| When you see him ask him for my book. | જારે તમે એને મળો તારે મારી ચોપડી માંગી લેજો. |
| He wished me to ask you for his book when I saw you. | તેણે મને કહ્યું કે જારે તમે એને મળો તારે મારી ચોપડી માંગી લેજો. |
| I told you to tell him. | મેં તમને કહ્યું હતું કે તેને કેહેજો. |
| He told me, when I saw you, not to forget to ask you for his books. | તેણે મને કહ્યું કે જારે તમેં એને મળો તારે મારી ચોપડી માંગી લેવાને ભૂલતા ના. |
| Both the collector and the judge attended this last examination. | ગઈ પરીક્ષાએ જડજ અને કલેકટર બંને સાહેબો આવ્યા હતા. |
| It was a very easy examination. | પરીક્ષા ઘણી સેહેલી હુતી તો. |
| Had they not been present many of the boys would not have passed. | જો તેઓ નહીં આવ્યા હોત તો ઘણાક છોકરા પારપડત નહીં. |
| N. must have reached Barodá by this time. | હવે તો ન. વડોદરે પોંહોંચ્યો હશે. |
| It is a great pity that the holidays for all castes do not fall on the same days. | એ મોટી આપદા છે કે બધી નાતના તેહેવાર એકજ દાહાડે નથી આવતા. |
| When shall we be able to compose sentences correctly ourselves? | આપણને આપણી મેળે વાક્યો બરોબર જોડતાં કારે આવડશે ? |

| | |
|---|---|
| We do not find much difficulty in translating from English into Gujráti, but are quite unable to translate from Gujráti into English. | અંગરેજીમાંથી ગુજરાતીમાં તરજુમો કરવો અમને ઘણો મુસ્કેલ નથી લાગતો, પણ ગુજરાતીમાંથી અંગરેજીમાં તરજુમો કરવો તે કેવળ અશક્ય છે. |
| We must not have fewer than ten. | દશથી ઓછાં આપણે ન લેવાં જોઇએ. |
| Some of these sentences are long and difficult. | આમાંનાં કેટલાંએક વાક્યો લાંબાં અને મુસ્કેલ છે. |
| Whose turn is it to-day? | આજ કોનો વારો છે? |
| What is the lesson to-day? | આજનો પાઠ કિયો છે? |
| Is it Algebra to-day or Geometry? | બીજગણિતનો છે કે ભૂમિતિનો? |
| I'll write to him about it. | હું એ વાસ્તે તેને લખીશ. |
| When do you think of going? | તમારે જવાનો એરાદો કારે છે? |
| As soon as the steam-boat begins to run again I shall go. | પાછી આગબોટ ફરવા માંડશે એટલે હું જઇશ. |
| When will the steamer begin to run again? | આગબોટ ફરીને કારે ફરવા માંડશે? |
| It will begin to run after the Balev. | બળેવ પછી ફરવા માંડશે. |
| It is very difficult to travel in this season. | આ રૂતુમાં મુશાફરી કરવી ઘણી મુસ્કેલ છે. |
| In some years the roads are not passable for carts till after the Diwálee. | કોઈ વરસ છેક દીવાળી સુધી પણ ગાડિઓ ચાલે તેવા રસ્તા થતા નથી. |
| There are no made roads in this country. | આ દેશમાં બાંધેલા રસ્તા નથી. |
| A fire happened yesterday but we heard nothing about it here. | કાલે આગ લાગી હતી પણ આપણે અહિંઆં કંઈ સાંભળ્યું નહીં. |
| Yesterday a Dastur killed a Bohrá with an axe. | કાલે એક દસ્તૂરે એક હોરાને કુવાડીથી મારી નાખ્યો. |
| The Bohrá was taken to the hospital and the Pársee to prison. | હોરાને હાસ્પિતલમાં લઈ ગયા અને પારસીને તુરંગમાં લઈ ગયા. |

| | |
|---|---|
| When will he be tried? | એનો ઇન્સાફ ક્યારે થશે ? |
| Will he be tried in Surat? | તેનો ઇન્સાફ સુરતમાં થશે ? |
| When is the trial to come on? | ઇન્સાફ ક્યારે થવાનો છે ? |
| The trial lasted three days. | ત્રણ દાહાડાસુધી તજવીજ ચાલી. |
| Who will try him? | કોણ તેનો ઇન્સાફ કરશે ? |
| You shall have it a week on trial, if you approve of it keep it, if not return it. | એક અઠવાડિઆ સુધી હું તમારે તાંહાં અજમાવી જોવાને મુકી જાઉંછું જો પસંદ પડે તો રાખજો, નહીં તો પાછું આપજો. |
| That is not a fair trial. | એ કંઈ વાજબી અજમાએસ નથી. |
| Is that a bruise on your leg? | શું તમારા પગ ઉપર ચામઠું છે ? |
| How came that swelling on your head? | તમારા માથા ઉપર આ ઢીમું કેમ થયું ? |
| That is a bad sore on his foot. | તેના પગ ઉપર ઘણું છોલાયું છે. |
| I fell down yesterday and feel very sore from it to-day. | હું કાલે પડી ગયો તેથી આજ બધું શરીર દુખેછે. |
| He is very sore on that subject. | એ વિશે એને ચીઢ ઘણી છે. |
| That is a sore place with him. | તે એની ચીઢ છે. |
| Your face is swollen. | તમારે મોહોડે થોથર છે. |
| Each caste has words and idioms peculiar to itself. | એકેકી નાતની બોલવાની રીત અને શબ્દો જુદા જુદા છે. |
| It appears to me too that the Gujráti language is rapidly changing. | મને એમ પણ માલમ પડેછે કે, ગુજરાતી ભાષામાં જલદીથી ફેરફાર થતો જાયછે. |
| Persian, Hindustáni, Maráthí and English words and even idioms are introduced in it. | ફારશી, હિંદુસ્થાની, મરાઠી, અને અંગરેજી શબ્દો તથા બોલવાની રીતો પણ એની માહે ભળેલાં છે. |
| How is it this man don't get these shutters fixed? | એમ કેમ હજુ આ માણસ બારણા નથી જડાવતો ? |
| We have sent to him several times but he pays no attention to it. | અમે કેટલીવાર તેને કેહવડાવ્યું પણ તે કંઈ લેખવતો નથી. |

| | |
|---|---|
| In the rainy weather this room is not inhabitable. | ચોમાસાની રૂતુમાં આ ઓરડો રેહેવા લાયક નથી. |
| Is he unwilling to repair it? | શું તે સમારવાની એની મરજી નથી? |
| There has been much less rain this year than there was last. | પોરના કરતાં ઓણ ઘણો થોડો વરસાદ થયો. |
| Don't the cultivators complain about it? | ખેડુત લોકો તેમાટે કકળતા નથી? |
| The rice crop is the one which requires most water. | એકલા ભાતનેજ ઘણો વરસાદ જોઇએછે. |
| In this class Tribhovandáss is the boy, who translates the best. | આ વર્ગમાં ત્રિભોવનદાસ છોકરો સર્વથી સારો તરજુમો કરેછે. |
| Have they not sown the rice yet? | હજુ ભાત છાંટ્યું નથી? |
| The wheat-crop this year is a failure. | ઓણ ઘઉંનું સત્યાનાસ વળી ગયું. |
| You should get all your writing materials ready beforehand. | તમારે લખવાનો બધો સામાન અગાઉથી તૈયાર રાખવો જોઇએ. |
| If you are invited we will go together. | જો તમને નોતરૂં હોયતો આપણે સાથે જઇશું. |
| At what time is it to be? | તે કેવારે થવાનું છે? |
| Do you mean to go? | તમે જવાના છો? |
| If you are going, I will go with you. | તમે જવાના હોઓ તો હું તમારી સાથે આવું. |
| Come along if you are coming, if not I shall go without you. | આવતા હોએ તો આવો, નહીં તો હું તમને મુકીને જઇશ. |
| Come along, it's getting late. | ચાલો ચાલો, વાર લાગેછે. |
| If you are not coming say so. | જો ના આવતા હોઓ તો ના કોહો. |
| If you don't mean to buy it say so at once. | જો તમારી લેવાની મરજી ન હોય તો પાધરો જવાબ દો. |
| You prevent others from buying. | તમે બિજાને લેવાને મના કરોછો. |
| Say yes or no at once, don't make so many words about it. | હા કે ના એકદમ કોહોની, માથું શું ફોડ્યા કરોછો. |
| The streets are so muddy, that we can hardly get along them. | રસ્તા ઉપર કાદવ એટલો બધો છે કે ચલાતું પણ નથી. |

| | |
|---|---|
| It is not likely that there will be any flood this year. | ઓણુ કંઈ રેલ આવે એવું જણાતું નથી. |
| If you did not mean to take it why did you not say so yesterday? | જો તમારે લેવુંજ નોહોતું તો કાલે એવું શા વાસ્તે નહીં કહ્યું? |
| Well, how have you settled it? | પછી તેનું કેમ ઠરાવ્યું? |
| We will settle that when we see each other. | જારે તમે અમે મળીશું તારે આપણે તે નક્કી કરીશું. |
| He has sent for his brother. | તેણે પોતાના ભાઈને તેડાવ્યો છે. |
| How is it, you trifle with me in this manner? | તમે મને એમ કેમ ઉડાવ્યા કરોછો? |
| He is only trifling with me. | તે મને અમથોજ ઉડાવ્યા કરેછે. |
| Come, set about it in earnest, you have been trifling with it long enough. | રમત તો હવે બહુ થઈ, હવે એનો નિકાળ કરોની. |
| He is a very obliging person. | તે ઘણો ભલો આદમી છે. |
| I am under many obligations to him. | હું તેનો ઘણો પાડ માનુંછું. |
| I should not like to disoblige him. | મારાથી તેને ના નહીં કેહેવાય. |
| Will you oblige me with your gády for this morning? | આજ સવારે તમારી ગાડીની મેહેરબાની કરશો? |
| I am obliged to go. | મારે જવું પડેછે. મારે તો ગયા વગર ચાલેજ નહીં. |
| I am greatly obliged to you. | હું તમારો મોટો ઉપકાર માનુંછું. |
| I should like to oblige you, if I could. | મારાથી થાત તો હું તમારે વાસ્તે કરત. |
| I will oblige you to do it. | તે કામ હું તમારી પાસે કરાવીશ. |
| He lives in great style. | તે તો મોટી છટાથી રેહેછે. |
| He did that in first rate style. | તેણે તે કામ ઉત્તમ પ્રકારે કર્યું. |
| I don't like this author's style. | આ ગ્રંથકારની પદ્ધતિ મને ગમતી નથી. |
| The style of this work is one of its chief merits. | આ ગ્રંથની એક મોટી ખુબી એ છે કે એની ઈબારત સારી છે. |

| | |
|---|---|
| These men are doing more harm than good. | આ માણશો સારૂં કરવાને બદલે વધું નુકસાન કરેછે. |
| What you are doing here, is of no use whatever. | તમે જે અહિંઆં કરોછો તે કંઈ કામનું નથી. |
| You will make this place so dark that it will be impossible to sit in it. | તમે આ જગોમાં એટલું અંધારૂં કરવાના કે એમાં બેસાવાનુંજ નહીં. |
| It is much better as it is. | તે કરતાં જેમ છે તેજ ઠીક છે. |
| He tripped him up. | તેણે તેને ઠોકર મારીને પાડ્યો. |
| The Dastur's case is not yet decided. | દસ્તૂરના મુકદ્દમાનો ફેસલો હજુ થયો નથી. |
| I expect it will be decided tomorrow. | હું ધારૂંછું કે કાલે તેનો ચુકાદો થશે. |
| You must put us up some sort of shelter here, so that we may get from one room to the other without being exposed to the rain or the sun. | તમે અમને એવી તરેહનો છાંયડો કરી આપો કે એક ઓરડામાંથી બીજામાં જતાં અમને વરસાદ અથવા તડકો ન લાગે. |
| Which will be easiest, to put up a pent-house here, or to repair these venetians? | કિયું સેહેલું પડશે, અહિંઆં પછિટી બાંધવી કે આ ફરેડીઓ સમરાવવી? |
| The day before yesterday a robbery took place in Rándel. | પરમ દહાડે રાંદેલમાં ચોરી થઈ. |
| Has the property been recovered? | તેનો મુદ્દો હાથ લાગ્યો? |
| They pursued the thieves, apprehended three of them, and recovered about half the property. | તે ચોરની પછાડી દોડ્યા અને ત્રણ જણને અર્ધા મુદ્દા સાથે પકડ્યા. |
| The country about the Mahee is much infested by thieves. | મહીની આસપાસ ચોરોની બીક ઘણી છે. |
| High-way robberies are not so frequent now, as they were formerly. | પહેલાંના જેવી હમણા રસ્તા ઉપર લૂટ થતી નથી. |

| | |
|---|---|
| Raise these shutters up as high as you can, so that we may get as much light as possible. | આ બારણાં જેટલાં ઉંચા ચઢાવાય તેટલાં ચઢાવો, તેથી જેટલું અજવાળું આવવાનું હોય તેટલું આવે. |
| I am afraid it will be very dark here. | મને ફીકર લાગેછે કે અહિંઆં અંધારૂં ઘણું પડશે. |
| When will these men get this done? | આ આદમિઓ એ કામ પૂરૂં ક્યારે કરશે? |
| It is a six or seven days' job. | તે કામ છ સાત દાહાડાનું છે ખરૂં. |
| He came to call me yesterday. | તે કાલે મને બોલાવા આવ્યો હુતો. |
| K. you are wanted. | ક. તમને બોલાવેછે. |
| Who wants me? | મને કોણ બોલાવેછે? |
| What does he want me for? | તે મને શામાટે બોલાવેછે? |
| They can't do without you. | તમારા વગર તેમને ચાલતું નથી. |
| We shan't detain you a minute. | અમે તમને એક મિનિટ પણ ખોટી નહીં કરિએ. |
| You won't forget to write to me. | મને લખ્વાને તમે ભૂલતા ના. |
| You won't forget the little commission I gave you. | મેં તમને જરાએક પેલું કરવાનું કહ્યું છે તે ભૂલતા ના હો. |
| How is it you don't settle with me about the book I gave you to sell? | મેં તમને વેચવાને વાસ્તે જે ચોપડી આપી તેનું તમે નક્કી કેમ નથી કરતા? |
| I wish to come and see you, but can get no leisure. | મારી તમને મળવા આવવાની મરજી છે ખરી પણ ફુરસત મળતી નથી. |
| Did not I tell you to be very careful about it? | મેં તમને કહ્યું નોહોતું કે તમે એ સારી પેઠે જાળવીને રાખ્જો? |
| If you wish it I will pay for it. | જો તમારી મરજી હશે તો હું ભરી આપીશ. |
| Send the price by the bearer of this. | આ ચીઠી લઇને આવે તેની સાથે કીમત મોકલી દેજો. |
| This man dawdles over his work very much. | આ આદમી પોતાના કામ ઉપર ઘણોજ રસળેછે. |

| | |
|---|---|
| Tell him not to loiter over it. | તેને કહો કે રસળ્યા નહીં કરે. |
| He is a sad dawdler. | એ બડો રસળતો દેખાયછે. |
| You are a sad dunce, I am afraid I shall never be able to make any thing of you. | તમે મોટા મૂર્ખ દેખાઓછો. આગળ તમારો કોણ જાણે શો ઉધાડ થશો, તે મને સુઝતું નથી. |
| Go straight home, don't loiter on the road. | રસ્તા ઉપર રસળતા ના, પાધરા ઘેર જાઓ. |
| You must have been loitering sadly. | તમે ઘણું રસળ્યા કીધું હશે. |
| Though it is a holiday for the Pársis, many of them come to school. | આજ પારશીનો તેહેવાર છે તોએપણ ઘણા જણા નિશાળે આવ્યા છે. |
| Some come for the sake of the lessons, but many come only to play. | કેટલાક પાઠને વાસ્તે આવેછે પણ ઘણા ખસ તો રમવાનેજ આવેછે. |
| Those who don't take down the lesson given on the holiday, find it very difficult next day to keep their places. | રજાને દાહડે જે પાઠ અપાયછે તે જે છોકરાઓ લેતા નથી તેમને બિજે દાહાડે પોતાની જગો રાખવી ઘણી મુસ્કેલ પડેછે. |
| What sort of monitor does Moteerám make ? | મોતીરામ શી તરેહનો શિક્ષક છે ? |
| This would make a good class-room. | વર્ગને વાસ્તે આ ઓરડો ઠીક છે. |
| Will he make a good soldier ? | એ સિપાઈનું કામ સારીપેઠે કરી શકશે ? |
| This will make a good play-room for the boys. | છોકરાઓને રમવાને વાસ્તે આ જગો સારી થશે. |
| You have made a sad mess of this. | તમે તો એની ખરાબી કરી નાખી. |
| This is a pretty piece of work certainly. | આ કામતો ખુબ બનાવ્યું છે. |
| Much ado about nothing. | ખાલી અમથી હો હા શી. |

| | |
|---|---|
| If you mean to do it, do it, if not let it alone. | જો તમારાથી થતું હોય તો કરો, નહીં તો રેહેવાદો. |
| Yesterday a dead body came on shore near the Dutch-Bunder. | કાલે વિલંદાના બંદર આગળ એક મુડદું કિનારે તણાઈ આવ્યું. |
| He appears to be a Bráhmin, but nobody recognises him. | તે બ્રાહ્મણ જેવો તો દેખાયછે પણ કોઈ તેને ઓળખતું નથી. |
| A writer and two sepoys are seated there to see that the tide does not carry him away again. | એક મેહેતાને અને બે સિપાઈને તાંહાં જોયા કરવાને બેસાડેલા છે કે ભરતીમાં તે પાછું ઘસરડાઈ ન જાય. |
| A crier has been sent round the town to give a description of him. | તેની તલાસ કરવાને આખા શેહેરમાં દોંડી ફેરવી છે કે તેનું કોઈ છે. |
| If nobody appears during the morning to claim him, the Cotavál will have him buried at noon. | જો સવારસુધીમાં તેનું સગું વાહાલું કોઈ નહીં જણાય તો બપોરે કોતવાલ તેને ડટાવશે. |
| How is it, his caste people don't come forward? | તેની ન્યાતના લોકો કેમ આગળ નથી પડતા? |
| Has he come down the river do you think or up it? | શું તે ઉપરવાડેથી તણાઈ આવ્યો કે હેઠવાડેથી? |
| He must have come down it, I think. | મને લાગેછે કે ઉપરવાડેથી આવ્યો હશે. |
| I don't think he is a Surat man, he must belong to one of the villages on the bank of the river. | તે સુરતનો આદમી મને નથી લાગતો, નદી કિનારાનાં ગામોમાંનો કોઈ હશે. |
| He must have been drowned several days, or his body would not have floated. | તે ઘણાક દહાડા ઉપર ડુબી ગયો હશે નહીં તો તેનું મુડદું તરે કેમ? |
| Many mistakes occurred this morning at the upper end of the class. | વર્ગના ઉપલા છોકરાઓને આજ સવારે ઘણી ભૂલ પડી. |

| | |
|---|---|
| It was not a Bráhmin after all, it was a Bhátello. | એ બ્રાહ્મણ નોહોતો જો, એ તો ભાટેલો નિકળ્યો. |
| But you don't think you'll win it, do you? | એટલું થયું તોયપણ તું મને હરાવીશ? |
| Well, I think, I shall beat you after all. | તોય એમાં શું હું કંઈ હરાવ્યા વગર રહુંછું? |
| Well, it is no great matter after all. | વારૂ પછી પણ એમાં જીવ શો? |
| It is no affair of mine, you must consult the boys about it. | એમાં કંઈ મારૂં કામ છે? છોકરાઓને તમારે એ બાબત પુછવું જોઈએ. |
| You must have been very careless to make so many blunders. | તમે એટલી બધી ભૂલો કરવામાં ઘણી ગફલત કરી હશે. |
| Have his relations claimed his dead body? | કોઈ એના સગા વાહાલાએ એનું મુડદું માગ્યું? |
| What a noise you make scraping your feet along the floor? | તમેં ભોંય ઉપર પગ ઘસીને કેટલો શોહોર કરોછો? |
| Can't you lift your feet in walking? | પગ ઉઠાવીને નથી ચલાતું કે? |
| The carpenters are getting on with our windows I see. | સુતાર લોકો બારીનું કામ ચલાવેછે ખરા હો. |
| It will take them about a week, I suppose, to get them finished. | ધારવામાં તે પુરૂં કરતાં આઠ દાહાડા લાગશે. |
| As soon as they are finished, you must place the desks in front of them to protect them. | જેવી તેઓ પુરી થાય તેવી તેમના બચાવને વાસ્તે તેની આગલ મુક. |
| Glass-windows are a beautiful invention, they admit the light and yet exclude the wind and rain. | કાચની બારીઓની યુક્તિ ઘણી સારી છે, તેમાંથી અજવાળું પેસેછે તોપણ વરસાદ અને પવન આવી નથી શકતાં. |
| No pent-house would have been so complete a protection as the windows will be. | બારીથી જેવી જગો ઢંકાશે તેવી કંઈ પછેડીથી નહીં ઢંકાય. |

| | |
|---|---|
| You must be very careful not to get them broken. | તમારે સાચવવું જોઇએ, એ ભાગે નહીં. |
| That fence is tumbling down I see. | પેલી ટટ્ટિઓ ટુટી પડવા માંડી, કેમ? |
| There is a great deal of traffic between Rándel and Surat. | સુરત અને રાંદેલની વચમાં અવજાવ ખૂબ ચાલેછે. |
| Which is the more populous town Surat or Poonah? | કિયા શંહેરમાં વસ્તી ઘણી છે, સુરતમાં કે પુનામાં? |
| Some parts of Surat are very thickly populated. | સુરતમાં કેટલેક ઠેકાણે ઘણી ઘાડી વસ્તી છે. |
| The fire depopulated a part of the town. | આગથી કેટલીક વસ્તી તુટી ગઈ. |
| The population of Surat is a mixed one. | સુરતમાં ઘણી જાતના લોકની વસ્તી છે. |
| In this weather, one is very liable to attacks of rheumatism. | આ હવામાં લોકોને સંધીવા સેહેજ થાયછે. |
| This man has a palsied hand. | આ માણસનો હાથ રહી ગયો છે. |
| Go and tell the carpenter, I want to speak to him. | જરા સુથારને જઇને કહોની કે તને કંઈ કેહેવાને બોલાવેછે. |
| When a flood occurs the tides are not perceptible. | જારે રેલ આવેછે તારે ભરતી જણાતી નથી. |
| The ebb-tides last much longer than the flood. | પાણીને ચઢતાં કરતાં ઉતરતાં ઘણી વાર લાગેછે. |
| Use no violence, that is not the way to do it. | એમ જોર કીધે કંઈ વળવાનું છે? |
| There was a great deal of competition for places this morning. | આજ સવારે જગોને વાસ્તે ઘણી મારામારી થઈ. |
| Your bad pronunciation occasions mistakes in your spelling. | તમે નઠારો ઉચ્ચાર કરોછો તેથી તમને જોડણી કરવામાં ભૂલ પડેછે. |
| To pronounce a foreign language like a native is perhaps an impossibility. | પારકી ભાષાનો ઉચ્ચાર તે લોકોના જેવો ઘણું કરીને થતોજ નથી. |

| | |
|---|---|
| Is the holiday in our list? | એ તેહેવાર આપણી ટીપમાં લખેલો છે? |
| There is leave in several of the offices to-day. | કેટલાંએક કારખાનાં આજ બંધ છે. |
| We have nothing to do with that, if there is leave in all the offices, and it is not mentioned in our list, we cannot take it. | આપણે કંઈ તેનું કામ નથી. જો બધી કચેરિઓમાં રજા હશે અને આપણી ટીપમાં નહીં લખેલી હશે, તો આપણથી લેવાય નહીં. |
| And if no leave is given any where else, and we have it written down, we shall take it. | અને જો કોઈ રજા બધે ઠેકાણે નહીં હોય અને આપણી ટીપમાં લખેલી હોય તો આપણે લઈશું. |
| Are the holidays in our list now, do you think, those which are necessary? | આપણી ટીપમાં જે હમણા તેહવાર લખેલા છે તે કામનાજ છે કે નહીં વારૂ? |
| How long is it since that list was made out? | એ ટીપ કેટલા દહાડા ઉપર કરી હતી? |
| So many alterations have been made in it that we mnst have it copied afresh. | એમાં એટલું બધું ફેરફાર કરેલું છે કે આપણે એની ફરીથી નકલ કરાવવી જોઈએ. |
| Is that an elephant yonder? | પણે પેલો હાથી છે કે? |
| There are two, one in the river, and one on the bank. | બે છે. એક પાણીમાં છે અને એક કિનારા ઉપર છે. |
| Whose are they? | એ કોના છે? |
| They must be the Raja's I suppose. | રાજાના હશે, કેમ? |
| What a curious habit they have of rocking themselves backwards and forwards? | તેઓને આગળ પાછળ ડોલવાની કેવી અજાએબ જેવી ટેવ છે? |
| How many miles a day will an elephant travel? | એક દહાડામાં હાથી કેટલા ગાઉ ચાલે? |
| There are very few elephants in Surat at present. | હમણા સુરતમાં ઘણા થોડા હાથી છે. |
| They have brought the elephants there to wash them. | હાથીને તાંહાં નવડાવવા લાવેલા છે. |

| | |
|---|---|
| Buffaloes are very fond of water. | ભેંશોને પાણીમાં રેહેવું બહુ ગમેછે. |
| How fond they are of rolling themselves in the mud? | કાદવમાં તેઓ કેવી મજેથી આલોટેછે ? |
| Besides the Rájá is there any one in Surat who keeps an elephant? | સુરતમાં રાજા શિવાય બિજો કોઈ હાથી રાખે એવો છે ? |
| Some of the Nawáb's family I believe keep one. | નવાબના કુટુંબમાં કોઈ એકાદેક રાખતું હશે. |
| This boy pays no attention to what I say to him, and makes a great deal of disturbance in the class. | હું જે કહુંછું તે આ છોકરો ધ્યાનમાં રાખતો નથી અને વર્ગમાં બહુ તોફાન કરેછે. |
| The boys at this end of the class have not prepared their lesson this morning. | આણી ગમના છોકરાઓએ આજ સવારે પાઠ તૈયાર કીધો નથી. |
| Some of the boys wish to take two paragraphs for this morning's lesson, and some wish to take one only. | કેટલાએક છોકરાઓને આજ સવારે બે કલમોનો પાઠ લેવાની મરજી છે અને કેટલાકને એક લેવા-નીજ છે. |
| These sentences are long certainly, but they are not difficult. | આ વાક્ય લાંબાં છે ખરાં પણ અઘરાં નથી. |
| Let them take both the paragraphs, they are not very difficult. | એ કંઈ ઘણું અઘરૂં નથી, બંને કલમો આપો. |
| That monitor is not paying much attention to his class I fear. | પેલો શિક્ષક પોતાના વર્ગમાં સારી પેઠે ધ્યાન રાખતો નથી. |
| The monitors are generally very attentive and take a great deal of pains with their classes. | ઘણા ખરા શિક્ષકો ધ્યાન રાખીને પોતાના વર્ગમાં સારી પેઠે મેહેનત લેછે. |
| The boys at this end of the class are very backward, you must take a great deal of pains with them. | આણીગમના છોકરા ઘણા પાછળ છે તેમની ઉપર તમારે સારી પેઠે મેહેનત લેવી જોઈએ. |
| Our school-house is built on that part of the town wall, which runs along the bank of the river. | નદીને કિનારે કોટ ઉપર આપણી નિશાળનું મકાન બાંધેલું છે. |

| | |
|---|---|
| It is a pleasant situation certainly, but the wind blows here with great violence six months out of the twelve. | જગો તો મજાની છે ખરી, પણ વરસમાં છ મહિના પવન ઘણો જોરથી વાયછે. |
| Tomorrow's sentences are as difficult as to-day's are easy. | આજનાં વાક્ય જેવાં સેહેલાં છે તેવાંજ આવતી કાલના અઘરાં છે. |
| This pen is as much too hard as that is too soft. | જેવી પેલી કલમ નરમ છે તેવીજ આ કઠણ છે. |
| Rustamjee is just as miserly as his brother is generous. | જેવો એનો ભાઈ સખી છે તેવોજ રૂસતમજી બખીલ છે. |
| Go round the school, and see if all the classes are at work. | નિશાળમાં જઈને બધે જોઈ આવો કે સઘળા વર્ગોમાં કામ ચાલેછે કે નહીં. |
| I am sorry to find that you are in the habit of using bad language. | તમને ભુંડું બોલવાની ટેવ પડી છે તે જોઈને મને માઠું લાગેછે. |
| How can you disgrace yourself by using such bad laanguage ? | એવું ભાંડ બોલવાને તમને લાજ નથી આવતી? |
| It is a very disgraceful habit. | એવી ચાલથી તમને મોટી હીણપત લાગશે. |
| When the boys from the third class were examined, none of them were able to work the questions proposed to them. | જારે ત્રિજા વર્ગના છોકરાને તપાસ્યા તારે તેમને જે સવાલ પુછ્યા તેનો જવાબ કોઈથી દેવાયો નહીં. |
| The boy whose number was first, turned out one of the worst of the lot. | જે છોકરો પેહેલો હતો તે તો વળી સર્વથી ખરાબ નિકળ્યો. |
| The rain beats in there, you had better come and sit at this end of the room. | તાંહાં વાછંટ આવેછે આમ આવીને બેસોની. |
| If you can get it done for me, I shall be greatly obliged to you. | જો તમે મારે વાસ્તે એટલું કરાવશો તો મારા ઉપર મોટી મેહેરબાની થશે. |

| | |
|---|---|
| If you like to leave them at my price, you may, if not take them back again. | મેં કહ્યું તેમ જો આપી જતા હોઓ તો આપો, નહીં તો પાછાં લઈ જાઓ. |
| It don't rest with me, you must apply to the committee. | એમાં કંઈ મારો અખતીઆર નથી તમારે કમિટ્ટીવાલાને કેહેવું જોઇએ. |
| If it rested with me, I would do it for you directly. | જો તે મારા હાથમાં હોત તો હું તે તમારે વાસ્તે તરત કરત. |
| Examine the first six boys in the list and tell me if any of them are fit for the next class. | ટીપમાંના પેહેલા છ છોકરાને તપાસો અને જો કોઈ ઉપળા વર્ગને લાએક હોયતો મને કહો. |
| They had better remain where they are for another month. | તેઓ અહિંઆંજ બિજો એક મહિનો વધારે રેહેતો સારૂં. |
| They can answer some of the questions but not all. | તેઓ કેટલાએક પ્રશ્નોનો ઉત્તર દઈ શકેછે પણ બધાનો નહીં. |
| Why don't you give me a straight forward answer? | તમે મને પાધરો ખુલાસે જવાબ કેમ નથી દેતા? |
| This witness prevaricates so much, that we can plàce no reliance on his testimony. | આ સાહેદ એટલી બધી જબાન ફેરથી બોલેછે કે એની સાહેદી ઉપર ઇતબાર રાખી શકાતો નથી. |
| This rain will make things grow. | આ વરસાદથી ચીજો વધશે. |
| How much this plant has grown during the last three days? | હમણા ત્રણ દાહાડાંમાં આ છોડવો કેટલો વધ્યો છે? |
| This is fine growing weather. | આ રૂતુમાં બધું સારીપેઠ ઉગેછે. |
| This tree has grown more in the last three months than it did during the previous nine. | ગયા નવ મહિનાના કરતાં આ ઝાડ હાલ ત્રણ મહિનામાં બહુ વધ્યું. |
| These forms are all wet. | આ પાટલીઓ બધી ભીનાઈ ગઇઓ. |
| You are very wet, you had better change your clothes. | તમે બધા ભીનાઈ ગયા છો, લુગડાં બદલો તો ઘણું સારૂં. |
| Hang it up near the fire to dry. | સુકાવાને દેવતા પાસે ધરી રાખો. |

| | |
|---|---|
| Put it out in the sun to dry. | તડકામાં એ સુકાવા નાખો. |
| We have not yet had as much rain as is necessary. | હજુ આપણે જોઇએ તેટલો વરસાદ નથી આવ્યો. |
| There is a great deal more rain required yet. | હજુ તો ઘણો વરસાદ જોઇએ. |
| We want it to rain continually for too or three days. | હવે બે ત્રણ દાહાડા સુધી વરસાદની હેલી જોઇએ. |
| In many places the rice has failed so completely that they have been obliged to plough it up, and sow the ground with juwári. | કેટલીએક જગામાં ભાતનું એવું તો સત્યાનાસ થઈ ગયું કે તેઓને જમીન ફરીથી ખેડીને જુવાર વાવવી પડી. |
| Don't fail to do it. | એ કર્યા વગર રેહેતા ના હો. |
| The attempts they have made to divert the course of the river, are all failures. | નદીનો વોહો બીજે રસ્તે લઈ જવાની જે તેઓએ મેહેનત કરી તે બધી પાણીમાં ગઈ. |
| What I have promised, I will not fail to do. | મેં તમને કહ્યું છે તે હું કર્યા વગર રહીશ નહીં. |
| When the rainy season is over, the carpenters will get these windows fixed I suppose. | ચોમાસુ ગયા પછી સુથારલોકો આ બારિઓ જડી રેહેશે કેમ? |
| A great deal of rain has fallen during the last three days. | આ છેલ્લા ત્રણ દાહાડામાં ઘણો વરસાદ પડ્યો. |
| There was no sunshine at all yesterday. | કાલેતો મુતલક તડકો પડ્યો નથી. |
| When this cloudy weather is all over, we must take the celestial globe upon the terrace, and learn the names of the principal constellations. | જારે આ બધાં વાદળાં જતા રેહેશે તારે આપણે ખગોલનો ગોળો અગાશી ઉપર લઈ જઇને તેમાંનાં મુખ્ય મુખ્ય નક્ષત્રોનાં નામ શિખીશું. |
| We could not have a better place for it. | એને વાસ્તે આથી સારી જગો કાંહાં મળવાની છે? |

| | |
|---|---|
| We have two months to wait yet for clear weather. | સારીપેઠે ઉઘાડ થવાને હજુ બે મહિનાની વાર છે. |
| The rain spoilt the Mello yesterday. | કાલના વરસાદે મેળો ધૂળ મેળવ્યો. |
| You will spoil your new turban if you go out in the rain with it. | જો તમે તમારી નવી પાગડી ઘાલીને બાહાર જશો તો તે વરસાદથી બગડશે. |
| You'll not keep that place long. | એ જગા ઉપર કંઈ તમારાથી ઘણી વાર રેહેવાશે નહીં. |
| He has got up to the top of the class to-day, but he won't remain there long. | તે આજતો છેક ઉપર સુધી આવ્યો છે ખરો પણ ઘણીવાર ભાગ્યે રેહે. |
| They have fixed the window frames but have not glazed them yet. | તેઓએ બારીનાં ચોકઠાં તો જડ્યાં પણ હજુસુધી તેમાં કાંચ જડ્યા નથી. |
| How is it they are not at work this morning? | આજ સવારે તેઓ કામે કેમ નથી આવ્યા? |
| How long do they mean to keep us locked out of our room? | તેઓ આપણને ઓરડાની બાહાર કાંહાં સુધી રાખી મુકશે? |
| They have made a very long job of it. | તેમણે તો ખૂબ લાંબું કામ વધાર્યું. |
| When the windows are finished, that will be much the best room in our school-house. | જારે તે બારીઓ પુરી થશે તારે આપણી આખી નિશાળમાં એ ઓરડો સર્વથી સારો બનવાનો. |
| I was very sorry to hear of your illness. | તમારો મંદવાડ સાંભળીને હું ઘણો નાખુશ થયો. |
| You are looking better to-day than you were yesterday. | કાલના કરતાં તમારી તબિયત આજતો જરા શારી દેખાયછે. |
| What does the Doctor say it is? | વૈદ કંઈ કેહેતો હશેની, કે તે શું છે? |
| It is nothing very serious I hope. | કંઈ ફિકર જેવું તો નથી કેની? |
| I shall be quite well in a few days I dare say. | થોડા દાહાડામાં હું સારીપેઠે હોશીઆર થઈશ. |
| Open all those windows. | પેલી બધી બારિઓ ઉઘાડી નાખો. |

What, are we never to open them then? — તારે શું આપણે તે ઉઘાડવાનાજ નથી કે?

Have these carpenters taken so much pains to hang the windows on hinges, and now do they wish us to keep them shut always? — શું સુતારોએ બારિઓને નરમાદા જડવાને આટલી બધી મેહેનત લીધી અને હવે શું તેને હમેશાં બંધ રાખવાને ચાહેછે?

We must have them opened if the wind breaks them all to pieces; we can't possibly sit with them shut up. — જો પવન તેઓને ભાગીને કકડે કકડા કરે તોએપણ ઉઘડાવવી જોઇએ, ઢાંકેલી બારીએ આપણાથી બેસાએજ કેમ?

You must contrive some sort of stay for them to prevent them being blown about by the wind. — પવનથી અફલાય નહીં એવું તમારે કંઇ એની નીચે જડવું જોઇએ.

Yesterday the Phlox come from Bombay for the first time since the setting in of the monsoon. — ચોમાશું બેઠા પછી ફ્લોક્સ મુંબઇથી કાલે પેહેલવેહેલીજ આવી.

The Carnac is expected to-day. — કારનક આજ આવવાની છે.

Some of the Batellás and Fataimárs will begin to run in a day or two. — કેટલાએક બતેલા અને ફતેમારિઓ હવે એક બે દાહાડામાં ફરવા માંડશે.

How long will it be before the roads become passable? — રસ્તામાં ધરેડ અથવા ચીલા કારે પડશે?

The roads are never closed for an elephent. — હાથીને વાસ્તે કંઇ રસ્તો બંધ નથી.

Translate it into such Gujráti as people really speak. — લોકો બોલેછે એવી ગુજરાતી બોલીમાં બરાબર તરજુમો કરો.

The goods you have sent, are not of the quality I ordered. — મે કહ્યું હતું તેવી જાતનો સામાન તમે મોકલ્યો નથી.

I want something of better quality than this. — એના કરતાં મારે તો કંઇ ઉંચી જાતનો જોઇએ.

| | |
|---|---|
| Is there any carpenter in Surat who makes really handsome furniture? | સુરતમાં એવો કોઈ સુથાર છે જે ખરેખરો શોભીતો સામાન બનાવી શકે? |
| Some of the furniture-makers in Bombay are clever. | મુંબઈમાં કેટલાએક સામાન બનાવનારા છે તેઓ હોશીઆર છે. |
| A great deal of really handsome furniture is made in Bombay. | મુંબઈમાં ખરેખરો શોભીતો સામાન ઘણો બનેછે. |
| And some of the Pársis in Bombay are very excellent ship-builders. | અને મુંબઈમાં કેટલાએક પારશીઓ છે તેઓ ઘણા સારાં વાહાણ બાંધેછે. |
| After to-day, the monitors must take notice of all mistakes. | હવે આજ પછી શિક્ષક લોકોએ બધી જાતની ભૂલો તપાસી જોવી જોઈએ. |
| The glass-windows and boarded-floor will make this a nice warm room in the winter. | આ કાચની બારિઓ છે તેથી અને આ પાટિઆંની જમીન છે તેથી આ ઓરડામાં શિઆળામાં ખાશી હુંફ રેહેશે. |
| It would be nice and cool too in the summer, if we could only keep the sun out in the afternoon. | સાંજરે જો આપણે કંઈ તરેહથી અહિંઆં તડકો નહીં આવવા દઈએ તો ઉનાળામાં પણ એમાં સારી ઠંડક થાય. |
| There must be many snakes, I should think among these ruins. | હું ધારૂંછું કે આ ખંડિયરમાં સાપ ઘણા હશે. |
| Two or three very small ones have been killed on the premises. | આ મકાનમાં ન્હાના ન્હાના બે ત્રણ મારી નાખ્યા. |
| Yesterday a Pársi was about to put on his angarkho, when a serpent fell from it. | કાલે એક પારશી પોતાનો અંગરખો પેહેરતો હતો તેટલે તેમાંથી એક સાપ પડ્યો. |
| They are not all poisonous certainly, but it don't appear to be known exactly which are, and which are not. | બધા સાપ કંઈ ઝેરી હોતા નથી પણ એ બરોબર માલમ પડતું નથી કે કિયા છે ને કિયા નથી. |

| | |
|---|---|
| On the Nágpáncham the Hindus worship the serpents, and offer them milk and flowers. | નાગપાંચમને દાહાડે હિંદુલોકો સાપની પુજા કરેછે અને તેને દુધ પાયછે અને ફુલ ચઢાવેછે. |
| There are a great many superstitions connected with serpents. | સાપની બાબતમાં લોકોને ઘણો વેહેમ રેહેછે. |
| Are the serpents which infest houses, of the same kind as those which are found in the fields? | બાહાર ખેતરોમાં જે સાપ હોયછે તે અને જે શાપ લોકના ઘરમાં નિકળેછે તે શું એકુજ જાતના છે? |
| In some countries there are serpents much larger than those which are found here. | આંહાંના સાપો કરતાં કેટલાક દેશોમાં ઘણા મોય મોય સાપ હોયછે. |
| The very large kinds, I believe, are never poisonous. | હું ધારૂંછું કે મોટી જાતના સાપ કંઈ ઝેરી નથી હોતા. |
| They crush their prey to death, and then swallow it. | તેઓ પોતાના શિકારને ચૂડ ભેરવીને મારી નાખેછે અને તાર પછી તને ગળી જાયછે. |
| The pleasantest situation in all Surat, I think, must be the castle. | આખા સુરતમાં ઉત્તમમાં ઉત્તમ જગો હું ધારૂંછું કે કિલાની હશે. |
| It must command a beautiful view of the river, both up it and down it. | તાંહાંથી ઉપરવાઈ અને હેઠવાઈ બને તરફ તાપીની ખૂબ સેલ લેવાતી હશે. |
| These windows look out upon the river. | આ બારિઓ તાપી ઉપર પડેછે. |
| It is a very pleasant prospect you have from your windows. | તમારી બારિઓ ઉપરથી તમે ખાસી સેલ લેતા હશો. |
| This balcony is a very pleasant place. | આ રવેસ ખૂબ આવી રહ્યો છે. |
| How is it you show up another boy's sentences instead of your own? | તમારાં વાક્યને ઠેકાણે તમે બિજા છોકરાનાં વાક્ય કેમ બતલાવોછો? |
| We can't allow you to do that. | અમે તમને એવું કરવા નહીં દઈએ. |
| We must not allow any boy to get another to write his sentences for him. | આપણે કોઈ છોકરાને બીજા પાસે પોતાનાં વાક્ય લખાવવા દેવાં નહીં. |

| | |
|---|---|
| You are set to write the sentences in order that you may acquire readiness and correctness in copying English. | તમારી પાસે વાક્યો લખાવવાની મતલબ એજ કે અંગરેજીની નકલ કરવી હોય તો તે ઝડપથી તથા સારી તરેહથી થાય. |
| And of course it is necessary that every boy should write them for himself. | અને અલબત હરેક છોકરાએ પોતપોતાનાં વાક્ય પોતાની મેળેજ લખવાં જોઇએ. |
| Great numbers of Hindus go to worship Hanumán at Bhimpore today. | આજ ઘણા હિંદુલોકો હનુમાનની પુજા કરવાને ભીમપોર જાયછે. |
| And many Pársis go to see the tamáshá. | અને ઘણા પારશી લોકો તમાશો જોવાને જાયછે. |
| The Hindus make offerings of oil and red-lead. | હિંદુ લોકો તેલ અને સિંદુર ચઢાવેછે. |
| What is done with all the oil? | પછી એટલા બધા તેલને શું કરેછે? |
| It is sold, and the proceeds are divided among the Bráhmins. | તે વેચીને તેની ઉપજ બ્રાહ્મણ લોકો વેહેંચી લેછે. |
| What oil is it? | એ તેલ કિયું? |
| Is it the same kind of oil that is used in cooking? | જે તેલ રસોઇમાં કામ આવેછે તેજ એ છે? |
| How far is Bhimpore? | ભીમપોર કેટલું આઘું છે? |
| Which is farther, Bhimpore or Dumas? | વત્તું આઘૂં કિયું ભીમપોર કે ડુમસ? |
| Do you go through Dumas to go to Bhimpore? | ભીમપોર જવું હોય તો ડુમસ થઇને જાઓછો? |
| No, Bhimpore lies to the left of Dumas. | ના, ભીમપોર તો ડુમસની ડાબી બાજુએ છે. |
| The bunglás lie between Dumas and Bhimpore. | ભીમપોર અને ડુમસની વચમાં બંગલા છે. |
| The people are crying out sadly for the rain. | લોકો વરસાદને વાસ્તે ઘણી બુમો પાડેછે. |

| | |
|---|---|
| The crops are doing very well, but there is no water in the tanks. | ખેતીનું કામ તો સારીપેઠે ચાલેછે પણ લોકોનાં ટાંકાંમાં પાણી નથી. |
| Do the people here never get up sailing or rowing matches on the river? | શું અંહિંઆં લોકો એવી શરત નથી બકતા કે, હોડીમાં બેસીને હલેશાં મારીને અથવા સડ હંકારીને કોણ આગળ જાયછે? |
| These shoes don't match, one is darker coloured than the other. | આ જોડો કજોડ છે એક જરા વધારે ઝાંખા રંગનો છે. |
| Try if you can match this cloth for me in the Bazár. | બજારમાં જઈને મારે વાસ્તે આ કાપડની જોડ મેળવી લાવો. |
| We can match the pattern, but in different colours. | તરેહ તો નમુના જેવીજ મળશે પણ રંગ જુદો છે. |
| He has met with his match now, I think. | હવે એના માથાનો મળ્યો, કેમ? |
| Your bullocks are very well matched. | તમારા બળદની જોડ ઘણી સારી મળી છે. |
| It is a very pretty pattern, but I wish the colours were brighter. | એની તરેહ તો સારી છે પણ રંગ જરા વધારે ભભકદાર હોત તો સારૂં. |
| Make it exactly like the pattern I gave you. | મેં તમને નમુનો આપ્યો છે તે પ્રમાણે બરાબર બનાવજો. |
| If it is of good quality, I don't care much about the pattern. | જો તે સારી જાતનું હશે તો તરેહની કંઈ ચિંતા નથી. |
| Buy me ten yards of this kind of cloth, take a piece with you for a pattern. | આ જાતનું કાપડ મારે વાસ્તે દશ વાર ખરીદ કરજો, આ એક કડકો નમુનાને વાસ્તે સાથે લેતા જાઓ. |
| Let me see a sample of your sugar. | તમારી ખાંડનો નમુનો મને દેખાડો. |
| Be sure you send it according to the sample. | જો જો, નમુના પ્રમાણે મોકલજો હો. |
| You had better send me samples of each kind. | એકેકી જાતનો મને નમુનો મોકલજો. |
| This is not a fair sample. | આ કંઈ સારો નમુનો નથી. |

| | |
|---|---|
| That tobacco turned out very inferior to the sample you sent. | તમે નમુનો મોકલ્યો તેના કરતાં પેલો તંબાકુ ખરાબ નિકળ્યો. |
| Show me a specimen of your writing. | તમારા દસ્તખત મને બતલાવો. |
| These are specimens of the plants found in the jungles of Gujrát. | ગુજરાતના જંગલમાં આવી જાતના છોડ ઉગેછે. |
| On the Ganesh-choth, the Hindus are forbidden to look at the moon. | ગણેશ ચોથને દાહાડે હિંદુ લોકોને ચંદ્ર જોવાની મના છે. |
| There was a great deal of stone-throwing, though the Cotwáll had sent the crier round to forbid it. | કોતવાલે મના કરવાની દોંડી ફેરવી હતી તોયપણ પથરા ઘણા પડ્યા. |
| On which holiday is it, that the Rájá has an image of Ganpatee carried in his Pálky ? | કિયા તેહવારને દાહાડે રાજા પોતાની પાલખીમાં ગણપતિની મૂર્ત્તિ લઈ જાયછે ? |
| Bamanjee has been ill, has he not ? | બમનજી માંદો થયો હતો, કે નહીં ? |
| Are you quite recovered ? | તમને સારીપેઠે કરાર થયો ? |
| I am glad to see you out again. | તમને બાહાર નિકળ્યા જોઈને હું ખુશ થયો. |
| Who attended you in your sickness ? | તમારા મંદવાડમાં તમને કોણ ઓષધ કરતું ? |
| Is he confined to his bed ? | શું તે ખાટલે પડ્યો છે ? |
| I kept my bed for three days. | હું ત્રણ દાહાડા સુધી ખાટલે રહ્યો. |
| Are there two *d*s in forbidden or one only ? | "ફરબિડન" માં એકજ ડી છે કે બે ? |
| You had better not interfere with them, let them fight it out. | તેઓને લડવા દોની, અથવા ખાલી તમે શું કરવા વચમાં પડોછો ? |
| If you interfere with them, they will quarrel with us. | જો આપણે વચમાં પડીશું તો તેઓ આપણી સાથે કજીઆ કરશે. |
| Well, have they made it up yet ? | કેમ, તેમનું હજુ પત્યું કે નહીં ? |
| I am willing to make it up if he is. | જો તેની મરજી હોય તો હું તો પતાવવાને રાજી છું. |

| | |
|---|---|
| I will look over it this time, but you must never do so again. | આ વખત તો જવા દઉંછ પણ જો ફ્રીથી એમ કીધું તો તારી વાત તું જાણે. |
| This is a fault, which I cannot overlook. | આ વાંક મારાથી કંઈ એમનોએમ જવા દેવાય નહીં. |
| If you will inquire about it, you will find that I am not to blame in it. | જો તમે તજવીજ કરશો તો તમને માલમ પડશે કે એમાં કંઈ મારે માથે ઠપકો નથી. |
| It was not my fault, I assure you. | હું ખરૂં કહુંછું એમાં કંઈ મારો વાંક નથી. |
| The people are very glad to see this rain, I suppose. | આ વરસાદ જોઇને લોકો ઘણા ખુશ થયાં હશે. |
| Wheat and rice were getting frightfully dear. | ઘઉં અને ચોખા ઉપર બહુ ચઢવા માંડ્યું હતું. |
| They have already begun to fall, I hear. | મેં સાંભળ્યું કે પાછું તેઓ ઉપરથી ઉતરવા માંડ્યું. |
| They will be much longer in falling though, than they were in rising. | ભાવ ચઢતાં જેટલી વાર લાગી તેના કરતાં ઉતરતાં ઘણીવાર લાગશે. |
| We very much wish to have a composition lesson introduced into the class. | કંઈ અંગરેજી બનાવવાનો પાઠ આપણા વર્ગમાં ચાલેતો ઘણું સારૂં. |
| The boys in the first class every day take with them a Gujráti translation of some short passage in an English book, and the next morning translate it back again into English. | પેહેલા વર્ગના છોકરા હરરોજ કોઈ અંગરેજી ચોપડીમાંથી થોડાએક અંગરેજીનો ગુજરાતી તરજુમો કરી લેછે અને બીજે દિવસે પાછું તેનુંજ અંગરેજી બનાવેછે. |
| That would be a good lesson to introduce among you I think. | મને લાગેછે કે એ પાઠ તમારામાં દાખલ કરિએ તો ઠીક પડશે. |
| I don't think any attempt you would make at original composition would be likely to do you any good. | જો તમે તમારી મેળે કંઈ અંગરેજી બનાવવાની મેહેનત કરશો તો તેથી કંઈ ફળ થવાનું નથી. |

| | |
|---|---|
| You are hardly forward enough to attempt original composition. | તમારી મેળે અંગરેજી બનાવવાને વાસ્તે તમે હજુ લાયક નથી. |
| We have found that a very useful lesson in our class. | અમારા વર્ગમાં તો અમને એ પાઠ ઘણો ફાયદાનો માલમ પડેછે. |
| Such dull weather as this occurs rarely in India, but is very common in England. | હિંદુસ્થાનમાં આવી હવા તો કદીમદી થાયછે પણ ઇંગ્લાંડમાં તો જારે તારે થયા કરેછે. |
| How many such dull days as this do you think you have in a year here ? | આવા ઉદાસ દાહાડા વરસમાં તમારે ઇહીં કેટલાક થાયછે ? |
| Two or three in a year perhaps. | ભાગ્યે વરસમાં બે ત્રણ. |
| It was so foggy the first thing in the morning, that we could hardly see the other bank of the river. | સવારના પોહોરમાં ધુંવર એટલી બધી વરસતી હતી કે સામેનો કિનારો પણ દેખાતો ન હતો. |
| Did you notice how broad the fog made the river appear ? | તમે જોયું કે ધુંવરે કરીને નદી કેટલી બધી પોહોળી દેખાતી હતી ? |
| How is it that a fog appears to magnify every thing ? | ધુંવરથી હરેક ચીજ મોટી કેમ દેખાયછે ? |
| In the dusk of the evening, too, things appear larger than they really are. | સાંજના ધુંધલામાં પણ વસ્તુઓ હોયછે, તેના કરતાં મોટી દેખાયછે. |
| I suppose there is not much more rain wanted. | હવે તો વધારે વરસાદ નહીં જોઇએ કેમ ? |
| A day or two more of it, would not do any harm. | એક બે દાહાડા વધારે આવે તો કંઈ નુકસાન નહીં થાય. |
| And then a few showers towards the end of the month. | અને મહિનો પૂરો થતે એક બે ઝાપટાં જોઇએ ખરાં. |
| The river is not so full to-day as it was yesterday. | કાલનાં જેટલાં આજ નદીમાં પાણી નથી. |
| After a few days' heavy rain, the tides in the river are scarcely perceptible. | થોડાએક દિવસ લગી સારીપેઠે વરસાદ આવ્યા પછી નદીમાં ભરતી જણાતી નથી. |

| | |
|---|---|
| The current is not nearly so powerful to-day as it was yesterday. | કાલના જેટલો આજ હાર કાંહાં છે ? |
| This moth is very curiously marked. | આ પતંગીઆ ઉપર અજબ તરેહનું ચિત્ર છે. |
| Pránjeevandáss is marked with the small-pox. | પ્રાણજીવનદાસને સહીએડના ચાઠાં છે. |
| Have you had your linen marked ? | શું તમારૂં લુગડું છાપેલું છે ? |
| If he can't write let him make his mark. | જો તેને લખતાં નહીં આવડતું હોય તો તેનું નિશાન કરાવો. |
| I'll mark you. | હું તમને જોઈ લઈશ. |
| To attempt to swim across the river, while the current is so strong, would be very dangerous. | જારે પાણીનો આવો હાર હોય તારે સામે પાર તરીને જવું એ જીવસટાનું કામ છે. |
| You had better not attempt it, I think. | એ તો તમે રેહેવાજ દેશો તો ઠીક. |
| It is quite a hopeless attempt. | એ કીધાથી કંઈ વળવાનું નહીં. |
| He did not succeed till the third attempt. | ત્રિજી વારે તેનું ઠેકાણું લાગ્યું. |
| I wish you would attend more regularly so as to keep a better number. | જો તમે જગો ઉપર રાખવાને બરોબર હાજર રોહો તો ઠીક. |
| When promotions take place from this class, I am afraid you will be left behind. | જારે આ વર્ગમાંથી ઉપલા વર્ગમાં છોકરા ચઢશે તારે મને ફીકર લાગેછે કે તમે પછવાડે રેહેશો. |
| Can't, Don't, I'll, You'll, He's, They're, &c. &c. these contractions are only used in conversation. | કાન્ટ, ડોન્ટ, ઐલ, યૂલ, હીસ, દેર ઇત્યાદિ સંક્ષેપ બોલવાં તે માત્ર વાતચિત કરવામાંજ કામ આવેછે. |
| When you write down literally what people say you are to use them, but never in formal composition. | લોકો જે બોલે તે તમે શબ્દેશબ્દ લખવામાં વાપરજો ખરા, પણ બરાબર ઇબારતના કામમાં લેતા નહીં. |

| | |
|---|---|
| Familiar letters are written in a conversational style, and in them some of these contractions are used. | ભાઈબંધાઈના કાગળ લખવાની રીત ઘણું કરીને બોલવાની રીતના જેવીજ છે અને તેઓમાં કેટલીએક આ ટુંકી રીતો કામ આવેછે. |
| I know him very well, but I am not familiar with him. | હું એને ઓલખુંછું તો ખરો પણ મારે અને એને ઘણી ઘરવટ નથી. |
| You allow your servants to be too familiar with you. | તમે તમારા ચાકરોને ઘણા મોહોડે ચઢાવોછો. |
| Which alphabet are you best acquainted with, the Bálbodh or the Gujráti ? | તમને કિઆ મૂળાક્ષર સારીપેઠે આવડેછે, બાલબોધ કે ગુજરાતી ? |
| I am very familiar with this country. | આ દેશનો તો હું ભોમિયો છું. |
| He is not a man with whom I wish to have much familiarity. | એ આદમી સાથે ઘણી ઘરવટ કરવી મને ગમતી નથી. |
| Elias is more familiar with Hindusthání than he is with Portuguese. | ઈલીસને પોર્ટુગીસ કરતાં હિંદુસ્થાની બોલવાનો વત્તો મહાવરો છે. |
| There are a great many clouds flying about to-day. | આજ વાદલાં ઘણાં દોડેછે. |
| How long does it want to the Diwálee ? | દીવાળીને કેટલા દાહાડા રહ્યા ? |
| The Dasará is considered to be the end of the rainy season. | દશરા ગયા એટલે જાણવું કે ચોમાશું પુરૂં થયું. |
| On that day, the Rájá sacrifices a buffaloe with his own hand. | તે દાહાડે રાજા પોતાને હાથે પાડો વધેછે. |
| Lálbhái brought an action against Harjeevandás for defamation of character. | લાલભાઈએ હરજીવનદાશ ઉપર આબરૂના નુકસાનની ફરિઆદી કરી. |
| Since you mentioned it to him, he has taken a great deal of pains. | તમે તેને કહ્યું તારથી તેણે ઘણી મેહેનત લેવા માંડી છે. |
| Two boys in the fourth class, a few evenings ago, tore each other's clothes all to rags about an unripe custard apple. | થોડાએક દાહાડા ઉપર એક કાચા સીતાફળ સારૂ ચોથા વર્ગના બે છોકરાઓએ એક બીજાના લુગ ફાડીને ચીથરાં કર્યાં. |

| | |
|---|---|
| They were both brought to me, the Hindu nearly naked, and the Pársi all in rags. | તે બેઉને મારી પાસે લઈ આવ્યા, હિંદુના દીલ ઉપર તો નામ માત્ર લુગડું હતું. અને પારશીના કપડાનાં ચીથરેચીથરાં થઈ ગયા હતાં. |
| It is very disgraceful conduct, I am sure you ought to be ashamed of yourselves. | એ ઘણી નામોશી ભરેલી ચાલ છે તમને શરમ નથી લાગતી. |
| One is just as bad as the other. | એક એકને વટાળે એવા છે. |
| That is very clumsy of you. | એ તમારૂં ગમારપણું છે. |
| You are a very clumsy fellow. | તમે બડા અનાડી છો. |
| He has made a very clumsy job of it. | તેણે તો ઉલટું બેડોલ કર્યું. |
| I can't wear such clumsy shoes as these. | આવા બેડોલ જોડા તો મારાથી નહીં પેહેરાય. |
| You must make me a lighter pair. | મારે સારૂ એથી જરા હલકી જોડ બનાવવી જોઈએ. |
| The Dutch ships are clumsy looking things. | વલંદાનાં વાહણો દેખીતાં ઘણાં બેડોલ હોયછે. |
| This gádi of your's is a very clumsy affair. | તમારી ગાડીનો ઘાટ ઘણો બદસુરત છે. |
| What a clumsy walk he has? | એની ચાલ કેવી બેઢંગી છે. |
| This is too clumsy, I want something lighter and neater. | એતો છેક બેડોલ છે, મારે તો જરા હલકું અને સુતર જોઈએ. |
| It is a clumsy, heavy looking building. | આની બાંધણી બેડોલ અને દેખીતી ભારે છે. |
| Bullocks are very clumsy animals in a gádi certainly. | ગાડીમાં બલદ કંઈ ડોલદાર દેખાતા નથી ખરા. |
| Well, that is the clumsiest trick I have seen for many a day. | આવી સુઘડાઈની ચાલ હું કઈ દહાડા થયા જોઉંછું. |
| You can go and sit in the first class till Dádobá comes and then ask him for leave. | તમે હમણા જઈને પેહેલા વર્ગમાં બેશો અને દાદોબા આવે તારે તેમની પાસે રજા માંગજો. |

| | |
|---|---|
| Shall I mark leave against his name or absent ? | હું એની રજા લખું કે બૈર-હાજરી ? |
| It was a holiday for me, and they have marked me absent in the catalogue. | મારો તેહેવાર હતો, અને મને હાજરી પત્રકમાં તેમણે બૈરહાજર લખ્યો છે. |
| These vessels come from Karáchee. | આ વાહાણો કરાચીથી આવેછે. |
| What are they laden with ? | તેમાં શું ભરેલું છે ? |
| I don't know what they bring, but they take back cargoes of corn. | તેઓ શું લાવેછે તે હું જાણતો નથી, પણ અહિંઆંથી તો તેઓ અનાજ ભરીને જાયછે. |
| The Pársis have already settled in three of the towns in Sindh. | સિંધના ત્રણ શેહેરોમાં પારશી લોકો જઇને વસ્યા છે. |
| There are upwards of a hundred Pársis there already. | તાંહાં સોકરતાં વત્તા પારશી થયા છે ખરા. |
| No caste has flourished so much under the English as the Pársis. | અંગરેજના અમલમાં પારશી લોકોના જેટલા કોઈ જાતના લોક વધી ગયા નથી. |
| There are Pársis now in Calcutta, Sindh, China, Arabia and indeed in almost every place, to which the British dominion has extended. | હમણા પારશીલોકો કલકત્તામાં, સિંધમાં, ચીનમાં, અરબસ્તાનમાં અને જાંહાં જાંહાં અંગરેજનું રાજ છે તાંહાં તાંહાં સંધે ઠેકાણે છે. |
| Tomorrow is a holiday both for Sháwaks and Mesri. | કાલે શ્રાવક તથા મેસરી બંનેનો તેહેવાર છે. |
| Is this a thorough-fare ? | આ રસ્તેથી આરપાર જવાયછે ? |
| This is the most populous thorough-fare in Surat. | સુરત મધે ધોરી રસ્તો આ છે. |
| He opened a shop in the most populous thorough-fare in the city. | તેણે શેહેરના ધોરી રસ્તા ઉપર દુકાન માંડી છે. |
| His father has just set him up in business. | તેના બાપે તેને હમણાજ ધંધે લગાડ્યો છે. |

| | |
|---|---|
| His father has procured a commission for him. | તેના બાપે તેને સરદારની નોકરી અપાવી છે. |
| By this conduct, he has forfeited his commission. | એવી ચાલથી તેણે પોતાની સરદારી સનંદ ખોઈ. |
| When you go to Bombay, I have two or three little commissions to trouble you with. | જારે તમે મુંબઈ જશો તારે મારે તમને બે ત્રણ ન્હાની ન્હાની વાતને સારૂ તસ્દી દેવી પડશે. |
| It has brought a general cargo, and will take back a cargo of cotton. | તેમાં બધી તરેહનો માલ આવેલો છે અને અહિંઆંથી પાછો કાપડ ભરીને જશે. |
| The crew were saved, but the cargo was all lost. | વાહાણમાંનાં આદમી બચ્યાં પણ માલ બધો ડુબી ગયો. |
| The monitor favours this boy. | શિક્ષક આ છોકરાની રખાવત રાખેછે. |
| We must have no partiality. | આપણે પક્ષપાત કાહાડીજ નાખવી. |
| We must act impartially, and show no favour to any one. | આપણે તરફદારીથી ચાલવું નહીં જોઇએ અને કોઈના ઉપર રખાવત દેખાડવી નહીં. |
| This boy is a great favourite of mine. | આ છોકરો મને ઘણો વાહાલો છે. |
| My favourite amusement is chess-playing. | મારો શોક તો સેત્રંજ રમવાનો છે. |
| The king's favourite amusement was hunting. | એ રાજાને શીકાર રમવાનો શોક ઘણો હતો. |
| This is a favourite ride of mine. | મને એમજ ફરવા જવાનું ગમેછે. |
| Which shall it be, a walk, a ride, or a drive? | આપણે ચાલતા ફરવા જઇસું કે ઘોડેસ્વાર થઇને કે ગાડીમાં બેસીને? |
| Is it going to rain? | શું વસાદ આવવાનું કરેછે કે? |
| No, it will clear up I think. | ના ના, એતો ઉઘડી જશે. |
| The day-before-yesterday, a Clerk and two Sipáhis went by the Názir's order to seize some goods belonging to a Bohrá, but the Bohrá and his friends beat them and then absconded. | પરમ દાહાડે નાજરના હુકમથી એક મેહેતો અને બે સિપાઈ એક હોરાનો માલ જપ્ત કરવાને ગયા, પણ તે હોરાયે અને તેના દોસ્તદારોએ તેમને ઠોક્યા અને પછી નાહાશીને સંતાઈ ગયા. |

| | |
|---|---|
| Yesterday an elephant belonging to the Nawáb of Sacheen broke loose, and ran about the streets. | સચીનના નવાબનો એક હાથી કાલે છુટો પડ્યો અને આખે રસ્તે દોડ્યા કીધું. |
| It is by your own appointment I have come to-day. | તમારા ઠરાવ ઉપરથી તો હું આજે આવ્યો. |
| What discount do you mean to allow me? | તમે મને મુદત કાપીને શું આપોછો ? |
| Can you get this bill discounted for me? | આ ચીઠ્ઠીની મુદત કાપીને નાણા અપાવશો ? |
| I am afraid he don't mean to honour it. | મને બીક લાગેછે કે તે નાણા આપવાનો નથી. |
| Do you think he means to take it up? | તમે ધારોછો કે તે ચીઠ્ઠી લેશે ? |
| That bill I discounted for you, was presented yesterday and dishonored. | તમારે સારૂ જે ચીઠ્ઠીની મુદત હું કપાવી લાવ્યો તે કાલે દેખાડી હતી પણ નાણાં આપ્યાં નહીં. |
| I will buy the carriage of you, if you will take a short bill for it. | તમારી ગાડી હું ખરીદ કરીશ જો, તેને બદલે તમે ટુંકી મુદતની ચીઠ્ઠી લેશો તો. |
| How much longer has this bill to run? | આ ચીઠ્ઠીની મુદતમાં કેટલા દાહાડા બાકી છે ? |
| You may draw upon me for any sum, not exceeding a thousand rupees. | એક હજાર રૂપીઆ સુધી ગમે તેટલાની તમે મારા ઉપર લખજો. |
| Has he accepted the bill? | તેણે ચીઠ્ઠી સીકારી કે ? |
| I don't want the money, I will take a good bill for it. | મારે પૈશા નથી જોઇતા, તેને બદલે હું તો સધરની ચીઠ્ઠી લઇશ. |
| He is a bill-broker. | તે હુંડી (અથવા ચીઠ્ઠી) દલાલ છે. |
| This is an accommodation bill. | આ જોગવાઇની ચીઠ્ઠી છે. |

| | |
|---|---|
| To A. B. | અ. બ. ને. |
| Three months after date, pay to my order the sum of five hundred Rs. for value received. | તમને રૂ. (૫૦૦) પાંચસોનો માલ પોં-હોંચ્યો છે માટે આજથી ત્રણ મ-હિના પછી એ રૂપીઆ મારો હુકમ આવે તારે આપજો. |
| Rs. (500) M. N. | રૂ ૫૦૦ મ. ન. |
| Have you enclosed it ? | તમે તે બીડી? |
| Are you all ready ? | તમે સર્વ તૈયાર છો? |
| Get your slates and pencil ready. | તમારી સ્લેટ તથા પેનસીલ તૈયાર રાખો. |
| We must choose easy sentences this morning. | આજ આપણે સેહેલાં વાક્યો લખવાં જોઇએ. |
| You must assist these new boys. | તમારે આ નવા છોકરાઓને મદદ કરવી. |
| Are they able to write them ? | શું તેમનાથી તે લખાયછે? |
| You must bring these tomorrow, written on paper. | એ તમે કાલે કાગળ ઉપર લખી લાવજો. |
| Take care, that you make no mistakes in copying them. | સમાલજો હો, તે ઉતારવામાં ભૂલ ન કરતા. |
| Can you translate them ? | તમારાથી તેમનો તરજુમો થાયછે? |
| You have made a great many mistakes. | તમે ઘણી ભૂલ કીધી છે. |
| Did you find them very difficult ? | તમને તે ઘણાં અઘરાં લાગ્યાં? |
| You must get this lesson up very perfectly. | તમારે આ પાઠ ઘણી સારી રીતે કરવો જોઇએ. |
| How do you get on in your new class ? | તમે તમારા નવા વર્ગમાં શી તરેહથી ચાલોછો? |
| Do you find the lessons too difficult for you ? | શું તમને પાઠ ઘણા મુશકેલ લાગેછે? |
| It is a very easy lesson certainly, but is too difficult for these new boys. | પાઠ તો ઘણો સેહેલો છે ખરો, પણ નવા છોકરાઓને સારૂ જરા કઠણ છે. |

| | |
|---|---|
| It is a very large house, but it is too small for our school. | એ ઘર તો ઘણું મોટું છે, પણ આપણી નિશાળને વાસ્તે તો જરા ન્હાનું ખરૂં. |
| You have had a great deal of practice, but it is quite a new thing for them. | તમને તો ઘણો મહાવરો છે, પણ તેમને તો કેવળ નવી વસ્તુ છે. |
| These sentences are not quite so easy. | આ વાક્યો કંઈ તેહેવાં સેહેલાં નથી. |
| Most of the Pársis have new clothes on to-day. | ઘણા ખરા પારશીઓએ આજ નવાં કપડાં પેહેર્યાં છે. |
| We shall have about twenty candidates tomorrow I think. | હું જાણુંછું કે કાલે આપણે ઈહાં વીશ ઉમેદવારો થશે. |
| I don't think there will be as many as there were at the last examination. | મને તો જણાતું નથી કે ગઈ પરીક્ષાએ જેટલા થયા હતા તેટલા હમણા થાય. |
| I don't think, there will be any candidates except those from the schools. | હું નથી જાણતો કે નિશાળોમાંના સિવાય બિજા ઉમેદવારો થશે. |
| I don't think there will be fewer than twenty. | મને તો લાગતું નથી કે વીશ કરતાં કંઈ ઓછા થશે. |
| They will hardly find room. | તેમને જગો ભાગ્યે મળે. |
| Two soldiers asked me on Saturday to show them a dyer's house. | શનીવારને દાહાડે મને બે સિપાઈઓએ (સોલજરે) રંગરેજનું ઘર દેખડાવવાને પુછ્યું. |
| When I took them to a dyer's house, the dyer hid himself. | જારે હું તેમને રંગરેજને ઘેર લઈ ગયો તારે તે રંગરેજ સંતાઈ ગયો. |
| The Pársis and Hindus dispute about their language. | પારશી અને હિંદુ પોતપોતાની ભાષા વિશે તકરાર કરેછે. |
| The Hindus and the Mussalmáns do every thing by contraries. | હિંદુ અને મુસલમાન બધી વાતે એકએકથી ઉલટા ચાલેછે. |
| The Hindus and Pársis are alike in some respects. | હિંદુ અને પારશી કેટલીક વાતે મળતા છે. |

| | |
|---|---|
| Some of the Hindu and Pársi customs resemble each other. | કેટલીક હિંદુની અને પારશીની ચાલ એક બિજાની સાથે મળતી છે. |
| Idleness clothes a man with rags. | આળસ દરિદ્રનું મુળ છે. |
| If we stay here we shall be very much crowded. | અહિંઆં રહીશું તો ભચરડાઈ જઈશું. |
| There is a great deal of quarrelling among relations here. | અહિંઆં સગાં વાહાલામાં ઘણો કજીઆ થયા કરેછે. |
| Many of the candidates were very young. | ઘણા ખરા ઉમેદવારો ન્હાના ન્હાના હતા. |
| There were more Hindus than Pársis. | પારશી કરતાં હિંદુ ઘણા હતા. |
| If you are going to take it, take it, don't make so many words about it. | તમે લેતા હોય તો લો, એટલી બધી બજાજી ન કરો. |
| I brought a lock and key yesterday for that cup-board, but some one has taken the key away. | ગઈ કાલે પેલા 'કપબોર્ડ'ને સારૂં તાળું કુંચી હું લાવ્યો તેમાંથી કોઈ કુંચીજ લઈ ગયું. |
| Did Cávasjee ask you to strike his name out ? | કાવસજીએ પોતાનું નામ કાહાડી નાખવાને તમને પુછ્યું હતું ? |
| The boys scribble all over the walls and door. | છોકરા બધી ભીતો અને બારણાં ચીતરી વળ્યા છે. |
| The Bohrá yesterday was the first that ever applied and unluckily he failed to pass. | આપણે અહિંઆં કાલેજ પેહેલવેહેલો એક વોહોરો પરીક્ષામાં આવ્યો હતો પણ ભોગે તે ના પસંદ થયો. |
| Some of the school-boys are becoming very intimate with the soldiers. | કેટલાએક નિશાળના છોકરા સોલજર સાથે ઘણા હળી જાયછે. |
| It's for the sake of talking English with them I suppose. | તેમની સાથે અંગરેજી બોલવાની મતલબને વાસ્તે. |
| I did not expect that the examination would take place yesterday before eleven o'clock, but it took place at ten. | મેં તો નોહોતું ધારયું કે પરીક્ષા કાલે અગિઆર વાગતા પેહેલા થશે પણ તે તો દશ વાગતે થઈ. |

| | |
|---|---|
| I burnt my finger while trimming the lamp. | દીવો સંકોરતાં મારી આંગળી દાઝી. |
| I am to have an answer tomorrow. | કાલે મને જવાબ આવશે. |
| He is very polite to gain his own ends. | તે મહા ગરજમતલબી છે. |
| I have come according to your appointment, how is it you are not ready? | હું તો તમારા ઠરાવ પ્રમાણે આવ્યો તમે કેમ તૈયાર નથી થયા? |
| If you don't mean to pay me, tell me so, and don't give me the trouble to come backwards and forwards after you. | જો તમે મને આપવાના ન હો તો મને તેમ કહો પણ વારે ઘડીએ તમારી પાછલ ફેરા ન ખવડાવ્યા કરો. |
| He has returned without having succeeded in the business he went about. | જે કામને વાસ્તે તે ગયો તે કામ સિદ્ધ થયા વગર તે પાછો આવ્યો. |
| Finish it, don't leave it half done. | પુરૂં કરજો અધુરૂં ન મુકતા. |
| You promised to send me word when the business was settled, don't fail to do so. | તમારૂં કામ પાર પડેથી તમે મને લખી મોકલવાનું કહ્યું હતું તે કરવાને ભૂલતા ના હો. |
| Constant dropping wears away stones and little strokes fell great oaks. | નિરંતર ટપકેથી પથર ઝરે અને ન્હાના ન્હાના ઘાથી મોટું ઝાડ પણ પડે (ટીપેટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય). |
| Maráthi is a more difficult language than Gujráti. | ગુજરાતી કરતાં મરાઠી બોલી અઘરી છે. |
| I don't think so. | મને એમ નથી લાગતું. |
| He is very proud since his promotion. | મોટી જગો મળ્યા પછી એને બહુ મગરૂરી આવી છે. |
| A soldier asked me yesterday whether I would teach him Gujráti. | કાલે મને એક સોલજરે પુછ્યું કે તું મને ગુજરાતી શિખવીશ? |
| He asks but I don't believe he really wishes to learn. | તે એમ કેહેછે પણ ખરેખરી તેની શિખવાની મરજી નથી. |

| | |
|---|---|
| Some say the soldiers are to go on the 5th and some on the 9th, but no one knows any thing positive about it. | કોઈ કેહે કે સોલજરો પાંચમી તારીએ જવાના છે અને કોઈ કેહે કે નવમીએ, પણ એ વાત કોઈ બરાબર જાણતું નથી. |
| As I can't get change for the rupee, I must get you to let it stand over till tomorrow. | રૂપીઆના પૈસા નથી મળતા વાસ્તે હવે તો કાલસુધી સબર રાખો. |
| He robs his belly to provide for his back. | ઘરમાં હાંલ્લે હાંલ્લાં લડે અને બાહાર તારે લાલજી મનિહાર. |
| I would do it for you but your conduct is so bad. | હું તમારે સારૂ કરૂં તો ખરો પણ તમારી ચાલ કાંઈ સારી નથી. |
| The soldiers have gone, and our school boys' newly formed friendships are all at an end. | સોલજરો તો જતા રહ્યા, અને આપણી નિશાળના છોકરાઓએ નવી દોસ્તી કરી હતી તે પૂરી થઈ. |
| Rámdáss and Lalubhái have been trading in partnership together, but have lost by it. | રામદાસ અને લલુભાઈ પંતિઆળો વેપાર કરતા હતા પણ તેથી તેમને ખોટ આવી. |
| You have used that map very ill. | તમે તે નકશો ઘણો બગાડી નાખ્યો. |
| I have a law-suit pending, and shall be compelled to attend the Adálat for a few days. | મારો અદાલતમાં મુકદ્દમો છે તેથી મારે થોડાએક દાહાડા સુધી તાંહાં જવું પડશે. |
| I have been to-day to start Máneckláll on his journey. | આજ માણેકલાલ જાયછે તેને હું વળાવવા ગયો હતો. |
| Máneckláll has started for Broach this morning. | માણેકલાલ આજ સવારે ભરૂચ ગયો. |
| I went with him as far as Biriáw. | હું વરિઆવ લગણ તેની સાથે ગયો હતો. |
| The sparrows have deserted the nest they were building in our room. | ચલિઆં આપણા ઓરડામાં માળો બાંધતાં હતાં તે તેમણે છોડી દીધો છે. |
| In a Guava-tree opposite my house, a Bulbul has built it's nest. | મારા ઘરની સામાં જમરૂખીના ઝાડમાં એક બૂલબુલે માળો બાંધ્યો છે. |

| | |
|---|---|
| I have been taking medicine from a native Doctor this month past, but have received no benefit. | મહીનો થયો હું એક વૈદનું ઔષધ કરૂંછું પણ કંઈ ગુણ નજર આવતો નથી. |
| You must excuse my being late this morning, there was some business which I was compelled to do before I came. | આજ મારે જરૂરનું કામ હતું તેથી મોડાં અવાયું છે માટે માફ કરજો. |
| A vessel from China to Bombay has lately been lost. | ચીનથી મુંબઈ આવતાં એક વાહાણ ગુમ થઈ ગયું છે. |
| The Esplanade was very gay all the time, the soldiers were here; since they are gone, it looks quite gloomy. | સોલજર લોકો હતા તાંહાંસુધી કિલાના મેદાનમાં ઘણી મજા હતી, પણ તેઓ ગયા તે દાહાડાથી તો ઉદાસ જેવું માલમ પડેછે. |
| As opium is very dear just now in China, no doubt the price will rise in Bombay. | હમણા ચીનમાં અફીણ ઘણું મોઘું છે તેથી મુંબઈમાં પણ ભાવ ચઢશે ખરો. |
| He asks for ten days farther leave. | તે દશ દીવસની વધારે રજા માંગેછે. |
| He asks leave for ten days longer. | તે દશ દાહાડાની રજા વત્તી માંગેછે. |
| A great deal of opium goes from India to China. | હિંદુસ્તાનથી ચીનમાં ઘણું અફીણ જાયછે. |
| For a short time the trade was stopped by the Chinese government, but it is now going on again as briskly as ever. | થોડાએક દાહાડાસુધી ચીનની સરકારે એ વેપાર બંધ કીધો હતો, પણ હવે તો પેહેલાંની પેઠે ધોકારે પાછો ચાલેછે. |
| I tried my best yesterday to persuade Cuvarjee to come, and got him to promise that he would, but he is not here this morning I see. | કાલે મેં કુવરજીને સારીપેઠે સમજાવીને કહ્યું કે તું આવજે, તે તેણે કબૂલ કર્યું પણ આજ સવારે તો તે આવ્યોજ નથી. |
| Is there any opium-eater among us here? | અહિંઆં આપણામાં કોઈ અફીણી છે? |

| | |
|---|---|
| I hope not. | ના, ના. |
| Two of our people have gone to Bombay this morning. | આપણામાંથી બે જણ તો આજ મુંબઈ ગયા. |
| The men who are repairing the roads have got as far as our school. | પેલા રસ્તા સમારતા સમારતા આપણી નિશાળ સુધી આવી પોંહોંચ્યા છે. |
| I have taken great pains to acquire that language. | તે બોલી શિખવાને મેં ઘણી મેહેનત કરી છે. |
| The opium which comes to Bombay is chiefly grown in Malwa. | મુંબઈમાં જે અફીણ આવેછે તે ઘણું કરીને માલવામાંજ પાકેછે. |
| Fardunjee says that he has been ill, but to look at him, it don't appear much like it. | ફરદુનજી કેહેછે કે હું માંદો હતો પણ તેનું મોહો જોતાં તેવું નથી દેખાતું. |
| Fardunjee don't look very ill certainly. | ફરદુનજી કંઈ ઘણો માંદો દેખાતો નથી. |
| His month's illness has made him fat. | મહિનાના મંદવાડથી તે જાડો થયો. |
| Grease the wheels before you put the horses to. | પઈડાં ઉંજીને પછી ઘોડા જોડો. |
| There is no reason in what you say. | તમારા બોલવામાં કંઈ ઢંગ નથી. |
| I have been up all night in consequence of the death of one of our caste people. | અમારી ન્યાતમાંનું કોઈએક મરી-ગયું, તેથી હું આખી રાત સુતો નથી. |
| People conceal their own faults and expose those of others. | લોકો પોતાના દોષ ઢાંકીને પારકાનાં ઉઘાડા કરેછે. |
| Wait two or three minutes, I have a call to make here. | જરા ઉભા રોહોની, મારે અહિંઆં જઈ આવવું છે. |
| I can't make up a Págdy, if I could, I would do it for you with pleasure. | મને પાગડી બાંધતાં આવડતી નથી, જો મને આવડતી હોત તો ઘણી ખુશીથી હું તમને બાંધી આપત. |
| Those men split our ears with their noise. | પેલા આદમિઓએ તો બુમો પાડી પાડીને આપણા કાન ફોડી નાખ્યા. |

| | |
|---|---|
| I am very hungry, I wish you would give me something to eat. | મને બહુ ભૂખ લાગી છે. મારે કંઈ ખાવાનું હોયતો આપોછો. |
| I gave you the money you asked, how is it, you have not had my Págdy made up properly? | તમે પૈસા માગ્યા તે મેં તમને આપ્યા અને તમે મારી પાગડી કેમ ઠીક કરીને બંધાવી નહીં? |
| It is no fault of mine, I was obliged to bring it as he had done it. | એમાં મારો વાંક નથી, જેવી તેણે બાંધી તેવી હું લાવ્યો. |
| Well, it is done now, and there is no help for it. | જે બની તે ખરી, હવે એનો ઉપાય નથી. |
| I am sorry that I was compelled to break my appointment with you. | તમારી સાથે મારો ઠરાવ હતો તે મારે ભાગવો પડ્યો તેથી હું પસ્તાઉં છું. |
| I feel very much, as if I were about to have an attack of fever. | મારૂં શરીર હેવું કળેછે કે જાણે તાવ ભરાશે. |
| Wring the water out of those clothes. | આ લુગડાં જરા નીચોવી નાખોની. |
| He killed it by wringing its neck. | તેણે તેની ડોક આમળીને મારી નાખ્યું. |
| He wrung his wet clothes over my dry ones. | તેણે પોતાના ભીનાં કપડાં મારાં સુકાં લુગડાં ઉપર નીચોવ્યાં. |
| I have opened your letter by mistake, and hope you will excuse me. | માફ કરજે, મેં તમારો કાગળ ભૂલથી ફોડ્યો છે. |
| A Gosáee lately cheated N. out of 200 rupees under the pretence of making gold for him. | એક ગોસાંઈ કિમિઆ બનાવવાનું બહાનું કરીને ન. ને બસેં રૂપીઆ ઠગી ગયો. |
| We set out from Bombay on the 3rd and reached Basseen on the 5th. | અમેં મુંબઈથી ત્રિજી તારીખે નિકળ્યા તે પાંચમીએ વસાઈ પોંહોંચ્યા. |
| We lodged that night in the Dharmsálá. | તે રાત્રે તો અમેં ધર્મશાલામાં ઉતરયા. |
| Early the next morning, we crossed in the ferry-boat to Basseen. | બિજે દાહડે સવારના પોહોરમાં તરમાં બેશીને વસાઈ ઉતરી આવ્યા. |

| | |
|---|---|
| We did not reach Damaun till the 8th. | પછી છેક આઠમી તારીખે દંમણ પોંહોંતા. |
| There we staid two days. | તાંહાં અમે બે દાહાડા ટક્યા. |
| We expected to arrive at Surat on the 13th or 14th. | અમારા ધારવામાં હતું કે અમે ૧૩ મીએ કે ૧૪ મીએ સુરત આવી પોંહોંચીશું. |
| The season is very much advanced. | ચોમાશું તો લગભગ આવી પોંહોંચ્યું. |
| He advanced to meet me. | તે મને સામા મળવા આવ્યો. |
| Upon the advance of fresh troops the enemy fled. | નવું લશકર આવતાંજ દુશમન નાઠા. |
| He is willing to be reconciled to you, if you will make the first advances. | જો તમે પેહેલ કાહાડશો તો તે તમારી સાથે સલાહ કરશે. |
| The arts are much advanced in Europe. | યૂરોપમાં હુનર બહુ વધી પડ્યો છે. |
| Did you see the lightning last night? | રાત્રે તમે વિજળી જોઈ? |
| It thundered and lightened last night. | રાત્રે ગરજના તથા વિજળી થઈ. |
| I thought we should have had a great deal of rain. | મેં તો જાણ્યું કે વરસાદ ખુબ તુટી પડશે. |
| Just before the rainy season, there is generally a great deal of sickness in Surat. | ચોમાશું બેશતાંજ સુરતમાં ઘણો રોગ ચાલેછે. |
| When the rains come, the sickness diminishes. | જારે વરસાદ વરસેછે તારે રોગ ઓછો થાયછે. |
| There is a great crowd in the street. | તે રસ્તામાં મોટી ભીડ છે. |
| They are looking at a man with a goat and a monkey. | એક માણસની પાસે વાંદરો અને બકરો છે તે તેઓ જોયછે. |
| We were very much crowded at the dinner party last night. | રાત્રે જમવા ગયા તાંહાં ઠામની બહુ સંકડાસ હતી. |
| We should have been much more comfortable, if we had not been so crowded. | જો એટલી સંકડાસ નહીં હોત તો આપણે ખાસી મજા પડત. |

| | |
|---|---|
| You were absent yesterday. | કાલે તમે ગેરહાજર હતા. |
| How was that? | કેમ હતા ? |
| It was a Pársi holiday. | કાલે પારશીનો તેહેવાર હતો. |
| What holiday? | શો તેહેવાર હતો ? |
| What do you call it? | એનું નામ શું છે ? |
| We call it Farvardian. | એને અમે ફ્રવરદિઆન કહિએછીએ. |
| But some of the Pársis were here, how is that? | પણ કેટલાએક પારશી તો અહિંઆં આવ્યા હતા તે, કેમ ? |
| Some of them come to school, because if they take a holiday, they lose their places in the class. | કેટલાએક નિશાળે એમાટે આવેછે કે જો તેઓ રજા લેઇને રેહે તો તેમને વર્ગમાં જગા ન મળે. |
| The Pársis have not so many holidays as the Hindus have. | હિંદુના જેટલી પારશીને તેહેવારની રજા નથી મળતી. |
| The Hindus have more holidays than the Pársis. | પારશીના કરતાં હિંદુલોકોને તેહેવારની રજા વધારે મળેછે. |
| The Pársis have fewer holidays than the Hindus. | હિંદુ કરતાં પારશીને થોડી રજા મળેછે. |
| What have you been writing about? | તમે શું લખ્યા કરતા હતા ? |
| About the Pársi and Hindu holidays. | પારશી તથા હિંદુ લોકોના તેહેવાર વીશે. |
| Such exercises as this are very useful. | એવી જાતનો અભ્યાસ ઘણો કામનો છે. |
| They teach us to speak English fluently. | એથી આપણે અંગરેજી બોલતાં સારી પેઠે આવડેછે. |
| And also to spell English correctly and to understand it when we hear it. | અને વળી અંગરેજીની શુદ્ધ જોડણી કરતાં અને અંગરેજી સાંભળીએ તે સમજતાં સારૂં આવડેછ. |
| At what time did you come to school this morning? | આજ સવારે તમે નિશાળે ક્યારે આવ્યા ? |
| At about a quarter to nine. | આસરે પોણા નવ વાગતે આવ્યો. |
| What do you do when you come to school so early? | એટલા બધા વેહેલા આવીને નિશાળમાં શું કરોછો ? |

| | |
|---|---|
| We say our lessons to each other, and play about the school-yards. | અમે માંહોમાંહ બેશીને પાઠ કરીએ-છીએ અને નિશાળના આંગણામાં રમીએછીએ. |
| There is sometimes too much noise of a morning. | કોઈ વખતે સવારે ઘણું કકલાણ થાયછે. |
| How is it, that some of the boys can get here so early in the morning while others are not even in time for school? | એમ કેમ, કેટલાએક છોકરા સવારે એટલા બધા વેહેલા આવેછે, અને કેટલાએક નિશાળની વખતે પણ આવી શકતા નથી? |
| You have been to Broach? | તમે ભરૂચ જઈ આવ્યાની? |
| Yes Sir, I staid there eleven days. | હા સાહેબ, હું તાંહાં અગિઆર દાહાડા રહ્યો. |
| How long have you been absent altogether? | સઘળું મળીને તમે કેટલા દાહાડા ગેર-હાજર રહ્યા? |
| Fifteen days. | પંદર દાહાડા. |
| I had leave for fifteen days. | મેં પંદર દાહાડાની રજા લીધી હતી. |
| How did you travel? | તમે શામાં બેશીને ગયા? |
| In a bullock cart. | ગાડીમાં. |
| Are the roads good between Surat and Broach? | સુરત ભરૂચની વચ્ચે રસ્તો સારો છે? |
| No, they are very uneven, and always either dusty or muddy. | ના ના, ખાડા ખબોચિઆં ઘણાં છે અને હમેશાં ધૂળ, નહીં તો કાદવ હોયછે. |
| Have you copied these sentences or have you written them from memory? | તમે આ વાક્યો ઉતારી લીધાં છે કે યાદરાખીને લખ્યા છે? |
| Translate them literally. | શબ્દેશબ્દનો તરજુમો કરો. |
| Translate them freely. | સામટો તરજુમો કરો. |
| Translate them from English into Gujráti. | અંગરેજીમાંથી ગુજરાતીમાં તેનો તરજુમો કરો. |
| Translate them from Gujráti into English. | ગુજરાતીમાંથી તેનો તરજુમો અંગરેજીમાં કરો. |

| | |
|---|---|
| Shall I make a free translation or a literal translation ? | હું સામટો તરજુમો કરૂં કે શબ્દે-શબ્દનો કરૂં ? |
| Shall I translate literally or freely ? | શબ્દેશબ્દનો તરજુમો કરૂં કે સામટો ? |
| It is much easier to translate from another language into our own, than from our own into another. | બિજી ભાષામાંથી પોતાની ભાષામાં તરજુમો કરવો તેના કરતાં પોતાની ભાષામાંથી પારકી ભાષામાં તરજુમો કરવો ઘણો અઘરો છે. |
| I was at Edaljee's house last night. | રાત્રે હું એદલજીને તાંહાં હતો. |
| I went to see Edaljee last night. | હું રાત્રે એદલજીને મળવા ગયો હતો. |
| I staid very late. | હું ઘણીવાર બેઠો. |
| I did not leave till very late. | હું ઘણીવાર સુધી બેઠો. |
| Will you come to my house this evening? | આજ સાંજે મારે ઘેર આવશો ? |
| Shall I see you to-night ? | રાત્રે મળશો ? |
| At what time shall I see you ? | કઈ વખત મળશો ? |
| I went to your house last night, but you were out. | હું રાત્રે તમારે ઘેર આવ્યો હતો પણ તમે બાહાર નિકળ્યા હતા. |
| I shall be at home this evening if you can come. | જો તમે આવવાના હો તો હું આજ સાંજે ઘેર રહું. |
| I shall be glad to see you, if you can come this evening. | આજ સાંજે આવશો તો ઠીક થશે. |
| When shall I come? | હું કારે આવું ? |
| At any time you please, I shall be at home all the evening. | ગમે તારે આવોની, હું તો છેક સાંજ સુધી ઘરમાંજ રહીશ. |
| Which is the most convenient time to you ? | તમને કઈ વખતે ફુરસત મળશો ? |
| Any time will suit me, I shall be disengaged all the evening. | બધી વખત મારે સરખી છે, સાંજે મારે કામ નથી. |
| I am always engaged from ten till four. | રોજ દશથી તે ચારસુધી મારે કામ હોયછે. |
| I am engaged in the school, from ten till four. | દશથી તે ચારલગી મારે નિશાળમાં રોકાવું પડેછે. |

| | |
|---|---|
| After that hour, I am disengaged. | તારપછી હું નવરો હોઉંછું. |
| Surat is a very large city. | સુરત મોટું શેહેર છે. |
| It was formerly very prosperous. | આગળતો એ ઘણું આબાદ હતું. |
| It was formerly the chief trading town on this side of India. | અગાઉ હિંદુસ્તાનમાં આણીગમ એજ મુખ્ય વેપારનું શેહેર હતું. |
| It has now greatly declined. | હમણા તો એ ઘણું તુટી ગયું છે. |
| It is not nearly so populous as it was formerly. | અસલના જેવી એમાં વસ્તી પણ નથી. |
| It has suffered severely from fires, particularly from a very large one in 1837. | આગે કરીને બહુ તુટી ગયું, તેમાં ૧૮૩૭ માં મોટી આગ લાગી તેથી તો ઘણુંજ. |
| At that time many of the inhabitants abandoned it. | તે વખતે ઘણા ખરા રેહેવાસી શેહેર મુકીને ગયા. |
| It was formerly governed by a Mussalmán prince called a Nawáb. | અસલમાં અહિંઆં નવાબનું રાજ હતું. |
| It belongs now to the British. | હમણા અંગરેજ લોકના હાથમાં છે. |
| A large trade in cloth used formerly to be carried on here. | પેહેલા અહિંઆં કાપડનો વેપાર ઘણો ચાલતો હતો. |
| Shut that window for me. | તે બારીતો બંધ કરો. |
| The light hurts my eyes. | મારી આંખે આજવાળું ખમાતું નથી. |
| It is very seldom so light in England as it is in this country. | આ દેશના સરખું ઇંગ્લાંડમાં કોઇજ વખતે અજવાળું પડેછે. |
| A great many of the houses here are white. | અહિંઆં ઘણાં ખરાં ઘર ધોલેલાં છે. |
| I wonder why the inhabitants whitewash their houses. | કોણજાણે અહિંઆંના લોક પોતાના ઘર કેમ ધોલેછે. |
| When the sun shines on them, it is painful to look at them. | જારે તેઓ ઉપર તડકો પડેછે તારે તે સામું જોતાં મોટું દુઃખ થાયછે. |
| There is a great deal of glare here. | અહિંઆં તેજ ઘણું આવેછે. |
| The white-washed-houses are very glaring. | ધોલેલાં ઘર ઉપરથી તેજ ઘણું લાગેછે. |

| | |
|---|---|
| Of what caste are you? | તમે શી ન્યાતના છો? |
| What is your cast? | તમારી ન્યાત કઈ? |
| How many castes are there in Surat? | સુરતમાં કેટલી ન્યાતો છે? |
| To what caste do you belong? | તમે શી ન્યાત છો? |
| Which is the most numerous caste? | સર્વથી મોટી ન્યાત કઈ? |
| I think the Baniás are most numerous and after them the Bráhmins. | ધાર્યાંમાં સર્વથી વત્તા વાણીઆ અને તેનાથી ઉતરતા બ્રાહ્મણ. |
| The Pársis also are very numerous. | પારશી પણ ઘણા છે. |
| The rains have now fairly set in. | હવે ચોમાશું ખરેખરૂં બેઠું. |
| The rains are not so heavy in Surat as at Bombay. | મુંબઈના જેવો સુરતમાં ભારે વરસાદ થતો નથી. |
| I suppose the Taptee will soon begin to swell. | હવે તાપી ભરપૂર થશે કેમ? |
| There are very few boys in the first class this morning. | આજ પેહેલા વર્ગમાં છોકરા ઘણા થોડા છે. |
| I suppose the rain keeps some of them away. | વરસાદને લીધે કેટલાએક અટક્યા હશે. |
| The rain penetrates through the roof. | છાપરામાંથી ગળેછે. |
| The roofs in Surat are tiled. | સુરતમાં નળીઆના છાપરાં છે. |
| Was it raining when you went to bed last night? | રાત્રે તમે સુતા તારે વરસાદ આવતો હતો કે? |
| Do you think it will rain all day? | વરસાદ શું આખો દાહાડો આવ્યાજ કરશે? |
| Will it rain all day to-day and all day tomorrow? | શું આજ અને કાલ બે દાહાડા સુધી વરસાદ આવ્યાજ કરશે? |
| Did it rain all day yesterday? | કાલે આખો દાહાડો વરસ્યો હતો? |
| What do you do from the time you go home from school till the time you go to bed? | તમે નિશાળેથી જાઓછો તારથી તે રાત્રે સુઓછો તાંહાંસુધી શું કરોછો? |

| | |
|---|---|
| You are in my light. | તમે મને અંધારૂં પાડોછો. |
| Be good enough to move out of my light. | જરા અંધારૂં મુકોની. |
| Don't stand in the light. | અંધારૂં શું પાડોછો ? |
| He stands in his own light. | તે પોતાનું નુકસાન કરેછે. |
| The Gujráti idioms are very different from the English ones. | અંગરેજી કરતાં ગુજરાતી બોલવાની તરેહ ઘણી જુદી છે. |
| How long do you think it will take you to acquire a competent knowledge of the English language ? | તમને સારીપેઠે અંગરેજી ભાષાનું જ્ઞાન થતાં કેટલા દાહાડા લાગશે ? |
| He is a very competent mathematician. | તે હિસાબના કામમાં ઘણો ખબરદાર છે. |
| If you want a clerk, this is a very competent man. | તમારે મેહેતો જોઇતો હોય તો આ ઘણો લાયક આદમી છે. |
| Do you think you are competent to teach that class ? | તમે ધારોછો કે તે વર્ગ શિખવવા જોગ તમે છો ? |
| This is a very incompetent monitor. | આ શિક્ષક ઘણો નાલાયક છે. |
| He was dismissed as incompetent. | તેનાથી કામ બન્યું નહીં તેથી તેને રજા આપી. |
| This is a very generous man. | આ આદમી ઘણો સખી છે. |
| This man is very generous. | આ માણસ ઘણો ઉદાર છે. |
| That was very ungenerous conduct. | એ ચાલ કંઈ ઠીક ન હતી. |
| That conduct was very ungenerous. | એ કામ ઘણું કંજુસાઇનું હતું. |
| He acted very generously. | તેણે ભલું કરયું. |
| That was very generous of him. | તે તેની ભલમનસાઈ હતી. |
| I owe my present prosperity to his generosity. | હમણા જે મારી ચઢતી થઈ તે તેનાં રૂડાવાનાં. |
| Sir, * * * * is a very prosperous man. | શેઠ * * * * ઘણો તાલેવાન આદમી છે. |
| Surat is very unprosperous. | સુરત ખાલી છે, (અથવા સુરતમાં પૈસો નથી). |

| | |
|---|---|
| The prosperous Hindus and Pársis are sometimes very generous. | પારશી અને હિંદુ જે પૈસાવાળા છે તેઓ કોઈ વખત ઘણા ઉદાર હોયછે. |
| He acted very generously towards me. | મારા ઉપર તો એણે ઘણીજ મેહેરબાની કરી. |
| I hope he may prosper. | ઈશ્વર કરે ને એની ચઢતી થાય. |
| It would give me great pleasure to hear of his prosperity. | એની ચઢતી થાય તે સાંભળીને મને તો ઘણી ખુશી થશે. |
| You need not put your slates down. | તમારે પોતાની સ્લેટો નીચે નહીં મુકવી. |
| What are you in need of? | તમારે શું જોઈએછે? |
| He is a needy man. | તે તો ગરજાઉ છે. |
| You need not speak so loud. | એટલા જોરથી બોલવાનું કંઈ કામ નથી. |
| If you really need it, you can take it. | તમારે એની ખરેખરી જરૂર હોય તો લઈ જાઓ. |
| A friend in need is a friend indeed. | દુઃખનો સાથી તેજ ખરો મિત્ર. |
| There has been a great deal of changing places in this lesson. | આ પાઠમાં તો જગાની બહુ ઉથલ પાથલ થઈ ગઈ. |
| Let these two classes change places. | આ બે વર્ગવાળાઓની જગો અદલ બદલ કરો. |
| I went out to take a walk last night. | રાત્રે હું ફરવા ગયો હતો. |
| How far did you go? | તમે કાંહાં લગણ ફરવા ગયા હતા? |
| How long were you out? | કેટલી વાર સુધી બાહાર હતા? |
| At what time did you go out? | તમે કારે બાહાર નિકળ્યા? |
| At what time did you come home again? | તમે પાછા ઘેર ક્યારે આવ્યા? |
| Was any thing going on in the Bazár when you were there? | તમે બજારમાં હતા તારે તાંહાં કંઈ થતું હતું? |
| Yes, there was a juggler, exhibiting in one part of it, and a man with two monkies and a goat, in another. | હા, એક ઠેકાણે તો બાજીગરની રમત થતી હતી, અને બિજે ઠેકાણે વાંદરાની અને બકરાની રમત થતી હતી. |

| | |
|---|---|
| The jugglers in India are very clever. | હિંદુસ્તાનના બાજીગર ઘણા હોશીઆર હોયછે. |
| There is also very clever juggling in Europe. | યૂરોપમાં પણ ઘણા હોશીઆર બાજીગર છે. |
| The jugglers in India pretend to supernatural powers; the jugglers in Europe do not. | હિંદુસ્તાનના બાજીગરો કેહેછે કે અમારે કોઈ દેવની સાધના છે અને વિલાયતના બાજીગરો એમ નથી કેહેતા. |
| The people in Europe do not believe there is any such thing as magic. | વિલાયતના લોક કંઈ જાદુને માનતા નથી. |
| I like to walk in the Choak-Bazár because there is always something to be seen there. | ચોકના બજારમાં મને ફરવાનું બહુ ગમેછે કેમકે તાંહાં હમેશાં કંઈ જોવાનું હોયછે. |
| I prefer a walk on the bank of the river, there is always such a beautiful breeze there. | મને તાપી કીનારે ફરવાનું પસંદ છે કેમકે તાંહાં હમેશા પવનની એવી લેહેરો આવેછે. |
| I sometimes walk on the esplanade, and sometimes out to the lines. | હું કોઈ વખતે કિલાના મેદાનમાં અને કોઈ વાર બાહાર લેનમાં ફરવા જાઉંછું. |
| I often ride out to Cattárgám. | હું ઘણીવાર સ્વાર થઈને કતારગામ જાઉંછું. |
| Were you ever at Dumas? | તમે કોઈ દાહાડો ડુમસ ગયા હતા? |
| Yes, many times. | હા, ઘણી વાર. |
| Yes, several times. | હા, બહુ વખત. |
| Have you been to Bombay? | તમે મુંબઈ ગયા છો? |
| Yes, frequently. | હા, ઘણી વાર. |
| No, never, I should much like to go there. | ના કદી નહીં, પણ જવાની મરજી ખરી. |
| You have been there, I think. | તમે તો જઈ આવ્યા હશો. |
| Yes, I staid there about two months. | હા, હું તાંહાં બે મહિના સુધી રહ્યો હતો. |

| | |
|---|---|
| Does it resemble Surat? | તે સુરતના જેવું છે ? |
| Were you ever at Broach? | તમે કોઈ વખત ભરૂચ ગયા છો? |
| Yes, I have just returned from it. | હા, હું હમણાજ તાંહાંથી આવ્યો ને. |
| Yes, I was there very recently. | હા, હું થોડા દાહાડા ઉપર તાંહાં હતો ને. |
| Have you never been there? | તમે કોઈ દાહાડો તાંહાં નથી ગયા? |
| Is this a recent regulation? | આ હમણાનો કાયદો છે? |
| No, it has existed several years. | ના, એને નિકળ્યાને કેટલાંએક વરસ થયાં. |
| An English school has recently been established at Surat. | સુરતમાં એક અંગરેજી નવી નિશાળ નિકળી છે. |
| An English school-master has quite recently arrived at Surat. | એક અંગરેજી સ્કુલમાસ્તર હમણા નવોજ સુરતમાં આવ્યો છે. |
| The phrases this morning were very correctly written, but not repeated so correctly. | આજના વાક્ય લખવામાં તો કંઈ ભૂલ નોહોતી પડી, પણ શુદ્ધ રીતે મોઢે કર્યાં નહતાં. |
| You did not repeat your phrases this morning so correctly as you wrote them. | જેવા આજનાં વાક્યો તમે બરોબર લખ્યાં તેવાં તમારાથી મોઢે નહીં થયાં. |
| How long does it take to learn all these phrases by heart? | આ બધા વાક્ય પાઠ કરતાં કેટલી વાર લાગેછે ? |
| That was a very fine sight. | તે ઘણું સારૂં જોવાનું હતું. |
| In England we should call it a procession. | ઇંગ્લાંડમાં અમે એને "પ્રોસેશન" કહિએછેએ. |
| Processions take place very frequently in Surat. | સુરતમાં વરઘોડો (અથવા સ્વારિઓ) ઘણી વાર નિકળેછે. |
| They are mostly marriage-processions. | ઘણુંકરીને તે લગનના વરઘોડા હોયછે. |
| A great deal of money must be spent in some of these processions. | કેટલાએક વરઘોડા પાછળ ઘણોજ ખરચ થતો હશે. |
| Was that a marriage procession? | તે લગનનો વરઘોડો હતો? |
| No, it was a procession in honor of the return of the Baniás' Mahárάj. | ના, એતો વાણીઆના માહારાજ આવ્યા તેમની સ્વારી હતી. |

| | |
|---|---|
| Where had he been? | તે કાંહાં ગયા હતા? |
| He had been to visit the Baniás in the other towns of Gujrát. | ગુજરાતનાં બિજા શેહેરોમાં વાણીઆ-ઓને દરશન આપવા તે ગયા હતા. |
| How long had he been absent? | તેને બાહાર ગયે કેટલા દાહાડા થયા? |
| I do not exactly know, perhaps a year. | હું બરોબર જાણતો નથી, કદાચ વર-સેક થયું હશે. |
| Who is the Maháráj? | માહારાજ કોણ છે? |
| He is the chief priest of the Baniás. | તે વાણીઆઓના મુખ્ય ગુરૂ છે. |
| Where does he live? | તે કાંહાં રેહેછે? |
| Is he rich? | તે દ્રવ્યવાન છે? |
| Yes, very. | હા, બહુ. |
| How does he get his money? | તેને પૈસા કેમ મળેછે? |
| The Baniás make presents to the temple, and at their marriages they give according to their ability. | વાણીઆ મંદીરમાં ભેટ મુકેછે અને લગન હોય તારે પોતાની શક્તિ પ્રમાણે તેમને આપેછે. |
| A rich Baniá would perhaps give a thousand rupees. | કોઈ નાણાવાળો વાણીઓ હોય તો કદાપિ એક હજાર રૂપીઆ આપેછે. |
| I don't think any one would give less than five. | પણ કોઈ પાંચ રૂપિઆમાંથી તો જાયજ નહીં. |
| We were writing about the time that it takes to commit the phrases to memory when the procession came by yesterday morning. | કાલે સવારે અહિંઆંથી વરઘોડો ગયો તારે આપણે વાક્યો પાઠ કરતાં કેટલી વાર લાગેછે તે વિશે લખતા હતા. |
| We left off writing about the phrases and wrote about the procession. | વાક્યો વિશે લખવાનું છોડી દઈને વરઘોડા વિશેજ લખવા માંડ્યા. |
| We wrote about the Maháráj and the Baniás' temple. | આપણે મહારાજ વિશે અને વાણિઆના મંદીર વિશે લખ્યું. |
| Marriages in India take place at a much earlier age than in Europe. | યૂરોપના કરતાં હિંદુસ્તાનમાં ઘણી ન્હાની ઉમરમાં પરણેછે. |

| | |
|---|---|
| It is very rarely that any man marries in Europe before twenty years of age. | વીશ વરસની ઉમર પેહેલાં તો કોઈ પુરુષ યૂરોપમાં ભાગ્યે પરણેછે. |
| Many do not marry till a much more advanced age, and many not at all. | ઘણા ખરા એથી વધારે ઉમરના પરણેછે અને ઘણા ખરા તો બીલકુલ પરણતાજ નથી. |
| The customs and manners of Europe are very different from those of India. | હિંદુસ્તાનની રીત ભાતથી યૂરોપની રીત ભાત ઘણી જુદી છે. |
| The Hindus and Europeans are very different races of man. | હિંદુ અને યૂરોપિયન ઘણી જુદી ઓલાદનાં આદમી છે. |
| *Ját* is not a good translation of race. | જાત કંઈ "રેસ"નો સારો તરજુમો નથી. |
| Has the clock struck ten ? | દશ વાગ્યા કે ? |
| It is now striking. | હમણા વાગેછે. |
| The attendance in this class, is rather thin this morning. | આ વર્ગમાં આજ સવારે છોકરા થોડા હાજર છે. |
| No, I am mistaken I see, it is not so thin as I thought it was. | ના, હું ભૂલુંછું, મેં ધારયા તેટલા બધા થોડા છોકરા નથી. |
| There are only two boys absent; and one of them is coming at eleven o'clock. | બે છોકરા માત્ર ગૈરહાજર છે ; તેમાં એક તો અગ્યાર વાગતે આવેછે. |
| I am practising you this morning in very familiar phrases. | જે વાક્યો રોજ બોલવાના કામમાં આવેછે તેનો અભ્યાસ આજ હું તમને કરાવુંછું. |
| Do you ever try to speak English among yourselves ? | તમે માંહોમાહે અંગરેજી બોલવાનો કોઈ વાર પ્રયત્ન કરોછો ? |
| You shall practise all such kinds of phrases as you are likely to want when you speak in English among yourselves. | જારે તમે માંહોમાહે અંગરેજી ભાષણ કરો તારે જે પ્રકારનાં વાક્યો તમારે જોઈએ તે સર્વનો મહાવરો તમારે કરવો. |
| The use of shall and will, is one of the difficulties of our languages. | અમારી ભાષામાં 'શાલ' અને 'ઉઇલ' એ શબ્દોને કિયે ઠેકાણે વાપરવા એ મુસ્કેલ છે. |

| | |
|---|---|
| Nearly all the Pársis are absent this morning. | આજે ઘણા ખરા પારશીઓ આવ્યા નથી. |
| The Prásis in the lower class are absent, but nearly all those in the highest class, are here. | નીચેના વર્ગમાં પારશીઓ નથી આવ્યા, પણ ઉપલા વર્ગમાં તો ઘણું કરીને બધા હાજર છે. |
| What is the meaning of that long word? | પેલા લાંબા બોલનો શો અર્થ થાયછે? |
| I do not know what it means. | મને એનો અર્થ માલમ નથી. |
| Do the Pársis do no business to-day? | આજ પારશી કંઈ કાંમ નહીં કરે કે? |
| Some do and some do not. | કેટલા કરશે અને કેટલા નહીં કરે. |
| The Pársis, I think, are divided into two sects, Sherŝái and Choodigar. | પારશી લોકોમાં બે મત ચાલેછે, શોહેરસાઈ અને ચૂડીગર. |
| What do these two words mean? | આ બે બોલનો શો અર્થ? |
| Is there much difference between the two sects? | એ બે મતમાં શું ઘણો તફાવત છે? |
| No, the difference is very little. | ના ના, તફાવત થોડોજ છે. |
| They reckon their time rather differently. | તેઓ પોતાનો વખત જરા જુદી જુદી તરેહથી ગણેછે. |
| There is also a slight difference in their prayers and ceremonies. | તેમની બંદગી અને ક્રિયા કરવામાં પણ થોડોએક તફાવત છે. |
| Do they eat together and intermarry. | તેઓ સાથે બેશીને ખાયછે અને પરણે પરણાવેછે. |
| Yes, and in that case, the wife belongs to her husband's sect. | હા, અને એવી બાબત હોય તારે બઈરી પોતાના માટીના મતમાં મળે. |
| What do the people in this country, chiefly live upon? | આ દેશમાં લોકો ઘણું કરીને શું ખાઈને જીવેછે? |
| Upon rice and other kinds of grain. | ચોખા અને બિજું અનાજ. |
| Some of the rich too, eat wheat. | કેટલાક માતબર લોકો ઘઉં પણ ખાયછે. |
| What other kinds of grain are commonly used? | બિજું શીશી જાતનું અનાજ ઘણું કરીને વપરાયછે? |

| | |
|---|---|
| Rattanjee will go and fetch sample of several kinds. | રતનજી જઈને ઘણી જાતની વાનગીઓ લૈ આવશે. |
| He has brought a little *Dál*, a little *Juár* and a little millet. | એ તો થોડીક દાળ, થોડીક જુઆર અને થોડીક બાજરી લૈ આવ્યો. |
| The *Dál* I see is a kind of pea. | દાળ એક જાતની સિંગની થાયછે. |
| How is it cooked? | તે કેમ રંધાયછે ? |
| It is boiled with tamarind, turmeric, and salt. | તેમાં આમલી હળદ અને મીઠું નાખીને ઉકાળેછે. |
| How do they use the *Juár* and the *Bájree*? | જુઆર બાજરી શી રીતે ખવાયછે ? |
| They make bread of them. | તેના રોટલા કરેછે. |
| The Hindus do not deal with a baker but the Mussalmáns and some of the Pársis do. | હિંદુ લોકો ભઠીઆરાને તાંહાંથી લેતા નથી પણ મુસલમાન લોકો તથા કેટલા પારશી લેછે. |
| Which makes the best bread juár or millet? | જુઆરનો સારો રોટલો થાય કે બાજરીનો ? |
| In this part of the country juár is preferred. | આ પ્રાંતમાં તો જુઆરને વખાણાયછે. |
| What sort of grain is used in England? | ઇંગ્લાંડમાં શી જાતનું અનાજ વપરાયછે ? |
| The English eat no grain but wheat. | અંગરેજ લોકો ઘઊં શિવાય બિજું અનાજ ખાતા નથી. |
| Don't they use barley? | તેઓ શું જવ નથી વાપરતા ? |
| Yes, but not to eat, they use it to make beer of. | હા, પણ ખાતા નથી, તેનો 'બીર' બનાવેછે. |
| What kind of grain is given to horses in this country? | આ મુલખમાં ઘોડાને કઈ જાતના દાણા ખવડાવેછે ? |
| Gram and sometimes millet. | ચણા અને કોઈ વખતે બાજરી. |
| The Examination of those boys who wish to be admitted into our school takes place this morning. | જે છોકરાઓને આપણી નિશાળમાં આવવાની મરજી છે તેમની પરીક્ષા આજ થશે. |

| | |
|---|---|
| How many are there ? | તેઓ કેટલા છે ? |
| I have just counted ten of them. | હમણા મેં દશ તો ગણ્યા હતા. |
| Where are they ? | તેઓ કાંહાં છે ? |
| They are sitting in the passage just outside the school-room door. | તેઓ નિશાળના દરવાજા બાહાર આ-વવા જવાના મારગ ઉપર બેઠા છે. |
| Do you think they will all pass ? | તમે ધારોછો કે તેઓ સહી થશે ? |
| I connot tell, I hope they may. | મારાથી કેહેવાતું નથી, પણ ઉમેદ છે કે તેઓ સહી થાય. |
| They are of various ages. | તેઓ જુદી જુદી ઉમરનાં છે. |
| There are one or two very little boys, but several of them are quite young men. | એક બે છોકરા ઘણા ન્હાના છે, બાકીના બધા મોઠા છે. |
| Where do they all come from ? | એ બધા કાંહાંથી આવ્યા છે ? |
| Do they come from the vernacular schools ? | તેઓ ગુજરાતી નિશાળોમાંથી આવ્યા છે ? |
| Gujráti is your vernacular language. | તમારી દેશભાષા ગુજરાતી છે. |
| Which is my vernacular language ? | મારી દેશભાષા કઈ છે ? |
| Dádobá's vernacular language is Maráthi. | દાદોબાની દેશભાષા તો મરાઠી છે. |
| What language is taught in the vernacular schools at Bombay ? | મુંબઈની દેશી ભાષાની નિશાળોમાં કઈ બોલી શિખવેછે ? |
| In some of them Gujráti, and in some Maráthi. | કેટલી નિશાળોમાં ગુજરાતી અને કેટલીકમાં મરાઠી. |
| Which is the vernacular language of the Pársis ? | પારશીઓની દેશભાષા કઈ છે ? |
| How many boys were admitted into the school on Monday ? | સોમવારે અંગરેજીમાં કેટલા છોકરા લીધા ? |
| Five were admitted and one re-admitted. | પાંચ નવા લીધા અને એક બિજી વારનો લીધો. |
| How many were rejected ? | કેટલાને નામંજુર કીધા ? |
| On what account were they rejected? | શા સારૂ તેમને નામંજુર કીધા ? |

| | |
|---|---|
| Chiefly, because they could not read their own written language. | એટલા સારૂ કે તેઓ પોતાની લખેલી ભાષા વાંચી જાણતા નથી. |
| Are all those who were admitted present this morning? | જેમને લીધા હતા તેઓ બધા આજ હાજર છે? |
| All except the Maráthi Brahmin. | મરાઠી બ્રાહ્મણ વગર સઘળા છે. |
| Here he comes. | આ તે આવેછે. |
| Well then, they are all present now. | વારૂ તારે, હવે બધા હાજર છે. |
| Do any of them know any thing of English? | એમાં કોઇને કંઈ અંગરેજી આવડેછે? |
| Yes, one or two of them are already tolerable English scholars. | હા, એક બે જણ તો કામચલાઉ અંગ-રેજી જાણનારા છે. |
| The Bráhmin knows something of English, but cannot write it. | પેલો બ્રાહ્મણ કંઇકિ અંગરેજી જાણેછે પણ તેને લખતા નથી આવડતું. |
| How do you say "rub it out" in Gujráti? | "રબ્ ઇટ્ આૌટ્" એ ગુજરાતીમાં કેમ બોલાય? |
| What is the literal translation of *Bhoosilákho*? | "ભૂસીલાખો" નો શબ્દેશબ્દનો તર-જુમો શો છે? |
| It cannot be translated literally into English. | અંગરેજીમાં એનો શબ્દેશબ્દનો તર-જુમો થઈ શકતો નથી. |
| Can you translate "rub it out" literally into Gujráti? | "રબીટૌટ" નો તરજુમો તમે ગુજરા-તીમાં શબ્દેશબ્દનો કરી શકોછો? |
| No, the nearest translation is *Bhoosilákho*. | ના, પણ ભૂસીલાખો એ તરજુમો ઠીક છે. |
| It is frequently impossible to translate literally from one language into another. | એક ભાષાનો તરજુમો બિજીમાં શબ્દેશબ્દનો કરવો એ તો ઘણું-કરીને અશક્ય છે. |
| What do you call that kind of translation, which is not literal? | જે શબ્દેશબ્દ નથી એવા પ્રકારના ભાષાંતરને તમે શું કોહોછો? |
| We call it a free translation. | અમે તેને સામટો તરજુમો કહિએછૈએ. |

| | |
|---|---|
| Literal translations are unintelligible to those who do not know the original language. | જેમને અસલ ભાષા નથી આવડતી તેમને શબ્દેશબ્દનો તરજુમો સમજવો કઠણ પડેછે. |
| In England, bullocks are not used as beasts of burden. | ઇંગ્લાંડમાં બળદીઆને ભારબરદારી જનાવરમાં નથી વાપરતા. |
| In England, bullocks do not work. | ઇંગ્લાંડમાં બળદ પાસે કામ નથી કરાવતા. |
| All the work which in this country is done by bullocks, is done in England by horses. | આ મુલખમાં જેમ સંધું કામ બળદ કરેછે તેમ ઇંગ્લાંડમાં ઘોડા કરેછે. |
| We have many different breeds of horses. | અમારા દેશમાં તરેહ તરેહના ઘોડા છે. |
| We have several breeds of horses, much larger than any I have yet seen in India. | અમારે તાંહાં ઘણી જાતના ઘોડા છે, હિંદુસ્તાનમાં મેં એટલા મોટા ઘોડા હજુ જોયા નથી. |
| Our cart and waggon horses are tall and very stout and strong. | અમારાં ગાડાં અને છકડાંના ઘોડા ઉંચા તથા ઘણા પુષ્ટ અને જબરા છે. |
| In loading a waggon we allow sixty *Maunds* for each horse. | એક છકડામાં ભારનો આસરો એક એક ઘોડાને ભાગે સાઠ સાઠ મણ ભરિએછિએ. |
| What do you consider a fair load to put in a bullock cart drawn by two bullocks? | જે ગાડાને બે બળદ જોડ્યા હોય તેમાં તમે કેટલો ભાર ભરવો લાયક જાણોછો? |
| From thirty to sixty *Maunds*. | ત્રિશ મણથી તે સાઠ મણ સુધી. |
| You do not look well this morning. | આજ કંઈ તમારો ચેહેરો ઠીક દેખાતો નથી. |
| No, I have a very bad head-ache and tooth-ache. | ના, મારૂં માથું બહુ દુખેછે અને દાઢ પણ દુખેછે. |
| What has caused them? | એ શાણે થયું હશે? |
| They are rheumatic pains occasioned by a cold. | એ બધો સંધીવાનો રોગ શરદીથી થાયછે. |

| | |
|---|---|
| I have caught a bad cold. | મને ઘણો સલેખ્મા થયો છે. |
| If you sit in wet clothes, you will catch cold. | જો તમે ભીનાં કપડાં પેહેરીને બેશશો તો તમને શરદી થશે. |
| Colds and rheumatisms are very common at this season. | આ રૂતુમાં શરદી અને સંધીવા ઘણો થાયછે. |
| A cold is produced by any thing which suddenly checks the perspiration. | કંઈ પણ કારણથી પશીનો નિકળતો એકાએક બંધ થઈ જાયછે તારે શરદી થાયછે. |
| A cold can only be cured by restoring the perspiration. | પાછો પશીનો છૂટે તો શરદી મટી જાય. |
| Wearing damp clothes, sleeping in a damp bed, exposure to the dew at night, and many other causes produce colds. | ભીનાં લુગડાં પેહેરવાથી, હવાયળી પથારીમાં શુવાથી, રાત્રે ઝાકળામાં રેહેવાથી, અને બિજાં ઘણાં કારણોથી શરદી પેદા થાયછે. |
| Narrow and dirty streets make a town unhealthy. | જે શેહેરમાં સાંકડા અને ગંદા રસ્તા હોયછે તેમાં મંદવાડ પણ હોયછે. |
| A town built in a damp place is always unhealthy. | શરદીવાળી જગોમાં જે શેહેર બાંધેલુ હોયછે તેમાં હમેશાં રોગ પેદા થાયછે. |
| Plagues rarely occur in a town, where the streets are broad and kept clean. | જે શેહેરમાં રસ્તા પોહોળા અને સાફ હોયછે તાંહાં મરકી કોઈ વખતેજ ચાલેછે. |
| Formerly, terrible sicknesses frequently occurred in London. | પેહેલાં લંડનમાં પણ ઘણી વાર ભયંકર મરકી ચાલતી હતી. |
| At that time the streets were very narrow and dirty. | તે વખતે રસ્તા ઘણા સાંકડા અને ગંદા હતા. |
| At last a great fire happened, which burnt all the middle of the town. | છેલ્લે એક મોટી આગ લાગીતેથી શેહેરનો વચલો ભાગ તમામ બળી ગયો. |
| The inhabitants then built it up again, making the streets broader, and providing drains and sewers to carry off all slops and filth. | લોકોએ શેહેર ફરીથી બાંધ્યું અને રસ્તા પોહોળા રાખ્યા અને બધો કચરો તથા ગંદુ પાણી જવાને વાસ્તે મોરિઓ અને નળો મુક્યા. |

| | |
|---|---|
| Since that time, there have been no more such sicknesses in London. | તાર પછી લંડનમાં એવી મરકી કદી ચાલી નથી. |
| Formerly one person in thirty died in London every year. | અગાઉ લંડનમાં દર વરસે ત્રીશ આદમીમાંથી એક મરતું. |
| Now, only one person in forty dies every year. | હમણા ચાળીસ આદમીમાંથી દર વરસે એકજ માત્ર મરેછે. |
| Put that form at the end of the class. | વર્ગને છેડે તે પાટલી મુકો. |
| If you put it close against the window, there will be no room for any body to get by. | જો તમે છેક બારીની પાસે મુકશો તો કોઇને આવવા જવાની જગો નહીં રેહે. |
| Don't put it so, nobody will be able to get by. | કોઇને આવવા જવાની જગો ન રેહે એવી ન મુકતા. |
| If you put it so, nobody can get by. | જો એમ મુકશો તો કોઇથી અવાશે જવાશે નહીં. |
| Call the boys and let us begin. | છોકરાઓને બોલાવો અને આપણે શરૂ કરીએ. |
| Here is a note from Edaljee, Sir, asking leave for to-day. | સાહેબ, એદલજીએ આજના દાહાડાની રજા મંગાવી છે અને તેની આ ચીઠી છે. |
| The English is very good for a second class boy. | બિજા વર્ગનો છોકરો થઇને અંગરેજી ઘણું સારૂં લખ્યું છે. |
| There are three very trifling errors in it. | એમાં ત્રણ હલકી ચૂકો છે. |
| Try if you can detect them. | જુઓ તમારાથી તે ભૂલો ખોળી કઢાશે. |
| Listen, while I read it to you. | હું વાચું તે સાંભળો. |
| Do any of you know how Dádábhái is ? | દાદાભાઇની શી ખબર છે, તમને કોઇને માલમ છે ? |
| He is still ill. | તે હજુ માંદો છે. |
| Is he very ill ? | શું તે ઘણો માંદો છે ? |
| No, not very. | ના, ઘણો નથી. |
| What is the matter with him ? | તેને શું થયું છે ? |

| | |
|---|---|
| I don't know exactly, I think it is fever. | તાવ આવતો હશે, મને બરાબર માલમ નથી. |
| Is he getting better? | તેને ફેર પડવા માંડ્યો? |
| Does he get any better? | તેને કંઈ ફેર પડવા માંડ્યો? |
| Yes, he expects soon to be able to attend the school again. | હા, તે કેહેછે કે થોડાક દાહાડામાં મારાથી નિશાળે અવાશે. |
| No, I think, he gets worse. | ના, ધારચામાં તો તે વધારે માંદો છે. |
| No, I think, he continues much the same. | ના, જેમ છે તેમનું તેમજ જારી છે. |
| Are you better to-day than you were yesterday? | કાલના કરતાં આજ તમારી તબિયત કંઈ સારી છે કે? |
| Do you feel better to-day than you did yesterday? | કાલના કરતાં આજ તમને કંઈ સારૂ લાગેછે કે નહીં? |
| No, I feel much the same. | ના, જે છે તે છે. |
| No, I think, I feel worse. | ના, મને તો જરા વધારે લાગેછે. |
| I feel much better to-day than I did yesterday. | કાલના કરતાં આજ મને મારી તબિયત ઘણી સારી લાગેછે. |
| After taking the medicine you sent me, I felt much relieved. | તમે ઔષધ મોકલ્યું તે પીધા પછી મારા જીવને બહુ સુખ થયું. |
| He is a very feeling man. | એ ઘણું દયાળૂ માણસ છે. |
| He feels for any body in distress. | કોઈ દુઃખમાં હોયતો એને ઘણી દયા આવેછે. |
| Women are more feeling than men. | પુરૂષના કરતાં બઇરિંનું હૈયું વત્તું કાચું હોયછે. |
| This is very unfeeling conduct. | આ ઘણી નિર્દય ચાલ છે. |
| If he is not very clever, there is a great deal of good feeling in him. | એ ઘણો હોશીઆર નથી તો શું થયું પણ એનામાં ભલમનસાઈ બહુ છે. |
| He is a very unfeeling man. | તે ઘણો નિર્દય માણસ છે. |
| There is a great deal of bad feeling between these two persons. | આ બે માણસને માંહોમાં ઘણી અદાવત છે. |
| I feel a pain in my side. | મારી કૂખમાં દરદ થાયછે. |

| | |
|---|---|
| I feel very sleepy. | મને બહુ ઉંઘ આવેછે. |
| I feel very tired after my walk. | ફરીઆવ્યા પછી મને ઘણો થાક લાગ્યો છે. |
| This news makes me feel very sad. | એ ખબર સાંભળીને મને ઘણી ઉદાસી લાગેછે, |
| I feel the truth of what you say. | તમે કોહોછો તે મને ખરૂં લાગેછે. |
| I feel very stiff after my long walk. | દૂર ફરીઆવ્યા પછી હું જેવો સડ થઈ ગયો. |
| I feel very much for him, but what can I do? | તેના ઉપર મને દયા તો બહુ આવેછે પણ મારાથી શું થવાનું છે? |
| I feel very angry with you. | હું તમારી સાથે ઘણો ગુસ્સે થયો છું. |
| Feel my pulse. | મારી નાડ જુઓ. |
| This silk feels very soft. | આ હીર ઘણું નરમ લાગેછે. |
| This cloth feels very rough. | આ લુગડું ઘણું કરકરૂં લાગેછે. |
| Have you no feeling? | તમને જરા દયા નથી? તમને કંઈ લાગતું નથી? |
| I feel very sick. | મને ઘણું અસુખ લાગેછે. મારો જીવ ચુંથાયછે. |
| This room feels very warm. | આ ઓરડામાં ઘણી ગરમી લાગેછે. |
| This place feels very close. | અહિંઆં બહુ બાફ લાગેછે. |
| I feel it very hard after so many year's service, to be dismissed without a pension. | આટલાં બધા વરસ મેં ચાકરી કીધી અને મને "પેન્સન" આપ્યા વગર કાહાડી મુક્યો તેથી મને ઘણું કઠણ લાગેછે. |
| I don't feel very industrious to-day. | આજ મને સુસ્તી લાગેછે. |
| I feel very low-spirited to-day. | આજ હું ઘણો ઉદાસ થઈ ગયો છું. |
| I can't yet feel the beauty of the Hindu music. | હિંદુ લોકોનાં ગાયનની ખુબી હજુ લગણ હું સમજતો નથી. (મારાથી સમજાતી નથી). |
| It feels very hot to-day. | આજ ઘણો તાપ લાગેછે. |
| Feel how smooth this marble is. | જુઓ આ આરસપાહાણ કેવો લીસો છે. |

| | |
|---|---|
| This bag feels very heavy, I think there must be gold in it. | આ કોથળી ઘણી ભારે લાગેછે એમાં સોનું હશે. |
| I feel in very good spirits to-day. | આજ મારી તબિયત ખાસી હોશીઆર છે. |
| The clocks are wrong this morning. | આજ સવારના ક્લાક ખોટા છે. |
| How is that? | એમ કેમ? |
| The gun was fired at the wrong time last night. | રાત્રે બરોબર વખતે તોપ નોહોતી પડી. |
| How was that? | કેમ વારૂ? |
| They regulate the clocks then by the gun-fire. | તારે તોપ પ્રમાણે લોકો પોતાનાં ઘડિઆળ ચલાવેછે કેમ? |
| We are twenty minutes too early. | આપણે જરા વીશ મિનિટ વેહેલા છૈએ. |
| We will not begin just yet. | અત્યારમાં આપણે શરૂ નહીં કરીએ. |
| We will wait a little while, I dare say some more boys will be here presently. | આપણે જરા વાટ જોઈશું, એટલામાં કેટલાએક વત્તા છોકરા આવશે ખરા. |
| You have not read this book. | તમે આ ચોપડી નહીં વાંચી હોય. |
| No Sir, I have not had time. | ના સાહેબ, મને ફુરસદ નહીં મળી. |
| You are not going to Bombay then, as you intended. | તમે મુંબઈ જવાને ધારતા હતા તે નથી જવાના કે. |
| No, I have put it off till next year. | ના, હવે તો પોર ઉપર વાત રાખી છે. |
| You were not here yesterday. | તમે કાલે અહિંઆં નોહોતા આવ્યા. |
| No Sir, I had some business to do which I could not leave. | ના સાહેબ, મારે કંઈ જરૂરનું કામ હતું. |
| You are not ill, I suppose. | તમે કંઈ માંદા તો નથી કે ની, |
| No, thank you, I feel very well. | ના, તમારી મેહેરબાનીથી હમણા તો સારૂં છે. |
| You don't get on very fast with those sums. | એ હિસાબ તમે કંઈ ઝડપથી કરતા નથી. |
| No Sir, I find them rather difficult. | ના સાહેબ, એતો જરા દોહેલા લાગેછે. |
| Are the clocks right or wrong this morning? | આજ ક્લાક ખરાં છે કે ખોટા? |
| They are twenty minutes wrong. | વીશ મિનિટ ખોટાં ચાલેછે. |

| | |
|---|---|
| How is it, they don't set them right? | બરોબર માંડતા કેમ નથી? |
| I wonder they don't set them right. | કોણજાણે તેઓ બરોબર નથી માંડતા. |
| Whose fault is it, that they are wrong? | એ ખોટા ચાલેછે એમાં કોનો વાંક છે? |
| It is the Town-Major's fault I suppose. | ટૌનમેજરનો વાંક હશે. |
| These bullocks go very fast. | આ બળદીઆ ઘણા જલદી દોડેછે. |
| They do not go too fast. | * જોઇએ તે કરતાં જલદી દોડતા નથી. |
| He is a very good boy. | તે છોકરો ઘણો સારો છે. |
| A boy cannot be too good. | * છોકરો જેવો સારો થવો જોઇએ તે કરતાં વત્તો સારો થવો અશક્ય છે. |
| This is a very large house. | આ ઘર તો ઘણુંજ મોટું છે. |
| Is it too large? | તે જોઇએ તે કરતાં મોટું છે? |
| No, we want a larger one. | ના, આપણે તો વત્તું મોટું જોઇએ. |
| These mangoes are very ripe. | આ કેરીઓ ઘણી પાકેલી છે. |
| Are they too ripe? | તે શું છેક પાકી ગઇઓ છે? |
| They are very ripe certainly, but I don't think, they are too ripe. | પાકેલી તો છે ખરી પણ જોઇએ તે કરતાં પાકેલી નથી. |
| He is a very affectionate father. | એને પોતાનાં છોકરાં ઘણાં વાહાલાં છે. |
| I think, he is too affectionate. | * તેઓ તેને ઘણાં લાડકવાયાં છે. |
| I am too tired to walk any further. | હું તો છેક થાકી ગયો છું મારાથી આગળ નહીં ચલાય. |
| I am in too great a hurry to stop to talk to you now. | હમણા મારે ઘણી ઉતાવળ છે તેથી ખોટી થઇને તમારી સાથે વાત થશે નહીં. |
| I am too sleepy to sit up any longer. | હવે તો મને બહુ ઉંઘ આવેછે મારાથી બેસાશે નહીં. |
| I am too hungry to wait any longer. | * મને લાગેછે તે કરતાં વત્તી ભૂખ લાગી છે હવે મારાથી રેહેવાતું નથી. |
| He is too young to be sent to school. | એટલા ન્હાનાને નિશાળે શી રીતે મોકલાય. |

* જેના ઉપર એવી નિશાની કરી છે તે વાક્યોનો અર્થ જેમ અંગરેજીમાં ટૂનો અર્થ છે તે પ્રમાણે લખ્યો છે.

| | |
|---|---|
| He is too idle to learn much. | એ આળશુ પાડો શું શિખવાનો છે. |
| This lesson is too long to read at once. | * આ પાઠ એકદમ વાંચવાને જોઇએ તે કરતાં વત્તો લાંબો છે. |
| The Russians are too powerful a people to be afraid of any thing the Persians can do. | રશિઅન લોકો એવા જબરા છે કે ઇરાની લોકો જેટલું કરશે તેથી તે બીવાના નથી. |
| When I go to Bombay I shall meet my cousin. | જારે હું મુંબઇ જઇશ તારે મારા પિતરાઇને મળીશ. |
| When I go to Broach, I shall see my father. | જારે હું ભરૂચ જઇશ તારે મારા બાપને મળીશ. |
| When I go home, I will tell my brother what you say. | જારે હું ઘેર જઇશ તારે તમે કોહોછો તે હું મારા ભાઇને કહીશ. |
| As soon as the school is over, I shall dine. | નિશાળ બંધ થશે એટલે હું જમીશ. |
| When you come to school tomorrow don't forget to bring your book. | જારે તમે કાલે નિશાળે આવો તારે તમારી ચોપડી લાવ્યા વગર રેહેતા ના. |
| When you see him, tell him that I wish to speak with him. | જારે તમે તેને મળો તારે કેહેજો કે તને તેડેલો છે. |
| When I go home I shall drive out in my bullock gádee. | હું ઘેર જઇને ગાડીમાં બેશીને ફરવા જઇશ. |
| When you come to-night you shall write a copy of this for me. | જારે તમે રાત્રે આવો તારે આની તમે મને એક નકલ ઉતારી આપજો. |
| What did you do with yourself yesterday. | કાલે તમે વખત શી તરેહ ગુજાર્યો ? |
| Did you go out any where yesterday ? | કાલે કહીં તમે બાહાર નિકળ્યા હતા ? |
| What did you do all day ? | આખ્ખો દાહાડો શું કર્યા કીધું ? |
| What were you doing all day ? | આખ્ખો દાહાડો શું કરતા હતા ? |
| Where did you go yesterday ? | કાલે તમે કાંહાં ગયા હતા ? |
| I went to see Nánábhái. | હું નાનાભાઇને મળવા ગયો હતો. |

| | |
|---|---|
| Did any one come to see you yesterday? | તમને કાલે કોઈ મળવા આવ્યું હતું? |
| Do you never go to see him? | તમે કોઈ વખત તેને મળવા નથી જતા? |
| Call and ask him, how he does? | તેને ઘેર જઈને પુછો કે તારી શી ખબર છે? |
| I called at your house yesterday while you were out. | કાલે તમે બાહાર નિકળ્યા હતા તારે હું તમારે તાંહાં આવ્યો હતો. |
| Give me a call now and then? | વખત બે વખત મારે તાંહાં આવજો. |
| He often calls in upon me. | તે મારે તાંહાં ઘણીવાર આવેછે. |
| Call at the post-office, and ask if there are any letters for me. | આવતાં (અથવા જતાં) પોસ્ટ આફિસમાં પુછો જો મારા નામના કંઈ કાગળો હોય તો. |
| Call at the watch-maker's and ask if my watch is done. | ઘડિઆળીને તાંહાં પુછતા આવજો કે મારૂં ઘડિઆળ દુરસ્ત થયું. |
| You will come by Gopináth's house, call and ask, how he is. | તમે ગોપીનાથના ઘર આગળ થઈને આવો તારે તેની ખબર પુછતા આવજો. |
| Give me a call now and then, I shall always be glad to see you. | વખત બે વખત મારે ઘેર આવજો, હું ખામોખા તમને મળીશ. |
| What did that pencil cost? | તે પેનસીલનું શું બેઠું? |
| What did you pay for that book? | તે ચોપડીનું તમે શું આપ્યું? |
| How much did this umbrella cost you? | આ છતરીનું તમને શું બેઠું? |
| Have you wound your watch up? | તમે પોતાના ઘડિઆળને કુંચી ફેરવી કે? |
| I always wind it up at gun-fire. | હું રોજ તોપ પડતાં કુંચી ફેરવુંછું. |
| Wind up your watch. | તમારી ઘડિઆળને કુંચી ફેરવો. |
| Take care you don't over wind it. | સમાલજો હો, વધારે આંટા ન ફેરવતા. |
| I have let my watch run down. | મારૂં ઘડિઆળ ફેરવવું રહી ગયું. |
| This clock requires winding up once a week only. | આ ક્લાકને અઠવાડિઆમાં ફકત એક વાર કુંચી ફેરવવી પડેછે. |
| It is called an eight day clock. | એને આઠ દાહાડાનું ક્લાક કેહેછે. |

| | |
|---|---|
| Is it a holyday to-day? | આજ કંઈ તેહેવાર છે ? |
| Is it a Hindu holiday or a Pársi holiday? | આજ હિંદુનો તેહેવાર છે કે પારશીનો ? |
| Is it a whole holiday at the office? | કચેરીમાં આખા દાહાડાની છુટ્ટી છે ? |
| No, it is a half holiday they leave at two o'clock. | ના, અર્ધા દાહાડાની છુટ્ટી છે, બે વાગતે કામ બંધ કરશે. |
| I think we cannot do better than to take them for our guide. | તેમના પ્રમાણે ચાલવું આપણને ઠીક પડશે. |
| We shall have a half holiday. | આપણને અર્ધા દાહાડાની રજા મળશે. |
| School will break up at one o'clock | એક વાગતે નિશાળ બંધ થશે. |
| The school will be dismissed at one o'clock. | એક વાગતે નિશાળને રજા થશે. |
| There will be no school after the one o'clock vacation. | એક વાગતાની રજા થયા પછી નિશાળનું કામ નહી ચાલે. |
| We have half an hour's vacation every day. | રોજ આપણને અર્ધા કલાકની રજા મળેછે. |
| What shall you do with yourself this afternoon? | આજ બપોર પછી તમે શું કરશો ? |
| We shall go to the fair at Cattárgám. | આપણે મેળો જોવાને કતારગામ જઈશું. |
| What amusements are there at this fair? | મેળામાં શું શું જોવાનું છે ? (મેળામાં શી શી ગમતો છે). |
| The chief amusement is to see the crowds of people. | મુખ્ય ગમત તો લોકોની ભીડ જોવાની છે. |
| Toys and eatables are sold there. | રમકડાં અને ખાવાની ચીજો તાંહાં વેચાયછે. |
| The Hindus have a temple there where they worship. | હિંદુ લોકોનું દેહેરૂં છે તાંહાં તેઓ પુજા કરેછે. |
| Did you go to Cattárgám yesterday afternoon? | કાલે પાછલે પોહોરે તમે કતારગામ ગયા હતા ? |
| No, it came on raining, so I staid at home. | ના, વરસાદ આવ્યો માટે હું ઘેરજ બેશી રહ્યો. |

| | |
|---|---|
| No, I staid at home, on account of the rain. | ના, વરસાદને લીધે હું તો ઘરમાંજ રહ્યા. |
| Yes, I went for a short time. | હા, હું થોડિકવાર ગયો હતો. |
| Were there many people there? | મેળામાં લોક ઘણા હતા? |
| No, the rain kept a great many away. | ના, વરસાદથી ઘણા જણા બેશી રહ્યા. |
| Was there any thing worth seeing there? | તાંહાં કંઈ ચીજ જોવા લાયક હતી? |
| There were a great many gádees and horses. | ગાડી ઘોડા તો ઘણા હતા. |
| The missionaries had a tent there, and were distributing books. | પાદરી લોકોએ તાંહાં તંબુ તાણ્યો હતો અને તેઓ ચોપડિઓ વેહેંચતા હતા. |
| At what time were you there? | તમેં તાંહાં ક્યારે ગયા હતા? |
| At about half past five. | આસરે સાડે પાંચ વાગતે. |
| Why there were nearly as many Pársis there as Hindus. | એમ કેમ, જેટલા હિંદુ હતા તેટલાજ ઘણુંકરીને પારશી પણ હતા. |
| The Pársis spent more money than the Hindus. | હિંદુના કરતાં પારશીએ પૈશા વધારે ખરચ્યા. |
| How many fairs are there in a year? | વરસમાં કેટલા મેલા થાયછે? |
| A great many holidays are kept in Surat. | સુરતમાં તો ઘણાએ તેહેવાર આવેછે. |
| How many do you think? | કેટલા તમે ધારોછો વારૂ? |
| Fifty at least. | ઓછામાં ઓછા પચાસ ખરા. |
| Some of them are Mussalmán holidays. | તેમાં કેટલાએક તો મુસલમાનના તેહેવાર છે. |
| These holidays and the English Sundays, together amount to nearly a third of the year. | આ બધા તેહેવારો અને અંગરેજના રવિવાર સર્વ મળીને વરસમાં ચાર મહિના રજા પડેછે. |
| In England the floors are always of wood. | ઇંગ્લાડમાં ઘરની ભોંયો હમેશાં પાટિઆંની હોયછે. |
| The wood of this country is better than that of England. | ઇંગ્લાંડનાં લાકડા કરતાં આ દેશનું લાકડું સારૂં ખરૂં. |

| | |
|---|---|
| The best English wood is oak. | ઇંગ્લાંડમાં સર્વથી સારૂં લાકડું "ઓક" છે. |
| It is nearly as good as teak. | તે ઘણું કરીને સાગવાનના જેવું સારૂં છે. |
| Some of these slate-frames are made of oak. | કેટલાએક આ સ્લેટોનાં ચોકઠાં "ઓક" ના બનાવેલાં છે. |
| The forms and desks are made of teak. | મેજો અને પાટલિઓ સાગવાનની બનાવેલી છે. |
| The wood used in England for most common purposes is deal. | ઇંગ્લાંડમાં સાધારણ કામને વાસ્તે "ડીલ" લાકડું વપરાયછે. |
| Deal is a very light wood and very soft. | 'ડીલ' લાકડું ઘણું હલકું અને ઘણું નરમ છે. |
| The best woods are hard and heavy. | સારામાં સારૂં લાકડું કઠણ અને ભારે હોયછે. |
| Nearly all the wood used in England is brought from other countries. | ઇંગ્લાંડમાં જે લાકડું ખપેછે તે ઘણું કરીને બાહારથી આવેછે. |
| Deal is brought from the north of America, and the north of Europe. | 'ડીલ' ઉત્તર અમેરિકાથી અને યૂરોપની ઉત્તરમાંથી આવેછે. |
| Mahogany and rose-wood are used for furniture. | 'મેહોગની' અને 'રોજવુડ' સામાન બનાવવાના કામમાં આવેછે. |
| What street do you live in? | તમે કિયા મોહોલ્લામાં રોહોછો? |
| What do you do for a living? | તમે શો ધંધો કરોછો? |
| How do you get your living? | તમારૂં ગુજરાન કેમ ચાલેછે? |
| Is he a native of this country? | તે આ દેશનો રેહેવાસી છે? |
| No, he was born at Poonáh. | ના, એનો જનમ તો પુનામાં. |
| No, he comes from Poonáh. | ના, તે પુનેથી તો આવ્યો છે. |
| Has he any parents? | તેને કંઈ માબાપ છે? |
| No, he is an orphan. | ના, તેના માબાપ મરી ગયાં છે. |
| His father and mother have been dead some years. | તેનાં માબાપ મરી ગયાને કેટલાએક વરસ થયાં. |
| What language does he spoke? | તે કેઈ બોલી બોલેછે? |
| This lesson is hardly long enough. | આ પાઠો કંઈ બસ નથી. |

| | |
|---|---|
| We must find a few more sentences to add to it. | એની સાથે આપણે થોડાએક વાક્યો વધારવાં જોઇએ. |
| How many phrases have you got already? | તમારી પાસેં કેટલાં વાક્યો આવી ચુક્યાં? |
| If the phrases are not too difficult you can very well learn twenty at once. | * જો વાક્યો ઘણાં અઘરાં ન હોય તો તમારાથી એકદમ વીશ વીશ સારીપેઠે શિખાશે. |
| See, how many you have now. | જુઓ, હવે કેટલાં થયાં. |
| That will do for this morning. | ચાલો આજ તો ચાલશે. |
| There will be a holiday on Monday. | સોમવારે રજા છે. |
| You must bring your letters then on Tuesday. | તારે મંગળવારે તમને તમારા કાગલો લાવવા જોઇએ. |
| Write longer letters than you generally do. | તમે રોજ લખોછો તે કરતાં લાંબા કાગળ લખજો. |
| You can write about Surat, or about your cast-people or about any thing that you see. | સુરત વિશે અથવા તમારી ન્યાતના લોક વિશે અથવા હરેક ચીજ જે તમારી નજરમાં આવે તે વિશે તમે લખો ની. |
| There are subjects enough to write upon. | લખવાના વિષય તો જોઇએ તેટલા છે. |
| If there is any subject you often think about, write me a letter upon it. | જો તમે કોઈ વાત વિશે રોજ ધારતા હો, તો તે ઉપર એક પત્ર લખીને મને આપો. |
| If you know any thing of the history of Surat, write about that. | જો તમને કંઈ સુરતનો ઇતિહાસ માલમ હોય તો તે ઉપર લખો. |
| Many different kinds of people live in Surat, write me an account of them. | સુરતમાં ઘણી જુદી જુદી જાતના લોકો રેહેછે તેમનો હેવાલ મને લખી આપો. |
| You have a great many customs which we Europeans have not, you can write about them. | તમારામાં ઘણી રીત ભાતો છે કે તે અમારા અંગરેજ લોકમાં કંઈ નથી તે વિશે લખી લાવોની. |

| | |
|---|---|
| Our learning is different from yours, write and tell me, what opinion the people here have of it. | તમારી વિદ્યાથી અમારી વિદ્યા જુદી છે તે વિશે અહિંના લોકોનું શું અનુંમત છે તે મને લખી જણાવો. |
| As you have letters to bring on Tuesday morning this lesson is long enough. | મંગળવારે તમારે કાગળો લઈઆવવા છે માટે આટલો પાઠ બસ છે. |
| Tomorrow and the day after tomorrow are both holidays. | કાલે અને પરમ દાહાડે બંને દાહાડા તેહેવાર છે. |
| I don't think so. | ના ના, એમ નહીં હોય. |
| What holidays are they? | તે કિયા તેહેવાર છે? |
| Thursday is a holiday, but not tomorrow. | કાલે રજા કાંહાં છે, બૃહસ્પતવારે તો છે. |
| Yes Sir, tomorrow is a holiday also. | હા જી સાહેબ, કાલે પણ રજા છે. |
| I find that it is only the Bráhmins and Parbhus, who have any thing to do tomorrow. | કાલે તો ફક્ત બ્રાહ્મણ અને પરભૂ લોકોનેજ કામ છે. |
| It will be half a holiday then tomorrow. | તારે કાલે તો અર્ધા દાહાડાની રજા પડશે. |
| There will be no school in the morning. | સવારમાં નિશાળનું કામ નહીં ચાલે. |
| School will commence tomorrow at half past one. | કાલે દોઢ વાગ્યા પછી નિશાળનું કામ ચાલશે. |
| What is it, the Bráhmins and Parbhus do tomorrow? | કાલે બ્રાહ્મણ અને પરભુઓ શું કરવાના છે? |
| They put on new *Janois*. | તેઓ નવાં જનોઈ પેહેરશે. |
| I suppose that in doing that, they perform certain ceremonies. | મારા ધારવામાં તે પેહેરવાને તેમને કાંઈ ક્રિયા કરવી પડતી હશે. |
| These ceremonies are performed in the morning, are they not? | એ ક્રિયા તો તેઓ સવારેજ કરતા હશે કેમ? |
| All the boys then can come to school at half past one. | તારે સંધા છોકરા દોઢ વાગતે નિશાળે આવી શકશે. |

| | |
|---|---|
| Yesterday was Monday. | કાલે સોમવાર ગયો. |
| The day before yesterday was Sunday. | પરમદાહાડે રવિવાર ગયો. |
| Tomorrow will be Wednesday. | કાલે બુધવાર આવશે. |
| The day after tomorrow will be Thursday. | પરમદાહાડે બૃહસ્પતવાર આવશે. |
| What do you do at school? | તમે નિશાળમાં શું કરોછો? |
| I learn to read, speak and write English and also many other things. | હું અંગરેજી વાંચતાં બોલતાં અને લખતાં અને બિજી પણ ઘણી વાતો શિખુંછું. |
| Do you learn your lessons at home, or at school? | તમે પોતાના પાઠ ઘેર શિખોછો કે નિશાળે? |
| I sometimes learn them at home, and sometimes at school. | તે હું કોઈ વખત ઘેર શિખુંછું અને કોઈ વાર નિશાળે. |
| Does Rattanjee learn his lessons at home or at school? | રતનજી પોતાનો પાઠ ઘેર શિખેછે કે નિશાળે? |
| He sometimes learns them at home. | કોઈ વખત તે ઘરમાં પણ શિખેછે. |
| Does he ever learn them at home? | કદી તે ઘેર શિખેછે? |
| Does he always learn them at home? | શું તે રોજ ઘેર શિખેછે? |
| Not always. | રોજ નહીં. |
| Sometimes. | કોઈ વખત. |
| Sometimes he does not learn them at all. | કોઈ વખત તો તે મુતલક શિખતોજ નથી. |
| When did you learn the lessons which you are to repeat to-day? | આજ ભણી દેખાડવાનો પાઠ તમે ક્યારે શિખ્યા? |
| I learned them last night. | હું તે રાત્રે શિખ્યો. |
| When will you learn the lessons which you are to repeat tomorrow? | કાલે આપવાનો પાઠ તમે ક્યારે શિખશો? |
| I shall learn them this evening. | આજ સાંજે તે હું શિખીશ. |
| I shall not learn them till the morning. | હું સવાર સુધી તે નથી શિખવાનો. |

| | |
|---|---|
| What are you doing? | તમે શું કરોછો? |
| I am learning my lesson. | હું મારો પાઠ શિખુંછું. |
| What is Hormazshá doing? | હોરમજશા શું કરેછે? |
| He is writing the lesson which you are dictating. | તમે જે પાઠ લખાવોછો તે તે લખેછે. |
| He read that book last week. | તેણે આઠમા દાહાડા ઉપર એ ચોપડી વાંચી હતી. |
| He wrote a letter to his father last month. | તેણે પોતાના બાપને મહીના ઉપર કા-ગળ લખ્યો હતો. |
| Did he spell that word correctly? | તેણે તે શબ્દની શુદ્ધ રીતે જોડણી કરી? |
| Did you take a walk on the bank of the river yesterday evening? | કાલે સાંજે નદીના કિનારા ઉપર તમે ફરવા ગયા હતા? |
| Did you meet any body you knew? | તમને કોઈ તમારો ઓળખીતો મળ્યો? |
| What did he say when you met him? | જારે તમે તેને મળ્યા તારે તેણે તમને શું કહ્યું? |
| When will you write to me? | તમે મને ક્યારે લખશો? |
| When shall you go out for a walk? | તમે બાહાર ક્યારે ફરવા નિકળશો? |
| We shall take a walk at five o'clock. | અમેં પાંચ વાગતે ફરવા જઈશું. |
| I have been out walking this morning. | આજ સવારે હું બાહાર ફરવા ગયો હતો. |
| I was learning my lesson when you came in. | તમે આવ્યા તારે હું મારો પાઠ શિખ-તો હતો. |
| He was reading a book, when I saw him. | મેં તેને દીઠો તારે તે ચોપડી વાંચતો હતો. |
| I was writing letters all day yesterday. | કાલે મારો આખો દાહાડો કાગળ લખવામાં ગયો. |
| I shall be busy all day tomorrow. | કાલે મારે આખો દાહાડો કામ છે. |
| What was your brother doing, when you left home? | તમે ઘેરથી નિકળ્યા તારે તમારો ભાઈ શું કરતો હતો? |
| I left him busy, writing letters. | હું નિકળ્યો તારે તે કાગળ કામમાં હતો. |

| | |
|---|---|
| Have you got a head-ache? | તમારૂં માથું દુખેછે ? |
| Are you subject to the head-ache? | તમારૂં માથું વારે વારે દુખવા આવેછે? |
| What do you do for it? | તમે એને વાસ્તે શું કરોછો ? |
| Do you do any thing for it? | તમે એને વાસ્તે કંઈ કરોછો ? |
| Do you know any remedy for the head-ache? | માથું દુખેછે તેનો કંઈ ઉપાય તમે જાણોછો ? |
| Is there any cure for the head-ache? | માથું દુખેછે તેને વાસ્તે કંઈ ઈલાજ છે ? |
| Have you been long in Surat? | તમે સુરતમાં ઘણા દાહાડા થયા રોહોછો ? |
| I have resided there many years. | હું ઘણા વરસ થયાં અહિંઆં રહુંછું. |
| The monitor has examined our slates, and has heard us repeat our lessons. | શિક્ષકે અમારી સ્લેટો તપાસી છે અને અમારા પાઠ સાંભળ્યા છે. |
| When you got up, what was the first thing you did? | તમે ઉઠ્યા તારપછી તમે પ્રથમ શું કરયું ? |
| What was the first thing you did this morning? | તમે આજ સવારે પેહેલ વેહેલું શું કામ કરયું ? |
| I cleaned my teeth and washed my face. | મેં દાતણ પાણી કર્યું. |
| I learned my lesson and then I breakfasted. | હું મારો પાઠ શિખ્યો અને પછી જમ્યો. |
| After that I dressed myself and came to school. | તારપછી કપડાં પેહેરીને હું નિશાળે આવ્યો. |
| Have you read that book? | તમે પેલી ચોપડી વાંચી? |
| I have read only a few pages of it. | મેં તેમાંના થોડાંક પાનાં વાચ્યા છે. |
| Does it belong to you? | એ તમારી છે ? |
| Is it your own? | એ તમારી પોતાની છે ? |
| Is it your's? | તે તમારીજ છે ? |
| I did not buy it, it was given to me by one of my cousins. | તે મેં વેચાંતી નથી લીધી, મારા પિતરાઈએ મને આપી હતી. |
| Do you intend to read it through? | તમારે બધી વાંચવાની મરજી છે ? |
| Read what you have written to him. | તમે તેને જે લખ્યું હોય તે વાંચો. |

| | |
|---|---|
| Tell me what you said to him. | તમે તેને જે કહ્યું હોય તે મને કહો. |
| Could the boy whom you examined yesterday read correctly ? | જે છોકરાની તમે કાલે પરીક્ષા લીધી તે છોકરાથી શુદ્ધ વંચાયું ? |
| He asked the master, if he might take that book home. | તેણે માસ્તરને પુછ્યું કે હું એ ચોપડી ઘેર લઈ જાઉં. |
| I asked him if I might make use of his black-lead pencil. | મેં તેને પુછ્યું કે હું તમારી શીસાની પેનસીલ લઉં. |
| I told him that if he felt poorly, he might go home ? | મેં તેને કહ્યું કે જો તારી તબિયત સારી ન હોય તો તું ઘેર જા. |
| If you had / Had you { gone to the fort yesterday you would have seen something extraordinary. | જો કાલે તમે કિલ્લામાં ગયા હોત તો તમને કંઈ તાંહાં જોવાની ઘણી મજે પડત. |
| If I had / Had I { gone to the fair, I could not have learned my lesson, and should have lost my place in the class. | જો હું મેળો જોવા ગયો હોત તો મારો પાઠ રહી જાત, અને વર્ગમાં જગો ખોત. |
| I learned a part of my lesson last night, but it was so long, that I could not learn the whole of it. | થોડો પાઠ તો હું રાત્રેજ શિખ્યો પણ એટલો લાંબો હતો કે બધો તો નહીં શિખાયો. |
| Have you written to your cousin ? | તમે તમારા પિતરાઈને લખ્યું છે ? |
| If he had / Had he { desired me to write to him, I should have done so. | જો તે મને લખવાનું કહી ગયો હોત તો હું તેને તેમ લખત. |
| Would it not be better to learn your lesson at night? | રાત્રે પાઠ શિખવો તમને ઠીક નહીં પડે ? |
| Perhaps it would, but I have generally something else to do at night. | હા, પડે તો ખરો, પણ રાત્રે મારે ઘણું કરીને કેટલુંએક બિજું કામ કરવાનું હોયછે. |
| We have had a long holiday. | આપણને બહુ દાહાડાની રજા મળી. |
| We have had a five days' holiday. | આપણને પાંચેક દાહાડાની રજા મળી. |

| | |
|---|---|
| I suppose there will be no more holidays for some time to come. | હવે કેટલાક દાહાડા સુધી રજા કાંહાં પડવાની છે. |
| When will the next holiday happen? | હવે રજા ક્યારે પડશે? |
| The boys would make greater progress, if there were not so many holidays. | જો આટલી બધી રજા નહીં હોત તો છોકરાઓ ઘણું શિખત. |
| The rain yesterday must have spoilt a great deal of the amusement. | કાલનો તમાશો બધો વરસાદથી ધૂળ મળી ગયો હશે. |
| After so much rain, I suppose the roads are very bad. | આટલો બધો વરસાદ આવ્યાથી રસ્તા ઘણા ખરાબ થઈ ગયા હશે. |
| See what that man wants. | જુઓ પેલા આદમીને શું જોઇએછે. |
| What man is that? | એ કોણ છે? |
| What does he want? | એને શું જોઇએછે? |
| Go and see what man that is? | જઇને જુઓની પેલો કોણ છે? |
| There is a man by the door there. | દરવાજા આગળ કોઈ આદમી છે. |
| He has done some work for N. and he wishes to have a bill made out in English. | તેણે ન. નું કંઈ કામ કીધું છે અને તેનું 'બિલ' (આંકડો) અંગરેજીમાં કરાવવું છે. |
| Tell him to make out his bill in his own language. | તેને કહો કે તું તારી બોલીમાં આંકડો (બીલ) કર. |
| If N. does not understand it, his servant or some body will translate it for him. | જો ન. નહીં સમજે તો તે પોતાના ચાકર પાસે અથવા કોઈ બિજા પાસે તેનો તરજુમો કરવાશે. |
| Had you written to your brother before you received his last letter? | તમારા ભાઈનો તમારા ઉપર છેલ્લો કાગળ આવ્યા પેહેલાં તમે એને કાગળ લખ્યો હતો? |
| He told me, that he had received a letter from his brother. | તેણે મને કહ્યું કે મારા ભાઇનો કાગળ મારા ઉપર આવ્યો હતો. |
| Did he say, whether opium had risen? | તેણે કહ્યું કે અફીણ ઉપર કંઈ ચઢ્યું છે? |
| No, but he said that cotton had. | ના, પણ તેણે કહ્યું કે રૂ ઉપર ચઢ્યું હતું. |

| | |
|---|---|
| Will Dháckjee write a copy of this for me? | ધાકજી આની મને નકલ ઉતારી આપશે ? |
| Do you know, whether Gopináth is ill? | ગોપીનાથ માંદો છે કે નહીં, તમે જાણોછો ? |
| He had told me before you met us, that he had received a letter from China. | તમે અમને મળ્યા તાર પેહેલાં તેણે મને કહ્યું હતું કે ચીનથી મારા ઉપર કાગળ આવ્યો છે. |
| Have you written to your father? | તમેં તમારા બાપ ઉપર કાગળ લખ્યો ? |
| I was writing to him when I received a letter from him informing me that he was about to return home. | હું તેમને કાગળ લખતો હતો એટલામાં તેમનો કાગળ આવ્યો તેમાં લખેછે કે થોડાક દહાડામાં હું ઘેર આવવાનો છું. |
| When will he arrive? | તે ક્યારે આવશે ? |
| I expect him tomorrow or next day as he wrote me word that he intended to set out the day before yesterday. | તેને મને લખ્યું હતું કે હું પરમદાહાડે નિકળીશ માટે ધારીએછ કે તે કાલ પરમ આવશે. |
| What shall you be doing at seven o'clock this evening? | આજ સાંજે સાત વાગતે તમે શું કરતા હશો ? |
| I may be reading or writing or walking, but I cannot say positively. | હું લખતો હોઈશ કે વાંચતો હોઈશ અથવા ફરવા ગયો હોઉં પણ નક્કી કહી શકતો નથી. |
| I asked Omedrám what he would be doing at seven o'clock this evening. | મેં ઉમેદરામને પુછ્યું કે આજ સાંજે સાત વાગતે તું શું કરતો હોઈશ ? |
| He said that he might be reading or writing or walking, but that he could not say positively. | તેણે કહ્યું કે હું વાંચતો કે લખતો હોઈશ અથવા ફરવા ગયો હોઈશ પણ નક્કી કહી શકતો નથી. |
| Has your brother gone to Cattárgám? | તમારો ભાઈ કતારગામ ગયો છે ? |
| He may have gone without informing me. | તે મને કહ્યા વગર ગયો હોય તો ગયો હોય. |

| | |
|---|---|
| I asked him whether his brother had gone to Cattárgám. | મેં તેને પુછ્યું કે તારો ભાઈ કતારગામ ગયો હતો. |
| He said that his brother might have gone without informing him. | તેણે કહ્યું કે તે મને કહ્યા વગર ગયો હશે. |
| My brother intended to go to Dumas. | મારા ભાઈની કાલે ડુમસ જવાની મરજી હતી. |
| I intend to go to-day. | આજ મારો જવાનો ઈરાદો છે. |
| Hearing that the steam boat had arrived, I went to see it. | મેં સાંભળ્યું કે આગબોટ આવી છે તારે હું તે જોવા ગયો. |
| Hearing that part of the city was inundated I went to see it. | મેં સાંભળ્યું કે શેહેરમાં એક ઠેકાણે રેલનો ખળકો આવ્યો છે તારે હું તે જોવા ગયો. |
| A great inundation occurred in 1835. | સંવત ૧૮૯૪ માં મોટી રેલ આવી હતી. |
| Having heard that a great many people would be assembled to see the *Chaddy* I asked Dádobá to accompany me there. | મેં સાંભળ્યું કે છડી જોવાને ઘણા આદમી જશે તારે મેં દાદોબાને પુછ્યું, કે તમે મારી સાથે આવશો. |
| How will you be engaged tomorrow? | કાલે તમે શું કરતા હશો ? |
| Perhaps I shall go to Bhimpore, but I am not sure. | કદાચિત ભીમપોર જઈશ પણ નક્કી નથી. |
| I asked him how he would be engaged tomorrow. | મેં તેને પુછ્યું કે તું કાલે શું કરતો હોઈશ. |
| He said that perhaps he should go to Bhimpore, but that he was not sure. | તેણે કહ્યું કે કદાપિ હું ભીમપોર જઈશ પણ નક્કી નથી. |
| Shall I learn a longer lesson ? | હું વધારે લાંબો પાઠ લઉં ? |
| I do not say that you shall do it, but you may if you please. | હું કંઈ તમને એમ કેહેતો નથી કે તમેજ કરો પણ તમારી ખુશી હોય તો કરો. |
| He asked me if he should learn a longer lesson. | તેણે મને પુછ્યું હું વધારે પાઠ લઉં તો. |

| | |
|---|---|
| I replied that I did not say that he should do it, but that he might, if he pleased. | મેં જવાબ દીધો કે હું કંઈ તમને કેહેતો નથી કે તમે કરો, પણ તમારી ખુશી હોય તો કરો. |
| He asked me whether I should go to Dumas tomorrow ? | તેણે મને પુછ્યું, કાલે તમે ડુમસ જશો કે ? |
| I replied that perhaps I might. | મેં કહ્યું, કદાપિ જાઉં તો જાઉં એ ખરો. |
| This boy will not obey me. | આ છોકરો મને બદતો નથી. |
| The monitor complains that, that boy will not obey him. | શિક્ષક કેહેછે કે પેલો છોકરો મારૂં કહ્યું નથી માનતો. |
| The monitor complained that, that boy would not obey him. | શિક્ષકે રાવ ખાધી કે આ છોકરો મારૂં કહ્યું નથી કરતો. |
| If he does not obey you, he shall be punished. | જો તે તમારૂં કહ્યું નહીં માને તો તેને સજા મળશે. |
| The master replied that if the boy did not obey the monitor he should be punished. | માસ્તરે જવાબ દીધો કે જો એ છોકરો શિક્ષકના કહ્યામાં નહીં રેહે તો એને સજા મળશે. |
| The owner of the house being asleep when the thief entered, did not perceive him. | જારે ચોર પેઠો તારે ઘરધણી ઉંઘતો હતો તેથી તેણે જાણ્યું નહીં. |
| The servant being frightened, ran away. | ચાકર બીહીને નાશી ગયો. |
| The girl being alarmed by the noise, cried out. | છોકરી બુમથી બીહીને રડવા લાગી. |
| Hearing that he wished me to write to him, I did so. | મેં એવું સાંભળ્યું કે તે એવું ચાહેછે કે હું તેને કાગળ લખું માટે મેં તન લખ્યો. |
| Having lately received some fruit from Bombay, I have taken the liberty to send some of it for your acceptance. | હમણા મુંબઈથી થોડોએક મેવો આવ્યો છે, તેમાંથી થોડો હું તમને નજર મોકલાવુંછું તે કબુલ કરવો. |
| Hearing that there was a great deal of confusion in the Nánávat he went home another way. | નાણાવટમાં ઘણું તોફાન છે તે સાંભળીને તે બિજે રસ્તે ઘેર ગયો. |

| | |
|---|---|
| Sir, I was absent yesterday upon urgent business which is not yet finished. Will you kindly then give me permission to be absent to-day and mark leave against my name in yesterday's catalogue. | સાહેબ, કાલે મારે જરૂરનું કામ હતું તેથી હું ગૈરહાજર હતો અને હજુ તે કામ પુરૂં નથી થયું, માટે મેહેરબાની કરીને મને આજનાં દિવસેની રજા આપવી અને હાજરી પત્રકમાં મારા નામ ઉપર કાલની રજા માંડવી. |
| Your's obediently, | તમારો તાબેદાર, |
| A. B. | અ. બ. |
| The rider urged on his horse in order to arrive in time. | વખતસર પોંહોંચવાને વાસ્તે સ્વારે પોતાના ઘોડાને મારી મુક્યો. |
| The driver urges on the bullocks with a goad. | ગાડીવાન પરોણીથી બળદીઆને દોડાવેછે. |
| I urged him to come to our school. | મેં તેને આપણી નિશાળે આવવાને ખુબ કહ્યું. |
| I have received an urgent invitation from Mr. A. to visit him at his country house. | મિસ્તર અ. એ પોતાના બંગલામાં મળવાને મને ખામોખા કેહેવડાવ્યું છે. |
| The officer urged his men on to the attack. | અમલદારે પોતાના આદમિઓને હુમલો કરવાને ઉસ્કેરચા. |
| He begged him urgently to forsake his bad companions. | તેણે તેને બહુ કહ્યું કે તું પોતાના નઠારા સોબતીને છોડી દે. |
| What do you call this little animal? | આ ન્હાના જનાવરને તમે શું કહોછો? |
| Some people call it a Vanier, some a Vandoroo, some a Minorá, and some a Biju. | કેટલાએક લોકો તેને વણિઅર કેહેછે, કોઈ વંદોરૂં, કોઈ મિનોરા, અને કોઈ બિજુ કેહેછે. |
| This is a very young one. | એ તો બચ્ચું છે. |
| It hardly knows how to eat yet. | હજુ એને ખાતાં પણ નથી આવડતું. |
| It appears to be very spiteful. | એ તો ઘણું ખુંનસી દેખાયછે. |
| Yes, they are ferocious little animals. | હા, એવાં ન્હાનાં જનાવર ઘણા બીઆમણાં હોયછે. |

| | |
|---|---|
| What do they eat? | તેઓ શું ખાયછે ? |
| Almost any thing. | ઘણું કરીને બધુંએ. |
| The bite of a full grown Vanier is very severe. | મોટું વણિઅેર તો એવું કરડે-છે જો. |
| They are said to attack infants, in the cradle some times. | એવું કેહેવાયછે કે ઘોડીઆમાં બાળક સુતાં હોય તેને પણ કોઈ વખત મારેછે. |
| How large do they grow? | તેઓ કેટલાં મોટાં થાયછે ? |
| About as large as a cat. | ખીલાડીનાં જેટલાં મોટાં. |
| They are said to be very cunning. | એવું કેહેછે કે તેઓ ઘણાં ખંદાં હોયછે. |
| It is said that they will uncover a pot, eat the contents and then cover it up again. | એવું કેહેછે કે તેઓ વાસણ ઉઘાડીને તેમાં જે હોયછે તે ખાઇને પાછું ઢાંકી દેછે. |
| I don't think that can be true. | એ મને ખરૂં ભાસતું નથી. |
| It is quite true, I have seen it once in Rámchandar's house. | એ તો ખરૂં છે, એકવાર મેં રામચં-દ્રના ઘરમાં જોયું છે. |
| Perhaps the boys eat the *gol* and blame the Vanier for it. | કદાપિ છોકરા ગોળ ખાતા હશે અને વણિઅેરને બદનામ કરતા હશે. |
| Are they ever tamed? | તેને કોઈ હેળવેછે ? |
| Are they ever domesticated? | તેને કોઈ પાળેછે ? |
| I mean to try and tame this one. | જો હળે તો મારે એને પાળવાની મરજી છે. |
| I intend if I can, to domesticate this one. | જો પળાય તો મારે એને પાળવાની મરજી છે. |
| Did you ever see one domesticated? | તમે કદી એકાદું પાળેલું જોયું છે ? |
| While it is young, I shall keep it in a cage. | જાંહાં સુધી એ બચ્ચું છે તાંહાં સુધી એને હું પાંજરામાં રાખીશ. |
| I suppose it will never be tame enough to go about the house. | તે એવું કદી નહીં હળી જાએ, કે ઘરમાં છુટું ફરયા કરે. |
| No, it will always require to be chained up. | ના ના, તેને હમેશા સાંકળે બાંધી રાખવું પડશે. |

| | |
|---|---|
| What is the matter? | શું છે ? |
| What is Hormazshá saying? | હોરમજશા શું કેહેછે ? |
| He says that these lads have not learned so long a lesson as they ought to have done. | તે કેહેછે કે આ છોકરાઓએ જેટલો પાઠ શિખવો જોઇએ તેટલો શિખ્યા નથી. |
| Who hears them the lesson? | એમનો પાઠ કોણ સાંભળેછે ? |
| Then leave it to Dádobá to decide what is right about it. | તારે દાદોબાને સારૂ રેહેવા દો, વાજબી હશે તે ઠરાવશે. |
| Dádobá will hear them as long a lesson as he thinks they ought to have learned. | દાદોબા જેટલો તેમનો પાઠ ધટારત જાણશે તેટલો પાઠ સાંભળશે. |
| And if they have not learned it and you have, you will take their places. | અને જો તેમણે પાઠ તૈયાર નહીં કીધો હોય અને તમે કીધો હોય, તો તમે તેમની જગો લેજો. |
| I want you to go to Ládcobá's house for me. | મારે તમને લાડકોબાને તાંહાં મોકલવા છે. |
| Give my best compliments to him, and say that if he has half an hour's leisure, I shall be glad to see him. | તેને મારી ઘણી ઘણી સલામ કેહેજો અને કહો કે તમને અર્ધો કલાક-ની ફુરસદ હોય તો જરા આવીને મને મળી જજો. |
| Ládcobá says that he will come directly. | લાડકોબાએ કહ્યું કે હું તુરત આવુંછું. |
| If you have half an hour's leisure, I wish you would do a little business for me. | જો તમને અર્ધો કલાકની ફુરસદ હોય તો જરા મારૂં કામ કરી આપશો ? |
| Yes, certainly, what is it? | હા, લાવોની, શું કામ છે ? |
| Tell the monitors that they must not allow their boys to be so noisy. | શિક્ષકોને કહો કે પોતાના છોકરા-ઓને આટલું કકલાણ ન કરવા દે. |
| There is a great deal more noise here than is necessary. | અહિંઆં આટલી બધી ધુમોનું શું કામ છે. |

| | |
|---|---|
| What is all this noise about? | આટલું બધું બુમરાણ કેમ થાયછે ? |
| You must make less noise here. | જરા બુમો ઓછી પાડો તો સારૂં. |
| How is it your class is so noisy? | તમારા વર્ગમાં આટલી બધી બુમો કેમ પાડેછે ? |
| Go to Dádobá with this boy and say that he has just come. | આ છોકરાને દાદોબા પાસે લઈજાઓ અને કહો કે એ હવડાં આવ્યો. |
| Say that this is about the time he comes every morning. | અને કહો કે આ વખતેજ એ રોજ આવેછે. |
| How is it, you can't get to school in time? | તમારાથી બરોબર વખતે નિશાળે કેમ નથી અવાતું ? |
| Ten o'clock is not a very early hour I am sure. | દશ વાગતા સુધી તે કંઈ ઘણું વેહેલું નથી. |
| How is it you always come to school so late? | તમે આટલા મોડા રોજ નિશાળે કેમ આવોછો ? |
| You have lost two lessons this morning. | આજ તમારા બે પાઠ પડ્યા. |
| You must not think that you can learn English in this manner. | તમારે એમ નહીં જાણવું કે એ રીતે તમે અંગરેજી શિખી શકશો. |
| How much longer will the rainy weather continue? | હવે વરસાદ કાંહાંસુધી વરસ્યા કરશે ? |
| About a month longer. | હજુ એક મહિનો છેજ તો. |
| This is the last rainy month. | ચોમાસાનો આ છેલ્લો મહિનો છે. |
| When the rains are over, does the weather become hot again? | ચોમાશું ગયા પછી, શું પાછો તાપ પડેછે ? |
| No, there is no more hot weather till the next summer. | ના, પછી પાછો ઉનાળો આવે તાંહાં-સુધી તાપ પડતો નથી. |
| Which season do the natives like best, the hot season, the rainy season, or the cold season? | અહિંઆંના લોકોને કઈ રૂતુ પસંદ છે, ઉનાળાની, ચોમાસાની, કે શિઆળાની ? |
| Do you ever speak English with each other? | તમે માંહોમાંહ કોઈ વખત અંગરેજી બોલોછો ? |

| | |
|---|---|
| Have you ever an opportunity of speaking English with any body? | કદી તમારે કોઈ સાથે અંગરેજી બોલવાનો પ્રસંગ પડ્યો હતો? |
| Which do you find most difficult to understand an English book or a person speaking English. | તમને કિયું સમજવું ઘણું મુસ્કેલ પડેછે, અંગરેજી ચોપડી કે કોઈ શખ્સ અંગરેજી બોલતો હોય તે? |
| At present we find both of them difficult. | હમણા તો અમને બંને અઘરાં લાગેછે. |
| I have taken the liberty to make use of your slate. | માફ કરજો હો, આ તમારી સ્લેટ મેં કામમાં લીધી હતી. |
| You are very welcome. | તમારીજ છે ને. |
| I have made free to use your ink. | માફ કરજો હો, તમારી જરા શાહી વાપરી હતી. |
| You are quite welcome. | તેમાં શું, તમારીજ છે ને. |
| May I make use of your black-lead pencil? | હું તમારી શીસાની પેનસીલ લઉં? |
| You are welcome to a sheet of my paper, if you have none of your own. | જો તમારી પાસે કાગળ ન હોય તો મારો કાગળ હાજર છે. |
| I think we must add another sentence or two. | એક બે વાક્ય વધારવાં જોઈએ કેમ? |
| What do you mean to write about for Monday? | સોમવારે તમે શા વિશે લખવાનું ધારોછો? |
| Have you thought of any thing yet? | હજુ કંઈ ધાર્યું છે કે? |
| This boy takes very great liberties. | આ છોકરાએ તો છેકજ શરમ મુકી. |
| It is a very great liberty to come into any body's room without being asked. | બોલાવ્યા વગર કોઈના ઓરડામાં જવું એ ઘણી બેઅદબીનું કામ છે. |
| It was a very great liberty you took to use my paper without asking me. | મને પુછ્યા વગર તમે મારો કાગળ લીધો એ તમે ઘણું બેઅદબીનું કામ કીધું. |
| I make very free with you. | હું તમારી સાથે કંઈ જુદાઈ રાખતો નથી. |

| | |
|---|---|
| Not more free than welcome. | એ બધામાં ડાહાયો તો. |
| Yes, a great deal more than welcome. | હા, એ બધા કરતાં ઘણો ડાહાયો તો. |
| I wrote to the Collector about that business. | તે કામને વાસ્તે મેં કલેકટરને લખ્યું. |
| That was a very great liberty to take. | એ મોટી બેઅદબીનું કામ હતું. |
| I think our M. is mistaken in that matter. | હું ધારૂંછું કે એમાં આપણા મ. ની ભુલ છે. |
| I shall make free, I think, to tell him so. | તેને તે કેહેવાની બેઅદબી હું માથે લઇશ ખરો. |
| I have been making free with your books. | તમારી રજા વગર હું તમારી ચોપડિઓ વાંચતો હતો. |
| You are perfectly welcome. | જાઓ મારા સાહેબ, તમારીજ છે ને. |
| Where have you been living lately? | થોડાએક દાહાડા થયા તમે કાંહાં ગયા હતા? |
| With my brother at Broach. | ભરૂચમાં મારા ભાઈ પાસે ગયો હતો. |
| Is that your native town? | તે તમારૂં વતન છે ? |
| No, but our family settled there sometime ago. | ના, પણ અમે કેટલાંએક દાહાડા થયા તાંહાંજ ઘર માંડ્યું છે. |
| We lived previously at Surat. | અમે અગાઉ સુરતમાં રેહેતા હતા. |
| I was born at Surat, but our family originally came from Cambay. | મારો જનમ સુરતમાં થયો પણ મારા ઘરડા અસલ ખંભાતથી આવેલા. |
| What language is spoken at Cambay? | ખંભાતમાં કેઈ બોલી બોલાયછે ? |
| Is Cambay a large town? | ખંભાત મોટું શેહેર છે ? |
| Not so large as Surat. | સુરત જેટલું મોટું નથી. |
| How many inhabitants do you think it contains? | તેમાં કેટલાએક લોકની વસ્તી છે ? |
| Is it a prosperous town? | એ આબાદ શેહેર છે ? |
| Not so prosperous as it was formerly. | અગાઉના જેવું આબાદ નથી. |
| It is situated at the mouth of the Máhi. | તે મહીનદીના બારા આગળ છે. |

| | |
|---|---|
| There was formerly a great deal of trade between Ahmedabad and Cambay. | અસલ અમદાવાદ અને ખંભાતની વચ્ચે ઘણો વેપાર ચાલતો હતો. |
| Do all Pársis speak Gujráti? | બધા પારશી લોક ગુજરાતી બોલેછે ? |
| Do all the Pársis live in Gujrát? | સઘળા પારશી ગુજરાતમાં રેહેછે ? |
| Which town contains the greatest number of Pársis? | કિઆ શેહેરમાં સર્વથી વત્તા પારશી રેહેછે ? |
| Bombay, and after Bombay Surat. | મુંબઈમાં અને તેથી ઉતરતા સુરતમાં. |
| Is there any town inhabited by Pársis only? | એવું કોઈ શેહેર છે કે જેમાં નર્યા પારશી લોકોજ રેહેછે ? |
| In what other towns are Pársis found? | બિજા કિયા કિયા શેહેરમાં પારશી લોકો છે ? |
| In Broach, Baroda, Ahmedabad, Cambay, and in a number of small towns and villages near Surat. | ભરૂચમાં, વડોદરામાં, અમદાવાદમાં, ખંભાતમાં અને સુરતની આસપાસનાં કસબા તથા ગામોમાં. |
| Is Gujráti spoken in Baroda? | વડોદરામાં લોકો ગુજરાતી બોલેછે ? |
| After Surat which is the next largest town in Gujrát? | ગુજરાતમાં સુરતથી ઉતરતું બિજું મોટું શેહેર કિયું છે ? |
| Ahmedabad, which was formerly the Capital of Gujrát. | અમદાવાદ જે અસલ ગુજરાતની રાજધાની હતું. |
| Ahmedabad is the larger of the two, I think. | આ બેમાંથી અમદાવાદ તો મોટું હશે. |
| Have any of you ever been there? | તમારામાંથી કોઈ તાંહાં જઈ આવ્યું છે ? |
| What sort of a town is it? | શી તરેહનું તે શેહેર છે ? |
| What business do the Portuguese in Surat carry on? | સુરતમાં ફરંગી લોકો શું કામ કરેછે ? |
| They are either writers in the Govt. offices or musicians, or bakers. | તેઓ સરકારમાં લખવા જાયછે, અથવા વાજાં વગાડેછે અથવા રોટલી બનાવેછે. |
| Some are butlers or cooks to European gentlemen. | કેટલાએક, સાહેબ લોકોને તાંહાં ખિદમતગારીનું અથવા બબરચીનું કામ કરેછે. |

| | |
|---|---|
| What language are you best acquainted with? | તમને કેઈ બોલી સારીપેઠે આવડેછે? |
| Portuguese, and after that Hindustáni. | પોર્તુગીજ અને તેથી ઉતરતી હિંદુસ્તાની. |
| Is Surat inundated every year? | સુરતમાં વરસો વરસ રેલ આવેછે? |
| Yes, more or less every year. | હા, વત્તીઓછી પણ વરસોવરસ આવે ખરી. |
| This is a considerable inundation. | આ મોટી રેલ છે. |
| When did the water begin to rise? | પાણી ક્યારે ચઢવા માંડ્યું? |
| It began yesterday afternoon, but the chief rise took place in the middle of the night. | કાલે પાછલા પોહોરથી ચઢવા માંડ્યું પણ મધ્યરાત્રે તો ખૂબ પાણી ચઢ્યું. |
| How long is it since there was an inundation equal to this? | આવી મોટી રેલ કેટલા વરસ ઉપર આવી હતી? |
| I don't think, there has been so great a one as this, these ten years past. | હું ધારતો નથી કે આના જેવી મોટી રેલ આ દશ વરસમાં કદી આવી હોય. |
| Do you know if any houses have been carried away this time? | આ વખતે કોઈ ઘર ઘસરડાઈ ગયાં હશે વારુ? |
| Have you heard whether any houses have been washed away? | તમે કોઈ ઘર તણાઈ ગયાં સાંભળ્યાં છે? |
| In the great inundation of 1837 were any lives lost? | સંવત ૧૮૯૩ ની મોટી રેલમાં કોઈ આદમીના જીવ ગયા હતા? |
| Yes, a few I believe, and a great many cattle were destroyed. | હા, થોડાએક મરી ગયા અને ઢોરોનો બહુ નાશ થયો. |
| Is the water subsiding this morning? | આજ પાણી ઉતરેછે? |
| When I came to school, it was neither rising nor subsiding. | જ્યારે હું નિશાળે આવ્યો તારે તો ચઢતું નહતું અને ઉતરતું પણ નહતું. |
| Is much of the country flooded? | બહુ ઠેકાણે રેલના પાણી પસર્યાં છે? |
| No, the inundation does not extend to any great distance from the river. | ના, નદીથી કંઈ ઘણું આઘું રેલનું પાણી પસરતું નથી. |

| | |
|---|---|
| Do these floods do any injury to the crops? | રેલથી કંઈ ખેતીને નુકસાન પોંહોંચેછે ? |
| Yes, in a few places. | હા, થોડીએક જગોમાં. |
| Have any trees or cattle been washed away this time? | આ વખતે કંઈ ઝાડ અથવા ઢોરાં તણાઈ ગયાં? |
| I have no doubt there have, but I have not yet heard. | તણાઈ ગયાં હશે ખરાં પણ મેં કંઈ હજુસુધી સાંભળ્યું નથી. |
| Are any of the streets on the other side of the city flooded? | શેહેરની પેલી તરફ કોઈ મોહોલ્લામાં રેલ આવી છે ? |
| Yes, many of them are, and boats are going about them. | હા, ઘણે ઠેકાણે, અને તાંહાં હોડીઓ ફરેછે. |
| I must go and see that part of the city this evening. | આજ સાંજે જઈને હું તે ઠેકાણું જોઈશ. |
| Where did you go last night? | રાત્રે તમે કાંહાં ગયા હતા? |
| To the esplanade opposite the fort. | કિલ્લાના મેદાનમાં ગયો હતો. |
| There was a great deal of water there. | તાંહાં પાણી ઘણાં હતાં. |
| People were crossing it in boats and on rafts. | લોકો હોડીમાં બેશીને અને તરાપા ઉપર ચઢીને આવતા જતા હતા. |
| Has the water quite subsided yet? | પાણી છેક ઉતરી રહ્યું ? |
| Yes, in most places. | હા, ઘણે ખરે ઠેકાણે. |
| In some parts of the city which are very low the water still remains. | હજુ શેહેરમાં કોઈ કોઈ ઠેકાણે ઝોલાણમાં પાણી ભરેલાં છે. |
| My house stands upon high ground so that the water never reaches it. | મારૂં ઘર ઉંચાણ ઉપર છે તેથી તાંહાં કદી પાણી આવતું નથી. |
| I had to go to my grand-mother's house at Nánpoorá this morning and there was very little water to be seen then. | હું આજ સવારે નાનપરે મારી મોટી માને તાંહાં ગયો તારે તો થોડું પાણી દેખાતું હતું. |
| The roads are very bad after the inundation. | રેલ આવી ગયા પછી રસ્તા ઘણા બગડી જાયછે. |

| | |
|---|---|
| The shops at the Bireaw gate have all fallen in. | વરીઆવી ભાગળની બધી દુકાનો પડી ગઈયો. |
| In the Bazár, the road is so slippery, that we can hardly walk upon it. | બજારમાં એટલું બધું લપસણું થયું છે કે ચલાતું નથી. |
| Crowds of people went about, looking at the water. | લોકો ઠામ ઠામ રેલ જોતાજ ફરતા. |
| There was so much water in Nánpoorá that my father could not go to the court. | નાનપરામાં એટલાં પાણી હતાં કે મારા બાપથી અદાલત જવાયું નહીં. |
| But for the cut which the Government has had made from Varáchá to Bhimpore, this inundation would have been worse I think, than that of 1837. | હું ધારૂંછું કે જો સરકારે વરાછાથી તે ભીમપોર સુધી ખાડી નહીં ખોદાવી હોત તો સંવત ૧૮૯૩ ની રેલ કરતાં પણ આ રેલથી વધારે ખરાબી થઈ હોત. |
| I always enjoyed very good health in England. | ઇંગ્લાંડમાં હમેશાં મારી તબિયત સારી રેહેતી હતી. |
| I never had very good health, even in England. | ઇંગ્લાંડમાં પણ મારી તબિયત સારી રેહેતી નહીં. |
| This gentleman has lived twenty years in India, and has always enjoyed excellent health. | આ સાહેબ, હિંદુસ્તાનમાં વીશ વરસ થયાં રહેલાછે અને એની તબિયત સારીપેઠે રહેલી છે. |
| Did you enjoy your walk yesterday evening? | કાલે સાંજે તમે ફરવા ગયા તાંહાં ખૂબ મજે પડી હતી? |
| I and my brother went to spend the day with our cousins. | હું અને મારો ભાઈ અમારા પિતરાઈ સાથે મોજ કરવા ગયા હતા. |
| Did you enjoy yourselves? | તમારા જીવને આનંદ થયો? |
| We will go to the fort of Párnerá together. | આપણે સાથે પારનેરાને કિલે જઈશું. |
| You will much enjoy the prospect from the top of the hill there. | તે ડુંગરની ટોચ ઉપરથી તમને ખાસું મેદાન નજર આવશે. |
| I passed a week with him at his country-house and enjoyed myself very much. | હું આઠ દાહાડા સુધી તેના બંગલામાં રહ્યો અને મને બહુ મજે પડી. |

| | |
|---|---|
| I passed my time very pleasantly at his country-house. | મેં તેના બંગલામાં ઘણા આનંદથી મારો વખત ગુજાર્યો. |
| I passed a very pleasant week with him. | તેની સાથે મેં એક અઠવાડિયું ખુશીથી ગુજાર્યું. |
| Time passes very pleasantly when we have plenty of agreeable employment. | જારે આપણે ગમતું કામ કરવાનું હોય તારે વખત જણાતો નથી. |
| When many holidays occur at once, time passes heavily. | જારે ઘણી રજા એકીવારે આવી પડેછે તારે વખત જરા સારીપેઠે જતો નથી. |
| How do you pass your time on Sundays ? | રવીવારે તમારો વખત કેમ જાયછે ? |
| How do you intend to pass the Diwálee holidays ? | દીવાળીની રજામાં તમે શું કર્યા કરશો ? |
| Those who pass their time in idle amusements, cannot expect to acquire either fortune or reputation. | જે લોકો આલસુની પેઠે બેઠાબેઠા મોજો મારયા કરેછે, તેમનાથી દોલત અથવા આબરૂ મેળવવાની આશા રખાતી નથી. |
| The grasshopper confessed that he had passed his time in singing, dancing, and enjoying himself. | ટીડે કબૂલ કર્યું કે મેં મારો વખત ગાવામાં, નાચવામાં અને મોજો મારવામાં ગુજાર્યો. |
| The ant replied, that, those who pass all their time in singing, dancing and enjoying themselves, must expect at last to perish with hunger. | કીડીએ જવાબ દીધો કે જે પોતાનો બધો વખત ગાવામાં, નાચવામાં અને મોજ મારવામાં ગાળેછે, તેને ભૂખે મરવું પડેછે. |
| How long is it since you left Europe? | તમને વિલાયત મુકે શું થયું ? |
| How long have you been in India? | તમને હિંદુસ્તાનમાં આવે શું થયું ? |
| What time does the journey from Europe take ? | યુરોપથી અહિંઆં આવતાં કેટલા દાહાડા લાગેછે ? |
| I think of going to Bombay the next trip the steamer makes. | હવે પછી આગબોટ બિજી ખેપ કરશે તેમાં મારે મુંબઈ જવાનો ઈરાદો છે. |

| | |
|---|---|
| How long will it be before you return? | તમે પાછા ક્યારે આવશો ? |
| I expect to return in about two months. | આસરે બે મહિના પછી પાછા આવવાની ધારણા ખરી. |
| What takes you to Bombay? | તમે મુંબઈ કેમ જાઓછો ? |
| What brings Mohunláll to Surat, his family lives at Broach? | મોહનલાલ સુરત કેમ આવેછે ? એનું ઘર તો ભરૂચમાં છે. |
| What has brought your father to Surat? | તમારા બાપ સુરત કેમ આવ્યા છે ? |
| He has come to examine the Govt. school here. | તે અહિંઆં સરકારી નિશાળની પરીક્ષા કરવા આવ્યા છે. |
| What does the committee examine the boys in? | કમીટીવાળા છોકરાઓની શામાં પરીક્ષા કરેછે ? |
| In Reading, Writing, Arithmetic, Geography and History. | વાંચવામાં, લખવામાં, હિસાબમાં, ભૂગોલવિદ્યામાં અને ઈતીહાસમાં. |
| Several of the first class boys will be examined in Geometry and Algebra. | પેહેલા વર્ગના કેટલાએક છોકરાઓની ભૂમિતિમાં અને બીજગણિતમાં પરીક્ષા થશે. |
| These boys will pass an examination in Euclid. | આ છોકરાઓ યુક્લિડની પરીક્ષા આપશે. |
| Do you know what the prizes will consist of? | તમને માલમ છે, ઈનામ શાનું મળશે વારૂ ? |
| Do you expect to get a prize? | તમને ઈનામ મળવાની આશા છે કે ? |
| I should like to see our class as large as that which Mohunláll is teaching. | મોહનલાલ જે વર્ગને શિખવેછે તેટલો મોટો આપણો વર્ગ થાયતો સારૂં. |
| Boys cannot learn so well in a large class, as they can in a small one, the monitor has too many to attend to. | ન્હાના વર્ગમાં જેમ છોકરાઓથી સારી પેઠે શિખાયછે તેમ મોટા વર્ગમાં શિખાતું નથી, કેમકે શિક્ષકને ઘણા ઉપર નજર રાખવી પડેછે. |

| | |
|---|---|
| There are two are three boys in the next class fit for this. | પાસેના વર્ગમાં બે ત્રણ છોકરા આ વર્ગને સારૂ લાયક છે. |
| When will the examination take place? | પરીક્ષા ક્યારે થશે? |
| I expect it to take place either in November or in January. | ધારચામાં તો નોવેંબરમાં કે જાને-વારીમાં થશે. |
| Who will examine the school? | નિશાળની પરીક્ષા કોણ લેશે? |
| The committee and the master. | માસ્તર અને કમીટીવાળા. |
| Who will get prizes in the examination? | એ પરીક્ષામાં ઈનામ કોને કોને મળશે? |
| I wonder who will get prizes in this class. | આ વર્ગમાં કોણ જાણે ઈનામ કોને મળશે? |
| In which part of the day will the examination take place? | પરીક્ષા કઈ વખત થશે? |
| About the middle of the day I should think. | મારા ધારચામાં તો બપોરે થશે? |
| Will any persons be present besides the committee? | કમીટીવાળા શિવાય બિજા કોઈ આવશે? |
| Some of us in the class wish to have a long lesson every day, in order to finish the book quickly. | આ વર્ગમાંથી કેટલાએકની મરજી છે કે ચોપડી વેહેલી પુરી કરવા સારૂ પાઠ વત્તો લેવો. |
| But the others do not like to take so much trouble. | પણ બિજાઓને એટલી મેહેનત લેવી ગમતી નથી. |
| Do not hurry over it without learning it properly. | સારી પેઠે શિખ્યા વગર એમ આગળ દોડ શું કરોછો. |
| I should like to speak English with the school boys, but they are ashamed. | નિશાળના છોકરાઓ સાથે અંગરેજી બોલવાની મારી તો મરજી ખરી, પણ તેઓ શરમાયછે. |
| I think we shall finish our book by Wednesday. | બુધવાર સુધીમાં આપણે ચોપડી પુરી કરી રહીશું કેમ? |

| | |
|---|---|
| One of my eyes is so weak that I cannot bear to look at any thing bright with it. | મારી એક આંખ એવી ડોહોળાઈ છે કે તેથી કંઈ તેજવાળી ચીજ ઉપર જોવાતું નથી. |
| The Parsees will want a five days holiday. | પારશી લોકોને પાંચ દાહાડાની રજા જોઈશે. |
| What is it about? | શું છે ? |
| Do all the Parsees take this holiday at the same time? | બધા પારશી લોકો આ રજા એકજ વખતે લેશે? |
| Some of the Parsees approve of this measure, some do not. | કેટલાએક પારશીઓ એ નિયમ પસંદ કરેછે અને કેટલાએક નથી કરતા. |
| Dádobá wishes to unite the second and third classes. | બિજો અને ત્રિજો વર્ગ એકઠો કરવાની દાદોબાની મરજી છે. |
| And wishes us to begin our present reading book again. | અને હમણા જે ચોપડી અમે શિખીએ છેએ તે ફરીથી મંડાવવાના છે. |
| As Rámchunder was drinking yesterday, he fell into the river. | રામચંદ્ર કાલે પાણી પીતાં પીતાં નદીમાં પડ્યો. |
| Did any one pull him out, or did he get out himself? | કોઈએ તેને ખેંચી કાઢ્યો કે તે પોતાની મેળે નિકળ્યો ? |
| Is the water deep at that part of the river? | તે ઠેકાણે પાણી ઉંડું છે ? |
| No, the water is shallow near the bank. | ના, કિનારા આગળ પાણી ઓછું છે. |
| What did he do when he got out? | તેણે બાહાર નિકળ્યા પછી શું કર્યું ? |
| I suppose he went home to dry his clothes. | તે પોતાના કપડાં શુકવવાને ઘેર ગયો હશે. |
| Are many people drowned in the Tapti? | તાપીમાં ઘણા લોક ડુબેછે ? |
| Do many accidents happen on the Tapti? | તાપીઉપર ઘણી ઘાતો થાયછે કે નહીં ? |
| Have you heard of the accident that has happened to Bápoojee? | બચારા બાપૂજીના બનાવની તમે ખબર સાંભળી કે ? |

| | |
|---|---|
| I understand that Rámchunder met with an accident yesterday. | રામચંદ્ર ઉપર કાલે કંઈ આફત ગુજરી. |
| You must not be angry with him, it was quite an accident. | તમારે ગુસ્સે ન થવું જોઈએ તેણે કંઈ જાણી જોઈને નથી કીધું. |
| Have you heard of the accident that occurred in the Nánávat street yesterday? | કાલે નાણાવટમાં કંઈ બન્યું તેની તમને ખબર છે ? |
| Did he run over him, intentionally or accidentally? | તે તેના ઉપર જાણી જોઈને દોડી ગયો કે અજાણતાથી ? |
| Accidentally of course. | અણચિંતું થયું ખરૂં. |
| The Parsees will want leave granted them many times this month. | આ મહીનામાં પારશી લોકોને ઘણી રજા જોઈશે. |
| I think, Eduljee has done this board very nicely. | એદલજીએ તો આ પાટિયું સારૂં બનાવ્યું છે કેમ ? |
| There was a great deal of rain this morning. | આજ સવારે બસ વરસાદ થયો. |
| The clouds look very heavy now. | હમણાં વાદળાં ઘણા ચઢી આવ્યાં છે. |
| The rain has done a great deal of good. | વરસાદથી ઘણું સારૂં થયું છે. |
| My eye is rather better. | મારી આંખે જરા ઠીક છે. |
| What do you do for it? | તમે એને શું ચોપડોછો ? |
| What remedy do you apply to it? | તમે એનો શો ઉપાય કરોછો ? |
| I have a bad head-ache to-day. | આજ તો મારૂં માથું દુખેછે. |
| My head aches very much this morning. | આજ સવારનું મારૂં માથું ઘણું દુખેછે. |
| We have a Shrádh at our house which has made me late this morning. | આજ મારે તાંહાં શ્રાદ્ધ છે તેથી મારેથી મોડું અવાયું. |
| My leg is all benumbed. | મારે પગે બધે ખાલી આવી છે. |
| My foot has gone to sleep. | મારે પગે ઝઝણી ચઢી છે. |
| Tomorrow we have to repeat our idiomatical exercises. | કાલે "ઇડિઓમેટિકાલ એક્સરસૈસ" ગોખવાનો વારો છે. |

| | |
|---|---|
| We must write a few more. | આપણે થોડાંએક વધારે લખવાં જોઇએ. |
| Oh, these are very easy sentences. | ઓહો, આ વાક્યો તો ઘણાં સેહેલાં છે. |
| It is just ten days since I was here. | હું આજથી બરોબર દશ દાહાડા ઉપર અહિં હતો. |
| I expect corn will be very cheap this year. | ઓણ અનાજ ઘણું સોઘું થશે. |
| Why do you think so ? | એમ શા ઉપરથી ધારોછો ? |
| Because we have had great deal of rain. | વરસાદ ઘણો આવ્યો તેથી. |
| When will the other school-books come ? | નિશાળની બિજી ચોપડીઓ ક્યારે આવશે ? |
| All boys are fond of change. | બધા છોકરાઓને ફેરફાર ઘણો ગમેછે. |
| We have an English proverb which says, "New brooms sweep clean." | અમારી અંગરેજીમાં એક કેહેવત કે "નવી સાવરણીથી ચોખ્ખું વળાયછે." |
| We shall finish our book the day after tomorrow. | પરમ દાહાડે અમે અમારી ચોપડી પુરી કરીશું. |
| I did not come yesterday because there was a great deal of rain. | કાલે વરસાદ ઘણો હતો વાસ્તે હું આવ્યો નહીં. |
| Let us write about something else. | બિજી કંઈ વાતવિશે આપણે લખીએ. |
| Does this rain do any good ? | આ વરસાદથી કંઈ ફાયદો થાયછે ? |
| The farmers don't want it I think. | એ વરસાદ ખેડુત લોકોને જોઇતો નથી. |
| Is that my slate you have, or Kalyánrái's ? | તમારી પાસે સ્લેટ છે, તે મારી છે કે કલ્યાણરાયની ? |
| It is neither your's nor Kalyánrái's, it is Edaljee's. | તે તમારી નથી અને કલ્યાણરાયની પણ નથી, એ તો એદલજીની છે. |
| Is that his book you have got, or mine ? | તમારી પાસે મારાવાળી ચોપડી છે કે એનાવાળી ? |
| It is neither your's nor his, it is my own. | તે તમારીએ નથી અને તેનીએ નથી, એતો મારી પોતાની છે. |

| | |
|---|---|
| Who has taken my black-lead pencil away? | મારી શીસાની પેન્સીલ કોણ લઈ ગયું ? |
| What book shall I get for him? | એને સારૂ કંઈ ચોપડી લાવું ? |
| I should think, the "Third Reading Book" would do for him. | "થર્ડ રીડીંગ" એને વાસ્તે ઠીક પડશે. |
| Either the "Third Reading Book" or the Sequel to the Spelling Book. | "થર્ડ રીડીંગ" અથવા સિક્વેલ. |
| Set him to learn some of the Idiomatical Exercises too. | જરા જરા એને "ઇડિઓમેટિકલ એક્સરસૈજસ" પણ શિખવવા માંડો. |
| You shall also dictate some sentences to him. | એને થોડાં થોડાં વાક્યો પણ લખાવજો. |
| The best method of learning spelling, is to write from dictation. | જોડણી સારીપેઠે શિખવાની રીત એ છે કે કોઈ લખાવેને આપણે લખવું. |
| Some body has taken away my writing-book. | કોઈ મારી લખવાની ચોપડી લઈ ગયું. |
| Is that my writing-book he has or your's? | તેનીપાસે લખવાની ચોપડી છે, તે મારી છે કે તમારી ? |
| It is neither your's nor mine, it is his own. | તે એનીજ છે, મારીએ ન હોય અને તમારી પણ ન હોય. |
| Which turban have you got, the red one or the green one? | તમારી પાસે લાલ પાઘડી છે કે લીલી ? |
| Has he got the Chinese umbrella, or the European one? | એની પાસે છત્રી છે, તે ચીનાઈ છે કે વિલાયતી ? |
| These are very old shoes, I intend to buy a pair of new ones tomorrow. | આ જોડા ઘણા જુના થઈ ગયા છે, કાલે હું નવા લેવાનો છૌં. |
| Are there as many boys in the second class as there are in the third? | ત્રિજા વર્ગના જેટલા બિજા વર્ગમાં છોકરા છે કે ? |
| There are more boys in the second class than in the third. | ત્રિજા વર્ગ કરતાં બિજા વર્ગમાં છોકરા વત્તા છે. |

| | |
|---|---|
| Are there as many leaves in this book as there are in that? | તે ચોપડીના જેટલાં આ ચોપડીમાં પાનાં છે ? |
| There are more leaves in this book than there are in that? | તે ચોપડી કરતાં આ ચોપડીમાં પાનાં વત્તા છે. |
| There are not so many leaves in that book as there are in this. | આનાં જેટલાં પેલી ચોપડીમાં પાનાં નથી. |
| This book contains more than twice as many leaves as that does. | તે ચોપડીમાં છે તેથી આ ચોપડીમાં બમણું કરતાં વધારે પાનાં છે. |
| That book does not contain half as many leaves as this does. | આ ચોપડી કરતાં તેમાં અર્ધાં પણ પાનાં નથી. |
| Have you got as many books as Frámjee has? | ફ્રામજીના જેટલી તમારી પાસે ચોપડીઓ છે ? |
| I have more books than Frámjee has. | ફ્રામજીના કરતાં મારી પાસે વત્તી ચોપડીઓ છે. |
| No, I have not so many as Frámjee has. | ના, ફ્રામજીના જેટલી મારી કને નથી. |
| I have about half as many. | મારી પાસે એથી અર્ધે હશે છે. |
| Frámjee has twice as many as I have. | મારા કરતાં ફ્રામજી પાસે બમણી છે. |
| If you are ever at a loss to express yourself in English, make a note of the difficulty, and ask me in the morning's lesson. | જો તમને કંઈ અંગરેજીમાં બોલતાં નહીં આવડતું હોય તો તે લખી રાખજો અને સવારના પાઠ વખત મને પુછજો. |
| Explain this to Rattanjee. | આ રતનજીને સમજાવો. |
| Do you understand it now? | હવે તમે સમજ્યા કે ? |
| Ghee has become very dear in Surat. | સુરતમાં ઘી ઘણું મોઘું થયું છે. |
| How is that? | તે સાથી વારૂ ? |
| It is in consequence of the inundation. | રેલના સબબથી. |
| How does the inundation affect the price of ghee? | રેલને અને ઘીની કીમતને શો સંબંધ છે ? |
| It destroys a great deal of the grass upon which the cows feed. | જે ઘાસ ગાએ ખાયછે તે ઘણું ખઈ રેલથી ખરાબ થઈ જાયછે. |

| | |
|---|---|
| Do the floods always happen at the same time of the year? | શું વરસોવરસ એકનીએક વખતે રેલ આવેછે ? |
| Our city has been nearly destroyed by fires. | આગથી આપણું શોહેર છેક ટુટી ગયું. |
| If this warm weather continues, I expect the cholera will break out again in Surat. | જો આવોનો આવો તાપ પડ્યા કરશે તો સુરતમાં પાછો મરકીનો રોગ ચાલશે. |
| Which is the most unhealthy part of the year? | વરસના કયા દાહાડામાં ઘણો રોગ ચાલેછે ? |
| The hot season, just before the rains set in. | ઉનાળામાં, વરસાદ આવવાની અગાઉ. |
| No, you are wrong I think; the month just after the rains, is I believe the most unhealthy time. | ના ના, ખોટી વાત; હું ધારૂંછું કે વરસાદ પછીનો મહિનો ઘણો રોગીષ્ટ હોયછે. |
| How many people die in Surat in a year? | દર .વરશે સુતરમાં કેટલા લોક મરેછે ? |
| What is the annual mortality in Surat? do you know? | સુરતમાં વરસોવરસ કેટલાં મોત થાયછે તેની તમને ખબર છે ? |
| How many funerals occur daily upon an average? | સરાસરી રોજના કેટલાં મરતાં હશે ? |
| What is the average daily number of deaths? | સરાસરી રોજ કેટલાં મરતાં હશે ? |
| I think 9, or 10, in a day, but in the hot season 15, or 16. | નવ દશ તો રોજ હશે, અને ઉનાળામાં તો પંદર શોળ. |
| A little Bráhmin-boy was drowned in the Taptee yesterday I hear. | મેં એમ સાંભળ્યું કે કાલે એક બ્રાહ્મણ-નો ન્હાનો છોકરો તાપીમાં ડુબી મુઓ. |
| Yes, I saw him taken out. | હા, મેં તેને બાહાર કાઢતાં જોયો. |
| How long had he been in the water? | તે પાણીમાં કાંહાંસુધી રહ્યો ? |
| Not more than a quarter of an hour. | અર્ધ ઘડીથી વધારે નહીં રહ્યો હોય. |
| But he was not dead then! | તારે એ કંઈ મુએલો નહીં હોય. |
| Did they use no means to restore him? | તેને સારો કરવાનો કંઈ ઉપાય નહીં કીધો હોય ? |

| | |
|---|---|
| No, they took him away directly to burn him. | નારે, તેને તરત બાળવાજ લઈ ગયા ને. |
| Why, many people have been brought to life again after being in the water more than a quarter of an hour. | એમ કેમ, ઘણા ખરા લોકો પાણીમાં પા કલાક કરતાં વધારે રહીને પાછા જીવતા થયા છે. |
| Don't you find your new book very difficult ? | તમને નવી ચોપડી અઘરી નથી લાગતી ? |
| I expect you will find this new book very difficult. | મારા ધાર્યામાં તો આ નવી ચોપડી તમને ઘણી અઘરી લાગશે. |
| Have you finished the first lesson in it yet? | તમે એમાંનો પેહેલો પાઠ હજુ પૂરો કર્યો કે નહીં ? |
| No, we only began it yesterday. | ના, કાલેજ આરંભ કીધો ને. |
| We had half the first lesson translated to us. | પેહેલા પાઠમાંથી અર્ધાનો તરજુમો અમને આપ્યો. |
| Do you think you know what it all means ? | તમે હવે એનો અર્થ બધો સમજોછો વારૂ ? |
| Do you think you will be able to translate it yourselves to-day ? | આજ તમારાથી પોતાની મેળે એનો તરજુમો થશે ? |
| It is a great deal more difficult than the former book. | પેહેલી ચોપડી કરતાં એ ઘણી મુશ્કેલ છે. |
| How near are we to the Diwálee ? | હવે દીવાળીને શું બાકી છે ? |
| It wants four weeks to it. | મહિનો એક છેજ તો. |
| The Hindus reckon their months by the moon. | હિંદુ પોતાના મહિના ચંદ્ર ઉપરથી ગણેછે. |
| How do the Pársis reckon their's? | પારશી લોકો પોતાના કેમ ગણેછે ? |
| Their year consists of twelve months each thirty days long, and of five intercalary days. | તેઓનું વરસ બાર મહિનાનું છે, ત્રીસ ત્રીસ દાહાડાનો મહિનો અને પાંચ દાહાડા અધિક. |
| What do they do with the odd quarter of a day. | પા દાહાડાના વધારા વિશે તેઓ કેમ કરેછે. |

| | |
|---|---|
| The year you know is 365 days and nearly a quarter of a day long. | તમે જાણોછો સુમારે ૩૬૫ા ત્રણશેં સવા પાંસઠ દાહાડાનું વરસ થાયછે. |
| Bring me more information on this subject tomorrow. | કાલે એ વાતની જરા વધારે તજવીજ કરી લાવજો. |
| Where do you buy your slate-pencil? | તમે સ્લેટ પેનૂસીલ કાંહાંથી ખરીદ કરોછો? |
| Where did you buy that slate? | તે સ્લેટ તમે કાંહાંથી લીધી? |
| When will he buy himself a new turban? | તે પોતાને વાસ્તે નવી પાગડી ક્યારે લેશે? |
| Káhándás has bought himself a new pair of shoes. | કાહાનદાસે પોતાને સારૂ નવા જોડા લીધા છે. |
| I have bought myself a new coat. | મેં એક નવો અંગરખો વેચાતો લીધો છે. |
| We have bought ourselves a new Gárry. | અમેં એક નવી ગાડી લીધી છે. |
| They have bought themselves a new pair of bullocks. | તેઓએ એક નવી બળદની જોડ લીધી છે. |
| Have you bought yourself a new Págdee? | તમે પોતાને સારૂ નવી પાગડી લીધી? |
| She has bought herself a new Sádee. | તેણીએ એક નવી સાડી લીધી છે. |
| The sparrows have built themselves a nest in our school-room. | આપણી નિશાળના ઓરડામાં ચલીઓએ પોતાનો માળો બાંધ્યો છે. |
| The silk-worm spins itself a covering of silk. | રેશમનો કીડો પોતાના શરીરને રેશમથી લપેટેછે. |
| That moth will burn itself in the lamp. | પેલો પતંગીઓ દીવામાં પડીને બળવાનો છે. |
| That child will fall down and hurt itself. | પેલું છોકરૂં પડી જશે ને એને વાગશે. |
| Have you made any inquiries for me about the manner of reckoning time in this country? | આ દેશમાં લોકો વખત શી રીતે ગણેછે, તે વિશે તમે કંઈ તલાસ કીધી? |

| | |
|---|---|
| There will be no Pársis at shool to-morrow :— or not more than one or two. | કાલે કોઈ પારશી નિશાળે નહીં આવે, અથવા એક બેથી તો વત્તા નહીંજ આવે. |
| Is it a religious holiday? | ધર્મનો મોટો દાહાડો છે? |
| No, to-day is a religious holiday, but tomorrow is a holiday for feasting and amusement only. | ના, ધર્મનો દાહાડો તો આજે છે, પણ કાલે તો મોજ શોક કરવાનો દાહાડો છે. |
| Tomorrow is the Pársis' new year's day. | કાલે પારશીના બેસ્તા વરસનો દાહાડો છે. |
| At what hour is the day considered to begin in this country? | આ દેશમાં દાહાડો ક્યારે શરૂ થયો માનેછે? |
| The Pársis reckon their day from the time when there is first light enough to distinguish the fine hair on the arm, or the back of the hand. | હાથ ઉપરનું રૂવું જેવારે નજર આવે એટલું અજવાળું પડે તે વખતથી પારશી લોકો પોતાનો દાહાડો ગણેછે. |
| The Hindus reckon their's in the same manner as the Europeans, that is to say, from midnight. | હિંદુ લોકો યૂરોપિયનની પેઠેજ ગણેછે એટલે પાછલી રાતથી. |
| How is it we have no Mussalmáns in our school? | આપણી નિશાળમાં કોઈ મુસલમાન કેમ નથી? |
| Do none of the Mussalmáns wish to learn English? | કોઈ મુસલમાન લોકોની અંગરેજી શિખવાની મરજી નથી? |
| In the Bombay school, there are many Mussalmáns. | મુંબઈની નિશાળમાં ઘણા મુસલમાન છે. |
| What is the English for Daftardár? | દફતરદારને અંગરેજીમાં શું કેહેછે? |
| Translated literally, it is keeper of the records. | શબ્દેશબ્દનો તરજુમો કરીએ તો દફતરનો રાખનાર. |
| What is the employment of a Daftardár? | દફતરદારનું શું કામ કેહેવાયછે? |

| | |
|---|---|
| Under the collector he superintends the whole collection of the revenue. | કલેક્ટરના હાથનીચે રહીને જમાંબંદી વસુલાતની ચોકસાઈ કરેછે. |
| Domestic servants in this country are men, in England they are mostly women. | આ દેશમાં ઘરકામને વાસ્તે મરદ નોકરી કરેછે, પણ ઇંગ્લાંડમાં ઘણુંકરીને બઈરીઓ નોકર છે. |
| All household work in our country is done by women. | અમારા દેશમાં ઘરમાંનું તમામ ક ઓરત કરેછે. |
| Have you any women servants? | તમારે ત્યાંહાં કોઈ દાસી છે? |
| Yes, among the Pársis, women servants cook and sweep the house and make the beds. | હા, પારશીલોકમાં તો બઈરીઓ રાંધેછે ઘર વાળેછે અને પથારીઓ પાથરેછે. |
| The Mussalmáns too employ a great many women-servants. | મુસલમાનો પણ ઘણી ઓરતોને નો રાખેછે. |
| Do you keep a servant to go on errands? | સંધેસો પોંહોંચાડવાને તમે નોકર રાખોછો? |
| Where there is a Sipáhi, he goes on errands, where there is no Sipáhi, one of the women goes. | જારે સિપાઈ હોયછે તારે તે સંધે પોંહોંચાડેછે અને જારે સિપાઈ ન હોતો તારે તે કામ ઓરત કરે |
| In a Hindu house the servants are all men I think. | હિંદુના ઘરમાં સઘળા નોકર પુરૂષો હોયછે. |
| The women of the house cook, but if there are no women, a Bráhmin is hired to cook. | રસોઈના કામમાં તો બઈરીઓજ, પ જો બઈરીઓ નહીં હોય, તો રસે કરવા બ્રાહ્મણને રાખેછે. |
| Have you heard of Gopináth's death? | ગોપીનાથના મોતની તમને ખબર દે |
| When did he die? | તે ક્યારે મરી ગયો? |
| What did he die of? | તે શાથી મરી ગયો? |
| What was his complaint? | તેને શું દરદ હતું? |
| Of what disease did he die? | તે શા રોગથી મુઓ? |
| Of a disease of the lungs. | કંઈ ફેફસામાં રોગ થયો હતો. |
| When the lungs are diseased, there is hardly any hope of recovery. | જારે ફેફસામાં રોગ થાયછે તારે બચવાની આશા ખોટી. |

| | |
|---|---|
| There is no oil in the house, you must go and fetch some. | ઘરમાં મુતલક તેલ નથી, જઈને થોડું લઈ આવો. |
| Send the servant to buy some. | ચાકરને થોડું તેલ લેવા મોકલો. |
| Fetch two seers of oil. | બ શેર તેલ આણી આપ. |
| Go and buy two seers of oil. | જાઓ જઈને બ શેર તેલ લઈ આવો. |
| There is no oil in the house. | ઘરમાં તેલ ન મળે. |
| Tell the servant to go and fetch some. | ચાકરને કહો કે જઈને થોડું લઈ આવે. |
| I have dropped a quarter of a rupee out of my pocket, go upstairs and look for it. | મેં મારા ગજવામાંથી એક પાવળી પાડી, જરા ઉપર જઈને જુઓ ની. |
| Go upstairs and look for a quarter of a rupee which I have dropped out of my pocket. | ઉપર જઈને જુઓ ની, મારા ગજવામાંથી એક પાવળી પડી ગઈ. |
| I think I must have dropped it somewhere on the stairs. | મને એવી સુરત છે કે મેં કહીં સીડી ઉપર પાડી હશે. |
| Motirám thinks that he must have dropped it while playing downstairs. | મોતીરામ ધારેછે કે તે નીચે રમતો હતો તેવારે તેને પાડી હશે. |
| Have you been downstairs to look for it? | તમે નીચે જઈને શોધી આવ્યા? |
| Have you looked on the stairs for it? | તમે સીડી ઉપર જોયું કે નહીં? |
| Have you looked all about the landing for it? | સીડી નીચે આસપાસ બધે ખોળી જોઈ? |
| I have been five months in Surat. | હું સુરતમાં પાંચ મહિના થયા છું. |
| I was six weeks in Bombay. | હું દોઢ મહિનો મુંબઈમાં હતો. |
| You were three days in Broach, did you see every thing that was to be seen in it? | તમે ભરૂચમાં ત્રણ દાહાડા રહ્યા તેટલામાં જોવા લાયક ચીજો બધી જોઈ વળ્યા? |
| He has been studying English 15 months. | તેને અંગરેજી શિખતાં પંદર મહિના થયા. |

| | |
|---|---|
| He studied English six months in Bombay. | તે છ મહિનાસુધી મુંબઈમાં અંગરેજી શિખ્યો છે. |
| He studied English for a short time at Poonah. | તે થોડાએક દાહાડા પુનામાં અંગરેજી શિખતો હતો. |
| At present, he attends the Govt. English school at Surat. | હમણા તે સુરતની સરકારી અંગરેજી નિશાળમાં આવેછે. |
| How long have you been living in Surat? | તમને સુરતમાં રેહેતાં કેટલા દાહાડા થયા ? |
| How long has he been living in Bombay? | તે મુંબઈમાં કેટલા દાહાડા થયા રેહેછે ? |
| How long did he live at Broach? | તે ભરૂચમાં કેટલા દાહાડા રહ્યો ? |
| The boys in this class don't agree very well together. | આ વર્ગના છોકરાઓને માંહોમાં બનતું નથી. |
| I am afraid the boys in this class are very disagreeable with each other. | આ વર્ગના છોકરાઓને માંહોમાં ઘણો અનબનાવ રેહેછે. |
| A good temper and agreeable manners are more important even than learning. | શિખવા કરતાં સારો સ્વભાવ અને મળતી ચાલચલગત રાખવી એ ઘણી મોટી વાત છે. |
| What are you about? | તમે શા કામમાં છો ? |
| What have you been about all this morning? | તમે આજ સવારે શું કરતા હતા ? |
| What are you going to do? | તમે શું કરવાના છો? |
| What do you mean to set about now? | હમણા તમે શું કરવા માંડશો ? |
| What is Umedrám about? | ઉમેદરામ શા કામમાં છે ? |
| What has Frámjee been doing this last fortnight? | પંદર દાહાડા સુધી ફરામજી શું કર્યા કરતો હતો ? |
| What have you been about? | તમે શું કર્યા કરતા હતા ? |
| What is he going to do now? | હવે તે શું કરવાનો છે ? |
| What do you mean to do in it? | તેમાં તમે શું કરવાના ? |

| | |
|---|---|
| I hardly know, what I shall do in it. | મને તો કંઈ સુઝતું નથી, એમાં હું શું કરૂં ? |
| He don't know what to do in it. | એમાં તેને કંઈ કરવાનું સુઝતું નથી. |
| What can be done in it? | એમાં શું કરવું વારૂ ? |
| What was he doing all the last week? | આખા અઠવાડીઆમાં એણે શું કીધું ? |
| What has he been doing these three days past? | આ ત્રણ દાહાડા થયા એ શું કરયા કરતો હતો ? |
| Has that boy got a black eye? | પેલા છોકરાની આંખે કંઈ વાગ્યું છે ? |
| No, he has been stung in the eye. | ના, એની આંખે કંઈ કરડયું છે. |
| What do you call a black eye in Gujráti. | "બ્લાક આઇ" ને તમે ગુજરાતીમાં શું કહોછો ? |
| Did you go to Bhimpore in the moonlight on Monday? | સોમવારે ચંદનીમાં તમે ભીમપોર ગયા હતા કે ? |
| Yes, and challenged a Baniá to run his bullocks against mine. | હા, અને મારા બળદીઆસાથે એક વાણીઆના બળદ દોડાવવાની શરત મારી. |
| He ran his gádee against a post. | તેણે પોતાની ગાડી એક થાંભળા સામી દોડાવી. |
| He ran against me in the street. | તે રસ્તામાં મારા ઉપર દોડી આવ્યો. |
| He ran his bullocks against Hormazshá's. | તેણે પોતાના બળદ હોરમશાના બળદ સાથે દોડાવ્યા. |
| The Board wishes us to send two boys to Bombay every six months as candidates for scholarships. | બોર્ડ છ છ મહિને બબે છોકરા જે સ્કોલર થવાને ઉમેદવાર હોય તેમને આપણે અહિંઆંથી તેડાવેછે. |
| The Board will pay their expenses to Bombay. | બોર્ડ તેમને મુંબઈ જવાનો ખરચ આપશે. |
| Two then will go in December, two in June and so on, two every six months. | તારે બે ડિસેંબરમાં જશે, અને બે જુનમાં, અને પછી એ પ્રમાણે છ છ મહિને બે બે જયા કરશે. |
| That is a very good book, where did you get it. | આ ઘણી સારી ચોપડી છે, તમે કાંહાંથી લીધી ? |

| | |
|---|---|
| It is a volume of the * * * | એ એક **** માંનું પુસ્તક છે. |
| There are seven volumes altogether. | બધા મળીને તેના સાત પુસ્તકો છે. |
| Do you ever try to read any English book at home? | તમે કોઈવખતે કંઈ અંગરેજી ચોપડી ઘેર વાંચી જાઓછો? |
| It is impossible to write English without having read a great deal in it. | ઘણું અંગરેજી વાંચ્યા શિવાય કદી સારૂં લખાવાતું નહીં. |
| Get easy books if you can, and read them through very carefully. | જો મળે તો સેહેલી ચોપડીઓ પેદા કરો અને તે સારીપેઠે મન દઈને બધી વાંચી જાઓ. |
| We are to have a library here, as soon as the books arrive from England. | ઇંગ્લાંડથી ચોપડીઓ આવશે એટલે આપણે અહિંઆં એક કિતાબખાનું થશે. |
| Have you any thing to say to me? | તમારે મને કંઈ કેહેવું છે? |
| What have you to say to me? | તમારે મને શું કેહેવાનું છે? |
| Motirám wishes to speak to you. | તમને મોતીરામ બોલાવેછે. |
| We must leave this now, and set about something else. | હવે એ રેહેવા દઈને બિજું કંઈ કરવા માંડીએ. |
| When is your brother to leave Surat? | તમારો ભાઈ સુરતથી ક્યારે નિકળશે? |
| Will you give me leave to use your ink? | જરા આપની શાહી લખવાને આપશો? |
| Shall you leave your family here or take them with you? | બઈરાં છોકરાને અહિંઆંજ રેહેવા દેશો કે શાથે તેડી જશો? |
| Leave my house directly. | હમણાંનો હમણાં મારા ઘરમાંથી નિકળ. |
| Who gave you leave to do that? | તમને કોણે કહ્યું કે તે કરજો? |
| Are you going to leave me alone then? | તારે શું મને એકલો મુકી જશો કે? |
| Remain with this child, don't leave it. | આ બાળકની સાથે રેહેજો, એને વીહીલું ન મુકતા. |
| Will there be leave on Thursday? | બૃહસ્પતવારે રજા છે? |
| H. has applied for a month's leave of absence? | હ.એ મહિનાની રજા માગી છે. |

| | |
|---|---|
| Leave him alone pray. | એને રેહેવા દો ની (એને ન છેડો). |
| Don't move those books, leave them as I put them. | એ ચોપડીઓ ખસેડતા ના, મુકી છે તેમ રેહેવા દેજો. |
| Let those books alone, they are very well as I put them. | તે ચોપડીઓને છેડતા ના હો, મેં જેમ ગોઠવી છે તે ઠીક છે. |
| This is a very mischievous boy, he can let nothing alone. | આ છોકરો ઘણો ઉછાંછલો છે, એના હાથ સખણા નથી રેહેતા ને. |
| His father will not give him leave to go. | તેના બાપે તેને જવા નહીં દીધો. |
| His father won't allow him to leave Surat. | તેનો બાપ તેને સુરતમાંથી બાહાર નહીં કાઢે. |
| His father will not give him leave to leave Surat. | તેનો બાપ તેને સુરતથી બાહાર કાંહાં જવા દેછે. |
| Will you allow me to pass? | જરા મને જવા દેશો? |
| How came you to allow the child to eat this? | આ બાળકને તમે એ કેમ ખાવા દીધું? |
| Allow me to say that * * * * | મને કેહેવા દો કે * * * * |
| What allowance do you make for this defect? | આટલી ખોડ છે એની તમે શું કસર કાપોછો? |
| His father allows him a hundred pounds year. | તેનો બાપ તેને વરસ દાહાડે હજાર રૂપીઆ આપેછે. |
| That is a very liberal allowance I think. | એ કંઈ થોડું નથી. |
| You must make allowance for him, he is but a child. | જવાદો ની, એતો બચ્ચુંજ છે કે ની. |
| I can make every allowance for a man in his situation, but this is too bad. | એના જેવો હમણા ગમે તે આદમી હોય તો હું કંઈ બોલું નહીં, પણ એ તો મારાથી નહીં ખમાય. |
| When you travel does the Government allow you any thing extra? | જારે તમે ફરવા જાઓછો, તારે સરકાર કંઈ તમને પગાર ઉપરાંત આપેછે? |
| Have you extra allowance when you travel? | તમે ફરવા જાઓછો તારે તમને ભાથું મળેછે કે? |

| | |
|---|---|
| What is the travelling allowance? | ભાથું શું મળેછે? |
| The Sipáhi's Táboot was not allowed to come through the town. | પલટનના તાબૂતને શેહેરમાં આવવા દીધું નહતું. |
| How is it the Kotwál will not allow any Bhaváees in Surat? | કોટવાલ સુરતમાં ભવાઈ કરવાની રજા કેમ નથી આપતો? |
| I am sure if your father knew it, he would not allow you to spend your money on such trash as this. | મને નક્કી છે કે જો તમારો બાપ એ જાણે, તો તમને તે એમ નઠારી રીતે પૈશા નહીં વાપરવાદે. |
| You must make allowance for the very difficult position in which he is placed. | જવાદો ની, એની અવસ્થા ઉપર તો જરા નજર રાખ્યો. |
| If I take half a dozen of them, what allowance will you make me? | જો એમાંથી હું છ લઉં તો તમે મને શું છુટ આપશો? |
| In calculating the price of these books, what allowance do you make for their carriage from Europe? | આ ચોપડીની કીમત ગણવામાં, તે યૂરોપ થકી અહિંઆં આવી તેનો શો ખરચ ચઢાવોછો? |
| How many days can you allow me to do it in? | એ કરવાને મને કેટલા દાહાડાની રજા આપોછો? |
| I can't allow you a day longer. | એથી વધારે એક દાહાડો પણ તમને નહીં આપું. |
| Give every man his due. | જેને તેને પોતાનો હક્ક આપો. |
| How much is due on that account now? | તે હિસાબમાં હમણા શું બાકી નિકળેછે? |
| How much is there due on that account now? | તે હિસાબે હમણા શું બાકી નિકળેછે? |
| With all due deference for the opinion of so celebrated a man I cannot help thinking that * * * | આવા મોટા આદમીના વિચારથી ઉલટ્ય તો મારાથી કેમ થવાય પણ મારી નજરમાં એ આવેછે કે * * |
| You certainly do not treat him with the respect due to him. | એને તમે ઘટારત પ્રમાણે આદરમાન તો નથીજ આપતા તો વળી. |

| | |
|---|---|
| I wish to treat him with all due respect. | હું તેને સારીપેઠે ઘટારત પ્રમાણે માન આપવાને ચાહુંછું. |
| This bill will be due on the third of next month. | આવતા મહિનાની ત્રિજી તારીખે આ હુંડી પાકશે. |
| The elephants and horses were sold by auction. | હરાજીમાં હાથીઘોડા વેચાયા. |
| Is there an auctioneer in Surat? | સુરતમાં કોઈ હરાજ કરનાર છે? |
| What commission does he take? | તે હકસાઈ શું લેછે? |
| Five per-cent. | શેંકડે પાંચ ટકા. |
| Do many sales take place in Surat? | સુરતમાં હરાજી ઘણી થાયછે? |
| When a sale is to take place, how do they advertise it? | જારે હરાજી થવાની હોય તારે શી રીતે જાહેર ખબર આપેછે? |
| Do they stick up bills about it, or do they send a man round to announce it? | શું તેને વાસ્તે કાગળ ચોહોડેછે કે માણસ મોકળીને બધે જાહેર કરાવેછે? |
| There are regular weekly auctions at Bombay besides occasional ones. | મુંબઈમાં આઠ આઠ દાહાડે તો ચાલુ હરાજી હોયજ છે ને વળી બિજી વખતસર થાય તે તો જુદી. |
| There is still a great deal of waste land in India. | હજુ હિંદુસ્તાનમાં પડતલ જમીન ઘણી છે. |
| These mangoes have very large stones. | આ કેરીઓના ગોટલા ઘણા મોટા છે. |
| What sort of a kernel is inside the stones? | ગોટલાનીમાહે ગોટલી શી તરેહની હોયછે? |
| The children break the stones and roast the kernels and eat them. | છોકરાઓ ગોટલા ભાગીને તેમાંહેથી ગોટલીઓ કાઢીને શેકી ખાયછે. |
| Dates are stone-fruits. | ખારક, ખજુર, એ સર્વ ફળોમાં ઠળીઆ હોયછે. |
| The kernel of an almond, the kernel of a cocoanut, the kernel of a plumstone, a mango-stone, &c. | બદામનો મગજ, કોપરાનો ગર, આળુનો ઠળીઓ, કેરીના ગોટલાની ગોટલી ઈત્યાદિ. |

| | |
|---|---|
| These are very fine mangoes. | આ કેરીઓ ઘણી સફાઈ છે. |
| Is it a good mango-season this year ? | શું ઓણુ કેરીનો પાક સારો છે ? |
| Are mangoes plentiful this year ? | ઓણુ કેરીઓનો ભરાવ સારો છે ? |
| The fruit-season in England is from now till October. | ઇંગ્લાંડમાં મેવાની ઋતુ આજથી તે આક્ટોબર મહિના સુધી હોયછે. |
| Which is your chief season for fruit ? | તમારં અહિંઆં કેઈ ઋતુમાં મેવો પાકેછે ? |
| The country is all burnt up in this season. | આ ઋતુમાં બધો દેશ તાપથી સુકાઈ જાયછે. |
| The fields are nothing but dust. | ખેતરામાં ધૂળ વગર બિજું કંઈ નથી. |
| The fields now look like those of Europe during the winter. | શિઆળામાં જેવાં યૂરોપનાં ખેતર દેખાયછે તેવાં હમણા અહિંઆં દેખાયછે. |
| But the country in Europe looks more desolate during the winter because there are no leaves on the trees. | પણ શિઆળામાં યૂરોપનો દેશ વધારે ઉજડ દેખાયછે કેમકે ઝાડ ઉપર પાત્રાં નથી હોતાં. |
| Europe is all bare in the cold weather, and this country in the hot weather. | યૂરોપમાં શિઆળે સુકવણું પડેછે અને આ દેશમાં ઉનાળામાં. |
| When the rains have once fairly set in, the ground is soon all green again. | એક વખત વરસાદ સારીપેઠે આવ્યો એટલે સઘળી ભોંય પાછી લીલી થાયછે. |
| India is a very fruitful country. | હિંદુસ્તાન ઘણો ફળદ્રુપ દેસ છે. |
| And Gujrát is a very fruitful part of India. | અને હિંદુસ્તાનમાં ગુજરાત પ્રાંત ઘણો ફળદ્રુપ છે. |
| Perhaps the most fruitful province in India is Bengal. | હિંદુસ્તાનમાં સર્વના કરતાં કદાપિ બંગાલા ઘણો ફળદ્રુપ પ્રાંત હશે. |
| It is very hot here in May. | મે મહિનામાં અહિંઆં બહુ તાપ પડેછે. |
| It is hotter in Bombay. | મુંબઈમાં વધારે ગરમી હોયછે. |
| It is still hotter in Bombay. | મુંબઈમાં તો એથી વધારે તાપ પડેછે. |
| A great deal of rain falls here. | અહિંઆં વરસાદ ઘણો આવેછે. |
| More rain falls in Bombay. | વત્તો વરસાદ તો મુંબઈમાં વરસેછે. |

| | |
|---|---|
| There are a great many Pársis in Surat. | સુરતમાં પારશી બોહોળા છે. |
| There are still more in Bombay. | મુંબઇમાં તો એથી વત્તા છે. |
| Ah! this is a much larger house. | ઓ: હો; આ ઘરતો ઘણું મોટું દેખ્યું ને. |
| Ah! these mangoes are a great deal better. | ઓ: હો; આ કેરી પેલી કરતાં ઘણી સરસ નિકળી જો. |
| This is much better writing. | આ દસ્તખત તો પેલા કરતાં ઘણા સારા છે. |
| This rice is a great deal better. | આ ચોખા તે કરતાં ઘણાજ સારા છે. |
| This is a much better arrangement. | એ ગોઠવણ તો પેલાથી સારી છે. |
| That will be better I think. | હું ધારૂંછું કે એજ ઠીક પડશે. |
| It will be better to go to him. | તેની પાસે જવું તે સારૂં. |
| I had better see him I think. | હું તેને મળું તો ઠીક, કેમ? |
| You had better come to some arrangement with him. | તેની સાથે તમે કંઈ બંદોબસ્ત કર્યો હોય તો સારૂં. |
| What had I better do in this case? | એમાં હું શું કરૂં વારૂ? |
| If it were your case, what should you do? | વારૂ, તમારેજ એમ હોત તો તમે શું કરત? |
| What would you do in it? | તમે એમાં શું કરો વારૂ? |
| I hardly know, what I should do in such a case as that? | એવી વાતમાં હું શું કરત તે હું જાણતો નથી. |
| I am sure, I don't know what I ought to do in it. | મારે એમાં શું કરવું જોઈએ, તે હું કંઈ જાણતો નથી. |
| I hardly know what I ought to do in this case. | મને તો એમાં કંઈ કરવાનું સુઝતું નથી. |
| Well, has the hot weather all gone? | વારૂ, હવે ઉનાળો પુરો થયો કે નહીં? |
| If the rains should cease for a few days, it would be as hot as ever again I suppose. | જો થોડા દાહાડા સુધી વરસાદ નહીં આવે તો, પાછો હતો તેવોનો તેવોજ તાપ પડશે. |
| Does it ever happen, that after a few days rain, the dry weather sets in again? | એવું કદી થાયછે કે થોડા દાહાડા સુધી વરસાદ આવીને પાછો તાપ પડવા માંડેછે? |

| | |
|---|---|
| Yes, that happens sometimes in the early part of the rainy season. | ચોમાસું બેસતાં એવું કોઈ વખત બનેછે ખરૂં. |
| Well, how do you like this place? | કેમ, આ જગો તમને કેવી લાગેછે? |
| I am afraid the noise will disturb us a good deal. | અહિંઆં આપણે કકલાણથી બેજાર થઈશું. |
| I am afraid we shall find it very noisy here. | અહિંઆં આપણે શોરથી ઘણા હેરાન થવું પડશે. |
| Do you find the noise disturb you much? | તમે શોરથી હેરાન થાઓછો? |
| This arrangement will keep the lower classes in better order. | એ તદબીરથી નીચલા વર્ગના છોકરાં સારા ધાકમાં રેહેશે. |
| Will there be room enough? | જગો જોઈએ તેટલી થશે કે? |
| Will they all be able to find room? | તેઓ બધા માસે કે? |
| It is very close and hot to-day. | આજ તાપ અને બફારો ઘણો છે. |
| This is very oppressive weather. | આ રૂતુ ઘણી કરડી છે. |
| Is this a healthy time of the year? | આ દાહાડે તબીયત સારી રેહેછે? |
| No, there is generally more sickness during the rains than in the hot season. | ના ના, ઉનાળા કરતાં ચોમાસામાં વધારે મંદવાડ હોયછે. |
| It is at this time of the year that people suffer for want of drainage in the town. | શેહેરમાં કચરો પાણી ખેંચાઈ જવાને મોરિઓ નથી તેથી આ દાહાડે લોક ઘણા માંદા પડેછે. |
| There is a nice wind blowing this morning. | આજ ખાસી પવનની લેહેર આવેછે. |
| There is plenty of wind this morning | આજ તો પવન ઘણો છે. |
| We began very early this morning. | આજ આપણે બહુ વેહેલું શરૂ કીધું. |
| It did not strike ten till sometime after we had begun. | આપણે શરૂ કીધા પછી કેટલીક વારે દશ વાગ્યા. |
| The clock struck ten long after we had begun. | આપણે શરૂ કર્યા પછી ઘણી વારે દશ વાગ્યા. |

| | |
|---|---|
| The school had been going on for sometime when the clock struck ten. | દશ વાગ્યા તારે નિશાળનું કામ તો ક્યારનું ચાલ્યું હતું. |
| The Pársis wear nearly as many clothes in the hot weather as they do in the cold weather, how is that? | પારશી લોકો શીઆળામાં જેટલાં કપડાં પેહેરેછે તેટલાંજ ઉનાળામાં પેહેરેછે, એમ કેમ? |
| Don't these heavy Págdees give you the head-ache? | આ ભારે પાગડીથી તમારૂં માથું નથી દુખતું? |
| I have a very bad head-ache this morning. | આજ મારૂં માથું બહુજ દુખેછે. |
| He suffers a great deal from tooth-ache. | તેને દાંતનું દરદ બહુ છે. |
| Did you ever have the ear-ache? | તમને કોઈવખત કાનનું દરદ થયું છે? |
| I have a pain in my side. | મને કુખમાં ચશકા નાખેછે. |
| I caught a very severe cold last night. | કાલ રાતનો મને બહુ સળેખમ થયો છે. |
| I have pains all over me this morning. | આજે બધું મારૂં શરીર દુખેછે. |
| All my limbs ache this morning. | આજ મારા શરીરમાં બધે કળતર થાયછે. |
| That is a very frightful sore on that bullock's neck. | પેલા બળદીઆની ખાંધ બહુ આવી છે. |
| That is a very sore place on your finger. | તમારી આંગળી ઉપર ઘણું છોલાયલું છે. |
| There is a great deal of soreness between them. | તે બેઉની વચ્ચે ઘણો રસવા ચાલેછે. |
| Come, that is a plaster for his sore. | ચાલો, એનો એ શારો ઉપાય. |
| I came to school this morning without my breakfast. | જમ્યા વગર આજ હું નિશાળે આવ્યો. |

| | |
|---|---|
| I was afraid I should be late. | વાર લાગવાની ધાસ્તી હતી. |
| If I had staid for breakfast, I should have been late. | જો હું જમવા રહ્યો હોત તો મને મોડું થાત. |
| My breakfast was not ready, so I came without it. | જમવાને વાર હતી માટે હું વગર જમે આવ્યો. |
| At what time in the morning does your family breakfast? | તમારા ઘરનાં સઉ સવારે ક્યારે જમેછે? |
| Have you breakfasted? | જમ્યા કે? (જમેલા છો?) |
| At what time in the morning do you breakfast? | તમે સવારે ક્યારે જમોછો? |
| I have not breakfasted this morning. | આજ સવારે મેં ખાધું નથી. |
| I came this morning without breakfasting. | હું તો આજ ખાધા વગર આવ્યો. |
| What is there for breakfast this morning? | આજે શું ખાવાનું છે? |
| What shall you have for dinner to-day? | આજે શું લેવાં છે? |
| What have we got for dinner to-day? | આજે આપણે શું જમવું છે. |
| What shall I get for dinner to-day? | આજે શું જમાડશો? |
| What would you like for your breakfast this morning? | આજે શાનો નાસ્તો કરવાની મરજી છે? |
| Can I get you any thing to eat? | તમારે સારૂ કંઈ ખાવાનું લાવું? |
| What can I get you to eat? | તમારે ખાવાને સારૂ શું લાવું? |
| Have you dined? | ભોજન થયાં? |
| His father made him go without his dinner. | તેના બાપે તેને ભૂખ્યો કાઢ્યો. |
| This is not a very nice dinner? | આ જમણ કંઈ સફાઈ નથી. |
| I am afraid, you have not made a very good dinner. | જમવાની મજે તો બહુ નહીં પડી હોય. |
| I am afraid you don't like your dinner much. | તમને કંઈ જમવાની ઘણી મજા નથી પડતી. |

| | |
|---|---|
| Is the country round Surat well cultivated? | સુરતની આસપાસ જમીન સારીપેઠે ખેડાયલી છે ? |
| What are the chief crops raised about Surat? | સુરતની આસપાસ ઘણું શું પાકેછે ? |
| What do they chiefly grow about Surat. | સુરતની આસપાસ ઘણુંકરીને શું ઉગેછે ? |
| Is there much rice grown about Surat? | સુરતની આસપાસ ભાત ઘણું પાકેછે ? |
| A great deal of wheat is grown in this part of the country. | આ પરગણામાં ઘઉંની ઉપજ ઘણી છે. |
| There are many market-gardens within the town walls. | કોટની અંદર શાક ભાજીની વાડિઓ ઘણી છે. |
| Is there much traffic carried on across the river? | તાપી ઉતરીને ઘણો માલ જાય આવેછે. |
| Yes, milk, butter, vegetables, and many other things are brought across the river. | હા; દુધ, માખણ, શાકભાજી અને બિજી ઘણી ચીજો તાપી પારથી આવેછે. |
| Where is the ferry? | હોડીનો ઉતાર કાંહાં છે ? (તર કાંહાં ફરેછે ?) |
| The ferry is near the custom-house. | ફુરજા પાસે હોડી ફરેછે. |
| Are the ferry-men paid by the Government? | હોડીવાળાઓને પગાર સરકારથી મળેછે ? |
| The Government now farms the ferry. | હમણા તો સરકારે હોડી ઉતારનો ઈજારો આપ્યો છે. |
| Where is the Taptee fordable? | તાપીનો પાર કિએ ઠેકાણે છે ? |
| The river begins to be fordable at Biriaw. | વરીઆવ આગળ પાર થાયછે. |
| But only in the dry season. | પણ તે ઉનાળામાંજ માત્ર થાયછે. |
| The ford nearest Surat is that of Biriaw. | સુરતની નજીક તો વરીઆવ આગળજ પાર થાયછે. |
| In the rainy season how far up the river must we go to find a ford? | ચોમાસામાં કેટલું બધું દુર ચાલીએ તારે પાર ઉતરીને જવાયછે ? |

| | |
|---|---|
| Did you ever ford the river? | કોઈ વખત તમે ચાલીને નદી પાર ગયા છો? |
| On the 10th of October, the army forded the river. | ઓક્તોબરની દશમી તારીખે લશ્કર ચાલીને પાર ઉતર્યું. |
| In fording the river, were any lives lost? | ચાલીને નદી ઉતરતાં કોઈનો જાન ગયો હતો? |
| What are you going to do with yourself tomorrow? | કાલે તમે શું કરવાના છો? |
| Would you like a sail up the river? | તમને હોડીમાં બેશીને ફરવું ગમેશે? |
| Suppose we take a trip down the river. | બારા તરફ ફરી આવીએ વારૂ. |
| We can drop down with this tide and come up again with the next. | હારમાં આપણે હેઠવાઈ જઈએ અને જવાળમાં પાછા ઉપરવાઈ આવીએ. |
| The Battelá will drop down as far as the bar to-night, but will not leave the river till tomorrow morning. | આજ રાત્રે બતેલો દાંડા સુધી ઉતરી જશે, પણ કાલ સવાર સુધીમાં બાહાર નહીં પડે. |
| How high up the river is it possible to take a boat? | નદીમાં કેટલે દુર સુધી હોડી લઈ જવાયછે? |
| How high up the river does the steamer come? | નદીમાં આગબોટ કાંહાં સુધી આવેછે? |
| Have you ever been far up the river? | નદીના ઉપલા ભાગમાં ઘણે દુર સુધી તમે ગયેલા છો? |
| Not farther up I suppose than Ashvanicumár. | અશ્વિનીકુમાર લગણ ખરૂં. |
| Does the steamer ever get up as far as Surat? | સુરત લગી કોઈ વાર આગબોટ આવેછે? |
| In the rainy season there is plenty of water in the Tapti, but the current would prevent you taking a boat up very far. | ચોમાસામાં તાપીમાં પાણી તો ઘણું હોયછે, પણ તાણને લીધે હોડી ઘણે વેગળે સુધી જતી નથી. |

| | |
|---|---|
| How far up does the tide reach? | ભરતી કેટલે દુર સુધી પોંહોંચેછે? |
| Were you rowed up or towed up? | તમે હલેશાં મારીને ગયા કે પાગડ ખેંચીને? |
| Neither, we sailed up. | બેમાંથી એકે નહીં, અમે તો સડ હંકારયો હતો. |
| The current was so strong that the men had to tow the boat up. | તાણ તો એવી જબરી હતી કે માણસો હોડીએ પાગડ બાંધીને ખેંચતા હતા. |
| When do you shut up shop? | તમે દુકાન ક્યારે ઉઠાવોછો? |
| How early do you open? | તમે કેટલી વેહેલી દુકાન માંડોછો? |
| It is no use sending now, the shops are all shut up. | બધી દુકાનો તો ઉઠી ગઈ, હવે મોકલવાની કંઈ જરૂર નથી. |
| We must get it in the morning as soon as the shops open. | સવારે જલદી દુકાનો મંડાશે તારે આપણે લઈશું. |
| A baker's shop, a grocer's shop, a tailor's shop, &c. | ભઠિઆરાની, દુકાન, ગાંધીની દુકાન, દરજીની દુકાન, એ વગેરે. |
| A Banking house, a coffee house, a public house, &c. | નાણાવટીની પેઢી, કાવાખાનું, પંચાંતી મકાન ઈત્યાદિ. |
| An inn, a tavern, an hotel. | મુશાફરખાનું, પીઠું. |
| A coffee shop, a beer shop. | કાવો પીવાની દુકાન, બીરની દુકાન. |
| The shop-door, the private door. | દુકાનનું બારણું, છાનું બારણું. |
| There is no shop, it is a private house. | એ કાંઈ દુકાન નથી, એતો કોઈનું ખાનગી ઘર છે. |
| How much do these shops let for? | આ દુકાનોનું ભાડું કેટલું છે? |
| Are the house and shop to be let together or separately? | ઘર અને દુકાન એકઠાં ભાડે આપવાના છે કે જુદાં જુદાં? |
| Shall you put up at an inn, or shall you hire lodgings? | તમે મુશાફરખાનામાં ઉતરશો કે ભાડે મુકામ રાખશો? |
| Are these furnished lodgings or is the furniture your own? | આ સામાન તમારો છે કે મુકામને અંગે છે? |
| Is he a house-keeper or a lodger? | તે પોતાના ઘરમાં રેહેછે કે ભાડે રેહેછે? |
| Vrijbhukhandáss was absent yesterday. | વૃજભુખણદાશ કાલે ગૈરહાજર હતો. |

| | |
|---|---|
| It was the anniversary of his grandmother's death. | એની મોટી માનું સમચરી (સંવત્સરી) હતું. |
| What ceremonies had he to perform? | એને શી શી ક્રિયા કરવી પડી? |
| Some ceremony on the bank of the river and afterwards to give a dinner to the Bráhmins. | તાપી કાંઠે સારીને બ્રાહ્મણ જમાડવા. |
| There were fifty or sixty Bráhmins at the dinner. | જમવામાં પચાસ સાઠ બ્રાહ્મણ હતા. |
| Do you do that every year or only on the first anniversary? | તમે વરસો વરસ એ ક્રિયા કરોછો કે પેહેલેજ વરસે માત્ર? |
| We perform the same ceremonies every year, but after the first anniversary the whole caste of Bráhmins are not invited. | શ્રાદ્ધ તો વરસો વરસ કરીએછિએ, પણ પેહેલા સમચરી પ્રમાણે બ્રાહ્મણની આખી નાત નથી જમાડતા. |
| It is / They are } the sons who perform these ceremonies. | છોકરો હોય તેજ શ્રાદ્ધ સારે. |
| It is the sons who perform these cermonies. | છોકરો હોય તેજ શ્રાદ્ધ સારે. |
| Send me a man to split this wood. | આ લાકડું ચીરવાને એક આદમી મોકલજો. |
| Some of it must be sawn I think. | મને લાગેછે કે કેટલુંક વેહેરી કાઢવું. |
| He must bring both a saw and an axe. | તારે તેણે કરવત અને કુહાડો બંને લાવવાં. |
| Is splitting wood a trade by itself? | શું લાકડાં ચીરવાનો પણ ધંધોજ છે કે? |
| Where does the wood which is brought to Surat come from? | સુરતમાં લાકડાં કાંહાંથી લાવેછે? |
| Are there any woods about Surat? | સુરતની આસપાસ કંઈ જંગલ છે? |
| Not within twenty or thirty Coss. | ત્રીસ કોસની અંદર તો નથી. |
| There is one, thirty Coss distant in which there is a hot-spring to which pilgrimages are made. | એક જંગલ તો ત્રીસ કોસ ઉપર છે તેમાં ઉના પાણીનો કુંડ છે તાંહાં જાત્રા ભરાયછે. |

| | |
|---|---|
| What are these books worth, Sir? | આ ચોપડીઓમાં, કેટલાનો માલ છે? |
| I am sure I don't know what you ought to give for them. | તમારે એનું શું આપવું તે મને નક્કી માલમ નથી. |
| This was an expensive book when first published. | એ ચોપડી પ્રથમ છપાઈ તારે એની કીમત ઘણી હતી. |
| I wonder who was mischievous enough to cut these two leaves. | કોણ જાણે આ બે પાનાં કાપવાને કોના હાથ ભાગ્યા? |
| It is not perfect I see. | તે સંપૂર્ણ નથી. |
| I don't know how second-hand books sell here. | વાપરેલી ચોપડીઓ અહિંઆં કેમ વેચાયછે તે હું જાણતો નથી. |
| I did not intend to be here this morning. | આજે હિંઆં આવવાનું મેં ધારયું નોહતું. |
| I came here quite by chance. | દૈવજોગે હું અહિંઆં આવી પોંહોંચો. |
| All the Nágar Bráhmins who may have been married since this time last year, go to worship the Indian fig-tree to-day. | સધળા નાગર બ્રાહ્મણ જે પોરની વડ-સાવીત્રીથી તે આજ સુધી પરણ્યા હશે તે આજે વડની પુજા કરવા જશે. |
| Do the husband and wife go together? | શું વહુવર સાથે જાયછે? |
| Afterwards they feast. | તારપછી તેઓ ઉજાણી કરેછે. |
| What is the holiday called? | એ તેહેવારનું નામ શું? |
| The Bar is Máhádev's tree and the Pipal is Vishnu's. | માહાદેવનું ઝાડ વડ અને વિષ્ણુનું પીપળો. |
| The Pipal is a Bráhmin too, I believe, is it not? | પીપળો પણ બ્રાહ્મણ છે, નહીં વારુ? |
| The marriage of the Tulshee in the month of Kártik, is a very great holiday. | કાર્તિક માસમાં તુલશી વિવાહનો પણ મોટો તેહેવાર છે. |
| Great expense is gone to on the occasion. | એ અવસર ઉપર ભારે ખરચ થાયછે. |
| Some rich man who has no children, generally does it. | કેટલાએક પૈસાદાર માણસ જેને છોકરાં નથી-હોતાં તેઓ ઘણુંકરીને એવો ખરચ કરેછે. |

| | |
|---|---|
| But in the Deccan, every boy does it. | પણ દક્ષિણમાં તો બધા લોકો એ વેહેવા કરેછે. |
| Whoever will show us in the school house here any one trick of magic shall have a reward of 20 rupees. | આપણી નિશાળનાં મકાનમાં જે કોઈ જાદુનો ચુટકો કરી દેખાડશે તેને વીશ રૂપીઆ ઇનામ મળશે. |
| Conjuring is very common in England. | ઇંગ્લાંડમાં જાદુનું કામ બહુ ચાલેછે. |
| Conjurors have been taken from India to England. | હિંદુસ્તાનથી જાદુગરોને ઇંગ્લાંડ તેડી ગયા છે. |
| Two hundred years ago, astrology, magic, ghosts, people being possessed by devils, and all these nonsenses, were as much believed in England as they are here now. | હાલમાં જેમ આ દેશમાં જોતિશશાસ્ત્ર, જાદુ, ભૂતપ્રેત, વગેરેને લોક માનેછે, તેમજ એ સઘલા વેહેમો બસેં વરસ પેહેલાં ઇંગ્લાંડમાં પણ હતા. |
| Many women still in England go to have their fortunes told. | ઇંગ્લાંડમાં હમણાં પણ ઘણી બાયડીઓ પોતાનાં ભવિષ્ય કેહેવડાવવાને જાયછે. |
| A fortune-teller will still sometimes get a great many clients; since out of twenty millions of people of course there must be a large sprinkling of fools. | હજુ પણ ભવિષ્ય કેહેનારાને કોઈ કોઈ વખતે ઘણાં ઘરાકો મળેછે, કેમકે બે કરોડ માણસમાં મૂર્ખોનો ફેલાવ ઘણો હોયછે. |
| When out of a hundred things which the fortune-teller says, one happens to be true, the people think of that one, and forget all the others. | ભવિષ્ય કેહેનારો સો વાતો કેહે તેમાં એકાદિ ખરી પડે, તારે લોક બીજી બધી વાતો છોડી દઈને તેજ વાત પકડી રાખેછે. |
| The opinion in Europe was, that those who pretended to do these things were in league with the devil. | યૂરોપમાં એવું મત ચાલતું હતું કે, આવી વાતો બનાવવાનો જે લોકો ઢોંગ કરતા હતા તેમના તાબામાં સેતાન હતો. |

| | |
|---|---|
| Laws were passed against them, and hundreds of them were cruelly put to death. | તેમને સજા કરવાને કાયદા થયા હતા અને તેમાંના સેંકડો જણ નિર્દયપણાથી મારયા ગયા. |
| There are still people silly enough to have their nativities cast. | હજી સુધી લોક એવા બેવકુફ છે કે પોતાની જન્મોત્રી કરાવેછે. |
| There was a great procession of the Sháwak's yesterday. | કાલે શાવક લોકોનો મોટો વરઘોડો નિકળ્યો હતો. |
| There will be one tomorrow of the Baniá's. | વાણીઆનો પણ આવતી કાલે નિકળવાનો છે. |
| In honor of which of the Gods? | કિયા દેવનો? |
| Of Bálkrishnjee. | બાલકૃષ્ણજીનો. |
| The Pársis too wish for a holiday tomorrow. | પારશી લોકો પણ કાલે રજા લેવાના છે. |
| What is that about? | શી બાબત? |
| Ardésir gives a dinner to all the caste. | આરદેશર પોતાની સઘળી નાત જમાડેછે. |
| It costs him I should think from two thousand to three thousand rupees. | મારા ધારવામાં એને બે ત્રણ હજાર રૂપીઆ ખરચ થશે. |
| The dinner consists chiefly of rice, potatoes, mangoes, *dál*, *ghee*, wheaten-cakes and radishes. | એ જમણવારમાં મુખ્ય પદાર્થ ચોખા, બટાટા, કેરીઓ, દાળ, ઘી, ઘઉંની રોટલી અને મૂળાનું શાક એટલા વાનાં છે. |
| Well, we have more talk than work this morning. | આજ તો આપણે કામ કરવાને બદલે વાતો બહુ કરી. |
| The Sháwaks must have spent five or six hundred rupees upon their procession yesterday. | કાલે તો શાવક લોકોએ પોતાના વરઘોડા પાછળ પાંચશે અથવા છશેં રૂપીઆ ખરચ કર્યો હશે. |
| Is the money subscribed among them, or is it furnished by some rich man? | તેઓ પોતપોતામાં ઉઘરાણું કરીને નાણું એકઠું કરેછે કે કોઈ માતબર માણસ આપેછે? |

| | |
|---|---|
| They make a subscription for it. | ઉધરાણું કરીને. |
| Have the Sháwaks any one at the head of their caste? | શાવકની નાતમાં કોઈ શેઠિઓ છે? |
| What trades do the Sháwaks chiefly practise? | શાવકોનો ઘણુંકરીને શો ધંધો છે? |
| Numbers of them are jewellers. | કેટલાએક તો ઝવેરી છે. |
| At this time of the year, the hotter the weather becomes, the more likely it is to rain. | આ દાહાડે જેમ જેમ હવા ગરમ થાયછે તેમ તેમ વરસાદ આવસે એવું લાગેછે. |
| But we have had a great deal of hot weather now, and yet no rain comes. | હમણા તાપ તો ઘણો પડેછે તોએ વરસાદ આવતો નથી. |
| It is much healthier when the rains come. | જારે વરસાદ વરસેછે તારે ઘણું સુખ થાયછે. |
| Káhándáss had only been a few days out of mourning, and since yesterday he is in mourning again. | કાહાનદાસનું સુતક ઉતરયાને થોડા દાહાડા થયા નથી એટલામાં બીજું ગઈ કાલે આવી પડ્યું. |
| I wrote nothing which could offend him. | તે બીજાય એવું કંઈ મેં તેને લખ્યું નથી. |
| There are two sorts of Baniás, Sháwaks and Meshree. | વાણીઆ બે પ્રકારના, શાવક અને મેસરી. |
| Bháu breakfasts at my house this morning, but if I had waited for bim, I should have been late. | આજ ભાઉ મારે તાંહાં જમવાનો છે, પણ જો હું તેની વાટ જોત તો મારે મોડું થાત. |
| Saturday and Wednesday are both Hindu holidays. | શની અને બુધ એ બેઉ હિંદુના તેહેવારના દાહાડા છે. |
| Saturday is the Tapti's birthday and Wednesday the day on which one of the Gods is put to sleep. | શનીવારે તાપીનો જન્મદિવસ છે અને બુધવારે દેવસુતી અગિઆરસ છે. |
| The sky is over-cast. | વાદળ છવાઈ ગયું છે. |
| It looks very like rain. | વરસાદ આવશે એમ દેખાયછે. |

| | |
|---|---|
| We shall not be long without rain. | વરસાદ જલદીથી આવશે. |
| We shall have rain directly. | વરસાદ તુરત થશે. |
| He brought an action for defamation of character. | તેણે આબરૂને બટ્ટો લગાડવા બાબતની ફરીઆદી કરી છે. |
| Did he recover damages? | તેણે નુકસાન ભરી લીધું ? |
| He laid his damages at two thousand rupees. | તેણે બે હજાર રૂપીઆ નુકસાનના ઠરાવ્યા. |
| I shall summon you as a witness. | હું તમારી સાહેદી લેવડાવીશ. |
| As I passed by Atmárám Bhukan's house this morning, I saw Bháu teaching his pupils. | આતમારામ ભુખણના ઘર તરફથી આજ સવારે હું જતો હતો તારે મેં ભાઉને પોતાના શિષ્યોને ભણાવતાં જોયો. |
| I have been informed, that there is a place at ten rupees a month vacant in your office, and take the liberty to request the appointment to it. | મને ખબર થઈ કે તમારી કચેરીમાં દશ રૂપીઆના પગારની જગો ખાલી છે, માટે અરજ કરૂંછું કે તે જગો ઉપર મને બહાલ કરવો. |
| When is Francis going? | ફ્રાંસીસ ક્યારે જાયછે ? |
| He was to go tomorrow, but the rains have made the roads impassable. | એ તો આવતી કાલે જવાનો હતો, પણ વરસાદ થયો તેથી રસ્તા બંદ પડ્યા. |
| So that now he will go by the steam-boat in August. | હવે તો એ આગસ્ત મહિનામાં આગબોટે જશે. |
| Is it not possible to go from Surat to Bombay at this time of the year? | આ દાહાડે સુરતથી મુંબઈ જવાઈ શકાય નહીં ? |
| It must be possible, because the post goes and comes. | જવાય તો ખરૂં, શામાટે કે ડાક આવે જાયછે ને. |
| The roads are so bad though, that no cart can go. | રસ્તા એવા નકારા છે કે ગાડું તો ચાલીજ ન શકે. |
| Those who are compelled to travel in this season, ride on the backs of bullocks. | આ રૂતુમાં જેને મુશાફરી કરવી પડેછે તે પોઠી ઉપર બેસેછે. |

| | |
|---|---|
| Do no vessels ever venture from Surat to Bombay in the monsoon? | ચોમાસામાં કોઈ વખ્ત વાહાણ સુરતથી મુંબઈ જવાની હામ ભરતું નથી? |
| No, never. | ના, કદી નહીં. |
| Is the Tapti much swollen from the rains? | શું વરસાદથી તાપીમાં પાણી ચઢ્યાં છે? |
| Yes, it is a great deal swollen, but there are no places flooded yet. | હા, પાણી તો ચઢ્યાં છે, પણ કોઈ ઠેકાણે રેલ હજુ સુધી આવી નથી. |
| I don't think he'll venture to do that again. | ફરીને તે કામ કરવાની એ હામ નહીં ભરે. |
| I should not like to venture out to sea in such a boat as this. | આવી હોડીમાં બેશીને દર્યામાં જવાને મારી હિંમત નહીં ચાલે. |
| Columbus was the first sailor who ventured to cross the Atlantic. | પેહેલ વેહેલો વાહાણવટી કોલમ્બસ થયો જેણે આટલાંટિક મહાસાગર પાર જવાનું જોખમ માથે લીધું. |
| The ancients were afraid to venture out of sight of land. | અસલના લોકો કાંઠો છોડીને દૂર જવાની હિંમત રાખતા નહીં. |
| The Portuguese were very adventurous seamen. | પોર્તુગીઝ ખલાસી લોકો ઘણા સાહાસી હતા. |
| They were the first people, who ventured round the southern extremity of Africa. | આફ્રિકા ખંડનો દક્ષિણ છેડો ફરી વળવાની હિંમત એ લોકોએ પેહેલી ચલાવી હતી. |
| We may venture to say, that there are no large tracts of land in the world remaining undiscovered. | દુનીઆમાં કોઈ મોટો દેશ શોધ્યા વગરનો રહ્યો નથી એમ કેહેવાય. |
| I don't like to venture out at night. | રાતની વખ્ત હું બાહાર જવાની હામ ભરતો નથી. |
| He met with many extraordinary adventures. | તેના ઉપર ઘણા અદ્ભુત બનાવો ગુજર્યા. |
| These adventurers suffered great hardships. | આ સાહાસીક માણસોને ઘણી અડચણો ભોગવવી પડી. |

| | |
|---|---|
| That was a daring adventure. | તે કામ કાળજાના આધા થઇને કરવાનું હતું. |
| I wonder he ventured to do that. | કોણ જાણે તેણે તે કરવાની હામ કેમ ભરી. |
| I shall venture ten rupees in this lottery. | આ સોડતીમાં હું દશ રૂપીઆ ભરીશ. |
| He shot his arrow at a venture. | તેણે પોતાનો તીર તાક્યા વગર ફેંક્યો. |
| Will you venture to jump off there? | તે કુદી જવાને તમારી હિંમત છે? |
| Never venture, never win. | હિંમત વગર કદી જીતે નહીં. |
| His venture has proved very successful. | એની હિંમત બરઆવી. (તેનો પાસો સુલટો પડ્યો). |
| This man repairs and rebinds old books very well. | આ આદમી જુની ચોપડીઓ સમારીને ફરીથી સારી પેઠે બાંધેછે. |
| What does he charge for such a job as this? | એવું કામ કરવાને એ શું લેશે? |
| Many English books find their way to Surat. | સુરતમાં અંગરેજી ચોપડિઓ ઘણી મળેછે. |
| They come chiefly I suppose from Bombay. | મારા ધારવામાં તે ઘણું કરીને મુંબઈથી આવેછે. |
| Who in Surat has the greatest number of English books? | સુરતમાં કોની પાસે ઘણી અંગરેજી ચોપડિઓ છે? |
| Many Hindu holidays occur in this month. | આ મહિનામાં હિંદુના તેહેવાર ઘણા છે. |
| He had a very narrow escape. | એ ભલો બચી ગયો. |
| Tomorrow the Hindus go to Ashvanikumár, and spend the night there. | કાલે હિંદુ લોકો અશ્વિનીકુમાર જશે અને તાંહાં રાત રેહેશે. |
| There are many *Dharmsálás* at Ashvanikumár and there they pass the night. | અશ્વિનીકુમારમાં ઘણી ધર્મશાળાઓ છે તેમાં તેઓ રાતનીરાત રેહેછે. |

| | |
|---|---|
| They perform their religious ceremonies very early the next morning, and then amuse themselves there all day, and return at night. | બિજે દાહાડે મોટી સવારે પોતપોતાની ધર્મક્રિયા કરીને પછી આખો દાહાડો મોજ મારેછે અને સાંજે પાછા આવેછે. |
| Is Ashvanikumár a very sacred place? | શું અશ્વિનીકુમાર તીર્થની જગો છે ? |
| Which of the Gods is worshipped there? | તાંહાં કિઆ દેવની પુજા થાયછે ? |
| Are there many temples there? | તાંહાં ઘણાં દેહેરાં છે ? |
| There is a Baniá in Surat, who gives a great deal in charity. | સુરતનો એક વાણીઓ છે તે દાન પુણ્ય ઘણું કરેછે. |
| He gives corn daily to all the beggars who choose to come to his house. | જે ભીખારીઓ તેને ઘેર માગવા જાયછે તે સર્વને પોતે રોજ દાણા આપેછે. |
| He gives away a great deal too at a temple at Ashvanikumár. | અશ્વિનીકુમારમાં તેજ એક દેહેરા પાછળ ઘણું ખરચેછે. |
| It is a very excellent thing to give to the poor, but it is a great pity that there are so many beggars here. | ગરીબને આપવું એ સારી વાત છે, પણ તેમાં આટલા બધા ભીખારી છે એ ઘણી અફશોસની વાત છે. |
| How many candidates are there present? | હમણા કેટલા ઉમેદવાર છે ? |
| They are not all here yet, but I believe altogether, there are about twenty. | હજુ બધા આવ્યા નથી, પણ બધા મળીને આસરે વીશેક થશે ખરા. |
| We shall have more than a hundred scholars then after this examination. | તારે આ પરીક્ષા થયા પછી તો શોથી વધારે નિશાળીઆ થશે. |
| What is our present number? | હાલમાં કેટલી સંખ્યા છે ? |
| There are forty-seven Hindus, thirty seven Pársis and eight Portuguese. | સુડતાળીશ હિંદુ, સાડત્રીશ પારશી, અને આઠ પોર્તુગીઝ. |
| Altogether ninety-two. | બધા મળીને બાણું. |

| | |
|---|---|
| Among the candidates this morning there are more Pársis than Hindus. | આજ હિંદુ કરતાં વત્તા ઉમેદવાર પારશી છે. |
| What is that on that man's head? | પેલાને માથે શું છે ? |
| Get some of it and let us see what it is. | તેમાંથી થોડુંક લાવોની, આપણે જોઇએ તે શું છે. |
| The English name for it is maize. | તેનું નામ મકાઈ. |
| In London I have heard it called Indian-corn. | લંડનમાં તો મારા સાંભળ્યામાં એને 'ઇન્દિયન કોર્ન' કેહેછે. |
| Very few of the grains you see here are grown in England. | અહિંઆં તમે જે અનાજ જુઓછો તેમાનું ઘણી થોડી જાતનું ઇંગ્લાંડમાં પાકેછે. |
| The chief one is wheat. | મુખ્ય તો ઘઉંજ પાકેછે. |
| Our vegetables too are mostly different. | અમારાં શાકભાજી પણ જુદી તરેહનાં હોયછે. |
| What is that boy selling? | પેલો છોકરો શું વેચેછે ? |
| *Dál* fried in oil. | તેલમાં તળેલી દાળ. |
| He appears to give away as much as he sells. | જેટલી વેચેછે તેટલી તો તે આપી દેતો દેખું. |
| What! he puts salt and pepper and limejuice to it, and all for a Pie, eh! | અરે શું ! એક પઈમાં મરી મીઠું લિંબુનો રસ બધુંએ નાખેછે ! |
| How much money now will he take in a day? | એક દાહાડામાં તે કેટલો વકરો કરશે ? |
| Four or five Annas perhaps. | કોણ જાણે ચારપાંચ આના મેળવતો હશે. |
| And what profit does he get? | તારે એને નફો શો મળતો હશે ? |
| Half profit I should think. | હું ધારૂંછું અર્ધોઅર્ધ નફો હશે ? |
| I wish some of you could find out a large house for us. | તમારામાંથી કોઈ આપણે સારૂ મોટું ઘર ખોળી કાઢો તો સારૂં. |
| That large house opposite the fort is too much exposed to the sun. | પેલા કિલ્લા સામેના મોટા ઘર પર તો તડકો ઘણો આવેછે. |

| | |
|---|---|
| There appears to be some difficulty in getting a suitable house. | જોઇએ તેવું લાયક ઘર મળવું મુસ્કેલ દેખાયછે. |
| There must be many large houses in Surat surely. | સુરતમાં મોટાં મોટાં ઘર ઘણાં હશે ખરાં. |
| Try if you can find out one for us. | તમારાથી આપણે સારૂ એકાદું ખોળી કઢાય તો તજવીજ કરોની. |
| What swarms of flies there are this month! | આ મહિનામાં શા માંખીઓના થબ બાઝ્યા છે જો! |
| How long do they remain? | કાંહાં સુધી તેઓ રેહેશે? |
| They say here that the flies all go away directly after the Divásá. | એવું કેહેછે કે દીવાસા પછી તુરત બધી માંખો જતી રેહેછે. |
| They say also that the rains always set in on the 10th of June. | વળી એમ પણ કેહેછે કે હમેશાં જુનની દશમી તારીખે વરસાદ આવેછે. |
| It's astonishing how careless the people here are about the truth of what they say. | અજબ છે કે લોકો જે બોલેછે તેની સાચાઈ વિશે તેઓ કેવા બેફીકર રેહેછે. |
| They repeat the same absurdities year after year about subjects concerning which one might suppose they could not fail to be well informed. | વરસો વરસ તેઓ એની એજ બેવકુફાઈ ભરેલી વાતો કહ્યા કરેછે અને તે એવી વાતો કે કોઈ જાણે કે એ તો તેમને માલમ હોશે. |
| One would think they must know whether the flies go away, or the rain comes on a particular day or not. | કોઈના મનમાં આવશે કે એતો તેઓને માલમ હોશે કે, ફલાણે દહાડે માંખીઓ જતી રેહેછે કે નહીં અથવા વરસાદ આવેછે કે નહીં. |
| Last year I remember the place swarmed with flies for nearly two months after the day on which according to Káhándáss they were all to vanish. | કાહાનદાસના કેહેવા પ્રમાણે જે દહાડે બધી માંખીઓ જતી રેહેવાની હતી તેજ દહાડા પછી પોરતો સુમારે બે મહિના સુધી માંખીઓના થબ બાઝેલા હતા એવું મને સાંભરેછે. |

| | |
|---|---|
| And instead of the 10th of June, the rains commenced this year on the 4th and last year on the 1st of July. | દશમી જુનને ઠેકાણે ઓણ તો વરસાદ ચોથી તારીખે થયો અને પોર પેહેલી જુલાઇએ થયો હતો. |
| It was quite an accident, he could not help it. | તે તો ઓચિંતુ થઇ ગયું, તેથી એનું કંઇ ચાલ્યું નહીં. |
| I could not possibly help it. | એમાં મારૂં કંઇ ચાલ્યું નહીં. |
| Well, there is no help for it. | વારૂ, તારે તેનો કંઇ ઉપાય નથી. |
| How can I help it? | મારાથી મદદ થાય કેમ ? |
| It can't be helped. | તેનું કંઇ વળવાનું નહીં. |
| There is no help for it, that I know of. | મારા જાણ્યામાં તો તેનો કશો ઇલાજ નથી. |
| If I were you, I would go to him and say that * * * | તમારા જેવો હું હોત તો તેની પાસે જઇને કેહેત કે * * * |
| I should certainly do so if I were you. | તમારા જેવો હું હોત તો મુકરાર હું એમજ કરત. |
| I should certainly do so, if I were in your place. | તમારે ઠેકાણે હું હોત તો નિશ્ચય હું એવુંજ કરત. |
| If I were in your place, I would go to him and say that * * * | જો હું તમારી જગોએ હોત તો એની પાસે જઇને કેહેત કે * * * |
| How is it to be helped ? | એનો ઉપાય શી રીતે કરવો ? |
| I can't see that there is any help for it. | મારી નજરમાં આવતું નથી કે તેનો કંઇ ઉપાય હોય. |
| To laugh at people because they are not of our country is very stupid. | જે લોક આપણા દેશના નથી તેમને હસવું એ ઘણી બેવકુફાઇ છે. |
| You no more understand their language than they do your's. | જેમ તમારી બોલી તે નથી સમજતા તેમ તમે પણ તેમની બોલી નથી સમજતા. |
| I am afraid, some of the boys here are very quarrelsome. | મને ધાસ્તી લાગેછે, કેટલાએક છોકરા અહિંઆં કજીઆખોર છે. |

| | |
|---|---|
| This is a very sacred month then. | તારે આ મહિનો તો ઘણો પવિત્ર હશે. |
| But can it be true, that there are people who do not eat during the whole of the month? | પણ એ ખરૂં હશે કે કેટલાએક આખા મહીના સુધી અપવાસ કરેછે? |
| I wish some of you would make particular inquiry and find out whether it is true or not. | મારી મરજી છે કે તમે કોઈ ચોકસ તજવીજ કરો અને શોધી કાઢો કે તે ખરૂં છે કે નહીં. |
| Near my house, there is a woman .who is fasting. | મારા પડોસમાં એક બાયડી છે તે અપવાસ કરેછે. |
| She is to fast through the whole of this month. | આ બધો મહીનો તે અપવાસ કરવાની છે. |
| Does she drink? | તે કંઈ પીએછે? |
| Is any thing put into the water which she drinks? | તેના પીવાના પાણીમાં કંઈ ચીજ નાખેછે? |
| I never thought it possible for a human being to live thirty days without eating. | એવું મેં કદી ધાર્યું નોહતું કે માણસ જાતીમાં કોઈ વગર ખાધે ત્રીશ દાહાડા જીવે. |
| It is only the Sháwaks I think who make such long fasts. | મારા ધાર્યામાં તો શાવક લોકો માત્ર એટલા દાહાડા સુધી અપવાસ કરેછે. |
| They are said to fast sometimes for six weeks. | એવું સાંભળ્યામાં છે કે કોઈ કોઈ વખત તેઓ દોઢ મહિના લગણ અપવાસ કરેછે. |
| For a short time after, they are unable to eat at all. | થોડાએક દાહાડા પછી તો તેઓ એવાં અશક્ત થઈ જાયછે કે મુતલક ખવાતું નથી. |
| Small quantities of nourishing drinks are given to them for the first day or two. | પ્રથમ તો એક બે દિવસ તેમને આધાર થવા સરખું થોડુંક (પીવાનું આપેછે) પાયછે. |
| After that a little food. | તાર પછી થોડું થોડું ખાવાનું આપેછે. |
| And so by degrees they gradually recover. | અને એવા પ્રકારથી તેઓ દાહાડે દાહાડે ટટાર થાયછે. |

| | |
|---|---|
| In European countries fish is eaten on what they call a fast-day. | યૂરોપમાં લોક જેને અપવાસનો દાહાડો કેહેછે તે દિવસે તેઓ મચ્છાહાર કરેછે. |
| Do any of you know the meaning of the word Oras? | ઓરસ શબ્દનો અર્થ તમને કોઇને માલમ છે? |
| The Mussalmáns in this country do not worship idols, but they worship dead men's graves. | આ મુલખમાં મુસલમાન લોકો મૂર્ત્તિ પુજા નથી કરતા, પણ મુએલા માણસની કબરો પૂજેછે. |
| What do they offer at the graves? | તેઓ કબરને શું શું ચઢાવેછે? |
| Flowers, cocoanuts and sweetmeats. | ફુલ, નાળિએર તથા મિઠાઈ. |
| Who receive all these offerings? | એ બધું ચઢાવેલું કોણ લેછે? |
| The Fakeers who live there to take care of the graves. | કબરોની ખબરદારી રાખેછે તે ફકીર લેછે. |
| They sweep the graves twice a day. | દાહાડામાં બે વાર તે કબરો વાળીને સાફ કરેછે. |
| To whom does the Gopeetaláv belong? | ગોપીતળાવ કોનું છે? |
| How long do they keep the rice-grounds under water? | ભાતનાં ક્યારડામાં તેઓ પાણી કેટલા દાહાડા રાખેછે? |
| Till about the Dasará. | દશરાસુધી. |
| In what month does the rice harvest occur? | ભાતની કાપણી કિયા મહિનામાં ચાલેછે? |
| It is of much slower growth then than wheat. | ઘઉંના કરતાં ભાત ઘણું ધીમું પાકેછે. |
| It is on the ground four or five months then. | તારે તે ચાર પાંચ મહિના જમીન ઉપર રેહેછે. |
| Do they ever raise two crops of rice in the year? | વરસમાં તેઓ ડાંગેર બે વાર પકવેછે? |
| Very rarely. | કોઈ વખતજ. |
| Of the other grains they commonly raise two crops in the year. | બીજાં અનાજ ઘણુંકરીને તેઓ વરસમાં બે વાર પકવેછે. |

| | |
|---|---|
| There is a Mussalmán outside the class-room with an English letter which he wishes to have explained to him. | ઓરડા બાહાર એક મુસલમાન અં-ગરેજી કાગળ લઈને ઉભો છે તેને તેમાં શું લખ્યું છે તે સમજવાની મરજી છે. |
| Get Anandráo or one of the boys at the head of the class to explain it to him. | આનંદરાવને અથવા વર્ગના મુખ્ય છોકરાઓમાંથી કોઈને બોલાવો કે તે કાગળની મતલબ તેને કેહે. |
| A juggler last week succeeded in persuading Hormazshá again of the truth of નજર બંદી. | બાજીગરે નજર બંદીની સાચાઈ વિશ હોરમજશાને આઠ દાહાડા ઉપર ફરીને સમજાવી દીધો છે. |
| He pretended to change a pebble which Hormazshá gave him into a rupee. | હોરમજશાએ તેને કાંકરો આ-પ્યો તેનો તેણે રૂપીઓ કરી દેખાડ્યો. |
| He promised Hormazshá to come and earn the twenty rupees. | હોરમજશા સાથે તે કબૂલ થયો કે આ-વીને વીશ રૂપીઆ મારી ઉતારીશ (કમાઈ જઈશ). |
| He never came though. | પણ ફરીને તે કદી આવ્યોજ નહીં. |
| I remember seeing a Hindu juggler in England. | મેં ઇંગ્લાંડમાં એક હિંદુ બાજીગર જોયો હતો એવી યાદ છે. |
| Two tricks which I saw him do, were, swallowing a sword, and taking dry sand out of a pot of water. | મેં તેને બે ખેલ કરી દેખાડતાં જોયો હતો, એક તો તરવાર ગળી જતાં અને બીજો, પાણી ભરેલા વાસ-ણમાંથી સુકી રેતી કાઢતાં. |
| Some of the tricks are very clever. | કેટલાક ખેલ ઘણી હોશીઆરીના છે. |
| In Egypt a juggler, takes a little boy and pours ink into his hand, and then pretends to make the boy see in the ink the figure of any person you like to ask for. | મિસર દેશમાં એક બાજીગર હતો ત નાહાના છોકરાને લઈને તેના હાથમાં શાહી રેડતો, પછી તે છોકરાને ગમે તે શખ્સની આકૃતિ પેલી શાહીમાં દેખડાવતો. |

| | |
|---|---|
| One English gentleman was silly enough to believe in it, and to give an account of it in his travels. | એક અંગરેજી ગૃહસ્થ એ ઠગબાજી ભોળપણથી. ખરી માનતો હતો તેથી તેણે પોતાના દેશાટણવૃત્તાંતમાં એ જીકર લખી હતી. |
| But upon further inquiry being máde, it proved to be all a deception. | પણ વધારે તજવીજ કરવા ઉપરથી સાબીત થયું કે બધી ઠગાઈ હતી. |
| Some years ago a Frenchman came to London, and professed to be able to sit in an oven, while meat was cooking, and to swallow poison. | થોડાક વરસ ઉપર એક ફ્રાંસીસ લંડનમાં આવ્યો તે ઉઘાડે છોગે બોલતો કે જે ચૂલ્હે રંધાયછે તેમાં બેસવાનું તથા ઝેર ગળી જવાનું મને સામર્થ્ય છે. |
| Some gentlemen tried the oven experiment, and found that it was possible when thickly clothed to sit in a hot oven, and the swallowing poison proved to be all false. | કેટલાક ગૃહસ્થોએ તે ચૂલ્હાનો અખતરો તપાસી જોયો તેથી માલમ પડ્યું કે જાડા લુગડાં પેહેરીને ધગધગતાં ચૂલ્હામાં બેસાઈ શકાયછે, પણ ઝેર ગળી જવાની વાત તમામ ખોટી ઠરી. |
| They all came with the same intention. | તે સઘળા એકજ મનસુબો કરીને આવ્યા હતા. |
| They were all of one mind. | તે બધા એકદીલ હતા. |
| With what intention did he come? | શા ઇરાદાથી તે અહિંઆં આવ્યો છે? |
| What brought him here? | તેને અહિંઆં કેમ આવવું પડ્યું? |
| What was your intention in coming to Surat? | તમારે સુરત આવવાની શી મતલબ હતી? |
| What brought you to Surat? | તમારે સુરત કેમ આવવું થયું? |
| His intentions are good I believe but he is mistaken in the means he adopts. | મને ખરૂં લાગેછે કે તેના મનસુબા તો સારા છે, પણ જે ઉપાય તે ધારેછે તેમાં એની ભૂલ છે. |
| It is not enough to intend well, we must carry our good intentions into effect. | ભલું ઇચ્છવું એટલુંજ બસ નથી પણ તે ભલા મનસુબા આપણે પાર પાડવા જોઇએ. |

I intend to go to Bombay after the monsoon. — ચોમાસા પછી મારે મુંબઈ જવાનો ઈરાદો છે.

What do you intend to do in this business? — આ કામમાં તમારે શું કરવાની મરજી છે?

He was so intent upon his book, that he did not see me enter the room. — તેનું ચિત્ત પોતાની ચોપડી સાથે એવું લાગ્યું હતું કે તેણે મને ઓરડામાં પેસતાં દીઠો નહીં.

Did he do that intentionally or unintationally? — તેણે જાણી જોઈને કીધું કે અજાણતા કીધું?

The Bheels lay in wait in the *Jungle* with the intention of robbing the pilgrims. — જાત્રાળુ લોકોને લુટવાના ઈરાદાથી ભીલ જંગલમાં સંતાઈ રહ્યા હતા.

The appearance of a party of Sipáhis frustrated their intentions. — સિપાઓની ટોળી દીઠી તેથી તેમનો મનસુબો ભાગી પડ્યો.

I can only judge of his intentions by his actions. — તેના મનની વાતો તેના કર્તવ્ય ઉપરથી હું માત્ર જાણી શકુંછું.

In this distress, the General consulted with his officers, and it was agreed to hazard a battle. — એવી આફતમાં સેનાધીપતીએ પોતાના અમલદારો સાથે મસલહત કરીને ઠરાવ્યું કે લઢાઈ કરવી.

A consultation was held in the Bháu's tent, and it was determined to hazard an attack upon the Afghans. — ભાઉના તંબુમાં બલબત ચાલતી, તેમાં એવું ઠરયું કે અફગાની લોકો ઉપર હોમલો કરવો.

Before attempting so hazardous an operation, a long consultation was held among the surgeons. — એવા જોખમ ભરેલા કામનો ઈલાજ કરતાં પેહેલાં શસ્ત્ર વૈદ્યોને મોટો વિચાર પડ્યો હતો.

You had better consult your father and mother before you decide. — તમે તમારા માબાપને પુછ્યા પછી નક્કી કરો તો ઠીક.

Have you consulted with your friends about it? — તે બાબત તમે તમારા સગાવાહાળાંનો વિચાર લીધો કે?

| | |
|---|---|
| He took this hazardous step without consulting any of his friends. | કોઈપણ પોતાના સગાંસાથે મનસુબો કરયા વગર તેણે એ નુકસાન ભરેલું કામ માથે લીધું. |
| It is not the enemy's intention to hazard an engagement. | શત્રુનો વિચાર લઢાઈ કરવાનો નથી. |
| After consulting together, they determined at all hazards to endeavour to effect their escape. | તેમણે એકઠા થઈને વિચાર કીધા પછી એવું ઠરાવ્યું કે ગમે તેવું જોખમ હોય તોપણ આપણે નાસીને બચાવ કરવો. |
| A good Tádee tree will yield 20 *Seers* of Tádee a day. | સારા તાડની રોજની વીશ શેર શુધી તાડી ઉતરેછે. |
| How much milk will a good cow yield every day? | સારી ગાય હોય તે રોજ કેટલું દુધ દે? |
| These three villages yield him a revenue of 14,000 Rupees a year. | આ ત્રણ ગામો મળીને એને દર વરસે ચઉદ હજાર રૂપીઆની જમાબંદી પેદા થાયછે. |
| We must yield obedience to the laws of the country in which we live. | જે મુલખમાં આપણે રેહેતા હોઈએ તાંહાંના ધારાને તાબે થઈ રેહેવું જોઈએ. |
| The garrison resolved to die rather than yield. | કિલ્લાના રખવાળોએ નિશ્ચય કરયો કે તાબે થવા કરતાં મરવું સારૂં. |
| I frequently remonstrated with him but without effect. | મેં એની સાથે ઘણીવાર તકરાર કીધી પણ કંઈ વળ્યું નહીં. |
| He paid no attention to my remonstrances. | મારી તકરાર તો તેણે સાંભળીજ નહીં. |
| Such careless talkers frequently contradict themselves. | એવા વગર વિચારથી બોલનારા ઘણી વાર પોતાની મેળે બંધાયછે. |
| He was a man of great strength and resolution. | તે આદમી ઘણો બળવાન અને ટેકી હતો. |
| He was a very resolute man. | તે ઘણો ટેકવાળો માણસ હતો. |

| | |
|---|---|
| Our good resolutions should be followed by good actions. | જેવા આપણા સારા નિશ્ચય છે તેવીજ આપણી કરણી થવી જોઇએ. |
| The resolution of the Board is, to grant us water during the three hot months of the year. | બોર્ડનો ઠરાવ છે કે વરસમાં ઉનાળાના ત્રણ મહિના સુધી આપણને પાણીનો ખરચ આપવો. |
| The Board has resolved that there shall be a supply of water in the school. | બોર્ડે ઠરાવ્યું છે કે નિશાળમાં પાણીનો ખરચ પૂરો પાડવો. |
| He behaved with great firmness and resolution. | તે મોટી ધીરજ તથા પુખ્ત વિચારથી ચાલ્યો. |
| The ship struck upon a rock and was rent asunder by the violence of the waves. | એક ખડક સાથે વાહાણ અથડાયું અને મોજાના જોરથી ફાટી ગયું. |
| The lightning struck the tree, and split it asunder. | ઝાડ ઉપર વિજળી પડી તેથી તે ચીરાઈ ગયું. |
| You must not interrupt me now. | તમારે હમણા મને હરકત કરવી નહીં. |
| The Pársi and Hindu Holidays happening on different days is a great interruption to the school business. | પારશી અને હિંદુના તેહેવાર એકે દાહાડે નથી આવતા તેથી નિશાળના કામમાં મોટી અડચણ પડેછે. |
| The communication between Bombay and Surat is interrupted during four months of the year. | વરસમાં ચાર મહિના લગણ સુરત અને મુંબઈ વચ્ચે જવા આવવાને અટકાવ થાયછે. |
| I do not consider acting as monitor occasionally, to be any interruption to a boy's studies, since it is in itself a very useful exercise. | હું જાણુંછું કે કોઈ કોઈ વખતે શિક્ષકનું કામ ચલાવવાથી કોઈ છોકરાને ભણવામાં કશી હરકત નહીં થાય, કેમકે એ માહાવરો પણ ઘણો કામનો છે. |
| How many scholars will this school-house accommodate? | આ નિશાળના ઘરમાં કેટલા નિશાળીઆ મારો ? |
| There is accommodation for fifty patients in the hospital. | રોગીખાનામાં પચાસ રોગીઓનો સમાસ થાયછે. |

| | |
|---|---|
| I have but poor accommodation to offer you, but such as it is you are very welcome to it. | મારા ઘરમાં તમારે વાસ્તે જગા તો સાંકડી છે પણ જેવું છે તેવું એ તમારૂંજ છે. |
| Can you accommodate me with your Gádee this evening? | આજ સાંજે તમે મને તમારી સાથે ગાડીમાં બેસાડશો? |
| The Dharmsála must be a great accommodation to the people who go on pilgrimage. | જે લોકો જાત્રા કરવા જાયછે તેમનો સમાવેશ ધર્મશાળામાં સારીપેઠે થતો હશે. |
| I saw a long range of sheds built near some of the temples—I suppose for the accommodation of the pilgrims. | કેટલાએક દેહેરાં પાસે લાંબી અડાળીઓ બાંધેલી મેં જોઈ છે — ધારવામાં તે જાત્રાવાશીઓને રેહેવા માટેજ હશે. |
| Can you accommodate me with ten rupees for three days? | તમે મને ત્રણ દાહાડાની મુદતે દશ રૂપીઆ ધીરશો? |
| We should endeavour to accommodate ourselves to the circumstances in which we may be placed. | જે અવસ્થામાં આપણે હોઇએ તેમાં આપણે આપણો નિભાવ કરી લેવો. |
| He is a very accommodating sort of person. | પેલો શખ્સ ઘણોજ ભલો છે. |
| A well in one's house must be a great accommodation. | જેના ઘરમાં કુવો હોય તેને ઘણું સુખ. |
| The houses of the poor in this country are destitute of almost every accommodation. | આ દેશમાં ઘણું કરીને ગરીબોનાં ઘર વગ વગરનાં હોયછે. |
| To have different rooms for the different classes in a school is a great accommodation. | નિશાળમાં એક એક વર્ગને સારૂ જુદા જુદા ઓરડા હોય તો તે ઘર મોટું વગવાળું જાણવું. |
| It would be very inconvenient for the boys to have the school at Nánpurá. | નાનપરામાં નિશાળ હોય તારે તો છોરાઓને ઘણી આપદા થાય. |
| Is this a convenient situation for the school? | આ ઠેકાણું નિશાળને સારૂ ઠીક છે કે? |

| | |
|---|---|
| He lives at a very inconvenient distance. | તે ઘણો કવગો અને દૂર રેહેછે. |
| It is an excellent house, containing every convenience. | તે ઘર બહુ મજાનું, તેમાં બધી વગ છે. |
| A well in one's house, is a very great convenience. | જેના ઘરમાં કુવો છે તેનં ઘણું સારૂં છે. |
| When a Pipal-tree takes root on the top of a wall, it accommodates itself to the circumstances in which it is placed, and sends down a long shoot to the ground. | જારે પીપળાનું ઝાડ કરાની ટોચ ઉપર ઉગેછે તારે જેવા ઠેકાણામાં તે હોયછે તેવો પોતાની મેળે સમાવેશ કરીને પોતાના મૂળ ઠેઠ જમીનમાં પોંહોંચાડેછે. |
| This province was devastated by the Pindarees. | પીંડરાઓએ આ મુલખ તો ઉજડ પાડ્યો હતો. |
| All the fields in this neighbourhood have been devastated by swarms of locusts. | આ લત્તાનાં બધાં ખેતરો ટીડોનાં દળે ઉજડ પાડ્યા. |
| The country was one scene of devastation and ruin. | તે દેશ ઉત્પાત અને નાશનું ઠેકાણું થઈ પડ્યું હતું. |
| The scenery on each side of the Tápti is too flat to be beautiful. | તાપીના બેઉ કાંઠા ઉંચા નથી તેથી રચના સુંદર દેખાતી નથી. |
| The most beautiful scenery is generally to be found in mountainous countries. | પાહાડી દેશોમાં ઘણું કરીને સારી સુંદર રચના જોવામાં આવેછે. |
| Do you approve of my doing so? | હું એવું કરૂં તે તમને ગમેછે? |
| Does this proposal meet with your approbation? | એ ઠરાવ તમારા ધ્યાનમાં આવેછે? |
| This proposal has not only my approbation but also my admiration. | આ ઠરાવ હું પસંદ કરૂંછું એટલુંજ નહીં પણ એને વખાણુંછું. |
| I do not merely approve of his conduct, I greatly admire it. | હું તેની ચાલ પસંદ કરૂંછું એટલુંજ નહીં પણ તેને ઘણી વખાણુંછું. |

| | |
|---|---|
| His conduct on this occasion excited the greatest admiration. | એ કામમાં તેની ચાલથી ઘણોજ અચંબો થયો છે. |
| Don't mention what I told you to any body. | મેં જે તમને કહ્યું તે કોઇને કેહેશો નહીં. |
| Be sure you don't mention it to any body. | ખબરદાર હો, તમે કોઇને કેહેશો નહીં. |
| Don't mention it again ? | ફરીને તમે તે કેહેતા નહીં. |
| I can't think, how you came to do it. | મને માલમ પડતું નથી કે તમારે એ કેમ કરવું પડ્યું. |
| How came you to do it? | તે તમારે કેમ કરવું પડ્યું? |
| Of all the flowers, the rose has the most agreeable smell. | બધા ફુલોમાં ગુલાબનું ફુલ બહુ ખુશબોઇદાર છે. |
| The smell of the rose is superior to that of any other flower. | ગુલાબના ફુલમાં બીજાં બધાં ફુલો કરતાં ઉમદા વાસ હોયછે. |
| There is no flower like the rose for scent. | સુગંધમાં ગુલાબના જેવું કોઈ ફુલ નથી. |
| I am daily in expectation of a letter from him. | હું તો નિત્યે તેના કાગળની વાટ જોઉંછું. |
| I expect a letter from him every day. | રોજ તેના કાગળની હું વાટ જોઉંછું. |
| Enclose my letter in your's. | તમારા કાગળમાં મારો કાગળ બીડજો. |
| I shall not be at home. | હું ઘરમાં નહીં હોઇશ. (અથવા હોઉં) |
| I was obliged to go home on some business. | કંઈક કામ માટે મારે ઘેર જવું પડ્યું હતું. |
| I have sent my Págdee to be dyed. | મેં મારી પાગડી રંગાવા મોકલી છે. |
| I have sent my Págdee to the dyer's. | મેં મારી પાગડી રંગરેજને તાંહાં મોકલી છે. |
| This is a very beautiful dye. | આ રંગ ઘણો શોભીતો છે. |
| Some of your dyes are very beautiful, but they are not permanent. | તમારા કેટલાએક રંગ તો ઘણા સુંદર હોયછે પણ તે પાકા નથી હોતા. |
| I paid a rupee and a half to have it dyed. | તેની રંગામણી મેં દોઢ રૂપીઓ આપ્યો. |

| | |
|---|---|
| I suppose we shall have half a day's leave every Monday during the month of Shrávan. | ધાર્યામાં શ્રાવણ માસમાં બધા સોમવારે અર્ધા દહાડાની આપણને રજા મળશે. |
| I gave him a rupee and half but he brought goods to the amount only of a rupee. | મેં તેને દોઢ રૂપીઓ આપ્યો પણ તેમાં તો રૂપીઆનોજ માલ તેણે આણ્યો. |
| I wish to visit him, but he don't choose to see me. | હું તેને મળવા ચાહુંછું, પણ તે મને મળવાને ખુશી નથી. |
| They all took leave yesterday early but none of them went to the fair. | તે બધાએ કાલે જલદી રજા લીધી પણ કોઈ મેળામાં ગયું નહીં. |
| I went yesterday to hear the singing near Bálájee's temple and saw many of our scholars there. | કાલે હું બાલાજીના દેહેરા પાસે ગાયન સાંભળવા ગયો હતો તાંહાં આપણા ઘણા નિશાળીઆ મેં જોયા. |
| I came twice to your house, but did not find you at home. | હું તમારે ઘેર બે વાર આવ્યો પણ તમે ઘરમાં નોહોતા. |
| He must be detained by some business, I think. | કંઈકે કામને લીધે તે રોકાયો હશે. |
| Many people go to-day to Ashvancumár to worship Máhádev. | આજતો ઘણા લોકો અશ્વિનીકુમાર માહાદેવની પૂજા કરવા જાયછે. |
| The Hindus wanted leave to-day, but there is no leave written in the regulations. | આજ તો હિંદુ લોકોએ રજા માગી, પણ કાયદામાં મુતલક તે રજા લખીજ નથી. |
| If we go to Bálájee's temple, will not the people be displeased? | આપણે બાલાજીના મંદીરમાં જઈએ તો લોકો નાખુશ નહીં થાય? |
| What sorts of trees have you in your garden? | તમારી વાડીમાં શા શા પ્રકારનાં ઝાડ છે? |
| This farm is not very large, but the ground is very fertile. | એતર મોટું નથી પણ જમીન ઘણી માતબર છે. |
| India is more fertile than Europe. | યૂરોપના કરતાં હિંદુસ્તાનમાં વત્તું પાકેછે. |

| | |
|---|---|
| India is one of the most fertile countries in the world. | પૃથ્વીપર હિંદુસ્તાન પણ એક ફળદ્રુપ દેશ છે. |
| The soil of Hindustán is fertile, but the arts and sciences are not carried to such perfection there, as they are in Europe. | હિંદુસ્તાનની જમીન તો નિપજની છે પણ તેમાં યૂરોપની પેઠે કલા વિદ્યાની સંપૂર્ણતા થઈ નથી. |
| But the people of Hindustán are gradually improving. | પણ હિંદુસ્તાનના લોકો દાહાડે દાહાડે સુધરતા જાયછે. |
| You must be very careful on the road. | રસ્તા ઉપર તમારે ઘણી હોશીઆરીથી રેહેવું. |
| It is said that all who die in this month go to heaven. | એવું કહેલું છે કે જે કોઈ આ મહિના-માં મરણ પામેછે તે સર્વ સ્વર્ગમાં જાયછે. |
| It is said that whoever dies in this month, goes to heaven. | એમ કહેલું છે કે આ મહિનામાં જે કોઈ મરેછે તે સ્વર્ગવાસી થાયછે. |
| How is it, he has not attended these last five days? | આજ પાંચ દાહાડા થયા તે આવતો નથી, એમ કેમ? |
| Frámjee has not attended these last two days, because one of his relations died. | આ બે દાહાડા થયા તો ફ્રામજી આવ્યો નથી, કેમકે તેના સગામાં કોઈ મરી ગયું છે. |
| Frámjee has been absent these two days on account of the death of a relation. | ફ્રામજીના સગામાં કોઈ મરી ગયું હતું તેથી બે દાહાડા તે ગેરહાજર હતો. |
| He had better pay his debts. | તે પોતાનું કરજ વાળે તો સારૂં. |
| How long have you owed it to him. | તમારે એનું દેવું કેદાહાડાનું છે? |
| How long has it been standing? | તે કેદાહાડાનું ઉભૂં છે? |
| It is a debt of very old standing. | એ દેવું તો ઘણા દાહાડાનું છે. |
| It has been standing a very long while I think. | હું જાણુંછું તે ઘણા કાળનું લેણું છે. |
| Have you any thing standing against me in your book? | તમારા ચોપડામાં મારે નામે કંઈ પાછલું લેહેણું છે? |

| | |
|---|---|
| I have been dunning him these three months. | હું આજ ત્રણ મહિના થયા એના ઉપર તગાદો કરૂંછું. |
| Remember me to him. | મારા વત્તી તેને બોલાવજો. |
| He was on the point of death. | તે મરવા પડ્યો હતો. |
| All his friends have given him up. | બધા તેના સગાંએ તેની આશા મુકી. |
| What Doctor attends him? | કિયા વૈદનું ઔષધ કરેછે? |
| What medicine does he give him? | તેને તે શું ઔષધ આપેછે? |
| His fever has weakened him very much. | એને તાવે ઘણો નબળો કરી નાખ્યો. |
| He don't like to take such bitter medicine. | તેને એવું કડવું ઔષધ પીવું ગમતું નથી તો. |
| How is it we did not see each other? | એમ કેમ, આપણે એક બીજાને મળ્યાજ નહીં? |
| Why, I have been here all the while. | કેમ, તેવારનો હું તો અહિંઆંનો અહિંઆંજ છું. |
| I shall be glad to see you. | મારે તમને મળવાની મરજી છે. |
| How many marriages are taking place in your caste? | તમારી ન્યાતમાં કેટલા વેહેવા થવાના છે? |
| About eight. | આઠેક. |
| I hear you are about to change your house. | મેં સાંભળ્યું કે તમે તમારૂં ઘર બદલવાની ગડબડમાં છો. |
| Where are you going to reside? | તમે કાંહાં રેહેવા જાઓછો? |
| People will talk.–Let them say what they like. | લોકો વાત કરશે તો કરો. તેમને જે ગમે તે કેહે. |
| How is your family? | તમારા કુટંબની શી ખબર છે? |
| Have you been able to get employment yet? | હજુ તમને ચાકરી મળી કે નહીં? |
| No, I am trying to do so at present. | નારે ભાઈ, હમણા હું તેનીજ તજવીજમાં છું. |
| What do you learn? | તમે શું ભણોછો? |

| | |
|---|---|
| I attend the English school. | હું તો અંગરેજી નિશાળે જાઉંછું. |
| How long do you think of remaining in the school? | કાંહાં સુધી તમે નિશાળમાં રેહેવાનું ધારોછો? |
| Only two or three months. | બે ત્રણ મહિના માત્ર. |
| You had better try and get some employment. | તજવીજ કરીને કંઈ રોજગારે લાગે તો ઠીક. |
| Give me a pinch of snuff, will you? | એક ચપટી તપખીરની મેહેરબાનીં કરશો? |
| Don't shake the table, I shall not be able to rule straight. | મેજ ન હલાવ, મારાથી પાધરૂં અંકાતું નથી. |
| I should like to see Mr. A.—have you any acquaintance with him. | મિસ્તર અ—ને મળવાની મારી મરજી છે, તમારે કંઈ તેમની સાથે ઓળખાણ છે? |
| Will you be kind enough to introduce me to him? | તમે મેહેરબાની કરીને તેમની જોડે મારી મુલાકાત કરાવશો? |
| I shall never forget your kindness. | તમારો ઉપકાર હું કદી નહીં વિસરૂં. |
| I will try what I can to get your business settled. | તમારૂં કામ સહી થવાને મારાથી થશે તેટલી તદબીર કરીશ. |
| Don't trifle with me. | મારી મશ્કરી ન કરો. |

FINIS.

LANE MEDICAL LIBRARY

This book should be returned on or before
the date last stamped below.

P
219
G7
1856
LANE
HIST

98. Bü